કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (ચક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૦ જૂલાઇ, ૨૦૨૬ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૩ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, કુમરા, વિંઝાણ, નું ધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

◆અંક નંબર : ૦૪૫◆વર્ષ : 33 ◆પાના - ૧૬ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ નિજ જેઠ વદ - ૧૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

રમત ક્ષેત્રે

ભારત - ઓસ્ટ્રેલિયા વચ્ચે ઐતિહાસિક સમજૂતી

ઓસ્ટ્રેલિયાની મુલાકાતે મોદી : ભારતમાં રમાશે ઓસ્ટ્રેલિયાની 'બિગ બેશ લીગ', મેલબોર્ન ગ્રાઉન્ડ પહોંચતા જ મોદીની મોટી જાહેરાત : બિગ બેશ લીગને લઈને મોદીની મોટી જાહેરાત : ભારતમાં રમાશે ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે વિશ્વના સૌથી ઐતિહાસિક ક્રિકેટ સ્થળોમાંના એક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા. આ ખાસ મુલાકાતમાં તેમની સાથે ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ પુરુષ ક્રિકેટ ટીમના કેપ્ટન સ્ટીવ વો પણ હતા.

અનુસંધાન પાના નં.૪ પર

નીતિન ગડકરી - ભૂપેન્દ્ર પટલે રાજ્યના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

ગાંધીનગર : ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે નવેમ્બર-૨૦૨૫માં રાજ્ય સરકાર સાથે યોજેલી બેઠકના સંદર્ભે થયેલી જે કામગીરી પ્રગતિ થઈ છે તેની વિગતો આ બેઠકમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ અને મુખ્યમંત્રીશ્રીના સલાહકાર એસ. એસ. રાઠૌરે આપી હતી, તે અંગે કેન્દ્રીય મંત્રી એ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીના સલાહકારશ્રીએ કરેલા પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ પરના સામખિયાળી-માળિયા સેક્શન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી. રાજ્યમાં

અનુસંધાન પાના નં.૪ પર

સુરત ખાડીપૂર : હર્ષ સંઘવી સતત બીજા દિવસે ગ્રાઉન્ડ ઝીરો પર

અસરગ્રસ્તોને રૂ. ૬,૮૦૦ની સહાય અને કેશડોલ્સનું વિતરણ શરૂ

સુરત : સુરતમાં ખાડીપૂરના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને પગલે ગુજરાત સરકારે અત્યંત ગંભીર નોંધ લીધી છે. પૂરના પાણી ઓસરવાની સાથે જ રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને સહાયની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સતત બીજા દિવસે વહેલી સવારથી જ પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા અને સ્થાનિકોની મુશ્કેલીઓ જાણી રૂબરૂ સહાયનું વિતરણ કર્યું હતું. ભટાર સહિતના ખાડીપૂર અસરગ્રસ્ત વિસ્તારોની લીધી મુલાકાત. ખાડીપૂરમાં સૌથી વધુ પ્રભાવિત થયેલા ભટાર સહિતના વિવિધ વિસ્તારોમાં ગૃહમંત્રીએ વહેલી સવારથી જ દોડધામ શરૂ કરી દીધી હતી. તેમણે પૂરના કારણે પ્રભાવિત થયેલા પરિવારોની રૂબરૂ મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. પરિવાર દીઠ રૂ. ૬,૮૦૦ની સહાયનું વિતરણ "સરકાર

અનુસંધાન પાના નં.૪ પર

ગૃહમંત્રીએ મોડીરાત સુધી યોજી હાઈલેવલ મિટિંગ

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : સુરત શહેર અને જિલ્લામાં પૂરની સ્થિતિ બાદ રાહત અને બચાવ કામગીરીને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ હાઈ-લેવલ બેઠક પૂર્ણ થઈ છે. સુરત કલેક્ટર કચેરી ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મોડી રાત સુધી આ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો બાદ તંત્ર દ્વારા આગામી ૭૨ કલાકમાં દિવસ-રાત કામ કરીને શહેરની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષતામાં યોજાયેલી રિવ્યૂ બેઠક બાદ આ કામગીરીને વધુ ઝડપી બનાવવામાં આવી છે.બેઠકમાં મળેલી માહિતી મુજબ, પૂરથી પ્રભાવિત સોસાયટીઓમાં અત્યાર સુધીમાં ૯૧૦૦ પરિવારોનો સર્વે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે.

જીએસટી રિટર્નમાં મોટો ફેરફાર

નવી દીલ્હી : જુલાઈ ૨૦૨૬ના કર સમયગાળાથી જીએસટી રિટર્ન ફાઈલિંગ વધુ સિસ્ટમ-આધારિત બનવાની તૈયારીમાં છે, સરકાર જીએસટીઆર-૩બીમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ રિપોર્ટિંગને ઓટો-પોપ્યુલેટ અને લોક કરવા તરફ આગળ વધી રહી છે. આ ફેરફારથી આઈટીસી દાવાઓમાં મેન્યુઅલ હસ્તક્ષેપ ઓછો થવાની અને ફાઈલિંગ પછીના ગોઠવણો માટે અવકાશ મર્યાદિત થવાની અપેક્ષા છે.

પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે આજે પ્રદેશના આગેવાનોની મેરેથોન બેઠકનો ધમધમાટ

પ્રદેશ કાર્યાલય મધ્યે જિલ્લા, મહાનગર, મોરચા પ્રમુખો તથા જિલ્લા પ્રભારીઓની બેઠક શરૂ થઈ : તમામના મોબાઈલ બહાર જમા લઈ લેવામાં આવતા રાજકિય અટકળો તેજ

માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણી તેમજ સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી લક્ષી કાર્યક્રમો સહિત સંગઠનાત્મક ભાવિ કાર્યક્રમ ઘડાશે : સાંજે ૫:૦૦ વાગ્યા સુધી તબક્કા વાર પ્રદેશના વિવિધ મોરચા સેલના આગેવાનો સાથે બેઠકો યોજાશે

કચ્છ જિલ્લા ભાજપના અપેક્ષિત હોદેદારો સહિત રાજ્યભરના જિલ્લાના હોદેદારો બેઠકમાં હાજર

ગાંધીનગર : માંજલપુર વિધાનસભા પેટા ચૂંટણી તેમજ સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણીઓ અને સંગઠનાત્મક ભાવિ કાર્યક્રમો સંદર્ભે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં આજે મહત્વની બેઠકનો દોર શરૂ થયો છે. જેમાં ચર્ચા વિચારણા કરીને મહત્વના કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે શરૂ થયેલી પ્રદેશના આગેવાનો ની બેઠકમાં માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણીની તૈયારી માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની

અનુસંધાન પાના નં.૪ પર

આંધ્રપ્રદેશમાં ચાર વર્ષ પછી કોવિડથી બે લોકોના મોત

કડપા : આંધ્રપ્રદેશના કડપા જિલ્લામાં ચાર વર્ષ પછી કોવિડ-૧૯ ના નવા કેસ નોંધાયા છે. બે લોકોનું પણ મોત થયું છે. આ કેસ બાદ, આરોગ્ય વિભાગે તાત્કાલિક દેખરેખ વધારી દીધી છે. ચાર નવા ચેપમાંથી, ત્રણ ઘરે આઈસોલેટ થઈ રહ્યા છે, જ્યારે એક હોસ્પિટલમાં દાખલ છે. બધા દર્દીઓએ રસી લીધી હતી, છતાં તેમનું મૃત્યુ થયું.આંધ્રપ્રદેશમાં છેલ્લું કોવિડ-૧૯ મૃત્યુ ચાર વર્ષ પહેલા થયું હતું. ગુરુવારે, કડપા જિલ્લામાં કોવિડ-૧૯ થી બે લોકોનું મૃત્યુ થયું હતું, અને ચાર વધુ લોકોનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આ પછી, સ્થાનિક આરોગ્ય વિભાગે વિસ્તારમાં દેખરેખ વધારી દીધી છે. પોઝિટિવ આવેલા ચાર લોકોમાંથી ત્રણ લોકો ઘરે આઈસોલેશનમાં છે. ચોથા વ્યક્તિમાં હળવા લક્ષણો છે અને તેને કડપાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, તેની સારવાર સમર્પિત કોવિડ-૧૯ વોર્ડમાં કરવામાં આવી રહી છે. કડપાની વાયરોલોજી લેબમાં RT-PCR પરીક્ષણો દ્વારા ચારેય દર્દીઓનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

ઈરાને સાઉદી અરેબિયાને ફોન કર્યો, શું ટળશે મહાયુદ્ધ?



પાકિસ્તાન બાદ ઈરાને સાઉદી અરેબિયાને લગાવ્યો ફોન; ટ્રમ્પ-નેતન્યાહૂ વચ્ચે પણ ગુપ્ત મંથન : ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે કટોકટીના સમયે મોટો સંપર્ક : ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે વ્યૂહાત્મક સંકલન મજબૂત બન્યું : તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન અને સુરક્ષા ઝોનનો મોટો મુદ્દો : શાંતિ કે યુદ્ધ? હવે આગળ શું થશે?

મધ્ય પૂર્વના દેશોમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો ભયંકર તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. સમગ્ર વિશ્વની નજર અત્યારે ગલ્ફ પ્રદેશ પર ટકેલી છે કારણ કે અહીં વૈશ્વિક સત્તાઓ અને ઈસ્લામિક દેશો વચ્ચે અણધારી રાજદ્વારી ગતિવિધિઓ અત્યંત ઝડપી બની ગઈ છે.તાજેતરમાં જ પાકિસ્તાન સાથે મહત્વપૂર્ણ ચર્ચા કર્યા બાદ, હવે ઈરાને સાઉદી અરેબિયા સાથે ઉચ્ચ સ્તરીય સંપર્ક સાધ્યો છે. આ તરફ, પશ્ચિમી મોરચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે પણ ફોન પર લાંબી વાતચીત થઈ છે. આ ભૌગોલિક-રાજકીય હલચલને જોતાં સવાલ એ ઊભો થાય છે કે શું આ પ્રદેશમાં શાંતિ સ્થપાશે કે પછી કોઈ મોટા ભયાનક યુદ્ધના મંગળાચરણ થઈ રહ્યા છે?

મધ્ય પૂર્વમાં વધતા જતા સૈન્ય તણાવ અને અમેરિકાની તાજેતરની લશ્કરી કાર્યવાહીથી ઉદ્ભવેલી ગંભીર પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન વચ્ચે ટેલિફોન પર મહત્વપૂર્ણ વાતચીત થઈ છે. ઈરાનના વિદેશ મંત્રાલય દ્વારા સત્તાવાર રીતે આપવામાં આવેલી માહિતી અનુસાર, આ બેઠક જેવા ફોન કોલ દરમિયાન બંને નેતાઓએ પ્રદેશના વર્તમાન અને ભવિષ્યના વિકાસ પર વિગતવાર વિચારો શેર કર્યા હતા.બંને પક્ષોએ સ્વીકાર્યું છે કે વર્તમાન પરિસ્થિતિ અત્યંત નાજુક મોડ પર છે અને પ્રાદેશિક સ્થિરતા જાળવી રાખવા માટે સતત પરસ્પર પરામર્શ અને રાજદ્વારી સંપર્ક ચાલુ રાખવો અનિવાર્ય છે. ઈરાન હાલના તબક્કે મુસ્લિમ દેશોને એક મંચ પર લાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યું હોય તેમ દેખાઈ રહ્યું છે.બીજી તરફ, શુક્રવારે સાંજે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ

અનુસંધાન પાના નં.૪ પર

દિલ્હીથી ગુજરાત સુધી ભારે વરસાદ, અનેકના મોત : ૧૭ રાજ્યોમાં એલર્ટ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : દેશના અનેક રાજ્યોમાં ચોમાસાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગુરુવારે પડેલા ભારે વરસાદે ઉત્તર ભારતથી લઈને પશ્ચિમ ભારત સુધી જનજીવન અસ્તવ્યસ્ત બનાવી દીધું છે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે પાણી ભરાવા, ભૂસ્ખલન, વીજ અકસ્માતો અને

અનુસંધાન પાના નં.૪ પર

તિકડમ !
– દેવેન વ્યાસ

ગુટખા ના કારણે તારું મોઢું તો બંધ રહેતું, હવે ગુટખા બંધ થયા તો તારી બોલ બોલ શરુ થઈ અને મારો માથાનો દુઃખાવો...!

સોના-ચાંદીના ભાવમાં તેજી

નવી દીલ્હી : જો તમારા ઘરમાં નજીકના સમયમાં કોઈ લગ્ન-પ્રસંગ, ધાર્મિક સમારંભ કે તહેવાર આવી રહ્યો છે અને તમે સોના અથવા ચાંદીના ઘરેણાં ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. શુક્રવાર, ૧૦ જુલાઈના રોજ ભારતીય સર્રાફા બજારમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં ફરી એકવાર તેજીનો ચમકારો જોવા મળ્યો છે.

ભારતીય રૂપિયો 'દબંગ' બની ગયો

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : વૈશ્વિક સ્તરે ભૌગોલિક-રાજકીય તણાવ જ્યારે ચરમસીમાએ હોય, ત્યારે સામાન્ય રીતે ઊભરતા બજારોની કરન્સી પર મોટું દબાણ જોવા મળતું હોય છે. પરંતુ વર્તમાન સમયમાં ભારતીય રૂપિયાએ આ પરંપરાને તોડીને અદભુત મજબૂતાઈ પ્રદર્શિત કરી છે.અમેરિકા અને ઈરાન વચ્ચે થોડા દિવસો પહેલાં થયેલા ૬૦ દિવસના યુદ્ધવિરામનો અચાનક અંત આવ્યો છે અને બંને દેશો વચ્ચે ફરી એકવાર દુશ્મનાવટ અને યુદ્ધ જેવો માહોલ શરૂ થઈ ગયો છે. આ વૈશ્વિક કટોકટીના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ (કાચા તેલ) ના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. સામાન્ય રીતે તેલ મોંઘું થતાં ભારતીય રૂપિયો નબળો પડતો હોય છે, પરંતુ આ વખતે રૂપિયાએ કરન્સી રિંગમાં અમેરિકન ડોલર સામે પોતાની 'દબંગ' શૈલી જાળવી રાખી છે અને સ્થિરતા બતાવી છે.

ગુરુવારના ટ્રેડિંગ સેશનની શરૂઆત ભારતીય રૂપિયા માટે ખૂબ જ નબળી રહી હતી.

ગુજરાત હાઈકોર્ટે ભાડુઆતો પર આપ્યો મહત્વનો ચુકાદો

નવી દીલ્હી : આજના જમાનામાં કોઈનોય વિશ્વાસ કરાય એમ નથી. આ કહેવતને અક્ષરશઃ સાચી સાબિત કરતો એક ચોંકાવનારો કિસ્સો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો. માનવતા અને સગાપણું નિભાવવા જતાં મકાનમાલિકે પોતાનું મકાન નજીકના સગાને મફતમાં રહેવા આપ્યું, પરંતુ એ જ સગાએ દાનત બગાડીને મકાન પચાવી પાડવાનો કારસો રચ્યો હતો.

અયોધ્યા- રામ મંદિરમાં દાન ગણતા ૨૩ કર્મચારીઓના સામૂહિક રાજીનામા

નવી દીલ્હી : અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં તાજેતરમાં સામે આવેલા દાન ચોરીના વિવાદ વચ્ચે હવે એક નવું સંકટ ઊભું થયું છે. મંદિરમાં આવતા ચઢાવા (દાન)ની ગણતરી કરવાનું કામ કરતા ૨૩ કર્મચારીઓએ એકસાથે સામૂહિક રાજીનામા આપી દીધા છે. આ આકસ્મિક નિર્ણયને કારણે ગુરુવારે માત્ર ૧૩ કર્મચારીઓ જ કામ પર હાજર રહ્યા હતા, જેના લીધે દાનની ગણતરીનું કામ ગંભીર રીતે પ્રભાવિત થયું છે. આ સામૂહિક રાજીનામાથી રામ મંદિર ટ્રસ્ટ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને સુરક્ષા એજન્સીમાં ભારે દોડધામ મચી ગઈ છે.

રાજીનામું આપનાર એક કર્મચારીએ મીડિયાને જણાવ્યું કે, દાન ચોરીનો મામલો સામે આવ્યા બાદ એહતિયાત રૂપે ગણતરીની બે શિફ્ટને બદલે એક જ શિફ્ટ કરી દેવામાં આવી હતી. આના કારણે પહેલા જે ડ્યુટી ૬ કલાકની હતી તે વધારીને ૯ કલાક (સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી) કરી દેવાઈ હતી.

ગુરુગ્રામમાં અડધી રાત્રે પોલીસ- ગુનેગારો વચ્ચે ૬૦ રાઉન્ડ ફાયરિંગ

નવી દીલ્હી : દિલ્હીને અડીને આવેલા સાયબર સિટી ગુરુગ્રામના સુશાંત લોક વિસ્તારમાં ગુરુવારે અડધી રાત્રે પોલીસ અને બદમાશો વચ્ચે કંપારી છૂટી જાય તેવી અથડામણ થઈ હતી. હરિયાણા પોલીસની કાઈમ બ્રાન્ચે ભારે સતર્કતા દાખવીને કુખ્યાત 'દીપક નાંદલ ગેંગ'ના ચાર શૂટર્સને ઘટનાસ્થળે જ ઠાર કરી દીધા છે.આ સામસામે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં એક શૂટર ગંભીર રીતે ઘાયલ થયો છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
નિજ જેઠ વદ-૧૦, તા.૧૦ જૂલાઇ, શુક્રવાર

ઈથેનોલ માટે સરકાર કેમ અધમપછાડા કરે છે?

શું માત્ર ઇથેનોલથી કાર અને બાઇક દોડી શકશે? : કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ ૧૩મી જૂનના રોજ જાહેરાત કરી હતી કે, ભારત વાહનોમાં ઈંધણ તરીકે ૧૦૦ ટકા ઇથેનોલ નો ઉપયોગ કરવા માટે સજ્જ છે., ખરેખર એ શકય બનશે?

ઈથેનોલને લઈને ભારતમાં પાછલા અમુક સમયથી ઝડપી માહોલ બનતો જોવાઈ રહ્યો છે. આમ તો ઈથેનોલ પહેલેથી જ વાપરવામાં આવી રહ્યું છે, પણ તે સીધે-સીધું ઉપયોગમાં ન લેવાતાં તેને ચોક્કસ માત્રામાં પેટ્રોલ સાથે ભેળવવામાં આવે છે. જોકે, નિષ્ણાતો કહે છે કે, કેન્દ્ર સરકાર ઈંધણ તરીકે ઈથેનોલનો ઉપયોગ કરવાની છૂટ આપે, તો પણ વાહનોમાં હાલના સમયમાં ફેરફાર કરવો શક્ય નથી. ઑટોમોબાઇલ ક્ષેત્રના નિષ્ણાતોની વાત માનીએ તો ઈથેનોલ એક સારો નિર્ણય છે, પણ હાલનાં વાહનોનાં એન્જિન સંપૂર્ણપણે ઇથેનોલના વપરાશ માટે અનુકૂળ નથી. આ માટે મોટા ફેરફારો કરવા પડશે.ભારતમાં પેટ્રોલ તથા ડીઝલનો વપરાશ ઘણો ઊંચો છે. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (પીપીએસી)ના આંકડા દર્શાવે છે કે, મે, ૨૦૨૬માં ૩૯.૧૦ લાખ મેટ્રિક ટન પેટ્રોલનો વપરાશ થયો હતો. સમાન મહિનામાં ડીઝલનો વપરાશ ૮૭.૨૮ લાખ મેટ્રિક ટન નોંધાયો હતો.ભારત તેની ક્રૂડ ઑઇલની કુલ જરૂરિયાતના લગભગ ૮૫ ટકા જથ્થાની આયાત કરે છે.પીપીએસીની વેબસાઇટમાં જણાવ્યા પ્રમાણે, આ વર્ષે ભારતે ૨,૦૦,૭૬,૦૦૦ મેટ્રિક ટન ક્રૂડ ઑઇલની આયાત કરી હતી.ઇ૮૫ ઈંધણ પહેલેથી જ પ્રાપ્ય છે.ભારતનું માનવું છે કે, ઇથેનોલ પરની નિર્ભરતા આયાતો ઘટાડવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. આ સંદર્ભમાં તે ઇથેનોલ મિક્સ કરેલા પેટ્રોલના ઉપયોગને વધુ પ્રોત્સાહન આપી રહ્યું છે.અત્યાર સુધી ભારતમાં ઇ૨૦ (૮૦ ટકા પેટ્રોલ અને ૨૦ ટકા ઇથેનોલનું મિશ્રણ ધરાવતું ઈંધણ) ઉપલબ્ધ છે. ઑટોમોબાઇલ કંપનીઓએ તેમનાં વાહનોનાં એન્જિનોમાં તે અનુસારના ફેરફારો કર્યા છે. એન્જિનના કાર્યદખાવનો આધાર ઈંધણમાં રહેલા ઇથેનોલની સાંદ્રતા પર રહે છે. ઈંધણ તરીકે ૨૯ ટકા ઇથેનોલનો ઉપયોગ કરીને આર ઍન્ડ ડી (રિસર્ચ ઍન્ડ ડેવલપ મેન્ટ) કરવામાં આવ્યું છે.આ દિશામાં હજુ વધુ સંશોધન કરવાની જરૂર છે. જ્યારે ઇથેનોલનું પ્રમાણ ઊંચું હોય, ત્યારે એન્જિન પર તેની ગંભીર અસર પડે છે.જ્યારે ઑક્સિજન વધુ માત્રામાં હોય, ત્યારે ઊંચા તાપમાન પર એસિડ બને છે. એન્જિન તે એસિડને નિષ્ક્રિય કરવા માટે સક્ષમ હોવાં જોઈએ. ઇ૮૫નો અર્થ થાય છે, ૮૦થી ૮૫ ટકા ઇથેનોલ અને ૧૪થી ૧૯ ટકા પેટ્રોલ. તેનો અર્થ એ કે, તે ઈંધણમાં ઇથેનોલનું પ્રમાણ ઊંચું છે. કેન્દ્ર સરકાર કહે છે કે, તે ફ્લેક્સ ફ્યૂઅલની કૅટેગરીમાં ઊંચા ઇથેનોલ પર દોડતાં વાહનોને વેગ આપવાના આશય સાથે ઇ૮૫થી ઇ૧૦૦ તરફ આગળ વધી રહી છે.વાહનો સંપૂર્ણપણે ઇથનોલ પર ચાલે છે. આગામી દોઢથી બે મહિનાની અંદર ટોયોટા, સુઝુકી, એમજી અને હ્યુન્ડાઇ જેવી કંપનીઓ પણ આવાં વાહનો બહાર પાડશે. વળી, કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીએ પણ કહ્યું હતું કે, દેશભરની જાહેર ક્ષેત્રની ઑઇલ માર્કેટિંગ કંપનીઓનાં ૪૮ આઉટલેટ્સ પર ઇ૮૫ લૉન્ચ કરવામાં આવી રહ્યું છે. જોકે, વિશાખાપટ્ટનમ સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમ ઍન્ડ એનર્જીના આસિસ્ટન્ટ પ્રોફેસર ગણેશ કુમારનું માનવું છે કે, કારચાલકો માટે સંપૂર્ણપણે ઇથેનોલ પર જ નિર્ભર હોય, એવાં વાહનો ચલાવવાનું કદાચ શક્ય નહીં બને.ભવિષ્યમાં ઇથેનોલ આધારિત વાહનોનું પ્રમાણ વધી શકે છે, પણ તેમાં હજુ ઘણો લાંબો સમય લાગશે. આપણે તેના માટે લાંબા સમય સુધી રાહ જોવી પડશે.જો ચોક્કસ સ્તર કરતાં વધુ પ્રમાણમાં ઇથેનોલ ભેળવી દેવામાં આવે, તો એન્જિનને નુકસાન થવાનું જોખમ રહે છે.

અંજાર પોલીસ-એલસીબીએ નીંગાળમાંથી રૂ.૯.૪૬ લાખના દારૂ સાથે બોલેરો પીકઅપ ઝડપી

પીઆઈ એચ.એ. જાડેજા અને પીઆઈ જે.એમ. વાળાની ટીમની કાર્યવાહી, એક આરોપી ઝડપાયો

અંજાર - કચ્છ ઉદય : પૂર્વ કચ્છમાં પ્રોહિબિશન વિરુદ્ધ ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન અંજાર પોલીસ અને લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી)ને મોટી સફળતા મળી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક એમ. પી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.એ. જાડેજા અને એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. વાળાની સંયુક્ત ટીમે નીંગાળ ગામમાં દરોડો પાડી બોલેરો પીકઅપ વાહનમાં છુપાવી રાખેલો રૂ.૯,૪૬,૩૫૬નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખાનગી બાતમીના આધારે પોલીસે નીંગાળ ગામમાં રેડ કરતાં બોલેરો પીકઅપ (GJ-12-CT-0478) ના પાછળના ભાગમાં ઠાઠાંમાં છુપાવી રાખેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી જીગર મોહનભાઈ ચૌહાણ (ઉ.વ.૩૨, રહે. દરબારવાસ, નીંગાળ, તા. અંજાર)ને ઝડપી પાડ્યો હતો, જ્યારે શીવા લુહાર (રહે. થરાવડા, તા. ભુજ) અને જયેન્દ્રસિંહ ઉર્ફે લાલો વાઘેલા (રહે. નીંગાળ, તા. અંજાર) સહિત અન્ય સંડોવાયેલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આ અંગે અંજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નં. ૧૧૯૯ ૩૦૦૩૨ ૬૦૯૦૯/ ૨૦૨૬ હેઠળ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫ (A), ૬૫(E), ૧૧૬(B), ૯૮(૨) અને ૮૧ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસે દરોડા દરમિયાન ૧૯૮ બોટલ White Lace Vodka (૭૫૦ મી.લી.), ૧૯૨ બોટલ Episode Deluxe Whisky (૧૮૦ મી.લી.), ૧,૨૮૧ બોટલ ૮ PM Special Rare Whisky (૧૮૦ મી.લી.), ૭૨૦ બોટલ White Lace Jamun Vodka (૧૮૦ મી.લી.), ૭૨ બોટલ યીહ Label Blended Whisky (૭૫૦ મી.લી.), Kingfisher Super Strong Premium Beer, બોલેરો પીકઅપ વાહન તથા બે મોબાઇલ ફોન સહિત કુલ રૂ.૯,૪૬,૩૫૬નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ સમગ્ર સફળ કાર્યવાહી અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.એ. જાડેજા, લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. વાળા તથા અંજાર પોલીસ અને એલસીબીના સ્ટાફે સંયુક્ત રીતે પાર પાડી હતી.

ભુજમાં છકડો - બાઈક વચ્ચેની ટક્કરમાં આધેડને ઈજા

ભુજ - કચ્છઉદય : સીમંધર સિટી રેસીડેન્સીના ગેટ નજીક અકસ્માત થયો હતો. માધાપરના પારસનગરમાં રહેતા મુકેશપુરી હીરાપુરી ગુસાઈના જણાવ્યા પ્રમાણે છકડો નંબર જી.જે.૧૨ એઝેડ ૭૬૫૧ ના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે ચલાવી ફરીયાદીની બાઈક નંબર જી.જે.૧૨ એચઈ ૦૫૮૨ સાથે સામેથી ભટકાવી અકસ્માતમાં ફરીયાદીને ફ્રેકચર સહિતની ઈજાઓ પહોંચાડતા ભુજ એ ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

નરા વાડી વિસ્તારમાં બાઈક બાબતે મારામારી

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના નરા વાડી વિસ્તારમાં મારામારી થઈ હતી. ફરીયાદી મહિલાએ પોલીસમાં જણાવ્યું કે, ફરીયાદીના પતિનું બાઈક આરોપીઓ પાસે હોઈ જેથી બાઈક પરત માંગતા આરોપી જોગેન્દ્રસિંઘ સુરતસિંઘ રાયશીખે ચપલ માર્યુ હતું. જયારે બહાલસિંઘ ગુરદીપસિંઘ રાયશીખે ફરીયાદીના વાળ ખેચીને પકડી રાખી બન્ને જણાએ ગાળો આપી હતી. જેથી નરા પોલીસમાં ફરીયાદ નોંધવામાં આવી છે.

નખત્રાણા પોલીસે ભડલી નજીક ૮૦ હજારનો દારૂ પકડ્યો

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લાના નખત્રાણા સ્માર્ટ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ દ્વારા પ્રોહિબિશનના કેસો શોધી કાઢવા માટે હાથ ધરાયેલા પેટ્રોલિંગ દરમિયાન પોલીસને એક મોટી સફળતા સાંપડી છે. નખત્રાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. વિરેન્દ્રસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ સોઢાને સંયુક્ત રીતે મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે ભડલીથી ભુજ તરફ જતા માર્ગ પર વોચ ગોઠવી હતી. બાતમી મુજબ ભડલી તરફથી આવી રહેલી એક સિલ્વર કલરની મારુતિ સુઝુકી સ્વિફ્ટ કારને અટકાવીને જયારે તલાશી લેવામાં આવી ત્યારે તેની ડીકીમાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી દારૂના જથ્થા અને કાર સાથે એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસના હાથે ઝડપાયેલા આરોપીની ઓળખ જયદિપ સિંહ વિરેન્દ્રસિંહ ઉર્ફે વિનુભા જાડેજા (ઉંમર વર્ષ ૩૪, રહે. નવી રાવલવાડી, લાભ-શુભ સોસાયટી, ભુજ) તરીકે થઈ છે. જયારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક આરોપી વિપુલસિંહ સોઢા (રહે. ચંદ્રનગર, તા. નખત્રાણા) ને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ સફળ દરોડા દરમિયાન પોલીસે રાજસ્થાનમાં જ વેચાણ માટે મંજૂરી ધરાવતી ગ્રીન લેબલ બ્લેન્ડેડ વ્હિસ્કીના ૧૮૦ એમએલના કુલ ૪૭૬ નંગ ક્વાર્ટર (કિંમત રૂ. ૭૩,૭૮૦) અને ૮ પીએમ સ્પેશિયલ રેર વ્હિસ્કીના ૪૮ નંગ ક્વાર્ટર (કિંમત રૂ. ૬,૭૨૦) જપ્ત કર્યા છે.

આ સાથે જ દારૂની હેરફેર માટે ઉપયોગમાં લેવાયેલી ૩,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતની મારુતિ સુઝુકી સ્વિફ્ટ ગાડી નંબર જીજે૧૨ ડી.એમ. ૮૯૮૫ તથા સેમસંગ કંપનીનો એફ૧૨ મોડલનો મોબાઈલ ફોન મળીને કુલ ૩,૮૩,૫૦૦ રૂપિયાનો પ્રોહિબિશન મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

નો ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ કેમ્પેઈન હેઠળ રાપર પોલીસની વધુ એક કાર્યવાહી : કેટામાઈન ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો

રાપર - કચ્છ ઉદય : : પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા નો ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ કેમ્પેઈન અંતર્ગત વધુ એક સફળ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ રાપર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણા અને તેમની ટીમ દ્વારા પ્રતિબંધિત માદક પદાર્થ કેટામાઈન ડ્રગ્સ સાથે એક આરોપીને ઝડપી પાડી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસને હ્યુમન સોર્સીસ તેમજ ખાનગી બાતમી મળી હતી કે તુષાર હિતેશભાઈ સોની (ઉ.વ. ૨૫), રહે. અયોધ્યાપુરી, રાપર, કચ્છ રાપર બજારમાં ભૂતિયા કોઠા પાસે આવેલી રતનેશ્વર જવેલર્સ દુકાન નજીક પ્રતિબંધિત માદક પદાર્થ સાથે હાજર છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી તપાસ કરતાં આરોપીના કબજામાંથી ૫.૧૨૦ ગ્રામ કેટામાઈન ડ્રગ્સ તેમજ એક એપલ આઈફોન મોબાઇલ ફોન મળી આવ્યો હતો.

આ અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ગુનો નં. ૧૧૯૯ ૩૦૧૦૨ ૬૦૩૮૮/૨૦૨૬ હેઠળ એનડીપીએસ એસીટી કલમ ૮(સી), ૨૨(એ) અને ૨૯ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપી તુષાર હિતેશભાઈ સોનીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમિયાન ડ્રગ્સ સપ્લાય ચેઈનના તાર બહાર આવતા ઈમરાન રાયમા, રહે. ગાંધીધામ તથા સમીર ઈમતીયાજ રાયમા, રહે. અંજારને સપ્લાયર તરીકે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે અને તેમની શોધખોળ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

આ કાર્યવાહીમાં આરોપીના કબજામાંથી ૫.૧૨૦ ગ્રામ કેટામાઈન ડ્રગ્સ (કિંમત રૂ. ૫,૧૨૦) તથા આઈફોન મોબાઇલ ફોન (કિંમત રૂ. ૫૦,૦૦૦) મળી કુલ રૂ. ૫૫,૧૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ સમગ્ર સફળ કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણા તથા રાપર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવી હતી. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા જિલ્લામાં ડ્રગ્સના દૂષણને જડમૂળથી નાબૂદ કરવા માટે નો ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ કેમ્પેઈન અંતર્ગત સતત અને સઘન કાર્યવાહી ચાલુ રાખવામાં આવી રહી છે.

જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432
24x7 સચોટ સલાહ
૨૧ વર્ષનો અનુભવ
૩ પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ધારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિદ્યા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર શું સંતાન કહેવામાં નથી ?, સંતાન યોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યકિતનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531

ભુજમાં આધાર-પુરાવા વગરના એલ્યુમિનિયમના વાયરો સાથે ત્રણ ઝડપાયા

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ચોરીના વધતા જતા બનાવો અટકાવવા તેમજ આધાર પુરાવા વગરની શંકાસ્પદ ચીજવસ્તુઓની થતી હેરફેર રોકવા માટે સરહદી રેન્જના પોલીસ મહાનિરીક્ષક અને પશ્ચિમ કચ્છ-ભુજના પોલીસ અધિક્ષક દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓના પગલે લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમને એક મોટી સફળતા મળી છે. એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે એક શંકાસ્પદ વાહનને અટકાવીને રેડ કરી હતી. આ તપાસ દરમિયાન વાહનના પાછળના ભાગેથી મોટા પ્રમાણમાં એલ્યુમિનિયમના વાયરોના ગૂંચળા ભરેલા મળી આવ્યા હતા. પોલીસે વાહનમાં સવાર ત્રણ ઇસમોની કડકાઈથી પૂછપરછ કરી આ સામાન અંગેના જરૂરી આધાર પુરાવા કે બિલ માંગતા તેઓ કોઈ પણ કાયદેસરના દસ્તાવેજો રજૂ કરી શક્યા ન હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓ એલ્યુમિનિયમના વાયરોના ગૂંચળા ચોરી અથવા છળકપટથી મેળવીને ભુજ ખાતે વેચવા માટે જઈ રહ્યા હતા. બાતમી મુજબના શંકાસ્પદ મુદ્દામાલ સાથે રંગેહાથ પકડાઈ જતાં પોલીસે ત્રણેય ઇસમોની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓમાં ૩૦ વર્ષીય ઈમરાન આમદ કેવર, ૨૬ વર્ષીય સોયબ સુલેમાન સમેજા અને ૨૨ વર્ષીય રિઝવાન સુલેમાન સમેજાનો સમાવેશ થાય છે, જે તમામ ભુજ તાલુકાના સુમરાસર (શેખ) ગામના રહેવાસી છે. આ સફળ દરોડા દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે ૭૫,૦૦૦ રૂપિયાની કિંમતનો ૫૦૦ કિલોગ્રામ એલ્યુમિનિયમનો વાયર તેમજ હેરફેર માટે ઉપયોગમાં લેવાયેલી ૩,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતની મહિન્દ્રા લોડિંગ પીકઅપ ગાડી સહિત કુલ ૩,૭૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સમગ્ર પ્રશંસનીય કામગીરી પશ્ચિમ કચ્છ એલ.સી.બી. શાખાના પીએસઆઈ એમ. એચ. શીણોલ, એએસઆઈ અનિરૂધ્ધસિંહ રાઠોડ, એએસઆઈ નિલેશભાઇ ભટ્ટ, યુએચસી ધર્મેન્દ્રભાઇ રાવલ, યુએચસી શક્તિસિંહ ગઢવી અને યુએચસી જીવરાજભાઇ ગઢવી સહિતની પોલીસ ટીમ દ્વારા પાર પાડવામાં આવી હતી.

અંજાર પીઆઈ એચ.એ. જાડેજાની ટીમની વધુ એક કાર્યવાહી : નીંગાળમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

અંજારઃ પૂર્વ કચ્છ પોલીસના "પ્રોહિબિશન મુક્ત વિસ્તાર" અભિયાનને વધુ એક સફળતા મળી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને નાયબ પોલીસ અધિક્ષક એમ. પી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીઆઈ એચ.એ. જાડેજાની આગેવાનીમાં અંજાર પોલીસે નીંગાળ ગામમાં દરોડો પાડી રૂ.૧,૦૭,૫૮૬ના ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેસમાં અહેમદ સલીમ કેવર, હમજા સલીમ કેવર અને જયેન્દ્રસિંહ ઉર્ફે લાલો વાઘેલાની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભચાઉમાં ગેરકાયદેસર ખનીજ વહન સામે તંત્રની કાર્યવાહી

બે ટ્રક સીઝ કરી ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત : રોયલ્ટી પાસ વગર વ્હાઇટ માટીનું પરિવહન કરતા ટ્રકો સામે નાયબ કલેક્ટર અને મેજિસ્ટ્રેટની કડક પગલાં

ગાંધીધામ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ભચાઉમાં ગેરકાયદેસર ખનીજ પરિવહન સામે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જે.આર. ગોહિલ તથા મામલતદાર એમ. કે. રાજપૂતની ટીમે ભચાઉ-દુધઈ હાઈવે પર લોધેશ્વર હોટલ નજીક ચેકિંગ દરમિયાન વ્હાઇટ માટીનું પરિવહન કરતા બે ટ્રકોને અટકાવ્યા હતા. તપાસ દરમિયાન ટ્રકચાલકો જરૂરી રોયલ્ટી પાસ રજૂ કરી શક્યા નહોતા. જેના આધારે બંને ટ્રકો સહિત અંદાજે ૫૦ લાખના મુદ્દામાલને સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્રની આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનીજ પરિવહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

સિગ્નલ ફળિયા ગેંગના આરોપીની ભુજથી ગોધરા જેલમાં ટ્રાન્સફરની અરજી નામંજૂર

આરોપીએ પરિવારથી દૂર હોવાનું કારણ રજૂ કર્યું : કોર્ટે જેલરને આદેશ કર્યો પરિવાર સાથે ઈ-મુલાકાત ગોઠવો

વડોદરાઃ ટ્રેનોમાં લૂંટફાટ, ફિશ પ્લેટો ખોલવી અને દારૂની તસ્કરી કરવા સહિતના અસંખ્ય ગુનાઓ આચરી હાહાકાર મચાવનારી ગોધરાની કુખ્યાત 'સિગ્નલ ફળિયા ગેંગ' સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરાયો હતો. કુલ ૧૨ આરોપીઓ પૈકીના ૬ આરોપીઓને અન્ય જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જેમાં ભુજની પાલારા ખાસ જેલમાં મોકલાયેલા એક આરોપીએ તેને ગોધરા જેલમાં પરત મોકલવામાં આવે તેવી અરજી કરતા અદાલતે તેને નામંજૂર કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગોધરાની સંગઠિત ગેંગના ૧૨ આરોપીઓ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પૈકી ગેંગના મુખ્ય સૂત્રધારોમાંના એક આરોપી હસન સલીમ શેખને ભુજની જેલમાં ટ્રાન્સફર કરવામાં આવતા, તેણે વડોદરાની સ્પેશિયલ કોર્ટમાં તેને ફરી ગોધરા જેલમાં ટ્રાન્સફર કરવા માટે અરજી કરી હતી. અરજદારે રજૂઆત કરી હતી કે, તેનો પરિવાર આર્થિક તંગીનો સામનો કરી રહ્યો છે અને તે પરિવારથી ૫૦૦ કિમી દૂર હોવાથી પરિવારના સભ્યો સાથે તેની મુલાકાત થઈ શકતી નથી. તેથી તેને ભુજની પાલારા જેલમાંથી ગોધરા સબ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવે. અરજીની સુનાવણી દરમિયાન સ્પેશિયલ સરકારી વકીલે દલીલ કરી હતી કે, જો અરજદારને ગોધરા જેલમાં ટ્રાન્સફર કરાશે તો તે અન્ય સાગરીતો સાથે ટેલિફોનિક સંપર્ક કરીને ફરી ગેંગ સક્રિય કરશે અને ગુનાખોરી આચરશે.

ન્યાયાધીશે બંને પક્ષની દલીલોને ધ્યાને લઈ આરોપી હસન શેખની અરજી નામંજૂર કરી હતી. જોકે, કોર્ટે માનવતાવાદી અભિગમ અપનાવી ગોધરા અને પાલારા જેલના જેલરને આદેશ કર્યો હતો કે, જો આરોપીના સગાં-સંબંધીઓ ઈચ્છે તો કાયદાના નિયમો અનુસાર વીડિયો કોન્ફરન્સ મારફતે 'ઈ-મુલાકાત' માટેની જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવે. ન્યાયાધીશે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી દ્વારા જેલ ટ્રાન્સફર માટે જણાવવામાં આવેલા પારિવારિક કારણો કાયદાકીય દ્રષ્ટિએ મંજૂર કરવા પાત્ર જણાતા નથી.

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીન: ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬
નં.મેજી/જન્મ/વશી-૨૬૬/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૨૩/૦૬/૨૦૨૬
શ્રી પુંજા રાજાભાઈ કચ્છી જન્મ રજી.નં.૨૭૬/૨૦૨૬
રહે. આદોઈ, તા.ભચાઉ-કચ્છ. ..... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી સહમંત્રીશ્રી આદોઈ, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ..... સામાવાળા
વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેમના પોતે નામે પુંજાભાઈ રાજાભાઈ કચ્છી નો જન્મ તા.૨૦-૦૬-૧૯૬૨ ના રોજ ગામ આદોઈ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

::: જાહેર નોટીસ :::
આથી જાહેર જનતાને જણાવવાનું કે, કચ્છ જીલ્લા ના મુંદરા તાલુકાના શેખડીયા ગામની સિમ વિસ્તારમાં આવેલ ખેતીનું ઠામ-૧ જેના રે.સર્વે.નં. ૨૯ (જુના સર્વે નં. ૮/પૈકી ૧) તે ક્ષેત્રફળ હેકટર ૩-૩૦-૪૯ આરે આકારે રૂા. ૧૧.૯૦ પૈસા ખાતા નં.૧૩૩ વાળો ઠામ (૧) વિષ્ણુબા ડો.ઓ વખતસિંહ જાડેજા વા.ઓ હરિસિંહ રાઠોડ રહે. લાલા બાપા વાડી ની બાજુમાં, મણીનગર, નખત્રાણા-કચ્છ તથા (૨) જીવરાજ ધનજી સોમજીયાણી રહે. વિરાણી મોટી, નખત્રાણા, ગુજરાત-૩૭૦૬૬૫ વાળાઓ ના નામે હાલે રેવન્યુ રેકર્ડમાં સંયુકત નામે નોંધાયેલ છે તથા સદરહુ ઠામનો કબજો ભોગવટો તથા માલીકી પણું તેમનું છે તેવું કહે છે અને તે આધારે તેમની પાસેથી અમારા અસીલે સદરહુ મિલ્કત અઘાટ હક્કે ખરીદ કરવા સોદો કરેલ છે તો જો સદર મિલ્કતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઈનો પણ કોઈપણ જાતનો વર, વાંધો કે તકરાર હોય તો તે દિન-૦૭ માં અમારી ઓફીસમાં લેખિત પુરાવા સાથે

મનપાની નોટિસને પણ ગણકાર નહીં : ગાંધીધામમાં કોન્ટ્રાક્ટરની મનમાનીથી પ્રજાજનોની સુરક્ષા પર ફરી જોખમમાં : વરસાદી નાળામાં પોલમપોલ ખુલી.!

સુંદરપુરી ટાંકાથી અપના નગર ચાર રસ્તા સુધી રોડ કામમાં નિયમોનું ઉલ્લંઘન, નાળાની બાજુએ જ ઠાલવાયો મલબો : ડિવાઈડરમાં કાળી માટીના બદલે રેતાળ માટી ભરવાનો આક્ષેપ : ગુણવત્તા સામે ગંભીર સવાલો

મનપાએ નોટિસ ફટકારી છતાં કાર્યવાહી નહીં, કોન્ટ્રાક્ટર સામે લોકોમાં આંતરીક રોષ : મલબાનો ઠેકેદાર દ્વારા આડેધડ નિકાલ કરવાથી વરસાદમાં આખોય વીસ્તાર જળબંબાકાર સર્જાઈ જશે : કોણ લેશે તે વખતે જવાબદારી? : ભોગગ્રસ્તોમાથી ઉઠતા સવાલો

નોટીસ ફટકારેલી છે, છતા પણ નિયમોની અવગણના કરાતી હશે તો નહી ચલાવી લેવાય : શ્રી રામાનુજ(ડે.કમિશ્નર ગાંધીધામ મહાનગરપાલીકા) : મારી તબિયત હાલમાં બરાબર નથી, કંઈ પણ વાતચીત કરવા અસર્થમ છું :શ્રી નારૂભાઈ રાજાણી(કોન્ટ્રાક્ટર)

ગાંધીધામઃ ગાંધીધામના સુંદરપુરી ટાંકાથી અપના નગર ચાર રસ્તા સુધી ચાલી રહેલા રોડના કામમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી અને મનમાની સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રોડના નિર્માણ દરમિયાન નીકળેલો હજારો ટન મલબો નિયમોને નેવે મૂકીને વરસાદી નાળાની બિલકુલ બાજુમાં જ ઠાલવી દેવામાં આવ્યો છે. સ્થાનિકોમાં એવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે કે વરસાદ પડતાં જ આ મલબો સીધો નાળામાં ગરકાવ થઈ જશે, જેના કારણે વરસાદી પાણીના નિકાલમાં મોટો અવરોધ સર્જાશે અને સમગ્ર વિસ્તારમાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ શકે છે. બીજી તરફ, કોન્ટ્રાક્ટની શરતો મુજબ રોડના મધ્યમાં આવેલા ડિવાઈડરમાં નિયમ મુજબ કાળી માટી ભરવાની જોગવાઈ હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા ત્યાં હલકી કક્ષાની રેતાળ માટી ભરવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. જેના કારણે કામની ગુણવત્તા અને ભવિષ્યમાં રોડની મજબૂતાઈ સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. જનતાના ટેક્સના પૈસાનો આ પ્રકારે સરેઆમ દુરુપયોગ થતો જોઈને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, આ સમગ્ર ગેરરીતિ મામલે ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને સત્તાવાર નોટિસ પણ આપવામાં આવી હતી. તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા મનપાની આ નોટિસને સદંતર અવગણીને કામની પદ્ધતિમાં કોઈ જ સુધારો કરવામાં આવ્યો નથી. નોટિસ આપ્યા પછી પણ ઠેકેદાર પોતાની મનમાની ચાલુ રાખતા સ્થાનિકોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે મહાનગરપાલિકા આવા કોન્ટ્રાક્ટર સામે કેમ લાલઆંખ ભરીને કડક કાર્યવાહી નથી કરતી? સ્થાનિક જનતા અને સામાજિક અગ્રણીઓની ઉગ્ર માંગ છે કે લોકહિત સાથે ચેડાં કરતા અને તંત્રને ઘોળીને પી જતા આવા ઠેકેદારો સામે માત્ર નજીવો દંડ ગાંધીધામ નગરપાલીકાના ફટકારીને સંતોષ ન માનવો જોઈએ. આવા તત્વો સામે દાખલારૂપ પગલાં ભરીને તેમને તાત્કાલિક ધોરણે 'બ્લેકલિસ્ટ' કરવા જેવી કડક કાનૂની કાર્યવાહી જ થવી જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ કોન્ટ્રાક્ટર પ્રજાના પૈસાની વેઠ ઉતારવાની હિંમત ન કરે. હવે જોવાનું એ રહે છે કે મનપાના જવાબદાર અધિકારીઓ ક્યારે જાગે છે અને આ કોન્ટ્રાક્ટર સામે કેવા પગલાં ભરે છે.આ સદર્ભે ડે.કમિશ્નરશ્રી સંજય રામાનુજની સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, આ સંદર્ભે નોટીસ અપાઈ છે, ખુલાસો પુછાયો છે, નોટીસની જો અવગણના કામમાં થઈ હશે તો એ નહી ચલાવી લેવાય. ફેર તપાસ કરી અને જરૂરી કાર્યવાહી કરીશુ. તો વળી કામ રાખનાર ઠેકેદાર નારૂભાઈ રાજાણીની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓએ વાતચીત કરવા અસમર્થતા દર્શાવી હતી.

જનતા પૂછી રહી છે આ તીખા સવાલો...

ગાંધીધામ : **સવાલ ૧**: મનપાની સત્તાવાર નોટિસને પણ કચરાપેટીમાં નાખી દેવાની હિંમત કોન્ટ્રાક્ટરમાં ક્યાંથી આવી? તેને કોની રહેમનજર મળી રહી છે?**સવાલ ૨**: નિયમ મુજબ કાળી માટીના બદલે હલકી ગુણવત્તાની રેતાળ માટી ભરીને પ્રજાના ટેક્સના પૈસાનું પાણી કેમ કરાઈ રહ્યું છે?**સવાલ ૩**: વરસાદી નાળાની બાજુમાં મલબો ઠાલવવાની મંજૂરી કોણે આપી? જો ચોમાસામાં આખો વિસ્તાર ડૂબશે તો તેનો જવાબદાર કોણ?**સવાલ ૪**: મહાનગરપાલિકા માત્ર કાગળ પર નોટિસો ફટકારીને કેમ સંતોષ માની રહી છે? હજુ સુધી લાલઆંખ કરીને કડક કાર્યવાહી કેમ નથી કરાઈ?**સવાલ ૫**: પ્રજાના હિત સાથે ચેડાં કરતા આવા બેફામ ઠેકેદારને માત્ર દંડ કરવાના બદલે તાત્કાલિક 'બ્લેકલિસ્ટ' કેમ કરવામાં આવતો નથી?

બન્નીમાં વરસાદના અભાવે પશુધન માટે ઘાસચારાની ગંભીર કટોકટી

ફોરેસ્ટ વિભાગના ગોડાઉનોમાં પડેલો જથ્થો રાહત દરે આપવા ઉગ્ર માંગ : ચોમાસું લંબાયા બાદ નવું ઘાસ ઉગે ત્યાં સુધી પશુધનને બચાવવા યુદ્ધના ધોરણે સરકારી નિર્ણય અને કંપનીઓના સીએસઆર ફંડનો સહારો લેવા સ્થાનિક આગેવાનોની રજૂઆત

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાહતદરે ઘાસ અને ચરિયાણની વ્યવસ્થા કરવા તંત્રને કરી રજૂઆત



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ ખેંચાવાને કારણે સમગ્ર પંથકમાં પશુઓ માટે પીવાના પાણી અને ઘાસચારાની તીવ્ર અછત વર્તાઈ રહી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલે વહીવટી તંત્ર સમક્ષ પશુઓ માટે રાહતદરે ચરિયાણ અને ઘાસની વ્યવસ્થા કરવા અંગે તાકીદની રજૂઆત કરી છે. અબડાસા, લખપત, નખત્રાણા અને ભુજ સહિતના જિલ્લાના નવ તાલુકાઓમાં ખેડૂતો તેમજ માલધારીઓની વસ્તી ખૂબ જ મોટા પ્રમાણમાં છે. આ વિસ્તારોમાં વસતા માલધારીઓ સંપૂર્ણપણે પશુપાલન પર નિર્ભર રહીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. પરંતુ આ વર્ષે પૂરતો વરસાદ ન થવાને કારણે પશુઓ માટે ચારો મેળવવો અને તેમનો નિભાવ કરવો અત્યંત મુશ્કેલ બની ગયો છે, જેના લીધે માલધારી આલમમાં ભારે ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. માલધારીઓની આ વેદના અને અછતની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈને એવી માંગ ઉઠી છે કે જ્યાં સુધી યોગ્ય વરસાદ ન થાય, ત્યાં સુધી વન વિભાગના ગોડાઉનોમાં સંગ્રહિત રાખવામાં આવેલા ઘાસનું રાહતભાવે તાત્કાલિક વિતરણ શરૂ કરવામાં આવે. જો સમયસર પશુપાલકોને રાહતદરે ઘાસ ઉપલબ્ધ કરાવવામાં આવશે, તો પશુધનને બચાવી શકાશે અને માલધારીઓને મોટી આર્થિક રાહત મળશે. આ અછતરૂપી કટોકટીમાંથી પશુધનને ઉગારવા માટે તંત્ર દ્વારા સત્વરે અને પરિણામલક્ષી ઉકેલરૂપી પગલાં લેવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી રહી છે.

ભુજ : કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લાના એશિયાના સૌથી મોટા ગૌચર ગણાતા બન્ની વિસ્તારમાં હાલ વરસાદના અભાવે પશુધન માટે ઘાસચારાની ગંભીર કટોકટી સર્જાઈ છે. બન્ની વિસ્તારની ૧૯ પંચાયતો હેઠળ આવતા ૫૫ નાના-મોટા ગામડાઓમાં અંદાજે ૪૫,૦૦૦ની માનવ વસ્તી વસવાટ કરે છે. આ વિસ્તારના આશરે ૭,૫૦૦ પરિવારોમાંથી ૯૦ ટકા પરિવારો માલધારી કુટુંબો છે, જેઓ સંપૂર્ણપણે પોતાના ૧,૫૦,૦૦૦ જેટલા પશુધન પર નિર્ભર છે. ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે સીમાડાઓમાં ઘાસનું એક તણખલું પણ બચ્યું નથી, જેના લીધે પશુપાલકો ભારે ચિંતામાં ડૂબ્યા છે. જો આગામી દિવસોમાં કુદરત મહેરબાન થાય અને વરસાદ વરસે, તો પણ નવું ઘાસ ઉગીને પશુઓના ખાવા લાયક બને ત્યાં સુધીના સમયગાળા માટે પશુધનને જીવાડવું એ માલધારીઓ માટે મોટો પડકાર બની ગયો છે.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક માલધારી સમાજ દ્વારા સરકાર સમક્ષ એક મહત્વની અને વ્યવહારુ માંગણી ઉઠાવવામાં આવી છે. બન્ની વિસ્તારના ભીટારા, ધોરડો, ગોરેવાલી, સિનિયાંદો, દુમાડો, હોડકો, ભીરડીયારા, મિસરીયાડા અને ભોજરડા ખાતે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સરકારી ગોડાઉનો આવેલા છે. આ પૈકી લૂણા અને ગોરેવાલીને બાદ કરતાં બાકીના તમામ ગોડાઉનોમાં છેલ્લા બે થી ત્રણ વર્ષનો ઘાસનો મોટો જથ્થો વણવપરાયેલો પડેલો છે. વન વિભાગ દ્વારા દર વર્ષે આ જથ્થાને અખાદ્ય ઘાસ જાહેર કરીને માત્ર ૮૦ પૈસાથી લઈ ૧.૨૫ રૂપિયાના નજીવા ભાવે હરાજી કરી દેવામાં આવે છે. માલધારીઓની માંગ છે કે વહીવટી તંત્ર આ હરાજી અટકાવીને એ જ ભાવે આ ઘાસનો જથ્થો સ્થાનિક માલધારીઓને સીધો પૂરો પાડે, જેથી પશુધનને તાત્કાલિક રાહત મળી શકે. આ સંકટ સમયમાં સરકારી સહાયની સાથે મોટા રણ વિસ્તારમાં કાર્યરત ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ પણ મદદે આવે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. રણ વિસ્તારમાં કાર્યરત એગ્રોસેલ કંપની દ્વારા હાલ માલધારીઓને અડધા ભાવે ઘાસ પૂરું પાડીને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. આવી જ રીતે બન્ની અને આસપાસના વિસ્તારમાં સક્રિય આર્ચિયન, સત્યેશ, નીલકંઠ, અદાણી, પાવર ગ્રીડ અને એનટીપીસી જેવી મોટી કંપનીઓ પણ પોતાના સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ફંડમાંથી આગળ આવે અને જ્યાં સુધી સરકાર કોઈ કાયમી નિર્ણય ન લે ત્યાં સુધી માલધારીઓને ઘાસચારો પૂરો પાડે તેવી માંગ બળવત્તર બની છે. બન્નીના પશુપાલકોના હિતમાં યુદ્ધના ધોરણે યોગ્ય નિર્ણય લેવા માટે જિલ્લા પંચાયતના સભ્ય અબ્દુલ્લા બુઢા જત, ઈશા મેરામણ મુત્વા, અમીર અલી મુતવા, નૂર મામદ જત, ફકીર મહંમદ રાયસી, ખાન મામદ રાયસી, દેવા મારવાડા તથા તાલુકા પંચાયત સદસ્યના પ્રતિનિધિ અસરફ જત સહિતના સ્થાનિક અગ્રણીઓએ સરકારમાં રજૂઆત કરી તાકીદે યોગ્ય પગલાં ભરવા માંગ કરી છે.

શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ અંજાર બાયપાસ રોડની કામગીરીની સમીક્ષા કરી

ડી.વી. હાઈસ્કૂલ અંજાર ખાતે કાર્યરત થનારી પૂર્વ કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની મુલાકાત લેતાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા

અંજાર - કચ્છઉદય : ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ અંજાર ખાતે અંજાર બાયપાસ રોડની કામગીરીની સમીક્ષા કરીને પૂર્વ કચ્છમાં ડી. વી. હાઈસ્કૂલ ખાતે કાર્યરત થનારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની મુલાકાત લીધી હતી. ડી.વી. હાઈસ્કુલ ખાતેની મુલાકાત સમયે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂર્વ કચ્છ માટે ફાળવાયેલી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કારણે કામગીરીની સરળતા સાથે નાગરિકોને વધુ શૈક્ષણિક સુવિધા પ્રાપ્ત થશે. તેમણે ઉમેર્યું હતું કે, સરકાર લોકોની સુખાકારી માટે કટીબદ્ધ છે, વહીવટના વિકેન્દ્રીકરણના કારણે નાગરિકોના કામો વધુ સરળતાથી થઈ શકશે. આ સાથે તેમણે અંજાર બાયપાસ રોડની કામગીરીની સમીક્ષા કરીને સમયમર્યાદા કામ પૂર્ણ કરવા સાથે ગુણવત્તાયુક્ત કામગીરી કરવા સહિતની સૂચના આપી હતી. આ પ્રસંગે અંજાર નગરપતિ ધર્મિષ્ઠાબેન ખાંડેકા, પ્રાંત અધિકારી સુરેશ ચૌધરી સહિતના પદાધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઝુરા અને સુમરાસરમાં જુગાર રમતા ૮ ખેલી પકડાયા

ભુજ : તાલુકાના ઝુરા ગામે નિરોણા જતા રોડ પર બંધવાડી ખેતરમાં જુગાર રમતા ચાર ખેલી પકડાયા હતા. જેમાં પ્રેમજી શીવુભા જાડેજા, પ્રવીણસિંહ મંગલજી સોઢા, ભીમજી રામજી મહેશ્વરી પકડાયા હતા. તેઓ પાસેથી રોકડા રૂા. ૧૦૨૮૦ તેમજ ૩૦ હજારની બાઈક કબજે કરાઈ હતી. જયારે કાનજી રામજી ગરવા ભાગી ગયો હોવાનું પોલીસે જણાવ્યું છે. આ તરફ તાલુકાના સુમરાસર ગામે જુગાર રમતા અકરમ ઈકબાલ પઠાણ, ધુનીબેન કાનજી ગાગલ, જશીબેન ભરતભાઈ ચાડ, સુંદરબા પથુભા વંકાજી સોઢા, હેતલબેન ખરાશંકર રાજગોર પકડાયા હતા. રોકડા રૂા. ૪૩૮૦૦ તેમજ ૨૬ હજારના ૬ મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા. બન્ને ઘટના અંગે માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

કવિઓ જૈન મહાજન ભુજ સંકુલ ખાતે ૧૪ જુલાઈના નિઃશુલ્ક આયુર્વેદ કેમ્પનું આયોજન

ભુજ - કચ્છઉદય : અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ કવીઓ જૈન મહાજન ભુજ સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ સેન્ટર ભુજ મધ્યે અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે નિઃશુલ્ક આયુર્વેદ કેમ્પનું આયોજન આગામી તા.૧૪/૭ને મંગળવારના સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી કવીઓ સંકુલ, જીઈબી હેડ ઓફિસ સામે, વિજયનગર, ભુજ મધ્યે કરવામાં આવ્યું છે. આ કેમ્પ વિશે વધુ માહિતી આપતાં વૈધ ડૉ.પ્રતિક પંડ્યાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં આયુર્વેદ નિદાન પધ્ધતિ દ્વારા વિવિધ રોગોની સારવાર હેતુ માર્ગદર્શન અને જરૂરી ઔષધો વિના મૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પમાં શ્વાસ, ઉધરસ, કમરનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, ચામડીના રોગો, પથરી, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, પેટના રોગો, માથાના રોગોની સારવાર કરવામાં આવશે. આ કેમ્પમાં મર્યાદિત સંખ્યામાં દર્દીઓની તપાસણી કરવાની હોવાથી નામ નોંધણી માટે પ્રતિક્ષાબેન પંડ્યા ૮૨૦૦૧ ૧૬૬૮૯ અને સુનિલ મહેશ્વરી ૯૧૦૬૮ ૭૧૬૩૦ પર નામ નોંધણી કરાવવું જરૂરી છે. આ કેમ્પનો જરૂરતમંદ લોકોએ લાભ લેવા જણાવાયું છે.

વરસામેડી ગર્લ્સ હોસ્ટેલમાંથી ખાનગી નોકરી કરતી ૨૧ વર્ષીય યુવતી ગુમ

અંજારઃ ભ્યાઉની સરસ્વતી સોસાયટીમાં રહેતા રાહુલ દેવશીભાઈ પરમારે અંજાર પોલીસ મથકે ગુમનોંધ જાહેર કરી છે કે, વરસામેડી ખાતે આવેલ વેલસ્પન કંપનીની ગર્લ્સ હોસ્ટેલમાં રહીને ખાનગી નોકરી કરતી તેમની ૨૧ વર્ષીય બહેન અંકિતા વજુભાઈ પરમાર તબિયત સારી ન હોઈ દવા લેવા જાઉં છું તેમ કહીને નીકળ્યા બાદ ગુમ થઈ છે. અંજાર પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. કિશોરભાઈ કાનજીભાઈ ડોડીયા અને પો.હેડ.કોન્સ. બલભદ્રસિંહ એમ.જાડેજાએ ગુમનોંધ નં-૭૩/૨૦૨૬ના આધારે યુવતીની શોધખોળ હાથ ધરી છે.

ગાંધીધામમા રોંગ સાઇડમાં રિક્ષા હંકારતો ચાલક ઝડપાયો

ગાંધીધામ : ઝોન ગોળાઈ નજીક જાહેર માર્ગ પર રોંગ સાઈડમાં જોખમી રીતે રિક્ષા હંકારી પોતાની તથા અન્ય લોકોના જીવને જોખમમાં મૂકનાર સાગર ભોજાભાઈ દેસાઈ સામે પોલીસ કોન્સ્ટેબલ હરપાલસિંહ લક્ષ્મણસિંહ જાડેજાની ફરિયાદના આધારે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. બનાવની તપાસ હેમરાજભાઈ એસ. સોનવણે (એ.એસ. આઈ.) ચલાવી રહ્યા છે.

ભુજની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સુરક્ષા પરિસંવાદ યોજાયો

સુરક્ષિત સવારી એ જ દેશની સમજદારીના સૂત્ર સાથે સગીર વયે વાહન ન ચલાવવા અને માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવા વિદ્યાર્થીઓને કરાયા જાગૃત

ભુજ - કચ્છ ઉદય : કેમ્પ ખાતે મેન્ટલ હોસ્પિટલ નજીક આવેલી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ લાવવાના હેતુથી ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સુરક્ષા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંકલન ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર કચેરી, ભુજના વરિષ્ઠ લિપિક તથા જાણીતા સામાજિક કાર્યકર એમ. આઈ. બાયડ દ્વારા કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં ધોરણ ૮થી ૧૨ના આશરે એક હજાર જેટલા વિદ્યાર્થીઓ તેમજ શાળાના શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત શાળાના પ્રિન્સિપાલ રેવ. ફાધર જોસી કાલાથિલ દ્વારા મુખ્ય મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરીને કરવામાં આવી હતી.

ત્યારબાદ કાર્યક્રમના સંકલનકર્તા શ્રી એમ. આઈ. બાયડે ઉપસ્થિત મહાનુભાવોની ઓળખાણ કરાવી પરિસંવાદની રૂપરેખા રજૂ કરી હતી. પ્રિન્સિપાલ રેવ. ફાધર જોસી કાલાથિલે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્તનું મહત્વ સમજાવતાં ટ્રાફિકના નિયમોને રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. ભુજ શહેર ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. બી. લાખણોત્રાએ રોજિંદા જીવનમાં ઊભી થતી ટ્રાફિકની સમસ્યાઓ, ચાર રસ્તા પરના ટ્રાફિક સંકેતો તેમજ માર્ગ ઓળંગતી વખતે રાખવાની સાવચેતીઓ અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. ભુજ પ્રાદેશિક પરિવહન કચેરીના નિરીક્ષક અંકિત પટેલે લર્નિંગ લાયસન્સ અને કાયમી વાહનચાલક પરવાનો મેળવવાની ઓનલાઈન પ્રક્રિયા, હેલ્મેટ અને સીટબેલ્ટની ફરજિયાતતા તેમજ નવા મોટર વાહન અધિનિયમની જોગવાઈઓ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. વી. જોષીએ માર્ગ અકસ્માતોના આંકડા તથા તેના મુખ્ય કારણો જેવા કે વધુ ઝડપે વાહન ચલાવવું અને વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જેવા મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ખાસ કરીને સગીર વયના બાળકો વાહન ન ચલાવે તે માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને જાગૃત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિકના સંકેતો, વાહનચાલક પરવાના સહિતના વિવિધ પ્રશ્નો પૂછી પોતાની જિજ્ઞાસાનું સમાધાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષકોએ બેઠક વ્યવસ્થા તથા શિસ્તનું સુંદર સંચાલન કર્યું હતું. અંતે શાળાના પ્રિન્સિપાલ રેવ. ફાધર જોસી કાલાથિલે આભારવિધિ વ્યક્ત કરી હતી અને માર્ગ સુરક્ષા અંગેનો આ પ્રેરણાદાયી પરિસંવાદ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.

માધાપરમાં ઘર વપરાશના કનેક્શનથી બાંધકામમાં પાણીનો ઉપયોગ

નવા રહેણાંક વિસ્તારોમાં પીવાના પાણીની અવાર-નવાર સર્જાય છે અછત

ભુજઃ એશિયાનું સૌથી સમૃદ્ધ ગામ ગણાતું માધાપર આજે પીવાના પાણીની સમસ્યાને લઈને ચર્ચામાં આવ્યું છે. માધાપરના કોટકનગર, મલવાડી, ગંગેશ્વર રોડ સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં રહેણાંક યોજનાઓ અને નવા મકાનો ઉભા થયા છે. અહી થોડા સમયથી વસ્તીનો વધારો નોધાયો અને લોકો અહી રહેવા આવી રહ્યા છે. ભુજ શહેરમાં જમીનની ઊંચી કિંમતોને કારણે લોકો માધાપર તરફ વળ્યા છે. પરંતુ વસાહતો વધવાની સાથે પાણીની માંગમાં પણ વધારો થયો છે. અનેક સ્થળોએ ઘર વપરાશ માટે અપાતા પાણીના કનેક્શનનો ઉપયોગ ખેતી અને બાંધકામ માટે થઈ રહ્યો છે. સ્થાનિકોના કહેવા પ્રમાણે બાગાયતી પાક માટે મોટા વ્યાસની પાઈપો દ્વારા પાણી ખેંચવામાં આવે છે. બીજી તરફ અનેક બાંધકામ સાઈટો પર પણ રહેણાંક કનેક્શનમાંથી મોટર વડે પાણી ખેંચાતા સામાન્ય રહેવાસીઓને પૂરતું પાણી મળી શકતું નથી. પંચાયતના સર્વેમાં પણ ગેરરીતિથી પાણીનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું છે. નવી સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં રહેતા લોકોનું કહેવું છે કે પાણીની લાઈન હોવા છતાં પૂરતા દબાણથી પાણી મળતું નથી. કેટલાક વિસ્તારોમાં કલાકો સુધી રાહ જોવી પડે છે, જ્યારે બીજી તરફ ગેરકાયદે જોડાણો મારફતે મોટા પ્રમાણમાં પાણી ખેંચી લેવાતું હોવાથી પાણીની અછત વધુ ગંભીર બની રહી છે. જેથી અવાર - નવાર ટેન્કર મંગાવવા પડે છે. ઘણા લોકોએ પોતાના પર્સનલ બોર બનાવી લીધા છે. માધાપર એશિયાનાં સૌથી સમૃદ્ધ ગામોમાં સ્થાન ધરાવે છે. વિદેશમાં વસતા મોટી સંખ્યામાં એનઆરઆઈઓના કારણે ગામમાં અનેક બેંકોની શાખાઓ અને કરોડો રૂપિયાની થાપણો છે. જેના કારણે અહી મકાન લોન સહીત અન્ય લોન જલ્દી મલી જાય છે. અહી સરળતાથી મળતી લોન મુદ્દો પણ કેટલાક ચલણ - ચલાણું ચાલતું હોય છે. પણ હાલ તો અહી પાણીનો પ્રશ્ન ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગામ ભુજ શહેરનું મહત્વનું રહેણાંક કેન્દ્ર બન્યું છે. જોકે વિકાસની ગતિ વચ્ચે પાણીના સંચાલનની સમસ્યા હવે સૌથી મોટો પડકાર બની રહી છે. ગેરકાયદે જોડાણો બંધ થશે તો છેવાડાના વિસ્તારો સુધી પણ પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી પહોંચી શકશે.

ડીસા ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસઃ સરકારે હાઈકોર્ટમાં સ્વીકારી ગંભીર ભૂલો

SITની તપાસ પૂર્ણ, ૩ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ

અમદાવાદઃડીસામાં બનેલી ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટની દર્દનાક દુર્ઘટના અંગે આજે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ સ્વીકાર કર્યો છે કે વહીવટી પ્રક્રિયા અને પરવાનગી આપવામાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી. સરકારે કોર્ટને જણાવ્યું કે આ મામલે સીટની તપાસ હવે પૂર્ણ થઈ ચૂકી છે અને નિયમોના ઉલ્લંઘન બદલ રાજ્ય સરકારના ત્રણ જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.“

સરકારે હાઈકોર્ટમાં કબૂલ્યું હતું કે ફેક્ટરીના લાયસન્સ રિન્યુઅલથી લઈને જે સુરક્ષા નિયમોનું પાલન કરવાનું હતું, તેમાં ઘણી મોટી ક્ષતિઓ રહી ગઈ હતી. પોલીસ અને ફાયર વિભાગના વાંધાઓ હોવા છતાં પણ લાયસન્સ રિન્યુ કરી દેવામાં આવ્યા હતા.

એટલું જ નહીં, તપાસના કેટલાક અત્યંત મહત્વના અહેવાલો સક્ષમ નિમણૂક અધિકારીઓ સુધી પહોંચાડવામાં જ આવ્યા ન હતા.જો માત્ર પ્રાથમિક વહીવટી તંત્રના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હોત, તો પણ આ ગંભીર દુર્ઘટના અને માસૂમ લોકોના મોત અટકાવી શકાયા હોત.““૩૪ એકમોની તપાસ, ૨૦થી વધુ નિર્દોષોના ગયા હતા જીવ“અત્રે ઉલ્લેખનીય છે કે, ડીસા ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં ૨૦થી વધુ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

આ ભયાનક દુર્ઘટના બાદ જાગેલા તંત્ર દ્વારા આસપાસના અન્ય ૩૪ જેટલા ઔદ્યોગિક એકમોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી, જે અંતર્ગત નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે.

ચાંદીપુર વાયરસ મુદ્દે રાજ્યનું આરોગ્યતંત્ર એક્શનમાં : પ્રફુલ્લ પાનસેરીયા

ચાંદીપુર વાયરસના કેસો સામે ગુજરાત સરકાર એલર્ટઃ વડોદરા અને હિંમતનગરમાં શંકાસ્પદ મોત



ગાંધીનગર:“ગુજરાતમાં ચાંદીપુર વાયરસના શંકાસ્પદ કેસો સામે આવતા જ રાજ્યનું આરોગ્ય તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે. વડોદરા અને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં આ વાયરસના કારણે શંકાસ્પદ મોતના મામલા સામે આવ્યા છે, જેને પગલે આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે અગમચેતીના પગલાં ભરવાનું શરૂ કરી દેવાયું છે. વિસનગરના એક સંક્રમિત બાળકને વધુ સારવાર અર્થે વડનગર ખસેડવામાં આવ્યું હોવાના પણ અહેવાલ છે.

ગંભીરતાને જોતાં પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું છે કે, જે જે વિસ્તારોમાંથી શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે, ત્યાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સઘન સર્વેક્ષણ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. વાયરસનો ફેલાવો રોકવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં જંતુનાશક દવાઓ અને પાવડરનો છંટકાવ કરી દેવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગની વિશેષ ટીમો તમામ સ્થિતિ પર બારીકાઈથી દેખરેખ રાખી રહી છે.

સોશિયલ મીડિયાની અફવાઓથી દૂર રહેવા અપીલ.શ્રી પાનસેરીયાએ નાગરિકોને સોશિયલ મીડિયા પર વહેતા થતા ભ્રામક મેસેજો અને અફવાઓ પર ધ્યાન ન આપવા ખાસ અપીલ કરી છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને લોકોને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા જણાવવામાં આવ્યું છે

ભારતમાં ‘સાયલન્ટ લેઓફ્સ’નો ટ્રેન્ડ

નવી દિલ્હી : એઆઈના વધતા ઉપયોગની અસર હવે વિશ્વભરના ટેક સેક્ટરમાં જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન અત્યાર સુધીમાં વિશ્વના ટેક સેક્ટરમાં ૧.૨૦ લાખથી વધુ ટેક સેક્ટરના કર્મચારીઓની છટણી થઈ ચૂકી છે. હવે, તેની સીધી અસર ભારત પર જોવામાં આવી રહી છે. એક અંદાજ મુજબ, ભારતમાં આ વર્ષે ટેક સેક્ટરમાં ૩૫ હજાર જેટલી નોકરીઓ ઘટી શકે છે.આ વખતે થતી છટણીઓ અગાઉના વર્ષોની જેમ માત્ર ખર્ચ ઘટાડવા માટે નથી પરંતુ,એઆઈને કારણે કંપનીઓની કામગીરીમાં આવી રહેલા મૂળભૂત ફેરફારોનું પરિણામ છે. સોફ્ટવેર ડેવલપમેન્ટ, ક્વોલિટી ટેસ્ટિંગ, ટેક સપોર્ટ અને રૂટિન કોડિંગ જેવા અનેક કામ હવે એઆઈ ટૂલ્સની મદદથી ઝડપથી થઈ રહ્યા છે. જેથી કંપનીઓ કર્મચારીઓની સંખ્યા ઘટાડવા તરફ આગળ વધી રહી છે. ભારતમાં ઘણી આઈટી કંપનીઓએ છટણીની જાહેરાત નથી કરી પરંતુ, સાઈલન્ટ લેઓફ્સનો ટ્રેન્ડ વધી રહ્યો છે. જેમાં, કર્મચારીઓને મોટી જાહેરાત વિના નોકરીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે .

એન્ડી બાર્નહામ બનશે યુકેના નવા વડાપ્રધાન.

લેબર પાર્ટીના નેતૃત્વ સ્પર્ધાના પહેલા દિવસે જ મોટા પાયે લેબર સાંસદોનો ટેકો મળ્યા બાદ એન્ડી બર્નહામ બ્રિટનના આગામી વડા પ્રધાન બનવાની કગાર પર છે.ગ્રેટર માન્ચેસ્ટરના ભૂતપૂર્વ મેયરને પાર્લામેન્ટરી લેબર પાર્ટી તરફથી ૩૨૨ નામાંકન મળ્યા છે, જેના કારણે તેઓ આઉટગોઈંગ વડા પ્રધાન કીર સ્ટાર્મરને બદલવાની રેસમાં એકમાત્ર જાહેર કરાયેલા ઉમેદવાર બન્યા છે.૪૦૩ લેબર સાંસદોમાંથી ૩૨૨ નામાંકન સાથે, બર્નહામ ૩૨૩ મતથી માત્ર એક મત દૂર છે, જેના કારણે કોઈપણ વિરોધી માટે પડકાર ઊભો કરવો ગાણિતિક રીતે અશક્ય બનશે. ગુરુવારે મતદાન કરવા માટે ઉપલબ્ધ ન હોય તેવા ઘણા સાંસદોએ પહેલાથી જ સંકેત આપ્યો છે કે તેઓ સંસદ ફરી શરૂ થાય ત્યારે તેમના નામાંકનને ટેકો આપશે.જો નોમિનેશન વિન્ડો બંધ થાય તે પહેલાં કોઈ વિરોધી બહાર ન આવે, તો બર્નહામને આગામી અઠવાડિયે લેબર નેતા તરીકે સત્તાવાર રીતે પુષ્ટિ આપવામાં આવે તેવી અપેક્ષા છે.

હવે ભારતમાં બનશે ઇઝરાયેલની આયર્ન ડોમ મિસાઇલ

નવી દિલ્હી : ઈઝરાયેલની દિગ્ગજ ડિફેન્સ કંપની, રાફેલ એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ્સ, ભારતમાં આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર મિસાઈલો માટે ઉત્પાદન લાઈન સ્થાપિત કરવાની તૈયારી કરી રહી છે. કંપની આ સંદર્ભમાં ઘણી ભારતીય ડિફેન્સ કંપનીઓ સાથે વાતચીત કરી રહી છે. જો આ કરારને અંતિમ સ્વપ આપવામાં આવે તો તે પહેલી વાર બનશે કે ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટસની બહાર ભારતમાં આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનું ઉત્પાદન કરવામાં આવશે.આ પહેલ ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત નીતિઓ સાથે સુસંગત માનવામાં આવે છે. ભારત લાંબા સમયથી વિદેશી ડિફેન્સ કંપનીઓને સ્થાનિક ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. આનાથી દેશની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે જ, પરંતુ ભારત વૈશ્વિક સંરક્ષણ પુરવઠા શૃંખલામાં મજબૂત ભૂમિકા ભજવી શકશે.હાલમાં, આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનું ઉત્પાદન ઉત્તર ઈઝરાયેલમાં થાય છે. રેથિયોન સાથે ભાગીદારીમાં યુનાઈટેડ સ્ટેટસમાં બીજી ઉત્પાદન લાઈન કાર્યરત છે. ભારતમાં નવી ઉત્પાદન લાઈન ખુલવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે,

અમેરિકાએ ૧૬ જુલાઈના રોજ “ટ્રાન્સનેશનલ ફાર-લેફ્ટ ટેરરિઝમ“ પર યોજાનારી સમિટમાં ૬૦ થી વધુ દેશોને આપ્યું આમંત્રણ.

નવી દિલ્હી : યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ભારત સહિત ૬૦ થી વધુ દેશોના વરિષ્ઠ મંત્રીઓને સ્ટેટ ડિપાર્ટમેન્ટ ખાતે યોજાનારી સમિટમાં આમંત્રણ આપ્યું છે. આ સમિટ ટ્રમ્પ વહીવટીતંત્ર ‘ટ્રાન્સનેશનલ ફાર-ડાબેરી આતંકવાદ’ ના પુનરુત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા જોવામાં આવેલા દસ્તાવેજો અનુસાર, આ ઉચ્ચ-સ્તરીય બેઠક ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે.

તેમાં યુરોપ, લેટિન અમેરિકા અને એશિયાના વિદેશ અને ગૃહ પ્રધાનોનો સમાવેશ થવાની અપેક્ષા છે, કારણ કે વોશિંગ્ટન વધતા જતા વૈશ્વિક સુરક્ષા ખતરા સામે એક સંકલિત આંતરરાષ્ટ્રીય માળખું બનાવવા માંગે છે. અહેવાલો અનુસાર, આમંત્રણ સૂચિમાં ભારત, સિંગાપોર, ઈન્ડોનેશિયા, મોટાભાગના યુરોપિયન દેશો અને ઘણા મુખ્ય લેટિન અમેરિકન દેશોનો સમાવેશ થાય છે.આ પ્રસ્તાવિત પહેલથી યુએસ સરકારના ભાગોમાં અને મુખ્ય આંતરરાષ્ટ્રીય સાથીઓમાં નોંધપાત્ર ચિંતા ઉભી થઈ છે. અહેવાલો અનુસાર, કારકિર્દી અને રાજકીય અધિકારીઓ, યુરોપિયન રાજદ્વારીઓ અને સ્વતંત્ર સુરક્ષા વિશ્લેષકોએ આ ખતરા અંગે વહીવટીતંત્રના મૂલ્યાંકન પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે વિસ્તૃત આતંકવાદ વિરોધી સત્તાઓનો ઉપયોગ રાજકીય કાર્યકરોને નિશાન બનાવવા માટે થઈ શકે છે.ઘણા યુએસ અધિકારીઓને ડર છે કે વહીવટીતંત્ર એક એવું માળખું બનાવી રહ્યું છે જે ડાબેરી રાજકીય ચળવળો અને વિરોધીઓ સામે શક્તિશાળી આતંકવાદ વિરોધી સાધનોને શસ્ત્ર બનાવી શકે છે.

વધુમાં, ન્યાય વિભાગ અને વ્હાઈટ હાઉસ કાઉન્સેલ ઓફિસના અધિકારીઓએ ચેતવણી આપી છે કે આવા વ્યાપક પગલાં એક કાનૂની મિસાલ સ્થાપિત કરી શકે છે જેનો ઉપયોગ ભવિષ્યના વહીવટીતંત્ર રૂઢિચુસ્ત જૂથો સામે કરી શકે છે. જેમ કે ટ્રમ્પ વહીવટીતંત્રના એક અધિકારીએ કહ્યું છે, ચિંતા એ છે કે “તમે ભવિષ્યના ગેવિન ન્યુસમ વહીવટ માટે રૂઢિચુસ્તો સામે આ સત્તાઓનો ઉપયોગ કરવા માટે એક મિસાલ સ્થાપિત કરી રહ્યા છો.” આ આંતરિક મતભેદોને કારણે, ઘણા અધિકારીઓએ આગામી સમિટનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે.

૧૬ જુલાઈની બેઠક રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એન્ટિફા સામેના તીવ્ર અભિયાન સાથે સુસંગત છે. એન્ટિફા એક વિકેન્દ્રિત, છૂટક રીતે સંગઠિત ફાશીવાદી વિરોધી ચળવળ છે જેને રાષ્ટ્રપતિએ વારંવાર રાજકીય હિંસા માટે દોષી ઠેરવી છે.

ઊંઝાના ઉનાવાથી ૧.૯૬ લાખની ભેળસેળવાળી વરિયાળી ઝડપાઈ

ગાંધીનગર : ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.આ સફળ કામગીરી અંગે વધુ વિગતો આપતા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્ક્વોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલનું ગોડાઉન અને મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં ઝડપાઈ હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરાતી હતી.

દાનચોરીનો મામલો પહોંચ્યો SC, CBI તપાસની માગ પર થશે સુનાવણી

અયોધ્યા રામ મંદિરમાં ભક્તોના દાનની કથિત ચોરી અંગેના મામલાની સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ તૈયાર છે. ૧૩ જુલાઈના રોજ સુનાવણી કરશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળ ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ કેસની સુનાવણી કરશે. આ મુદ્દાને લગતી કુલ ત્રણ અરજીઓ કોર્ટ દ્વારા સાંભળવામાં આવનાર છે. આ અરજીઓમાં તપાસ ઝૈમ્ને સોંપવાની અને એક ખાસ જ્ઝૈ ની રચના કરવાની માંગ કરવામાં આવી છે. વધુમાં મંદિરના દાનના સંચાલન સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે. અરજદારોએ એક સ્વતંત્ર એજન્સી દ્વારા ટ્રસ્ટનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની પણ વિનંતી કરી છે અને સત્તાવાર વેબસાઈટ પર દાનની વિગતોનો વાસ્તવિક સમય, જાહેર ખુલાસો કરવાની માંગ કરી છે. આ મામલાની સુનાવણી કરતી ત્રણ ન્યાયાધીશોની બેન્ચમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાનો સમાવેશ થાય છે. સુનાવણી માટે નિર્ધારિત ત્રણ અરજીઓ એડવોકેટ નરેન્દ્ર કુમાર ગોસ્વામી, વકીલ અજય કુમાર રાય અને આરજેડી સાંસદ સુધાકર સિંહ દ્વારા દાખલ કરવામાં આવી છે. આ બાબતને લાખો ભક્તોની શ્રદ્ધા સાથે જોડાયેલી ગણાવીને, અરજદારોએ સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની માંગ કરી છે. એક અરજીમાં માંગ કરવામાં આવી છે કે ભક્તો દ્વારા આપવામાં આવતી તમામ ભેટોને પવિત્ર ટ્રસ્ટની મિલકત જાહેર કરવામાં આવે. અરજીમાં કોર્ટને ટ્રસ્ટના પારદર્શક અને વિશ્વસનીય સંચાલનને સુનિશ્ચિત કરવા માટે યોગ્ય આદેશો જાહેર કરવાની વિનંતી કરવામાં આવી છે. હવે બધાની નજર ૧૩ જુલાઈના રોજ યોજાનારી સુપ્રીમ કોર્ટની સુનાવણી પર છે, જ્યાં કોર્ટ આ માંગણીઓ અને આરોપો પર પોતાનું વલણ સ્પષ્ટ કરી શકે છે.

ટ્રમ્પની હત્યાનું નવું ષડયંત્ર ! ઈઝરાયેલનું એલર્ટ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર તમો ઈરાનના ટાર્ગેટ પર પ્રથમ ક્રમે હોવાનો દાવો કરી રહ્યા છે અને હાલમાં તેના તુર્કી પ્રવાસ સમયે ઈરાનમાં પણ ટ્રમ્પ નજીક જ છે. મિસાઈલ દાગી દો તેવી માંગ કરતા પોષ્ટર પણ લાગ્યા હતા.

તે વચ્ચે હવે ઈઝરાયેલ અમેરિકાને મોકલેલા ટોપ સિક્રેટ એસો.માં સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈરાનના ધાર્મિક તથા શાસન વડા આયાતોલ્લાહ ખામેનેઈ સહિતના તેના ટોચના નેતૃત્વની હત્યાનો બદલો લેવા ઈરાન હવે ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્લાન કરી રહ્યું છે.

હાલમાં જ અમેરિકા-ઈરાન વચ્ચેનો યુદ્ધ વિરામ પુરી રીતે તુટી પડયા છે અને ફરી હુમલા શરૂ થયા છે તે સમયે આવેલી આ ચેતવણી પણ સ્થિતિને ગંભીર બનાવતી જાય છે. ધી વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ ઈઝરાયેલના સૂત્રોને ટાંકીને આ પ્રકારે પ્લાનીંગ થયું હોવાનો દાવો થયો છે. હાલમાં પ્રમુખ ટ્રમ્પ તુર્કીમાં હતા તે સમયે તેમનું નવું કતારે ભેટમાં આપેલુ વિમાન અસલામત હોવાનો સંકેત મળતા મિસાઈલ હુમલાને પણ ખાળી શકતા એરફોર્સ વનને પણ તેનાત કરાયુ હતું અને ટ્રમ્પે તેમાં વળતો પ્રવાસ કર્યો હતો.

આ ઉપરાંત આયાતુલ્લા ખામેનેઈની અંતિમયાત્રા સમયે પણ ડેથ-ટુ-અમેરિકાના સૂત્રો સતત સંભળાતા હતા. ઈરાનમાં હાલ ધાર્મિક ઝૂનૂન ચરમસીમાએ છે તથા ટ્રમ્પ પર હુમલા માટે પ્રયાસ થાય તેવી પણ શકયતા નકારાતી નથી. આથી પ્રમુખ ટ્રમ્પની સુરક્ષામાં ભારે વધારો કરાયો છે.

દક્ષિણ ઈરાનને ધમરોળતુ અમેરિકા : ભારે બોમ્બમારો : સૈનિકો સહિત ૧૭ના મોત કોનાસ્ક - બુશહર સહિતના શહેરોમાં ધમાકા : ચાબહાર - અબ્બાસ બંદર પણ નિશાનતહેરાનઃ સમજુતી તુટી પડયાની જાહેરાત બાદ ફરી એક વખત અમેરિકા-ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધમાં અમેરિકાએ દક્ષિણ ઈરાનના કોનાસ્કથી ચાબહાર તથા અબ્બાસ બંદરને નિશાન બનાવ્યા છે તથા મધ્ય ઈરાનમાં તહેરાન-મશરૂહ પર હુમલા કરીને ટ્રેન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી છે. તો ઈરાને પણ કુવૈત તથા બહેરીનમાં ફયુલ સ્ટેશનોને નિશાન બનાવાયા છે. એક તરફ ઈરાનમાં આયાતુલ્લા ખામેનેઈની અંતિમવિધિ પુરી થતા જ યુદ્ધ વધુ ભીષણ બન્યુ છે અને તેમાં ઈરાનના લશ્કરી મથકો પર હુમલામાં હવાઈદળ-નૌકાદળના ૮ સૈનિકો સહિત ૧૭ લોકો માર્યા ગયા છે. ૭૮ ઘાયલ થયા છે. દક્ષિણ ઈરાનમાં અમેરિકાએ સૈન્ય મથકો પર બોમ્બમારો કર્યો હતો જેમાં બુશહર પ્રાંતમાં પણ અનેક સ્થળોએ ધડાકા સંભળાતા હતા. બુશહર પ્રાંતને પણ નિશાન બનાવાયા છે.

પહેલા પાનાથી...

ભારત - ઓસ્ટ્રેલિયા

આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે રમતગમત સહયોગ વધારવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત T૨૦ ટુર્નામેન્ટ, ‘બિગ બેશ લીગ’ ની ઓપનિંગ મેચ આ ડિસેમ્બરમાં ચેન્નાઈમાં યોજાશે. ઈતિહાસમાં આ પહેલી વાર બનશે કે કોઈ વિદેશી ક્રિકેટ લીગ ભારતીય ભૂમિ પર મેચ રમશે. નોંધનીય છે કે, આ પહેલી વાર છે જ્યારે બિગ બેશ લીગ બીજા કોઈ દેશની ધરતી પર યોજાશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારતમાં BBLને લોકપ્રિય બનાવવા માટે આ પગલું ભર્યું છે. ક્રિકેટ મહાસત્તા તરીકે ભારતની વર્તમાન સ્થિતિને જોતાં, ભારતીય ધરતી પર BBLના આયોજનથી નિઃશંકપણે ટુર્નામેન્ટને ફાયદો કરાવશે. આ ઈવેન્ટ ડિસેમ્બરમાં ભારતભરમાં યોજાનાર અઠવાડિયાના ‘G’day Namaste’ ફેસ્ટિવલનું મુખ્ય આકર્ષણ હશે, જેમાં ઓસ્ટ્રેલિયન સંસ્કૃતિ, વ્યવસાય અને રમતગમત સંબંધિત વિવિધ કાર્યક્રમોનું પ્રદર્શન કરવામાં આવશે. અગાઉ, મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પીએમ મોદીનું આગમન થતાં ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે સ્થળ પર હાજર યુવા ક્રિકેટરોને મળ્યા, તેમને પ્રોત્સાહન આપ્યું અને હસતાં હસતાં યુવા ખેલાડીઓની જર્સી પર હસ્તાક્ષર કર્યા. મુલાકાતનો બીજો એક યાદગાર ક્ષણ એ બન્યો જ્યારે પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના આંતરરાષ્ટ્રીય માસ્કોટ ‘રૂબી ધ રૂ’ને મળ્યા. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનીઝ અને સ્ટીવ વોની હાજરીમાં, પીએમ મોદીએ માસ્કોટ સાથે હળવાશથી વાતચીત કરી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઊંડા ક્રિકેટ બંધનને ધ્યાનમાં રાખીને, બંને વડા પ્રધાનો વચ્ચેની આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે; તે રાષ્ટ્રો વચ્ચેના મજબૂત સંબંધોનો પુરાવો છે.

નીતિન ગડકરી -

નેશનલ હાઈવે ઓથોરિટી અંતર્ગતના જે પ્રોજેક્ટ્સની કામગીરી ચાલી રહી છે, તેની વિસ્તૃત સમીક્ષા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કરતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ને ભાવનગર સુધી લંબાવવાનું કામ આગામી ત્રણ મહિનામાં શરૂ કરાશે. એટલું જ નહિ, સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રાજ્યના નેશનલ હાઈવેના કામો માટે ફંડ મેળવવા અંગેની દરખાસ્તો ત્વરાએ કેન્દ્રીય મંત્રાલયને મોકલી આપવા તેમણે અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી ગડકરી એ માર્ગોના DPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઈનમેન્ટમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી ૬૦ દિવસ માટે સ્થગિત કરવાનું જે મોડલ ગુજરાતે અપનાવ્યું છે તે માટે મુખ્યમંત્રી ને અભિનંદન આપતા જણાવ્યું કે, ગુજરાતનું મોડલ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ બની શકે તેમ છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચેના સુચારું સંકલનના પરિણામે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જમીન સંપાદન સહિતના કામોમાં ગતિ આવી છે તેમ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર-સામખિયાળી કોરિડોરના કામોમાં ઝડપ લાવવા માટે કેન્દ્રીય મંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલો પર્યાવરણપ્રિય વિકાસનો અભિગમ આગળ ધપાવતા શ્રી ગડકરીજીએ વિવિધ માર્ગોના રોડ વિસ્તરણ અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ ડૉ. જયંતિ રવિ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ ડૉ. અંજુ શર્મા, NHAIના ટેકનિકલ મેમ્બર આલોક દીપાંકર, રાજમાર્ગ મંત્રાલયના ચીફ એન્જિનીયર શ્રી મનોજ કુમાર, મુખ્યમંત્રી ના અગ્ર સચિવ સંજીવ કુમાર, વન પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ ડૉ. વિનોદ રાવ અને મુખ્યમંત્રી ના અધિક અગ્ર સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે તેમજ માર્ગ-મકાન સચિવ પ્રભાત પટેલિયા, ખાસ સચિવશ્રી ગાંધી તથા NHAIના અને રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત ખાડીપૂર

દ્વારા પૂરના લીધે થયેલા નુકસાનની ભરપાઈ માટે તાત્કાલિક આર્થિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગતઃ પૂરથી પ્રભાવિત થયેલા પરિવારોને ઘરવખરીના નુકસાન પેટે પરિવાર દીઠ રૂ. ૬,૮૦૦ ની આર્થિક સહાય ચૂકવવામાં આવી રહી છે.આ ઉપરાંત, કપડાંની ખરીદી અને તાત્કાલિક ઘરખર્ચ માટે રૂ. ૨,૫૦૦ ની રોકડ સહાય (કેશડોલ્સ)નું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગૃહમંત્રીએ આ તબક્કે આજ રોજ સવારે નિવેદન આપતા કહ્યુ હતુ કે, સરકાર મુશ્કેલીના આ સમયમાં પૂર પ્રભાવિત નાગરિકોની પડખે ઊભી છે. વહીવટી તંત્રને આદેશ આપવામાં આવ્યા છે કે તમામ અસરગ્રસ્તો સુધી વહેલી તકે સહાય પહોંચાડવામાં આવે, જેથી તેઓ વહેલી તકે પોતાનું સામાન્ય જીવન શરૂ કરી શકે. યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ છે. ખાડી વિસ્તારમાં પૂરની તીવ્રતા વધુ હોવાને કારણે સ્થાનિકોને મોટા પાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુશ્કેલીની આ ઘડીમાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની ટીમો પણ સક્રિય બની છે. કેશડોલ્સ અને આર્થિક સહાયના વિતરણની સાથે-સાથે રોગચાળો ન ફેલાય તે માટે સફાઈ અને સેનિટાઈઝેશનની કામગીરી પણ વેગવંતી બનાવવામાં આવી છે.

પ્રદેશ ભાજપ

પેટા ચૂંટણીઓ માટે તેમજ ભાજપના વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે. આ ઉપરાંત પ્રદેશ ભાજપના વિવિધ સેલ મોરચાના આગેવાનો સાથે પણ તબક્કાવાર બેઠકનો દોર હાથ ધરવામાં આવશે. જેમાં સંગઠનાત્મક કાર્યક્રમો ઘડી કાઢીને વિવિધ મોરચા સેલ ના પ્રદેશ હોદ્દેદારોને જવાબદારીઓ આપવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં હાથ ધરવામાં આવનાર એક પેડ માં કે નામ કાર્યક્રમ સંદર્ભે પણ ચર્ચા વિચારણા કરીને પ્રદેશના આગેવાનોને જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે પ્રદેશના આગેવાનોની મળેલી બેઠકમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર અને મધ્ય દક્ષિણ ગુજરાતમાં કેટલાક જિલ્લાઓમાં પડેલા અતિ ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા વિસ્તારોમાં રાહત બચાવ કામગીરી અંગે પણ કાર્યક્રમો ઘડી કાઢીને જવાબદારીઓ સોપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ઈરાને સાઉદી

વચ્ચે પણ ફોન પર ગંભીર મંથન થયું હતું. ઈઝરાયલના વડા પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ બંને નેતાઓ વચ્ચે ચાલી રહેલી નિયમિત વ્યૂહાત્મક વાતોનો જ એક ભાગ હતો. આ ફોન કોલ દરમિયાન ટ્રમ્પે નેતન્યાહૂને ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકા દ્વારા લેવાયેલા તાજેતરના લશ્કરી અને સુરક્ષા વિષયક નિર્ણયોની સંપૂર્ણ વિગતો આપી હતી.

બંને મહાનુભાવો આગામી સમયમાં રણનીતિક ક્ષેત્રો, સંરક્ષણ અને પ્રાદેશિક સુરક્ષાના મુદ્દાઓ પર અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે અત્યંત ગાઢ સંકલન જાળવી રાખવા માટે સંપૂર્ણ સહમત થયા હતા, જે વિરોધી દેશો માટે એક મોટો સંકેત માનવામાં આવે છે.

આ હાઈ-પ્

રવાપર પાસે બ્લેકટ્રેપ અને રેતીનું વહન કરતા વાહનો પકડાયા

વિસ્તારમાં ખનિજચોરીની વધતી પ્રવૃતિ સામે પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા પગલાં લેવાયા : ખનિજ વિભાગ હજુ પણ નિંદ્રાધીન હોતા ઉઠ્યા સવાલો

નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રવાપર - લખપત હાઈવે નાયરા પેટ્રોલ પંપ પાસે ઓવરલોડીંગ બ્લેકટ્રેપનું ખનીજનું વહન કરતા આઈવા તથા બીનઅધિકૃત રેતીનું વહન કરતા ટ્રેકટરો સીઝ કરવામાં આવ્યા હતા. નખત્રાણા મામલતદારની ટીમ દ્વારા આજે સવારે રવાપર-લખપત હાઈવે નાયરા પેટ્રોલ પંપ પાસેથી પસાર થતી બ્લેકટ્રેપ ખનીજ વહન કરતા આઈવા ટ્રક નં. જી.જે. ૧૨ સીટી ૮૪૫૧ તથા આઈવા ટ્રક નં. જી.જે. ૧૨ બીએક્સ ૯૩૧૪ને રોકવામાં આવી હતી. બ્લેકટ્રેપનું ઓવરલોડીંગ જણાઇ આવેલ તથા ટ્રેકટરો નં જી.જે. ૦૨ એસી ૦૪૨૫ તથા જી.જે ૦૧ બીએફ ૭૦૭૮ બીનઅધિકૃત રેતી ભરેલ જણાઇ આવતા જમીની કાર્યવાહી કરવામાં આવેલ છે. ઓવરલોડેડ બે આઈવાની અંદાજીત કીંમત ૮૫ લાખ તથા બે ટ્રેકટરોની અંદાજીત કીંમત ૪,૫૦,૦૦૦ સહિત કુલ મળી મુદામાલ રૂ.૯૨,૩૯,૮૭૦નો સિઝ કરી બે આઈવા નખત્રાણા પોલીસ સ્ટેશન તથા બે ટ્રેકટરો રવાપર ગ્રામ પંચાયતને કબ્જો સુપ્રત કરવામાં આવેલ છે તેમ નખત્રાણા મામલતદાર આર.ડી. પટેલે જણાવ્યું હતું.

અંજાર પોલીસની માનવતાભરી કામગીરી: ખોવાયેલી બાળકીનું માતા સાથે કરાવ્યું મિલન

અંજાર : અંજાર પોલીસે વધુ એક માનવતાભર્યું કાર્ય કરીને ખોવાયેલી ચાર વર્ષની બાળકીનું તેના પરિવાર સાથે સુરક્ષિત મિલન કરાવ્યું છે. તા. ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા નગરપાલિકા ગાર્ડનમાંથી અંદાજે ચાર વર્ષની એક બાળકી મળી આવી હતી.

સોશિયલ મીડિયાની મદદથી ૪ વર્ષની 'તન્નુ' પોતાના પરિવાર સુધી પહોંચી, અંજાર પોલીસની કામગીરીને બિરદાવાઈ

બાળકી હિન્દી-ભોજપુરી ભાષા બોલતી હતી અને પોતાનું નામ તન્નુ, પિતાનું નામ મોટેલાલ તથા માતાનું નામ સોનીબેન હોવાનું જણાવતી હતી. અંજાર પોલીસે તાત્કાલિક બાળકીની સુરક્ષા સુનિશ્ચિત કરી તેના વાલી-વારસની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસ દ્વારા બાળકી અંગેની માહિતી અને પ્રેસનોટ સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધ કરવામાં આવતા તેની માતા સોનીબેન અંજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. જરૂરી ચકાસણી બાદ પોલીસે બાળકી 'તન્નુ'નું તેની માતા સાથે સુરક્ષિત અને લાગણીસભર મિલન કરાવ્યું હતું.

અંજાર પોલીસની આ સંવેદનશીલ અને ઝડપી કામગીરીને સ્થાનિક લોકો દ્વારા બિરદાવવામાં આવી રહી છે, જે પોલીસના "સેવા, સુરક્ષા અને સંવેદના"ના અભિગમને વધુ એકવાર ઉજાગર કરે છે.

ભુજના પુત્ર કૂણાલ મહેતાની મેલબર્નમાં ગૌરવપૂર્ણ સિદ્ધિ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મેલબર્નમાં ગાયું ભારતીય રાષ્ટ્રગાન



ભુજ - કચ્છઉદય : કચ્છના ભુજ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. ભુજના વતની અને છેલ્લા ૧૮ વર્ષથી ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં સ્થાયી થયેલા કૂણાલ મહેતાની પસંદગી ૯ જુલાઈના રોજ મેલબર્નના માર્વેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા ભવ્ય મેલબર્ન મિટ્સ મોદી કાર્યક્રમમાં ભારતીય રાષ્ટ્રગાન રજૂ કરવા માટે કરવામાં આવી હતી અને બંને દેશોના વડાપ્રધાન અને હજારો ઓસ્ટ્રેલિયન ભારતીયોની ઉપસ્થિતિ માં કચ્છના પનોતા પુત્ર કુનાલે ભાવવાહી સ્વરોમાં રાષ્ટ્રગીત નું ગાન કર્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઐતિહાસિક કાર્યક્રમમાં સમગ્ર ઓસ્ટ્રેલિયામાંથી ભારતીય મૂળના આશરે ૩૮ હજારથી વધુ લોકોએ નોંધણી કરાવી હતી જ્યારે હજારો ભારતીય-ઓસ્ટ્રેલિયન આ ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. બંને દેશોના વડાપ્રધાનો અને હજારો ભારતીયોની ઉપસ્થિતિમાં ભારતીય રાષ્ટ્રગીત ગાવાની તક કોઈપણ ગાયક માટે અત્યંત ગૌરવની અને દુર્લભ સિદ્ધિ માનવામાં આવે છે.

કૂણાલ મહેતા નિવૃત્ત શિક્ષણ નિરીક્ષક નિષદભાઈ મહેતા અને નિવૃત્ત શિક્ષિકા નિરુપમાબેન મહેતાના પુત્ર છે. તેમણે ભુજની પ્રતિષ્ઠિત વી.ડી. હાઈસ્કૂલમાં પોતાનું પ્રાથમિક અને શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું હતું.

બાળપણથી જ સંગીત પ્રત્યેનો તેમનો ઝુકાવ આજે તેમને આંતરરાષ્ટ્રીય મંચ સુધી લઈ ગયો છે. વ્યવસાયે કૂણાલ મહેતા મેલબર્નની એક જાહેર હોસ્પિટલમાં બ્લડ કેન્સર ક્લિનિકલ ટ્રાયલ્સ ક્ષેત્રે કાર્યરત છે. બીજી તરફ, સંગીત તેમની ઓળખ અને જીવનનો અભિન્ન ભાગ છે. મેલબર્નના ભારતીય સમાજમાં તેઓ જાણીતા ગાયક તરીકે લોકપ્રિય છે અને અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પોતાની સુરીલી રજૂઆતો દ્વારા આગવી ઓળખ ઉભી કરી છે. કચ્છની ધરતી પરથી શરૂ થયેલી તેમની સફર આજે આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચી છે, જે સમગ્ર કચ્છ અને ગુજરાત માટે ગર્વની બાબત છે. કૂણાલ મહેતાની આ સિદ્ધિ એ વાતનો પુરાવો છે કે પ્રતિભા, મહેનત અને સમર્પણથી વિશ્વના કોઈપણ ખૂણે રહીને પણ પોતાના વતન અને દેશનું ગૌરવ વધારી શકાય છે. ૯ જુલાઈના રોજ મેલબર્નમાં જ્યારે હજારો ભારતીયોની હાજરીમાં કૂણાલ મહેતાના કંઠે ભારતીય રાષ્ટ્રગીત ગુંજ્યુ, ત્યારે તે માત્ર તેમના માટે જ નહીં, પરંતુ સમગ્ર કચ્છ, ગુજરાત અને વિશ્વભરના ભારતીયો માટે ગૌરવ અને દેશભક્તિની એક અવિસ્મરણીય ક્ષણ બની ગઈ છે. કુણાલે મેળવેલ આ સૂરીલી સિદ્ધિ બદલ ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

ભુજ અને ગાંધીધામમાં મગજ, મણકા અને કરોડરજ્જુના રોગો માટે ખાસ ઓપીડી કેમ્પનું આયોજન કરાયું

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના દર્દીઓને ઘરઆંગણે જ મગજ અને કરોડરજ્જુ સંબંધિત જટિલ બીમારીઓનું ઉત્તમ નિદાન અને સારવાર મળી રહે તેવા આશયથી અમદાવાદની ખ્યાતનામ ઝાયડસ હોસ્પિટલ દ્વારા ભુજ અને ગાંધીધામ ખાતે એક વિશેષ ઓપીડી કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઝાયડસ હોસ્પિટલના જાણીતા બ્રેન અને સ્પાઇન સર્જન ડૉ. રવિ ચૌહાણે પોતાની સેવાઓ આપી હતી. છેલ્લા આઠ વર્ષથી આ ક્ષેત્રમાં કાર્યરત ડૉ. રવિ ચૌહાણે મગજ અને મણકાની વિવિધ તકલીફોથી પીડાતા અસંખ્ય દર્દીઓની તપાસ કરી તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કેમ્પ દરમિયાન માથાનો અસહ્ય દુખાવો, ખેંચ, વાઈ, હાથ-પગમાં લકવો, કમરનો દુખાવો, ગાદી ખસી જવી, મણકા સરકી જવા, પેશાબ-ઝાળાની તકલીફ તેમજ હાથ-પગમાં સુનપણું અને ઝણઝણાટી આવવી જેવી ગંભીર સમસ્યાઓ ધરાવતા દર્દીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉક્ટરે તમામ દર્દીઓની ઝીણવટપૂર્વક તપાસ કરીને જરૂરિયાત મુજબ એમઆરઆઈ કે એક્સ-રે જેવા ટેસ્ટ કરાવવા માટે સૂચન કર્યું હતું. આ ઉપરાંત, જે દર્દીઓને ઓપરેશન વિના રાહત થઈ શકે તેમ હતી તેઓને ચોક્કસ દવાઓ અને કસરતની સલાહ આપવામાં આવી હતી, જ્યારે ગંભીર દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.આ પ્રસંગે વાતચીત કરતા ડૉ. રવિ ચૌહાણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સમાજમાં મગજ અને કરોડરજ્જુના ઓપરેશનને લઈને ઘણી બધી અંધશ્રદ્ધાઓ અને ડર પ્રવર્તી રહ્યા છે. લોકોમાં એવી ખોટી માન્યતા છે કે આવા ઓપરેશન કરાવવાથી નુકસાન થાય છે અથવા દર્દી ક્યારેય સાજો થતો નથી. પરંતુ હવે તબીબી વિજ્ઞાન ઘણું આગળ વધી ચૂક્યું છે. લેટેસ્ટ અને આધુનિક ટેકનોલોજીની મદદથી હવે મગજ અને મણકાના ઓપરેશન અત્યંત સુરક્ષિત અને સફળ બન્યા છે. આવા ઓપરેશનમાં કોઈ પણ પ્રકારની આડઅસર કે જટિલતા થવાની શક્યતા માત્ર બે થી પાંચ ટકા જેટલી જ નહિવત હોય છે. આ આધુનિક સારવાર પદ્ધતિનો લાભ લઈને અસંખ્ય દર્દીઓ નવજીવન મેળવી રહ્યા છે અને પોતાની સામાન્ય જિંદગી જીવી રહ્યા છે.આ એક દિવસીય કેમ્પનું આયોજન ભુજમાં સવારે રઘુવંશી ચોકડી પાસે આવેલ એલએનએમ ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ગાંધીધામના ટાગોર રોડ પર આવેલી લીલા હોસ્પિટલ ખાતે આ કેમ્પનો લાભ સ્થાનિક દર્દીઓએ લીધો હતો.

આદિપુરની એક્સેલઅર મોડેલ હાઈસ્કૂલ વોલીબોલમાં તાલુકા કક્ષાએ ચેમ્પિયન બની

ગાંધીધામ - કચ્છઉદય : સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત શાળાકીય વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬નું ભવ્ય આયોજન તારીખ ૧ જુલાઈના એક્સેલઅર મોડેલ હાઈસ્કૂલ, આદિપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં આદિપુર અને ગાંધીધામની કુલ ૩૭ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆતમાં શાળાના મેનેજમેન્ટ જોયસી ડેવિસન અને જેનિફર ડેવિસન તેમજ શાળાના આચાર્યા હર્ષા મહેતાએ તમામ ખેલાડીઓને ખેલદિલી અને સ્પોર્ટ્સમેન સ્પિરિટની ભાવના સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે તાલુકા કક્ષાના કન્વીનર કમલેશભાઈ પટેલ અને શાળાના વ્યાયામ શિક્ષક દીપક ગામોટ તથા પૂજા રાઠોડે ખૂબ જ સુંદર અને સુદ્રઢ વ્યવસ્થા કરી હતી.

આ પ્રસંગે બી.આર.સી. કો-ઓર્ડિનેટર લાલજીભાઈ અને સી.આર.સી. કો-ઓર્ડિનેટર દિલીપભાઈ ખાસ હાજર રહ્યા હતા અને તેમણે રમતવીર બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

રોમાંચક મેચોના અંતે, તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં એક્સેલઅર મોડેલ હાઈસ્કૂલની વિદ્યાર્થીઓએ અંડર ૧૪, ૧૭ અને ૧૯માં ચેમ્પિયન બનીને શાળાનું નામ રોશન કર્યું હતું. ત્યારબાદ તારીખ ૨ જુલાઈના રોજ યોજાયેલી મેચોમાં પણ શાળાની અંડર ૧૪ અને ૧૭ની વિદ્યાર્થીનીઓની ટીમ ચેમ્પિયન બની હતી, જ્યારે અંડર ૧૯ની ટીમ રનર્સઅપ સ્થાન મેળવવામાં સફળ રહી હતી.

વિદ્યાર્થીનીઓની આ ઝળહળતી અને અભૂતપૂર્વ સફળતા બદલ શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમને ભવિષ્યની રમતગમતની સફર માટે આગળ વધવા ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા.

મુન્દ્રાની આર. ડી. સ્કૂલમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ૭૮મા સ્થાપના દિવસની ઉજવણી

મુન્દ્રા - કચ્છઉદય :અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના ૭૮મા સ્થાપના દિવસ તથા રાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ નિમિત્તે મુન્દ્રા ખાતે આવેલી આર. ડી. સ્કૂલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હેતલબેન ભટ્ટ, મહેશભાઈ ઠક્કર, રાજીવ સાહેબ ત્રિવેદી તથા કરસનભાઈ બારીયા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રેમ, ચારિત્ર્ય નિર્માણ, શિક્ષણનું મહત્વ અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના જિલ્લા સહ સંયોજક વિજયસિંહ સોઢાએ એબીવીપીના ૭૮ વર્ષના ગૌરવશાળી ઇતિહાસ, વિદ્યાર્થી હિત અને રાષ્ટ્ર નિર્માણમાં સંગઠનના અમૂલ્ય યોગદાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉજવણીમાં ગુજરાત પ્રદેશ કારોબારી સદસ્ય મિતલબેન હડિયા, મુન્દ્રા નગર સહમંત્રી જીલબેન ચૌહાણ, કારોબારી સદસ્ય પ્રાગજીભાઈ, મુન્દ્રા નગર સહમંત્રી હરદેવસિંહ પરમાર, કારોબારી સદસ્ય ડિમ્પલબા જાડેજા તેમજ રાષ્ટ્રીય કલામંચ સંયોજક ધૂમિલભાઈ પટેલ સહિત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના અન્ય અગ્રણી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કોઈએ રાષ્ટ્રસેવા, સમાજસેવા અને વિદ્યાર્થી હિતના કાર્યોમાં સક્રિય યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓના સહયોગથી સંપન્ન થયું હતું.

કચ્છમાં ૧૫૦ કરોડના હેરોઇન ઘુસાડવાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

ભુજ - કચ્છઉદય : વર્ષ ૨૦૨૧માં ગુજરાત એટીએસના નાયબ પોલીસ અધીક્ષકને મળેલી બાતમીના આધારે જખૌના દરિયા કિનારેથી આશરે ૩૬ નોટિકલ માઈલ દૂર 'નુહ' નામની લાકડાની બોટમાંથી રૂપિયા ૧૫૦ કરોડની કિંમતનો ૩૦ કિલો ગેરકાયદેસર હેરોઈનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસમાં પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે ઘુસાડવામાં આવેલા નશીલા પદાર્થની ડિલિવરી લેવાના અને તેને પંજાબ પહોંચાડવાના આરોપસર માંડવીના સાહીદ કાસમ સુમરાની ધરપકડ કરવામાં આવી હતી.

આ અંગેનો કેસ ભુજની સ્પેશિયલ એનડીપીએસકોર્ટ સમક્ષ ચાલવા પર આવ્યો હતો, જેમાં પ્રોસિક્યુશન પક્ષ દ્વારા કુલ ૧૧ સાક્ષીઓ અને ૨૩ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓની આખરી સુનાવણી બાદ, ભુજની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે આરોપી સાહીદ કાસમ સુમરાને નિર્દોષ મુક્ત કરતો ચુકાદો આપ્યો છે. આ કેસમાં આરોપી વતી વકીલ એમ.એ. ખોજા, એસ.જી. માંજોઠી, કે.આઈ. સમા, વી.કે. સાધ, ડી.સી. ઠક્કર, ગૌતમ મહેશ્વરી, અભિજિત બુદ્ધભટ્ટી તથા પરવેઝ એ. સમા હાજર રહ્યા હતા.

કંડલાથી યમન જતું જહાજ દ્વારકા પાસે બંધ પડતા ક્રુ મેમ્બરોનું રેસ્ક્યુ કરાયું

ગાંધીધામ - કચ્છઉદય : કંડલાથી યમન જતું માલ વાહક જહાજ દ્વારકાના લાઈટ હાઉસ પાસે બંધ પડી જતા ક્રુ મેમ્બરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ આ વેસલ કંડલા બંદરેથી માલ સામાન લઈને યમન તરફ જવા નિકળ્યું હતું.

રસ્તામાં એન્જીનમાં ખામી સર્જાતા જહાજ આગળ વધી શકયું ન હતું. ત્યારબાદ દ્વારકાના દરિયા કાંઠે આવી લાઈટ હાઉસ નજીક જોવા મળ્યું હતું. લાંબા સમય સુધી વેસલ જોવા મળતા સ્થાનીકો તેમજ માછીમારોમાં ચર્ચાઓ શરૂ થઈ હતી. દરમ્યાન એજન્સીઓ અને તંત્રને જાણ થતા વેસલમાં સવાર અંદાજે ૮ થી ૧૦ ક્રુ મેમ્બરને રેસ્ક્યુ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

દુધઇમાં નશાની હાલતમાં કાર ચલાવતો ચાલક પોલીસ પકડમાં

દુધઇ: દુધઇ પોલીસ સ્ટેશનથી પશ્ચિમ દિશામાં અડધો કિલોમીટર દૂર અલ્લારખા ડીઝલ સામેથી દુધઇ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વિપુલભાઈ રામઅનુજભાઈ ભગતે પેટ્રોલિંગ દરમિયાન વગર પાસ-પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં કાર ચલાવતા ખારોઇના બાબુ ઉર્ફે બોબીભાઇ પાલણભાઈ લોંચા (ઉ.વ.૨૭)ને ઝડપી પાડ્યો હતો. આ અંગે દુધઇ પોલીસ મથકના એ.એસ.આઈ. વિરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ મોટર વ્હીકલ એક્ટ તેમજ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી રહ્યા છે.

ભુજોડી નજીક રેલવે પાટા પર કચડાઈ જતા યુવાનનું મોત

ભુજ - કચ્છઉદય : ભુજોડી પુલ નીચે આવેલા રેલવે પાટા પર ટ્રેન નીચે આવી જવાના કારણે યુવાનનું મોત થયું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે સવા અગીયાર વાગ્યાના અરસામાં આ બનાવ પ્રકાશમાં આવ્યો હતો. કોઈ અજાણ્યો ઈસમ ટ્રેન નીચે આવી જતા પગ કપાઈ ગયો હતો. બનાવની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગનો સ્ટાફ પહોંચ્યો હતો. એમ્બ્યુલન્સ બોલાવી બોડીને ૧૦૮ મારફતે જી.કે. જનરલમાં લઈ ગયા હતા. પોલીસે ઓળખ માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવે અરેરાટી જગાવી હતી.

ભરુડીયા ગામેથી મજૂરી કામ કરતા વૃદ્ધનો ૨૭ વર્ષીય પુત્ર ગુમ

ભચાઉ: ભચાઉના ભરુડીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતા ૬૦ વર્ષીય વૃદ્ધ રામાભાઈ ડાયાભાઈ કોલીએ ભચાઉ પોલીસ મથકે આવીને જાહેર કર્યું છે કે, ગત તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ તેઓ વાડીએથી મજૂરી કરીને ઘરે પરત ફર્યા ત્યારે તેમનો ૨૭ વર્ષીય દીકરો નાનજીભાઈ રામાભાઈ કોલી ઘરે હાજર નહોતો અને આસપાસ તપાસ કરવા છતાં મળી આવ્યો નથી. ભચાઉ પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. ખોડાભાઈ રાણાભાઈ ડોડીયા અને યુ.એચ,સી બળદેવસિંહ બચુભા જાડેજાએ ગુમનોંધ નંબર ૨૧/૨૦૨૬ દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

મેઘપર ફુંભારડી ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે રોડ પરથી નશાની હાલતમાં વેપારી પકડાયો

અંજાર: અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ જયકિશનસિંહ જશુભા ઝાલાએ નિર્મળ નગર ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે રોડ પરથી મેઘપર ફુંભારડીના રાધેશ્યામનગરમાં રહેતા અને વેપાર ધંધો કરતા મહેક ભરતભાઈ પટેલ (ઉ.વ.૩૩)ને વગર પાસ-પરમિટે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં જાહેરમાંથી ઝડપી પાડ્યો હતો. અંજાર પોલીસ મથકના એ.એસ.આઈ. નરશીભાઇ મેઘાભાઇ ઝાપ ડીયાએ આ અંગે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, જ્યારે ઈ-ગુજકોપ માં સર્ચ કરતા આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ મળ્યો નથી.

મેઘપર (કુ).નશામાં વાહન ચલાવતા વેપારી સામે ગુનો

અંજાર : મેઘપર કુંભારડી ખાતે નશાની હાલતમાં વાહન ચલાવતા મહેક ભરતભાઈ પટેલ સામે પોલીસ હેડ કોન્સ્ટેબલ જયકિશનસિંહ જશુભા ઝાલાની ફરિયાદ પરથી અંજાર પોલીસે એમ.વી. એક્ટ તથા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. તપાસ નરશીભાઈ મેઘાભાઈ ઝાપડીયા (એ.એસ.આઈ.) કરી રહ્યા છે.

ગાંધીધામમાં નશાની હાલતમાં સ્કૂટર ચલાવનાર સામે કાર્યવાહી

ગાંધીધામ : પંચરત્ન માર્કેટ સામે નેશનલ હાઇવે પર દારૂના નશામાં સ્કૂટર ચલાવતા ખલકસિંઘ શિવદયાલ પ્રજાપતિ ઝડપાયા હતા. પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો છે. તપાસ ભરતભાઈ એ. જાદવ (એ.એસ. આઈ.) ચલાવી રહ્યા છે.

ભચાઉ પાસે કારની ટક્કરે મહિલાને ગંભીર ઇજા, ચાલક ફરાર

ભચાઉ : ગણેશ પેટ્રોલ પંપ નજીક હાઇવે પર પગપાળા જઈ રહેલી મહિલાને હોન્ડા સિટી કારના અજાણ્યા ચાલકે ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. અકસ્માત બાદ ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે રવાભાઈ જખરાભાઈ રબારીની ફરિયાદ પરથી ભચાઉ પોલીસે ગુનો નોંધ્યો છે. તપાસ વિક્રમસિંહ હડીયોલ (યુ.એચ.સી.) કરી રહ્યા છે.

ગાંધીધામ નેશનલ હાઈવે પર જ્યુપિટર પર દારૂ પીને નીકળેલો શખ્સ ઝડપાયો

ગાંધીધામ: ભચાઉથી ગાંધીધામ આવતા પંચરત્ન માર્કેટની સામે નેશનલ હાઇવે પર પૂર્વ કચ્છ જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ પેટ્રોલિંગ દરમિયાન ટી.વી.એસ. જ્યુપિટર (GJ-39-F-1838) પર પસાર થતા ભીમાસરના ખલકસિંઘ શિવદયાલ પ્રજાપતિ (ઉ.વ.૩૬)ને કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી લીધો હતો. આ કેસમાં ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. ભરતભાઇ એ. જાદવ અને પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશનભાઇ બી. વાઘેલા આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

અંજારમાં કોલેજ જવાનું કહી ૧૯ વર્ષીય યુવતી એક્ટિવા અને એટીએમ કાર્ડ સાથે ગુમ

અંજાર: અંજારના રાધેશ્યામનગરમાં રહેતા રાજેશ પ્રાણશંકર અબોટીએ અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમની ૧૯ વર્ષીય પુત્રી દ્રષ્ટિ રાજેશભાઇ અબોટી ગત તા. ૦૯/૦૭/૨૦૨૬ના રોજ સવારે કોલેજ જાઉં છું તેમ કહી પોતાની એક્ટિવા (નંબર GJ-12-DH-3665), મોબાઈલ અને આશરે બે લાખ રૂપિયાની રકમ ધરાવતા બે એટીએમ કાર્ડ લઈને નીકળ્યા બાદ પરત ફરી નથી. આ અંગે અંજાર પોલીસ મથકના એ.એસ. આઈ. નરશીભાઇ ઝાપડીયા અને પોલીસ હેડ કોન્સ્ટેબલ જયકિશનસિંહ જશુભા ઝાલાએ ગુમનોંધ નં-૭૪/૨૦૨૬ આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અંજારમાં ટ્રાફિકને અડચણરૂપ ટ્રેલર ઉભું રાખતાં ગુનો નોંધાયો

અંજાર : અમન નર્સરી સામે અશાબા વે-બ્રિજ નજીક જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ રીતે ટ્રેલર ઉભું રાખનાર સકરૂદીન સાલેમામદ સમેજા સામે પોલીસ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ ઓખાભાઈ સોલંકીની ફરિયાદ પરથી અંજાર પોલીસે બી.એન. એસ. કલમ ૨૮૫ હેઠળ ગુનો નોંધ્યો છે. તપાસ નરશીભાઈ મેઘાભાઈ ઝાપડીયા (એ.એસ. આઈ.) ચલાવી રહ્યા છે.

જિલ્લામાં મોપેડ સ્લીપ થવાની ઘટનાઓમાં ઉછાળો

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં અલગ અલગ સ્થળોએ મોપેડ સ્લીપ થવાની ઘટનાઓ સામે આવી હતી. જેમાં ઈજાગ્રસ્તોને જી.કે. જનરલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. મુંદરા તાલુકાના ગુંદાલા ગામે બાઈક સ્લીપ થતા રામલાલ જગન્નાથ રામને ઈજાઓ થઈ હતી. ભુજમાં આરટીઓ સર્કલ રાજગોર સમાજવાડી પાસે એક્ટિવા અને બાઈકની સામ સામે ટક્કર થતા માધાપરના વિનોદભાઈ ઉમરાણીયા, વીર દિલીપભાઈ ભાનુશાલીને ઈજાઓ થઈ હતી. આ તરફ ભુજ તાલુકાના કોડકી ગામે બાઈક સ્લીપ થતા સુખપરમાં રહેતા શંકર જખુ કોલી, હિતેશ લધા કોલીને ઈજાઓ થઈ હતી. જ્યારે રૂદ્રમાતા આંટી પાસે શ્વાન વચ્ચે આવતા મોપેડ સ્લીપ થતા મુકેશભાઈ કેશુભાઈ પરમાર અને હંસાબેનને ઈજાઓ થઈ હતી. તમામને સારવાર માટે જી.કે.માં લાવવામાં આવતા એમએલસી દાખલ કરવામાં આવી હતી.

દારૂના નશામાં કાર ચલાવતો ઝડપાયો

દુધઈ : અલ્લારખા હોટલ નજીક વાહન ચેકિંગ દરમિયાન દારૂના નશામાં કાર ચલાવતા બાબુ ઉર્ફે બોબીભાઈ પાલણભાઈલોંચાઝડપાયાહતા. વિપુલભાઈ રામઅનુજભાઈ ભગત (એએસઆઈ)ની ફરિયાદના

આદિપુરની ગજવાણી ઇન્સ્ટિટ્યૂટ ખાતે ત્રિ-દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીધામ - કચ્છઉદય : ગજવાની ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, આદીપુર ખાતે તાજેતરમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૧ થી ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસીય ઓરિએન્ટેશન (અભિમુક્તા) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા આવેલા વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ, નવી શિક્ષણ નીતિ અને અભ્યાસક્રમથી વિસ્તૃત રીતે માહિતગાર કરવાનો હતો. આ ઉપરાંત, નવા વિદ્યાર્થીઓ પરસ્પર પરિચય કેળવી શકે, તમામ અધ્યાપકો સાથે આત્મીય સંબંધ સ્થાપિત થાય તેમજ સંસ્થાના શૈક્ષણિક અને સાંસ્કૃતિક માહોલ સાથે તેઓ સરળતાથી સુસંગત બની શકે તે માટે વિવિધ શૈક્ષણિક, પ્રાયોગિક અને સહભાગી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રથમ દિવસે નવા વિદ્યાર્થીઓનું તિલક કરીને તથા મીઠું મોઢું કરાવીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી જયકિશન હેમનાનીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા ઉચ્ચ શિક્ષણ, શિસ્ત અને સંસ્કાર દ્વારા સર્વાંગી વિકાસ સાધવાની પ્રેરણા આપી હતી અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રિન્સિપાલ ઉદય ભાનુશાલીએ અભ્યાસક્રમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ક્રેડિટ આધારિત શિક્ષણ પદ્ધતિ તેમજ ચોથા વર્ષના મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુથી ફોરેન્સિક સાયન્સ આધારિત ક્વિઝ સીન પ્રવૃત્તિનું પણ આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની તર્કશક્તિ અને વૈજ્ઞાનિક વિચારસરણીનો ઉપયોગ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાનો રસપ્રદ અનુભવ મેળવ્યો હતો.

બીજા દિવસે ગણિત વિષયને રમત આધારિત પ્રવૃત્તિઓ દ્વારા સરળ અને રસપ્રદ બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ માઈક્રોબાયોલોજી પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓને સ્ક્રીન માઈક્રોસ્કોપ તથા સંશોધન ક્ષેત્રે તેના ઉપયોગ અંગેની માહિતી આપીને માઈક્રોસ્કોપિક અવલોકનની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમના ત્રીજા અને અંતિમ દિવસે વિદ્યાર્થીઓ માટે મેદાનમાં વિવિધ શારીરિક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓ દ્વારા શારીરિક તંદુરસ્તી, માનસિક સ્વાસ્થ્ય, ટીમવર્ક અને અસરકારક અભ્યાસ વચ્ચેના પરસ્પર સંબંધ અંગે વિદ્યાર્થીઓમાં સવિશેષ જાગૃતિ લાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓએ આ પ્રકારના પ્રેરણાદાયી અને આનંદદાયક આયોજન બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.આ ત્રિ-દિવસીય કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ટ્રસ્ટીઓ ઉપરાંત સંસ્થા સાથે લાંબા સમયથી સંકળાયેલા મોતી ગુરનાની અને શ્રીચંદ તલરેજા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ગજવાની એજ્યુકેશન સંસ્થા સંચાલિત બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. તુલના શર્મા, નર્સિંગ કોલેજના આચાર્ય નિધિ શર્મા, સાધુ વસવાણી ઇન્ટરનેશનલ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)ના આચાર્ય સુભલક્ષ્મી મેમ અને સાધુ વસવાણી ઇન્ટરનેશનલ સ્કૂલ (ગુજરાતી માધ્યમ)ના આચાર્ય વર્ષા દવે પણ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનો સહયોગ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.આ સમગ્ર ઓરિએન્ટેશન કાર્યક્રમના સફળ આયોજનમાં અધ્યાપક આસ્થા પટેલ, ભાર્ગવ જોશી, નિકિતા શર્મા, રીતુ પૂજારા, દિવ્યા બુલચંદાની તથા ડૉ. રુક્ષાના શીરાચનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. આ ઉપરાંત સંસ્થાના તમામ બિન-શૈક્ષણિક કર્મચારીઓ તેમજ બી.એસસી.ના દ્વિતીય અને તૃતીય વર્ષના વોલન્ટિયર વિદ્યાર્થીઓએ પણ આ આયોજનને સફળ બનાવવા માટે નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

હરિયાળા અંજારના નિર્માણ માટે યુવા મોરચાનો અનોખો ઉપક્રમ

ડો. શ્યામાપ્રસાદ મુખર્જી જન્મજયંતિ નિમિત્તે ૧૦૧ વૃક્ષોનું વાવેતર, પર્યાવરણ જાગૃતિનો સંદેશ અપાયો

અંજાર - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટી અંજારના માર્ગદર્શન હેઠળ શહેર યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સ્મરણ પખવાડિયાના કાર્યક્રમો અંતર્ગત ૧૦૧ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. શહેરના ચામુંડા મંદિર સામે આવેલા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, યુવા કાર્યકરો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે. વધતા પ્રદૂષણ અને બદલાતી આબોહવાની પરિસ્થિતિમાં વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું સમયની જરૂરિયાત બની છે. તેમણે વાવેલા વૃક્ષોને ઉછેરીને હરિયાળો વિસ્તાર ઉભો કરવાની અપીલ કરી હતી.

જિલ્લા યુવા ભાજપ પ્રમુખ રામભાઈ ગઢવીએ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવન, રાષ્ટ્રવાદી વિચારધારા અને દેશ માટેના યોગદાનને યાદ કરતાં જણાવ્યું હતું કે યુવા પેઢીએ તેમના આદર્શોને જીવનમાં ઉતારી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ. તેમણે વૃક્ષારોપણને માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ ભાવિ પેઢી પ્રત્યેની જવાબદારી ગણાવી હતી.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, મહામંત્રી ક્રિપાલસિંહ રાણા, અશ્વિનભાઈ સોરઠિયા, જિલ્લા ભાજપના સહ-ઇન્ચાર્જ વસંતભાઈ કોડરાણી, ભુજ તાલુકા ભાજપના સહપ્રભારી ડેનીભાઈ શાહ, જિલ્લા યુવા મોરચાના મહામંત્રી ભાર્ગવભાઈ, શાસક પક્ષના નેતા આશિષભાઈ ઉદવાણી, દંડક ગિરીશભાઈ પરમાર, પૂર્વ સુધરાઈ પ્રમુખ વૈભવ કોડરાણી, કપિલભાઈ કેશવાણી, નીલભાઈ રબારી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેર યુવા મોરચા પ્રમુખ આકાશ કોડરાણીએ સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મિલનભાઈ લોઢાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ હિતેનભાઈ સોરઠિયાએ વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવા મોરચાના કાર્યકરોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. વૃક્ષારોપણ સાથે વાવેલા વૃક્ષોના જતન અને સંવર્ધનનો સંકલ્પ પણ ઉપસ્થિતોએ વ્યક્ત કર્યો હતો.

અંજારના ગાયત્રી શકિતપીઠમાં નિઃશુલ્ક યોગ શિબિર

અંજારમાં આવેલ ગાયત્રી શકિતપીઠમાં ૨૧ જૂન ૨૦૨૬ રવિવાર વિશ્વ યોગ દિવસ ના શ્રીજી યોગ ના વૈશાલી બેન દુતિયા દ્વારા નિઃશુલ્ક યોગ શિબિર રાખવામાં આવી હતી, જેમાં ઘણા લોકો એ યોગ કરી ને પોતાના જીવન માં સ્વાસ્થ્ય માં સુધારો લાવી શકાય અને સ્વસ્થ જીવન જીવી શકાય એ યોગ દ્વારા જાણકારી મેળવી હતી અને યોગ શિબિર ના અંતે શ્રીજી યોગ ના સાધકો જેમને યોગ કરી ને પોતાનું જીવન મા સ્વાસ્થ્ય મા સુધારો કર્યો છે યોગ દ્વારા એમાં વૈશાલી બેન ભાવસાર, જીજ્ઞા બેન દવે , શ્વેતા બેન ઓઝા, હિના બેન સંપટ આ બહેનો ને સર્ટિફિકેટ અને મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ ને સફળ બનાવવા માં નટુભાઈ જોશી, વિનીત ભાટિયા, જીતેન પરમાર અને નવીન ભાઈ , હેતલ બેન મકવાણા એ બધી વ્યવસ્થા સંભાળી હતી.

સુડોકુ

	4	3				6	1	
5								9
		8		4		7		
1		4	2		3	5		7
7		2	8		6	9		4
		7		6		1		
6								8
	9	5				3	4	

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

5	4	9	1	3	8	6	2	7
1	2	8	7	9	6	3	4	5
6	7	3	5	4	2	8	9	1
8	1	2	3	6	5	9	7	4
3	6	7	4	2	9	1	5	8
9	5	4	8	1	7	2	3	6
4	8	1	9	5	3	7	6	2
7	3	6	2	8	4	5	1	9
2	9	5	6	7	1	4	8	3

અવસાન નોંધ

અંજાર : કંદોઇ અ.સૌ. મેનાબેન તે કિશોરભાઇના પત્ની, સ્વ. દેવજી માનસંગના પુત્રવધૂ, સ્વ. રવિલાલ દેવજી (ભુજ), અમૃતલાલ દેવજીના નાના ભાઇના પત્ની, સ્વ. શાંતાબેન રવિલાલ (ભુજ), ઇન્દુબેન અમૃતલાલના દેરાણી, સ્વ. કાનજી કલ્યાણજી પડધરિયા (મુંદરા)ના પુત્રી, જિજ્ઞેશ (મહાદેવનગર ગાંઠિયાવાળા), સતીશ, પલ્લવી યોગેશકુમાર (ધ્રાંગધ્રા)ના માતા, કાજલબેન, વૈશાલીબેન, યોગેશભાઇ (ધ્રાંગધ્રા)ના સાસુ, સ્વ. પ્રવીણ (ભુજ), સંજય, રાજીવ, રીટાબેન હરેશકુમાર (રાધનપુર), વાસંતીબેન મહેન્દ્રકુમાર (ભુજ)ના કાકી, અપેક્ષા, જેનિશા, વત્સલ, હેતના દાદી, ગં.સ્વ. અલ્કાબેન પ્રવીણભાઇ (ભુજ), રશ્મિબેન સંજયભાઇ, વીણાબેન રાજીવભાઇના કાકીજી સાસુ તા. ૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૦૨૬ના સાંજે પથી ૬ ભાટિયા મહાજનવાડી, તુલસી સમોસાની પાછળ, ટાઉનહોલની સામે, અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે)

મુંદરા : ખલીફા અનવર અયુબ (ઉ.વ. ૫૯) તે મ. હારૂન, અઝીઝ, શકુર, આમદ, સલીમ, કાસમના ભાઈ, કાસમ ઉમર, હાસીમ (સાડાઉ)ના બનેવી, સદામ, અમીન, અલ્ફાઝના કાકા, અશરફ (ગેલડા)ના સસરા, અરશદના પિતા તા. ૯-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૧-૭-૨૦૨૬ના સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ શાહ મુરાદ બુખારી દરગાહ કમ્પાઉન્ડ, મુંદરા ખાતે.

મુંદરા : મૂળ અંજારના માયાબેન નટવરલાલ ચૌહાણ (ઉ.વ. ૭૬) તે સ્વ. હીરાબેન નરાસિંહભાઈ ચૌહાણના પુત્રવધૂ, નટવરલાલ નરાસિંહ ચૌહાણના પત્ની, સ્વ. અમરશીભાઈ આંબાભાઈ ગુજરાતી (અજમેર)ના પુત્રી, રાજુભાઈ ચૌહાણ (મુંદરા), કુંદનબેન ડાભી (માંડવી), ભારતીબેન વાળા (મુંદરા)ના માતા, ભાવનાબેન, સ્વ. નરેશ ડાભી, અશોકભાઈ વાળાના સાસુ, શ્યામ, ધ્રુવના દાદી, પ્રેમિલાબેન ઈશ્વરભાઈના જેઠાણી, સ્વ. લાભુબેન, ગીતાબેન ચૂડાસમા (માંડવી), મધુબેન ભગવાનજી ઝાલા (માંડવી), હંસાબેન ચૌહાણ, સુલોચના ચૌહાણ (ભુજ)ના ભાભી, વિઝન વાળા, દિગંત ડાભીના નાની, મનીષા ડાભી, રાધિકા વાળાના નાનીજી તા. ૯-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૦૨૬ના સાંજે પથી ૬ ગિરિનારાયણ વંડી, ખારવા ચોક, મુંદરા ખાતે.

ભુજ : મારૂ કંસારા સોની શશિકાંત હરિલાલ સોલંકી (ઉ.વ. ૬૨) તે લીલાવંતીબેન હરિલાલ સોલંકીના પુત્ર, દેવ્યાનીબેનના પતિ, સ્વ. દામજીભાઇ, સ્વ. ધીરજલાલના ભત્રીજા, અંજલિ, વિરલના પિતા, ડાયારામભાઇ, પુષ્પાબેન, સ્વ. જગદીશભાઇ, નીતાબેન, રીનાબેન, ભાવેશભાઇના ભાઇ, હંસાબેનના દિયર, કપિલ, અર્જુનના કાકા, પ્રતીક રમેશભાઇ વાઘેલાના સસરા, વેદિતના નાના, રમેશકુમાર વેલજી બારમેડા (અંજાર), કિરણ વિઠ્ઠલદાસ પોમલ (અંજાર), જિગર મોહનભાઇ બુદ્ધભટ્ટીના સાળા, વિશાલ, જૈમિન, મનન, વેનિશ, પ્રિયા, રીચા, ઝીલ, પ્રાચીના મામા, સ્વ. જેઠાલાલ મેઘજી છત્રાળાના દોહિત્ર, સ્વ. નિર્મળાબેન નૌતમલાલ બગ્ગા (ઓટો સેન્ટર)ના જમાઇ, રાજેશભાઇ, સ્વ. હિરેનભાઇ, સ્વ. મંજુલાબેન, જયશ્રીબેનના બનેવી તા. ૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૦૨૬ના સાંજે પથી ૬ માતાજી ચાગબાઇ સુંદરજી સેજપાલ સત્સંગ હોલ, બિલેશ્વર મહાદેવ મંદિર, વી. ડી. હાઇસ્કૂલ પાછળ, ભુજ ખાતે.

ભાડઈ મોટી (તા. માંડવી) : ડાઇબાઇ (ઉ.વ. ૯૭) તે સ્વ. રામજી મીઠુભાઇના પત્ની, ચૂનીલાલ, મહેશભાઇ, સ્વ. દેવકાબાઇ, પ્રભાબાઇ, ગોમતીબેન, મંજુલાબેનના માતા, વસંત, મનીષ, સુનીલ, યોગેશ, ઉમેશ, નીતાબેનના દાદી, સ્વ. મોહનલાલ, લીલાધર, સ્વ. દયાળજી, લક્ષ્મીદાસ, સ્વ. લવજીભાઇના ભાભી, સ્વ. શામજીભાઇ (પ્યાકા), પ્રધાનભાઇ (મોડકુબા), અરવિંદભાઇ (મઉ)ના સાસુ, સ્વ. વેરજીભાઇ લક્ષ્મીદાસ જોયસર (શિરવા), ગં.સ્વ. સાકરીબાઈ ગોવિંદજી (માંડવી)ના બહેન તા. ૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૦૨૬ના સાંજે ૪થી ૫ ભાનુશાલી મહાજનવાડી, ભાડઈ ખાતે.

નલિયા (તા. અબડાસા) : ઔદિચ્ય બ્રાહ્મણ મુકેશ જેષ્ટારામ પંડ્યા (બટુક) (ઉ.વ. ૫૯) તે સ્વ. કસ્તૂરબેન જેષ્ટારામ પંડયાના પુત્ર, દક્ષાબેનના પતિ, રિદ્ધિ, ભક્તિ, ભૂમિ, દેવ, મલ્હારના પિતા, સ્વ. પ્રફુલ્લાબેન પ્રતાપરાય દવે, વનિતાબેન મહેશભાઈ મહેતા, સ્વ. પ્રવીણાબેન દિનેશ ત્રિવેદી, સ્વ. માલતીબેન ભરતભાઈ રાવલ, મીનાબેન સતીશ રાવલ, નીલાબેન મહેશ રાવલના ભાઇ, પરેશ યશવંતરાય પંડયા, હંસાબેન, દક્ષાબેન, નીતાબેન, કવિતાબેનના કાકાઇ ભાઇ, ગં.સ્વ. ક્રિષ્નાબેન મૂળશંકર રાસ્તેના જમાઇ, કનૈયાલાલ રાસ્તે, ગીતાબેન, શોભનાબેન, અંજનાબેન, શાંતિબેન, નીલમબેનના બનેવી, માર્કંડ શુક્લ, કશ્યપ પંડયાના સસરા, શિવા, સૌરીશના નાના, દક્ષા પંડયા, નિમેષ દવે, સ્વ. રિતેશ મહેતા, જયદીપ ત્રિવેદી, કશ્યપ મહેતા, ખુશ્બૂ જોષી, યશ રાવલ, મીતુલ રાવલ, મીરા મોતા, હર્ષદ ત્રિવેદી, તેજલ ભાનુશાલીના મામા, વિવેક અને ડિમ્પલના મોટા બાપા તા. ૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૦૨૬ના સાંજે ૪થી ૫ રાજપૂત સમાજવાડી, નલિયા ખાતે.

કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

આદિપુરની ઔષધિ બીજ બેંકઃ પર્યાવરણ સંરક્ષણનું ચોમાસા માટે અનોખું અભિયાન

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છના આદિપુર ખાતે ઉમેશ સોન્ડાગર દ્વારા કાર્યરત ઔષધિ બીજ બેંક છેલ્લા કેટલાક વર્ષોથી પર્યાવરણ સંરક્ષણ, ઔષધીય વનસ્પતિઓના સંવર્ધન અને જૈવ વૈવિધ્યના જતન માટે નોંધપાત્ર કામગીરી કરી રહી છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ૨૫૦થી વધુ દુર્લભ અને ઉપયોગી ઔષધીય, ફળાઉ, છાયાદાર તથા પર્યાવરણ માટે મહત્વપૂર્ણ વનસ્પતિઓના બીજનું વિશાળ કલેક્શન તૈયાર કરવામાં આવ્યું છે.

ઔષધિ બીજ બેંક માત્ર બીજનું વિતરણ જ કરતી નથી, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ પર્યાવરણપ્રેમી, ખેડૂતો, સંસ્થાઓ અને શૈક્ષણિક સંગઠનોને બીજ તેમજ દાંડીનું વિતરણ કરીને હરિયાળી વધારવાના કાર્યમાં સક્રિય યોગદાન આપી રહી છે. સંસ્થાનો મુખ્ય હેતુ માત્ર વૃક્ષારોપણ સુધી મર્યાદિત નથી, પરંતુ વૃક્ષોના સંરક્ષણ અને યોગ્ય પાલન-પોષણ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવે છે.

પર્યાવરણ જાગૃતિ માટે ઔષધિ બીજ બેંક દ્વારા ભારતની અંદાજે ૨૮,૦૦૦ જેટલી શાળાઓ સુધી પહોંચવાનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. શાળાઓ, કોલેજો અને વિવિધ સંસ્થાઓમાં પર્યાવરણ, વૃક્ષારોપણ, દુર્લભ વનસ્પતિઓ અને જૈવ વૈવિધ્ય વિષયક પ્રેઝન્ટેશન તથા માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેના કારણે યુવા પેઢીમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે છે.

સંસ્થાના કાર્યને દેશભરના અગ્રણી અખબારોમાં પણ વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધી પર્યાવરણ અને ઔષધીય વનસ્પતિઓ સંબંધિત ૭૦થી વધુ લેખો વિવિધ અગ્રણી સમાચારપત્રોમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે.

વિશેષતા એ છે કે બીજ વિતરણ પછી પણ સંસ્થા લાભાર્થીઓને એકલા છોડતી નથી. વાવેતર બાદ ત્રણ મહિના સુધી ફોન દ્વારા સતત માર્ગદર્શન, સમસ્યાઓનું નિરાકરણ અને નિયમિત ફોલોઅપ લેવામાં આવે છે. આ કારણે વાવેલા છોડના જીવંત રહેવાના પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

ઔષધિ બીજ બેંકનું આ કાર્ય પર્યાવરણ સંરક્ષણ, ઔષધીય સંપદાના જતન અને હરિત ભારતના નિર્માણ તરફનું એક પ્રેરણાદાયી પગલું સાબિત થઈ રહ્યું છે.

મોટી ચીરઈમાં ૨૫૦૦ વાર જમીનનું ભૂમિદાન

રેલવે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત ૭૦થી વધુ પરિવારોને મળશે નવું આશ્રયસ્થાન : જાડેજા પરિવારની માનવતાભરી પહેલને સર્વત્ર બિરદાવાઈ

ભચાઉ - કચ્છઉદય : ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલા રેલવે લાઇન વિસ્તરણ અને નવા પુલના નિર્માણ પ્રકલ્પના કારણે જૂની મોટી ચીરઈ ગામના કોળી સમાજના આશરે ૭૦થી વધુ મકાનો, એક મંદિર અને કોમ્યુનિટી હોલ પ્રોજેક્ટની હદમાં આવતાં અનેક પરિવારોના પુનર્વસનનો પ્રશ્ન ઊભો થયો હતો. વર્ષો જૂના વસવાટ ધરાવતા અને પંચાયતના રેકોર્ડમાં નોંધાયેલા આ પરિવારોને માત્ર સામાન્ય વળતર મળવાની શક્યતા વચ્ચે ભવિષ્ય અંગે અનિશ્ચિતતા સર્જાઈ હતી.

આ સંવેદનશીલ પરિસ્થિતિમાં મોટી ચીરઈના અનિરુદ્ધસિંહ મહેન્દ્રસિંહ જાડેજા અને તેમના પુત્ર પ્રદ્યુમનસિંહ જાડેજાએ માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડતાં અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન માટે આશરે ૨૫૦૦ વાર જમીનનું નિઃસ્વાર્થ ભૂમિદાન જાહેર કર્યું છે. તેમના આ નિર્ણયથી ઘરવિહોણા બનવાની ભીતિ વચ્ચે જીવતા પરિવારોને નવું આશ્વાસન અને સુરક્ષિત ભવિષ્યની આશા મળી છે.

રેલવે પ્રોજેક્ટના કારણે સ્થળાંતરનો સામનો કરી રહેલા પરિવારો માટે આ ભૂમિદાન અત્યંત મહત્વપૂર્ણ સાબિત થવાનું છે. નવી જગ્યાએ રહેણાંક મકાનોનું નિર્માણ કરીને પરિવારો સન્માનભેર જીવન જીવવા સક્ષમ બનશે. દાતા પરિવારની આ ઉદાર પહેલને ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા મળી રહી છે.

આ પ્રસંગે મોટી ચીરઈ ક્ષત્રિય સમાજ, કોળી સમાજ તેમજ વિવિધ સામાજિક, રાજકીય અને સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના પ્રતિનિધિઓએ દાતા પરિવારનું સન્માન કરી તેમના સેવાભાવને બિરદાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ભૂમિદાન પ્રક્રિયાને સફળ બનાવવા માટે ચંદ્રસિંહ સુરૂભા જાડેજાએ મહત્વપૂર્ણ માર્ગદર્શન અને સક્રિય ભૂમિકા ભજવી હતી. સમાજહિત અને માનવસેવાના આ કાર્યને વિસ્તારના લોકો દ્વારા સામાજિક એકતા, સહઅસ્તિત્વ અને પરસ્પર સહયોગનું પ્રેરણાદાયી ઉદાહરણ ગણાવવામાં આવી રહ્યું છે.

કચ્છ નોંધ

જય શ્રી કૃષ્ણ ગ્રુપ-અંજાર

●અંજાર મધ્યે પ્રભાતફેરી જય શ્રી કૃષ્ણ ગ્રુપ દ્વારા તારીખ :૧૧/૭/૨૦૨૬ શનિવાર જેઠ માસની વદ અગિયારસ ના રોજ (યોગીની એકાદશી) સવારે ૫:૪૫ વાગ્યે પ્રભાત ફેરી અંજાર મધ્યે દરિયાસ્થાન મંદિર થી પ્રસ્થાન કરશે.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ

●વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા નિઃશુલ્ક રોપા વિતરણ "ગ્રીન ગાંધીધામ – હરિયાળું ગાંધીધામ" આવો... હરિયાળા અને સ્વચ્છ ગાંધીધામના નિર્માણમાં સહભાગી બનીએ. લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું શહેર બનાવવા માટે નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. તારીખઃ ૧૨ જુલાઈ, ૨૦૨૬ સમયઃ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સ્થળઃ લાયન્સ કોમ્યુનિટી સેન્ટર, ગાંધીધામ

કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા કાવ્ય પઠન સાથે સાહિત્ય ગોષ્ટી બેઠક તા.૧૧-૭ના સાંજે ૫.૩૦ વાગે નરસિંહ ભગવાન મંદિર ખાતે યોજવામાં આવશે.

ભવાનીપરમાં નેત્ર નિદાન કેમ્પ

● અબડાસા તાલુકાના ભવાનીપર ગામમાં કે.સી. આર.સી. (અંધજન મંડળ) ભુજ આયોજિત,ગાયત્રી પરિવાર નલિયાના સહયોગથી તા.૧૧મી જુલાઈ શનિવારે સવારે ૧૦થી ૧. દરમિયાન પ્રાથમિક શાળામાં નિઃશુલ્ક નેત્રયજ્ઞ, ફિઝિયોથેરાપી કેમ્પ સાથે દિવ્યાંગ બાળકોની સેવા માટેનો કેમ્પ યોજાશે.

આધ્યાત્મિક સંસ્કારોથી જ મજબૂત બને પરિવાર વ્યવસ્થા : આશા રંગવાણી

ગાંધીધામમાં સંત નિરંકારી મિશનના મહિલા સમાગમમાં નારીશક્તિને સત્સંગ અને સદ્વિચાર અપનાવવાનો સંદેશ

ગાંધીધામ - કચ્છઉદય : સંત નિરંકારી મિશન દ્વારા ગાંધીધામ ખાતે પ્રદેશ કક્ષાના મહિલા સમાગમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈને આધ્યાત્મિક જીવનના મૂલ્યો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમમાં રાજસ્થાનથી પધારેલા નિરંકારી જ્ઞાન પ્રચારક આશા રંગવાણીએ સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજના સંદેશને ઉપસ્થિત સાધસંગત સુધી પહોંચાડ્યો હતો.

આશા રંગવાણીએ જણાવ્યું હતું કે આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં પરિવારજનો વચ્ચે પ્રેમ, સંવાદ અને સંસ્કારોનું જતન અત્યંત જરૂરી બન્યું છે. પરિવારની કેન્દ્રબિંદુ ગણાતી મહિલા જો આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં ઉતારે તો સમગ્ર પરિવારનું વાતાવરણ સુખદ અને આનંદમય બની શકે છે. બાળકોના ઘડતર અને તેમના વ્યક્તિત્વ વિકાસમાં માતાની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હોવાથી મહિલાઓએ સદ્વિચારો અને સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હત

અભ્યારણ્યની જમીનો પર માફિયાઓનો કબ્જો : તંત્ર કેમ અંધારામાં કે આંખમિંચામણા થાય છે?

વનવિભાગની કામગીરી સામે સવાલો

ઈંટોના ભઠ્ઠા દેખાયા, પણ મીઠાના ગેરકાયદે અડીંગા કેમ ન દેખાયા?

અહી સવાલ થવા પામી રહ્યા છે કે જો વનવિભાગ માત્ર ઈંટોના ભઠ્ઠા પર જ લાલઆંખ કરશે અને મીઠાના મોટા મગરમચ્છોને છોડી દેશે, તો ગેરકાયદેસર પેશકદમી ક્યારેય અટકશે ખરી : ભુલવું ન જોઈએ કે, મીઠાના ગેરકાયદર દબાણો મામલે જ તો આ પટ્ટામાં લોહીયાળ સંઘર્ષ અને હિંસક અથડામણો થવા પામી ચુકી છે

રાજકીય દોરીસંચારની આશંકા

ગાંધીધામ : જાણકારોના મતે, મીઠાના આ ગેરકાયદેસર અડીંગાઓ પાછળ ક્યાંક ને ક્યાંક 'ઝભ્ભા-લેંગાવાળાઓ' એટલે કે રાજકીય નેતાઓનો સીધો કે પરોક્ષ દોરીસંચાર હોવાની પ્રબળ શક્યતાઓ છે. મોટા માથાઓની છત્રછાયા હેઠળ જ આ સેંકડો એકર સરકારી અને અભ્યારણ્યની જમીન પર પેશકદમી ફાલીફૂલી છે. જો વનવિભાગ કોઈ પણ રાજકીય દબાણ વગર નિષ્પક્ષ તપાસ કરે, તો આ કૌભાંડના તાર બહુ ઊંચે સુધી ખુલી શકે તેમ છે.

મુખ્ય મુદ્દાઓ જે વનવિભાગની નેમ સામે સવાલ ઉઠાવે છે

ગાંધીધામ : ઈંટોના ભઠ્ઠા પર ત્વરિત એક્શન, પણ મીઠાના ગેરકાયદે અગરો પર રહેમનજર કેમ? કરોડોની **સરકારી જમીન:** જો મીઠાના અગરો સામે કડક પગલાં લેવાય, તો સેંકડો એકર સરકારી અને અભ્યારણ્યની જમીન મુક્ત થઈ શકે તેમ છે. **ગુનાખોરીને પ્રોત્સાહન:** જમીનની ખેંચતાણમાં હિંસક વળાંકો આવ્યા હોવા છતાં વનવિભાગ મૌન કેમ છે?

હવે જોવાનું એ રહે છે કે, વનવિભાગ પોતાની નબળી કામગીરીની છાપ ભૂંસીને આ મીઠાના બની બેઠેલા ભૂમાફિયાઓ સામે ખરેખર લાલઆંખ કરે છે કે પછી ઈંટોના ભઠ્ઠા જેવી નાની કાર્યવાહીઓ પાછળ મોટા મગરમચ્છોને છાવરવાનું ચાલુ રાખે છે.

ભચાઉઃ "ભચાઉ, કડોલ સહિતના વિસ્તારોમાં વનવિભાગની કામગીરી સામે હવે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં વનવિભાગ દ્વારા ઈંટોના ભઠ્ઠા પર જે કાર્યવાહી કરવામાં આવી, તેને જાણકારો માત્ર 'હિમશીલાની ટોચ' સમાન ગણાવી રહ્યા છે. સવાલ એ ઊઠી રહ્યો છે કે વનવિભાગને ઈંટોના ભઠ્ઠા તો દેખાયા, પરંતુ અભ્યારણ્યની ગરદન દબાવીને બેઠેલા મીઠાના બની બેઠેલા માફિયાઓના ગેરકાયદે અડીંગા કેમ ન દેખાયા?

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ભચાઉ અને કડોલ સહીતના પંથકના અલગ-અલગ વિસ્તારોમાં અમુક વગદાર મીઠાના માફિયાઓએ મોટા પાયે ગેરકાયદેસર કબ્જો જમાવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, પર્યાવરણ અને વન્યજીવો માટે આરક્ષિત રાખવામાં આવેલા આખેઆખા અભ્યારણ્યો આ માફિયાઓ દબાવીને બેઠા છે. વનવિભાગ માત્ર ઈંટોના ભઠ્ઠાવાળા સામાન્ય તત્વો સામે સમ ખાવા પૂરતી જ કાર્યવાહી કરીને સંતોષ માની રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. અહી સવાલ થવા પામી રહ્યા છે કે જો વનવિભાગ માત્ર ઈંટોના ભઠ્ઠા પર જ લાલઆંખ કરશે અને મીઠાના મોટા મગરમચ્છોને છોડી દેશે, તો ગેરકાયદેસર પેશકદમી ક્યારેય અટકશે ખરી?આ પટ્ટામાં મીઠાના અગરો અને જમીનો પચાવી પાડવાની હુંસાતુન્સી કોઈ નવી વાત નથી. જમીન પર કબ્જો જમાવવાની આ આંધળી દોટમાં ભૂતકાળમાં લોહીયાળ અને હિંસક અથડામણો પણ થઈ ચૂકી છે. કાયદો અને વ્યવસ્થા જોખમાય તેવી સ્થિતિ હોવા છતાં વનવિભાગના અધિકારીઓ મીઠાના ગેરકાયદે અગરો સામે આંખ આડા કાન કેમ કરી રહ્યા છે, તે સમજાતું નથી.

ભચાઉમાં વન વિભાગનું મેગા ઓપરેશન : ૪૦ હેક્ટર અનામત જંગલની જમીન દબાણમુક્ત

૬ ઈસમોએ ઈંટોના ભઠ્ઠા અને ઓરડીઓ બનાવી સરકારી જમીન પર જમાવ્યો હતો ગેરકાયદે કબ્જો : નોટિસ બાદ પણ દબાણ ન હટાવતા આખરે વન વિભાગ, પોલીસ અને મહેસૂલ તંત્રએ સંયુક્ત કાર્યવાહી કરી બુલડોઝર ફેરવ્યું

ભચાઉ - કચ્છઉદય : કચ્છ પૂર્વ વન વિભાગ હેઠળ આવતી ભચાઉ રેન્જમાં સરકારી અનામત જંગલની કરોડોની કિંમતની જમીન પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવાનું એક મોટું ઓપરેશન વહીવટી તંત્ર દ્વારા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું છે. આ વ્યાપક ઝુંબેશ અંતર્ગત તંત્ર દ્વારા આશરે ૪૦ હેક્ટર જેટલી વિશાળ સરકારી જમીનને ભૂમાફિયાઓ અને દબાણકારોના પંજામાંથી મુક્ત કરાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભચાઉ વન રેન્જ હેઠળ મોજે ભચાઉ ગામના સર્વે નંબર ૨૦૦૦/૨૧૨/૨ ની સેક્શન ૨૦ હેઠળની રીઝર્વ ફોરેસ્ટ એટલે કે અનામત જંગલ તરીકે જાહેર થયેલી જમીન પર મોટા પાયે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. ભચાઉના જ ૬ જેટલા સ્થાનિક ઈસમો દ્વારા વન વિભાગની આ પ્રતિબંધિત અનામત જંગલની જમીન પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી દેવામાં આવ્યો હતો. આ તત્વો દ્વારા જમીન પર ઈંટો બનાવવા માટેના મોટા-મોટા ભઠ્ઠા શરૂ કરી દેવાયા હતા, તેમજ ત્યાં કામ કરતા મજૂરો અને લેબરોને રાખવા માટે પાકા અને કાચા મકાનો તથા ઓરડીઓનું પણ અનધિકૃત બાંધકામ કરી દેવામાં આવ્યું હતું.

આ સમગ્ર ગેરકાયદે પ્રવૃત્તિ અને દબાણ બાબતે વન વિભાગ દ્વારા અગાઉથી જ કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. ભચાઉ રેન્જ ઓફિસ તરફથી આશરે એક મહિના પહેલા જ તમામ દબાણકારોને કાયદેસરની નોટિસો ફટકારવામાં આવી હતી અને જમીનની માલિકી અંગેના પુરાવા રજૂ કરવા જણાવાયું હતું. જો કે, આ ઈસમો દ્વારા કોઈ પણ પ્રકારના વહીવટી કે કાયદાકીય દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા ન હતા, જેથી વન વિભાગે તેમની સામે ગુનો દાખલ કરી ત્વરિત દબાણ ખાલી કરવા આદેશ કર્યો હતો. વારંવારની લેખિત અને મૌખિક નોટિસો તેમજ પૂરતી તક આપવા છતાં પણ દબાણકારો દ્વારા સ્વેચ્છાએ આ જગ્યા પરથી કબ્જો હટાવવામાં આવ્યો ન હતો.

આખરે દબાણકારોની સામે તંત્રએ લાલ આંખ કરી હતી અને ગુરુવાર, ૯ જુલાઈના રોજ કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ, કચ્છ પૂર્વ પોલીસ ડિવિઝન તેમજ સ્થાનિક મહેસૂલ તંત્ર દ્વારા એક સંયુક્ત મેગા ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચેલા વહીવટી તંત્રે બુલડોઝર ફેરવીને તમામ ગેરકાયદેસર ભઠ્ઠા અને ઓરડીઓ જમીનદોસ્ત કરી દીધા હતા અને અંદાજિત ૪૦ હેક્ટર જેટલી જમીન સંપૂર્ણપણે ખાલી કરાવી લીધી હતી.

અંજારમાં લોખંડના પાઈપથી હુમલો, એકને ગંભીર ઈજા

અંજારઃ અજાપર-ગોપાલનગર રોડ પર જૂની અદાવતને પગલે એક વ્યક્તિ પર લોખંડના પાઈપથી હુમલો કરાયો હોવાની ફરિયાદ અંજાર પોલીસમાં નોંધાઈ છે. હુમલામાં ફરિયાદીને જમણા પગમાં બે ફ્રેક્ચર તેમજ ડાબા હાથમાં ગંભીર ઈજાઓ થતાં સારવાર બાદ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે બીજલ ઉર્ફે બાવલા કોલી સામે બી.એન.એસ.ની વિવિધ કલમો તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીધામમાં ઘરમાં ઘૂસી ચાર શખ્સોએ મારામારી કરી

ગાંધીધામઃ ખારીરોહર વિસ્તારમાં જૂના મનદુઃખને લઈ ચાર શખ્સોએ ઘરમાં ઘૂસી હુમલો કર્યો હોવાની ફરિયાદ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં નોંધાઈ છે. હુમલામાં ફરિયાદીને હાથ અને પગમાં ફ્રેક્ચર સહિત ઈજાઓ પહોંચી હોવાનું જણાવાયું છે. આરોપીઓ સામે ગાળો, ધમકી અને હથિયારબંધી જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સ્પીડમાં વાહન ચલાવવાના મુદ્દે ઝઘડો, યુવકને છરીના ઘા

ગાંધીધામઃ સ્પીડમાં વાહન ચલાવવા બાબતે ઠપકો આપવાની ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં સુંદરપુરી વિસ્તારમાં એક યુવકને છરીના ઘા મારવામાં આવ્યા હતા. હુમલામાં યુવકના માથામાં ગંભીર ઈજા થતાં તેને ટાંકા લેવા પડ્યા હતા. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે ત્રણ આરોપીઓ સામે બી.એન.એસ. તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ટ્રેક્ટર તળાવમાં પલટી ખાતા ચાલકનું મોત

દુધઈઃ ચાંદરાણી ગામ નજીક મુસાશ્રી તલાવડી વિસ્તારમાં ટ્રેક્ટર-લોડર પલટી જતાં ચાલકનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ બેફિકરાઈપૂર્વક ટ્રેક્ટર ચલાવવાના કારણે અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. દુધઈ પોલીસે અકસ્માત મોત અંગે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો તથા મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુખપરમાં ભાવભેર ઉજવાશે વાલરામ નિર્વાણ દિન

લોહાણા મહાજનના ઉપક્રમે પૂજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સમૂહ આરતી અને મહાપ્રસાદનું આયોજન

સુખપર - કચ્છઉદય : લોહાણા મહાજનના ઉપક્રમે આગામી ૧૨ જુલાઈ, રવિવારના રોજ વાલરામ નિર્વાણ દિનની ધાર્મિક અને સામાજિક ભાવના સાથે ઉજવણી કરવામાં આવશે. સમાજના આરાધ્ય અને પ્રેરણાસ્રોત વાલરામજીના નિર્વાણ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ વડીલો મોટી સંખ્યામાં જોડાશે. કાર્યક્રમની શરૂઆત સવારે ૯ વાગ્યે વાલરામજીના પૂજન સાથે થશે, જે વિધિ પ્રભુલાલ જોષીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થશે. ત્યારબાદ સવારે ૧૧ વાગ્યે રાપર કન્યા છાત્રાલયની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક અને પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. બાળાઓની પ્રતિભાને પ્રોત્સાહન આપતા આ કાર્યક્રમમાં ભક્તિ, સંસ્કાર અને શિક્ષણના સંદેશો પ્રસ્તુત કરાશે.

બપોરે ૧૨:૩૦ વાગ્યે સમૂહ આરતી યોજાશે, જેમાં સમાજના આગેવાનો અને સેવાભાવી કાર્યકરોનું સન્માન પણ કરવામાં આવશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સર્વે ઉપસ્થિતો માટે મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે.

સુખપર લોહાણા મહાજનના પ્રમુખ પ્રભુલાલભાઈ મિરાણીએ સમાજના તમામ સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કર્યો છે. કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થામાં લોહાણા મહાજન, લોહાણા યુવક મંડળ તથા લોહાણા મહિલા મંડળના કાર્યકરો સક્રિય સહયોગ આપી રહ્યા હોવાનું જણાવાયું છે.

નબળું કામ કરાનાર એજન્સી નવું કામ ન આપવાનો નિર્ણય

નખત્રાણા નગરપાલિકા કારોબારી બેઠકમાં વિવિધ વિકાસકામો અંગે ચર્ચા કરાઈ

નખત્રાણા - કચ્છઉદય : નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક ચેરમેન ચંદનસિંહ રાઠોડના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં વિકાસના વિવિધ મુદ્દાની ચર્ચા કરી બહાલી આપવામાં આવી હતી. ચીફ ઓફિસર ભાવિન કંધાનીએ સૌને આવકારીને કારોબારીનો એજન્ડા મુક્યો હતો. બેઠકમાં કારોબારી સદસ્યો ભાવિન ઠક્કર, ખુશ્બૂ સોની, હિરેન ભટ્ટ, અમીત ગોસ્વામી, હંસાબેન રૈયાણી, જયેશ પટેલ હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

ચંદનસિંહ રાઠોડ દ્વારા નખત્રાણા પ્રવેશ થતા જ આઈ લવ નખત્રાણાનો મોટો લોગોવાળું નગરપલીકાનું આવકારતા બોર્ડ માટે બજેટ અને જગ્યાની ફાળવણીની ચર્ચા કરી હતી. વિવિધ વિકાસ કામોના ટેન્ડર મજૂર કરવામાં આવ્યા હતા. આશાપુરા મંદિરથી કોલેજ સુધી રોડ લાઈટ અને બ્યૂટીફિકેશન માટે ઠરાવ કરી મંજૂરી માટે મોકલવાનું નકકી કરવામાં આવ્યું હતું. ગટર અને પાણીના કામોના એસ્ટીમેટ બનાવી જરૂરિયાત વાળા વિસ્તારોમાં તાત્કાલિક કામ શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. વિકાસકામો ગુણવત્તાસભર થાય એવી તાકીદ કરવામાં આવી હતી અને નબળું કામ કરનાર એજન્સીને નવું કામ ન આપવાની સૂચના આપવામાં આવી હતી. ભાવિક રૂડાની અને રાજ પટેલે ટેક્નિકલ માહિતી આપી હતી. ડીએમએફ અંતર્ગતના કામો માટે ભાવ મંજૂરી અંગેની ચર્ચા, નખત્રાણા વિસ્તારના સ્ટ્રીટ પ્રોજેક્ટ અંગેની ચર્ચા, નખત્રાણા વિસ્તારમાં આવેલ સ્મશાન ડેવલપમેન્ટની કામગીરી અંગેની ચર્ચા, નખત્રામાં નગરપાલિકાને સબ વાહિનીની જરૂરિયાત હોય લોક ભાગીદારી સાથે ખરીદી કરવા અંગેની ચર્ચા, સુંદર શહેર યોજના અંતર્ગત આયોજન કરવા અંગેની ચર્ચા તેમજ નગરપાલિકાની ગ્રાન્ટમાંથી પાયાની સુવિધા નખત્રાણા વિસ્તારને ઉપલબ્ધ કરવા માટે ગટર તથા પાણીનાના કામો અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

KSKV KACHCHH UNIVERSITY
TENDER NOTICE

ક્રમ	કામની વિગત	ટેન્ડર ફી રકમ (રૂ.)	અર્નેસ્ટ મની (રૂ.) EMD
૧	યુનિવર્સિટી કેમ્પસ ખાતે કેન્ટીન સંચાલન કરવા અંગેનું ટેન્ડર	1062/-	20,000/-
૨	મિનરલ વોટર સપ્લાયનું ટેન્ડર(બીજો પ્રયત્ન)	1062/-	20,000/-

ઉપરોકત ટેન્ડર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.kskvku.ac.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર સાથે ટેન્ડર ફી અને ઈએમડીનો ડીડી અથવા બેંકર્સ ચેક રજીસ્ટ્રાર કેએસકેવી કચ્છ યુનિવર્સિટીના નામેનો જોડવાનો રહેશે, અન્યથા ટેન્ડર રદબાતલ ગણાશે. જ્યારે ભરેલ ભાવનો ટેન્ડર દરેક પાર્ટીએ રજીસ્ટર્ડ એડીથી સીલબંધ કવરમાં મોકલી આપવાનો રહેશે. ટેન્ડર ઉપર સ્પષ્ટ શબ્દોમાં કામનું નામ તથા વર્ષ લખવાનો રહેશે. ટેન્ડરની ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી. ટેન્ડર ઈસ્યુ તા.૦૯/૦૭/૨૦૨૬ થી તા.૨૯/૦૭/૨૦૨૬ સુધી (જાહેર રજાના દિવસો સિવાય), ટેન્ડર સ્વીકારવાની આખરી તા.૨૯/૦૭/૨૦૨૬ ઓફિસ સમય સુધી રહેશે.
નોંધ : ટેન્ડર બાબતે આખરી નિર્ણય લેવાની સંપૂર્ણ સતા યુનિવર્સિટીના સતાધિશોની રહેશે.
તા. ૦૭/૦૭/૨૦૨૬
કુલસચિવ
(નામાનિ/કચ્છ/૪૦૯/૨૦૨૬-૨૭) કચ્છ યુનિવર્સિટી

જાહેર નિવિદા
ગુજરાત સરકાર
વન વિભાગ
નાયબ વન સંરક્ષકની કચેરી, કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ-કચ્છ.
ફોન નં.૦૨૮૩૨ - ૨૩૧૫૦૦, Email: dcfwest@gmail.com
ટેન્ડર નોટીસ નં.૧૮ /૨૦૨૬-૨૭
કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ વિભાગીય કચેરી ખાતે કોન્ફરન્સ હોલ બાંધકામની કામગીરીમાં રસ ધરાવતા ઈજારદાર/ એજન્સીઓ/ વ્યકિતઓ પાસેથી નીચે વિગતેનાં ટેન્ડર આઈ.ડી. નંબરથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.
ટેન્ડર ફોર્મ (નોન-ટ્રાન્સફરેબલ) તેમજ ટેન્ડરનું વિગતવાર વર્ણન વેબસાઈટ https://tender.nprocure.com. ઉપર મુકવામાં આવેલ છે. સદરહુ ટેન્ડર ઓનલાઈન ભરી શકાશે. તેમજ હવે પછી આ ટેન્ડર અંગે કોઈ સુધારા-વધારા કે સૂચનાઓ હશે તો તે ઓનલાઈન વેબસાઈટ પર કોરિજેન્ડમ પ્રસિદ્ધ કરી જણાવવામાં આવશે. જે ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

કામનું નામ	ટેન્ડર આઈ.ડી. નંબર nprocure
Construction of Conference Hall at of Existing Divisional Office at Bhuj Ta. Bhuj-Kutch	322278
ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડીંગ તથા સબમિશનની છેલ્લી તારીખ અને સમય	તા.૨૩/૦૭/૨૦૨૬, સમય - ૧૮:૦૦ કલાક
ફીઝીકલ ટેન્ડર ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા.૨૮/૦૭/૨૦૨૬, સમય - ૧૬:૦૦ કલાક
*ટેકનીકલ તથા ફાઈનાન્સિયલ ટેન્ડર બીડ ખોલવાની તારીખ અને સમય (*અથવા અનુકુળતા મુજબ)	તા.૨૯/૦૭/૨૦૨૬, સમય - ૧૨:૦૦ કલાક

વધુ વિગતો ઉકત વેબસાઈટ ઉપર જોવા મળશે.
નાયબ વન સંરક્ષક
કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ.
(નામાનિ/કચ્છ/૪૧૦/૨૦૨૬-૨૭)

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ઈ-ટેન્ડર નોટિસ નં. 12 વર્ષ 2026-27 તારીખ 08/07/2026

અનુ. નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	અંદાજીત એન આઈટી ખર્ચ (₹)	EMD ખર્ચ (₹)
01	DRM-ADI-96-2026-27	૬૦ કિલોગ્રામ/૬૦ઈ૧- આર૨૬૦, ૬૦ કિલોગ્રામ ૯૦ યુટીએસ અને પર	2,28,98,577.46	4,58,000.00
	કિલોગ્રામ ૯૦ યુટીએસ રેલ્સનું ઇન-સીટુ વેલ્ડિંગ, ૬૦ કિલોગ્રામ/૬૦ઇ૧- આર૨૬૦ રેલ્સ અને ૬૦ કિલોગ્રામ ૯૦ યુટીએસ રેલ્સ માટે વેલ્ડિંગ પોર્શન્સનું ઉત્પાદન અને સપ્લાય તેમજ મદદનીશ વિભાગીય ઇંજનેર- રાધનપુરના કાર્યક્ષેત્ર હેઠળ તમામ એકસેસરીઝ સાથે વેલ્ડિંગ સાયનોની સપ્લાય (પુનઃ આમંત્રિત)		
02	DRM-ADI-97-2026-27	૬૦ કિલોગ્રામ/૬૦ઈ૧- આર૨૬૦, ૬૦ કિલોગ્રામ ૯૦ યુટીએસ અને પર	2,35,16,762.99	4,70,300.00
	કિલોગ્રામ ૯૦ યુટીએસ રેલ્સનું ઇન-સીટુ વેલ્ડિંગ, ૬૦ કિલોગ્રામ/૬૦ઇ૧- આર૨૬૦ રેલ્સ અને ૬૦ કિલોગ્રામ ૯૦ યુટીએસ રેલ્સ માટે વેલ્ડિંગ પોર્શન્સનું ઉત્પાદન અને સપ્લાય તેમજ મદદનીશ વિભાગીય ઇંજનેર- ગાંધીધામના કાર્યક્ષેત્ર હેઠળ તમામ એકસેસરીઝ સાથે વેલ્ડિંગ સાયનોની સપ્લાય (પુનઃ આમંત્રિત)		
03	DRM-ADI-98-2026-27	એડીઈએન - ગાંધીધામના કાર્યક્ષેત્ર હેઠળ ઓએચ (ઓવરહેડ) ટાંકીઓ,	11,67,493.36	23,400.00
	યુજી (અંડરગ્રાઉન્ડ) સંપ અને છત/લોફ્ટ પાણીની સંગ્રહ ટાંકીઓની સફાઈ. (બે વર્ષ માટે).			
04	DRM-ADI-99-2026-27	ગાંધીધામ ઉપ-વિભાગ - બે વર્ષ માટે અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ (ગટર	1,10,00,227.30	2,20,000.00
	લાઇન), મેનહોલ્સ, ઇન્સ્પેક્શન ચેમ્બરની સફાઈ.			
05	DRM-ADI-100-2026-27	સીનિયર ડીઈએન (એન ડબલ્યુ)- એડીઆઈ (ફેઝ II) ના કાર્યક્ષેત્ર હેઠળ	10,52,45,690.40	6,76,200.00
	પાંચ વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાકટરના પોતાના રેક આધારિત ગેજ ફેસ રેલ લુબ્રિકેટર્સ દ્વારા કર્વ્સ (વળાંકો) નું લુબ્રિકેશન જેમાં તેની જાળવણી (મેઇન્ટેનન્સ) શામેલ છે (૧.૨૫ ડિગ્રીથી વધુ).			
06	DRM-ADI-101-2026-27	વરિષ્ઠ વિભાગીય ઇંજનેર (પશ્ચિમ) - અમદાવાદના (ફેઝ-II) કાર્યક્ષેત્ર	2,51,33,299.20	2,75,700.00
	હેઠળ ૫ વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાકટરના પોતાના ગેજ ફેસ લુબ્રિકેટર દ્વારા કર્વ્સ (વળાંકો) નું લુબ્રિકેશન જેમાં તેની જાળવણી (મેઇન્ટેનન્સ) શામેલ છે.			
07	DRM-ADI-102-2026-27	વરિષ્ઠ વિભાગીય ઇંજનેર (ઉત્તર), અમદાવાદના અધિકારક્ષેત્રમાં ૧.૨૫	1,09,95,818.40	2,05,000
	ડિગ્રીથી વધુ વક્રો પર કોન્ટ્રાકટર દ્વારા પોતાના ટ્રેક આધારિત ગેજ ફેસ રેલ લ્યુબ્રિકેટરો દ્વારા પાંચ વર્ષની અવધિ માટે રેલ વક્રોનું લ્યુબ્રિકેશન તથા તેની જાળવણી (ફેઝ-II).			

ઉપરોકત તમામ ટેન્ડર્સ માટે : ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 04/08/2026 ના 15:00 કલાકે; ઓફિસનું સરનામું: સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે: ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ-382345; **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ : www.ireps.gov.in**
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly ADI-098

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
એટીવીએમ ફેસિલિટેટરની નિમણૂક
સંખ્યા સી ૫૪૮/૪૫/૧/એટીવીએમ ફેસિલિટેટર વોલ્યુમ-I (૬૮૨૭૬); વિષયઃ- અમદાવાદ (ADI), સાબરમી બીજી (SBIB), મહેસાણા (MSH), ગાંધીધામ (GIMB), ભુજ (BHUJ), અસારવા (ASV), ગાંધીનગર કેપિટલ (GNC), આંબલી રોડ (ABD), સાબરમતી (SBT), કલોલ (KLL) તેમજ સામાખ્યાલી (SIOB) અમદાવાદ મંડળના સ્ટેશનો પર એટીવીએમ ફેસિલિટેટરની નિમણૂક અંગે.
અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર **"એટીવીએમ ફેસિલિટેટર"** તરીકે કાર્ય કરવા માટે સામાન્ય જનતા અને નિવૃત્ત રેલવે કર્મચારીઓ પાસેથી સંલગ્ન પ્રારૂપમાં અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. અરજદારોએ પોતાની પસંદગીના સ્ટેશનના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ. પસંદ કરાયેલા અરજદારોને ૨ (બે) વર્ષના સમયગાળા માટે એટીવીએમ દ્વારા ટિકિટ ઇશ્યૂ કરવાની મંજૂરી આપવામાં આવશે, જેને યોજનાના વિસ્તરણ અને સક્ષમ સત્તાધિકારી એટલે કે મંડળ રેલ પ્રબંધક (વાણિજ્ય) અમદાવાદ પશ્ચિમ રેલવેના સંતોષને આધિન આગળ વધુ એક વર્ષ માટે લંબાવી શકાય છે. અરજી પત્રકો રેલવેની વેબસાઇટ **www.wr.indianrailways.gov.in** પરથી ડાઉનલોડ કરી શકાય છે, અને **અંતિમ તારીખ ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ વાગ્યે** અથવા તે પહેલાં સબમિટ કરી શકાય છે.
પાત્રતા શરતોઃ-
૧. અરજદારોની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ અને તેઓ ઓછામાં ઓછા મેટ્રિક પાસ કે સમકક્ષ હોવા જોઈએ.
૨. અરજદાર તે જ સ્થાનિક જિલ્લાનો રહેવાસી હોવો જોઈએ જેમાં તે સ્ટેશન આવેલું છે જ્યાં એટીવીએમ ફેસિલિટેટર તરીકે નિમણૂક કરવાનો પ્રસ્તાવ છે.
૩. યોજનાની મુખ્ય વિશેષતાઓ અને અન્ય નિયમો તેમજ શરતો અનુબંધ-એ માં સંલગ્ન છે.
૪. અરજીનું પ્રારૂપ અને અરજી સાથે સંલગ્ન કરવાના દસ્તાવેજોની વિગત અનુબંધ-બી અને સી ના રૂપમાં સંલગ્ન છે.
૫. પસંદગી કરવામાં આવનાર/નિમણૂક કરવામાં આવનાર ફેસિલિટેટર્સની સ્ટેશનવાર સંખ્યા અને એટીવીએમ સ્થળ જેના માટે પસંદગી કરવાની છે, તે અનુબંધ-ડી ના રૂપમાં સંલગ્ન છે.
૬. એક કરતાં વધુ અરજીઓને અમાન્ય ગણવામાં આવશે અને તેને કોઈપણ તબક્કે ફગાવી શકાય છે.
અરજદારો પોતાનું અરજી પત્રક નિયત પ્રારૂપમાં વિધિવત ભરીને જરૂરી દસ્તાવેજો સાથે એક બંધ પરબિડીયામાં વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકની કચેરી, વાણિજ્ય વિભાગ, યામુંડા માતા મંદિર પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલ સોસાયટીની સામે, અમદુપુરા, અમદાવાદ - ૩૮૨૩૪૫ માં તારીખ ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં તમામ કામકાજના દિવસોમાં ૧૦:૩૦ વાગ્યાથી ૧૬:૦૦ વાગ્યાની વચ્ચે જમા કરાવી શકે છે. ઉપરોક્ત દર્શાવેલ તારીખ પછી મળેલી અરજીઓ પર વિચાર કરવામાં આવશે નહીં. ટપાલમાં થતા કોઈપણ વિલંબને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પરબિડીયાની ઉપર સ્પષ્ટ રીતે "અરજી (સ્ટેશનનું નામ) સ્ટેશન માટે એટીવીએમ ફેસિલિટેટર તરીકે નિમણૂક માટે અને પિનકોડ સાથે અરજદારનું નામ અને સરનામું" લખેલું હોવું જોઈએ. તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી અરજીઓની ચકાસણી કરવામાં આવશે અને તમામ શરતો પૂર્ણ થવા પર ફાળવણી કરવામાં આવશે. જો કોઈ સ્ટેશન અથવા એટીવીએમ સ્થળો માટે પાત્ર/યોગ્ય અરજદારોની સંખ્યા જરૂરી ફેસિલિટેટર્સની સંખ્યા કરતા વધુ હશે, તો પસંદગી પાત્ર/યોગ્ય અરજદારો અને અમદાવાદ મંડળના બે અધિકારીઓની હાજરીમાં વકી ડ્રો દ્વારા કરવામાં આવશે. એટીવીએમ ફેસિલિટેટરની માન્યતા માત્ર ત્યારે જ લંબાવવામાં આવશે જ્યારે રેલવે બોર્ડના નીતિવિષયક માર્ગદર્શિકા અનુસાર તેની મંજૂરી હશે.
ADI – 096
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન
સી.સી.ટી.વી. કેમેરાઓ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર
**ઈ-ટેન્ડર સૂચના નં.: DRM(M)ADI/5

અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ૨૦૦૭ વૃક્ષોનું વૃક્ષારોપણ

નલિયા - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ માં કે નામ" અભિયાનને સાકાર કરવા અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા અબડાસા તાલુકાના વીંઝાણ ગામ સ્થિત હિંગોરા સમાજવાડી ખાતે બે દિવસીય વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ આયોજન અંગે અબડાસા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ તથા અખિલ કચ્છ હિંગોરા સમાજના ઉપપ્રમુખ હાજી યાકુબભાઈ હિંગોરાએ સમાજના પ્રમુખ એડવોકેટ હાજી જુણસભાઈ હિંગોરા, મહામંત્રી હાજી ખાલકભાઈ હિંગોરા તથા અબડાસા ભાજપ બક્ષીપંચ મોરચાના માજી પ્રમુખ અબ્દુલ રઝાકભાઈ હિંગોરા સાથે ચર્ચા-વિચારણા કરી હતી. ત્યારબાદ સર્વાનુમતે અનોખો નિર્ણય લેવામાં આવ્યો કે ગુજરાત રાજયના તમામ ૨૬ લોકસભા સાંસદ, ૧૧ રાજયસભા સાંસદ, ૧૮૨ ધારાસભ્યો, ૩૩ જિલ્લા પંચાયત પ્રમુખો, ૨૪૮ તાલુકા

પંચાયત પ્રમુખો તેમજ અખિલ કચ્છ હિંગોરા સમાજના અંદાજે ૧૫૦૦ પરિવારોના નામે વૃક્ષો વાવવામાં આવે. ઉપરાંત દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ગુજરાતના રાજ્યપાલ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીના નામે પણ વૃક્ષો વાવી કુલ ૨૦૦૭ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ મુસ્લિમ સમાજના ધર્મગુરુ સૈયદ સલીમબાપુના હસ્તે કરવામાં આવ્યો હતો. બે દિવસ સુધી સમાજના યુવાનો, વડીલો અને આગેવાનોએ શ્રમદાન કરીને ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ હાજી જુણસભાઈ હિંગોરા, મહામંત્રી હાજી ખાલકભાઈ હિંગોરા, ઉપપ્રમુખ હાજી યાકુબભાઈ હિંગોરા, ઉપપ્રમુખ અલીમામદભાઈ, ખજાનચી ઈલિયાસભાઈ, સહમંત્રી મૌલાના મુસ્તાકભાઈ, સૈયદ અબ્દુલહમીદશાહ બાવા, ધનાવાડાના અગ્રણી અજીજભાઈ, વીંઝાણ ગ્રામ પંચાયતના ઉપસરપંચ દાદાભાઈ, સાંધવ ગ્રામ પંચાયતના ઉપસરપંચ મામદહુસેનભાઈ, મંજલ ગામના મોભી કરીમભાઈ, અરજણપરના અભુભાઈ, ખીરસરા ગામના મોભી હાજી જકરીયાભાઈ સહિત સમાજના અગ્રણીઓ, યુવાનો અને મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતિમ દિવસે સૈયદ અબ્દુલહમીદશાહ બાવાએ સમગ્ર દેશમાં અમન, ભાઈચારો અને શાંતિ જળવાઈ રહે તેમજ વતન કચ્છમાં સારો વરસાદ વરસે તે માટે ખાસ દુઆ કરી હતી. સાથે જ પીરો-મુર્શીદ મુફ્તી-એ-આઝમ કચ્છ અલૈહિર્રહમા સૈયદ હાજી અહેમદશાહ બાવા તથા તેમના બિરાદર અઝીઝ હાજી જહાંગીરશાહ બાવાના મગફિરત માટે પણ વિશેષ દુઆ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સામાજિક એકતા અને રાષ્ટ્રપ્રેમનો સુંદર સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો તેવું લઘુમતી મોરચા અબડાસા ભાજપના પ્રમુખ હાજીજાકુબ હિંગોરાએ જણાવ્યું હતું

ભુજના હોસ્પિટલ રોડ પર પ્રતિષ્ઠિત જ્વેલર્સના શોરૂમમાં ઇન્કમટેક્સ વિભાગની રેડ

ભુજ – કચ્છઉદય : ભુજ શહેરના વ્યસ્ત એવા હોસ્પિટલ રોડ પર કાર્યરત એક ખ્યાતનામ પેઢીના સોના-ચાંદીના ભવ્ય શોરૂમ તેમજ દુકાનમાં આવકવેરા વિભાગ દ્વારા ઓચિંતી તપાસ શરૂ કરવામાં આવતા સમગ્ર કચ્છના સુવર્ણકાર અને ઝવેરી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ નામાંકિત પેઢીના મુખ્ય સોનાના શોરૂમની સાથે સાથે તેની બિલકુલ સામે આવેલા ચાંદીના શોરૂમમાં પણ ઇક્મ ટેક્સની સેન્ટ્રલ ટીમ દ્વારા અચાનક ધામા નાખીને નાણાકીય વ્યવહારોના ડેટા કલેક્શનની સઘન તપાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અમદાવાદથી ખાસ આવેલી અધિકારીઓ અને કર્મચારીઓની અંદાજે નવ સભ્યોની ટીમ ગઈકાલથી આ ઓપરેશનમાં જોડાઈ છે અને તમામ હિસાબી ચોપડા ખંખોરી રહી છે. જો કે, આવકવેરા વિભાગના સત્તાવાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ કોઈ ઓફિશિયલ દરોડો (રેડ)

અમદાવાદની સેન્ટ્રલ આઇટી ટીમે હાથ ધર્યું સર્ચ ઓપરેશન : નિયત મર્યાદાથી વધુના વ્યવહારોના ડેટા કલેક્શન અંગે સઘન ચકાસણી

નથી, પરંતુ હિસાબો અને નાણાકીય વ્યવહારોની વિગતો મેળવવા માટેની એક સામાન્ય સ્ક્રૂટિની પ્રક્રિયા છે, જે આગામી દિવસોમાં પણ ચાલુ રહે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. સામાન્ય રીતે કાયદાકીય નિયમ મર્યાદા કરતા વધુ રકમના કે શંકાસ્પદ વ્યવહારો ધ્યાને આવતા હોય ત્યારે આઇટી વિભાગ દ્વારા આવી તપાસ આયોજિત કરવામાં આવતી હોય છે.

કચ્છની આ અતિ પ્રતિષ્ઠિત સુવર્ણ પેઢીમાં આવકવેરા વિભાગની કાર્યવાહીના સમાચાર વાયુવેગે પ્રસરતા જ ભુજ સહિત સમગ્ર જિલ્લાના નાના-મોટા સુવર્ણકારો અને વેપારીઓમાં ચિંતાની લહેર જોવા મળી રહી છે. આ અંગે સ્થાનિક સોની બજારના અગ્રણી વેપારીઓએ ભારે આશ્ચર્ય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જેમના પર આ તપાસ ચાલી રહી છે તે 'જટુભાઈ વેલજી એન્ડ સન્સ' પેઢી સમગ્ર કચ્છ જિલ્લામાં સૌથી વધુ એડવાન્સ આવકવેરો ભરનારી આબરૂદાર પેઢી તરીકે બહુમાન મેળવી ચૂકી છે અને સદાય પારદર્શક વહીવટ માટે જાણીતી છે. વેપારીઓએ પોતાનો રોષ ઠાલવતા ઉમેર્યું હતું કે, વર્તમાન સમયમાં મોટી કોર્પોરેટ કંપનીઓ અદ્યતન આયોજનો સાથે સોના-ચાંદીના પરંપરાગત વ્યવસાયમાં પગપેસારો કરી રહી છે, જેના કારણે સ્થાનિક નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ પહેલેથી જ આર્થિક મંદી અને ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેવામાં સરકારી તંત્રો દ્વારા વારંવાર કરવામાં આવતી આ પ્રકારની આકરી કાયદાકીય કાર્યવાહીઓ વેપારી આલમ પર બિનજરૂરી માનસિક દબાણ ઊભું કરે છે, જેનાથી બજારની સક્ષ્મતા પર વિપરીત અસર પડે છે.

હાજીપીર ખાતે ઘરે ઘરે જઈને બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા

હાજીપીર- કચ્છઉદય : હાજીપીર અને તેની આસપાસના વિસ્તારોમાં બાળકોના સુનિશ્ચિત ભવિષ્ય માટે પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉમદા કાર્યમાં સ્થાનિક સરકારી આરોગ્ય તંત્રની ટીમે અંતરિયાળ વિસ્તારો અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને ઉત્કૃષ્ટ સેવાઓ પૂરી પાડી છે.

હાજીપીર પેટા આરોગ્ય કેન્દ્રના સી.એચ.ઓ. કલ્પેશભાઈ દોડિયાર અને એફએચડબલ્યુ રોશનીબેન તેમજ તેમની સમર્પિત ટીમ દ્વારા હાજીપીરના કોલીવાંઢ વિસ્તારમાં રૂબરૂ જઈને નાના બાળકોને પોલિયોના ટીપાં (રસી) પીવડાવવામાં આવ્યા હતા. હાજીપીર દરગાહ ખાતે આવેલા અને શારીરિક અક્ષમતાને કારણે ચાલી ન શકતા દર્દીઓ સુધી પણ આરોગ્ય ટીમ પહોંચી હતી.ગોરેવલી

ટીમ અને સી.એચ.ઓ. કલ્પેશભાઈએ પોતે દરગાહ પરિસરમાં બેઠેલા અશક્ત દર્દીઓની મુલાકાત લીધી હતી અને તેમની સ્થળ પર જ તપાસ કરી જરૂરી સારવાર પૂરી પાડીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હાજીપીર અને લુણા નાના મા પોલીયો પીવડાવતા ગોરેવાલી આરોગ્ય કેન્દ્ર ટીમ અને હાજીપીર પેટા આરોગ્ય કેન્દ્ર ના કૃ પેશભાઈ અને રોશનબેન જોડાયા હતા.

મુંબઈના બોરીવલીમાં રવિવારે કચ્છી જૈન સંતોના ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

મુંબઈ - કચ્છઉદય : શંખેશ્વર તીર્થથી વિહાર કરી મુંબઈના બોરીવલી ખાતે આ વર્ષે કચ્છી જૈન સંતોના ભવ્ય ચાતુર્માસનું આયોજન કરવામાં આવ્યું છે. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે રવિવાર, તા. ૧૨ જુલાઈના સવારે ૯ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા બોરીવલીના મુખ્ય માર્ગો પરથી ભક્તિમય વાતાવરણ વચ્ચે પસાર થઈ બોરીવલી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ સ્થિત ઉપાશ્રય ખાતે પૂર્ણ થશે.

આ પાવન પ્રસંગે માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય રત્નશેખર સૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ પ્રાપ્ત થશે. ચાતુર્માસના નિશ્રાદાતા તરીકે પ.પૂ. મુનિરાજ ધર્મરત્નચંદ્રજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબ પધારશે. વિશેષ નોંધનીય છે કે, બોરીવલીમાં ૧૯ વર્ષ બાદ પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબનું ચાતુર્માસ યોજાઈ રહ્યું છે, જેને લઈને જૈન સમાજમાં વિશેષ ઉત્સાહ અને આનંદની

૯ વર્ષ બાદ પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબનું બોરીવલીમાં ચાતુર્માસ

લાગણી વ્યાપી છે. કચ્છના કોડાય ગામના સુપુત્ર તથા ત્રગડી ગામના ડોઈત્રા તરીકે જાણીતા પ.પૂ.મુનિરાજ નયશેખર મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશને લઈને દેશભરના ગુરુ ભક્તોમાં ભારે ઉમંગ જોવા મળી રહ્યો છે.

આ ભવ્ય પ્રસંગે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કચ્છ, ઉત્તર ગુજરાત, બનાસકાંઠા,સાબરકાંઠા સહિત વિવિધ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ગુરુભક્તો, શ્રાવક- શ્રાવિકાઓ ઉપસ્થિત રહી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશે. સાથે જ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો, વિવિધ જૈન સંઘોના હોદ્દેદારો, સામાજિક તથા રાજકીય આગેવાનો અને પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

ચાતુર્માસ દરમિયાન પ.પૂ. મુનિરાજ ધર્મરત્નચંદ્રજી મ.સા. અને પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબ શ્રી બોરીવલી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ ખાતે બિરાજમાન રહી ધાર્મિક આરાધના, પ્રવચનો, સ્વાધ્યાય તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા જૈન શાસનની પ્રભાવના વધારશે. સમગ્ર જૈન સમાજે આ ઐતિહાસિક અને પાવન ચાતુર્માસ પ્રવેશ મહોત્સવમાં સહપરિવાર ઉપસ્થિત રહી ગુરુ ભગવંતોના દર્શન, વંદન અને આશીર્વાદનો લાભ લેવા આયોજક સંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મુંદરા તાલુકામાં ધાર્મિક સ્થાનો ન તોડવા માંગ કરાઈ

મુંદરા - કચ્છઉદય : મુસ્લિમ હિત રક્ષક સમિતિએ પ્રાંત અધિકારી અને મદદનીશ પોલીસ અધિક્ષક મુન્દ્રા વિભાગને આવેદનપત્ર પાઠવ્યું હતું. મુન્દ્રા શહેર અને તાલુકા હિત રક્ષક સમિતિના હોદ્દેદારો અને આગેવાનો પ્રથમ નાયબ કલેકટર ભગીરથસિંહ ઝાલાને આવેદન પત્ર પાઠવ્યું હતું અને ત્યાર બાદ મુન્દ્રા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ગૌતમ વિવેકાનંદનને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદન પત્રમા કરેલી રજૂઆત મુજબ પોલીસ વિભાગ દ્વારા મુન્દ્રા શહેર તેમજ તાલુકામાં પોલીસ વિભાગ દ્વારા મુસ્લિમ સમાજની વિવિધ દરગાહ અને મસ્જિદો, પેશ ઈમામ, મુતવલીના નામ, મોબાઇલ નંબર, આધારકાર્ડ અને અન્ય વ્યક્તિગત રેકોર્ડ અને અન્ય માહિતી સ્થાનિક પોલીસ દ્વારા માંગવામા આવી રહી છે. સમાજ હંમેશા કાયદો, વ્યવસ્થા અને શાંતિ જાળવવામાં વહીવટી તંત્રને સાથ આપતો આવ્યો છે. કોઈ પણ કાર્યવાહી કરતા પહેલા સ્થાનિક મુસ્લિમ હિત રક્ષક સમિતિના પ્રમુખને સાથે રાખવામાં આવે એવી માગણી કરી હતી. રજૂઆત વેળાએ મુન્દ્રા શહેર અને તાલુકા મુસ્લિમ હિત રક્ષક સમિતિના હોદેદારો તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હરિદ્વારથી હમલા મંજલ યાત્રા કરી આવનારનું સન્માન કરાયું



હરીદ્વાર ઉતરાખંડથી હમલા મંજલ બાવા શ્રી દેવા સાહેબ હરીહર આશ્રમ ખાતે પગપાળા કાવડ લઈને ભરતસિંહ જાડેજા સાથે શત્રુભા જાડેજા રણજિતસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ ઝાલા છેલ્લા ચાલીસ દિવસની યાત્રા કરીને આવે છે તેઓનું સન્માન કરવામાં આવ્યું નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન તથા રોહા સુમરી સરપંચ નિતીનગીરી તથા પૂર્વ સરપંચ ઈન્દ્રજીતસિંહ વાઢેર રામપર વેકરા ગંગાજી ખાતે આવકાયા હતા.

સ્માર્ટ એએસડબલ્યુ હથિયાર ભારતીય નૌસેનામાં સામેલ થવાની તૈયારીમાં અંતિમ વિકાસ પરીક્ષણોની નજીક

નવી દિલ્હી (એજન્સી) : સ્માર્ટ એટલે સુપરસોનિક મિસાઈલ-સહાયિત ટોર્પિડો રિલીઝ સિસ્ટમ. આ એક નવી પેઢીની કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમ છે જે ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવી છે. તેનું કામ દુશ્મન સબમરીનને ખૂબ લાંબા અંતર સુધી મારવાનું છે. સામાન્ય હળવા વજનના ટોર્પિડો માત્ર ૨૦ થી ૪૦ કિલોમીટર સુધી જઈ શકે છે પરંતુ સ્માર્ટ સિસ્ટમ લગભગ ૫૦૦ કિલોમીટર દૂર સુધી સબમરીનને નિશાન બનાવી શકે છે. આ માટે મિસાઈલ હવામાં ઉડીને ટોર્પિડોને નિર્ધારિત જગ્યાએ પેરાશૂટ દ્વારા દરિયામાં છોડે છે.

આ સિસ્ટમમાં બે તબક્કાની સોલિડ પ્રોપલ્શન સિસ્ટમ, ઇલેક્ટ્રો-મિકેનિકલ એક્ચ્યુએટર અને ચોક્કસ ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ લગાવવામાં આવી છે. તેમાં સ્વદેશી હળવા વજનનો ટોર્પિડો શ્યાના પેલોડ તરીકે વપરાય છે. મિસાઈલ દરિયાની સપાટીની નજીક ઉડીને દુશ્મનના રડારથી બચવાનો પ્રયાસ કરે છે અને ડેટાલિંક દ્વારા ઉડાન દરમિયાન પણ લક્ષ્યને અપડેટ કરી શકે છે. ડીઆરડીઓએ ૨૦૨૦ અને ૨૦૨૧ માં ડૉ. એપીજે અબ્દુલ કલામ આઈલેન્ડ ઓડિશાથી સ્માર્ટના સફળ પરીક્ષણો કર્યા હતા. ૨૦૨૩ માં પણ બે ફિલ્ડ ટેસ્ટ થયા જેમાં પેરાશૂટ ખુલવું અને ટોર્પિડો છોડવાની પ્રક્રિયા ચકાસવામાં આવી. ૧ મે ૨૦૨૪ ના રોજ ફરીથી ગ્રાઉન્ડ મોબાઈલ લોન્ચરથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ સિદ્ધિને નૌસેનાની તાકાત વધારનારું પગલું ગણાવ્યું.

હાલમાં સ્માર્ટ વિકાસના અંતિમ તબક્કામાં છે. હવે તેનું પરીક્ષણ યુદ્ધ જહાજ પરથી કરવામાં આવશે અને વાસ્તવિક લક્ષ્ય પર ટોર્પિડો વડે હુમલો કરીને તેની કામગીરી ચકાસવામાં આવશે. અહેવાલો મુજબ લગભગ દોઢ વર્ષમાં જહાજ પર તેની જમાવટ શરૂ થવાની શક્યતા છે અને ત્યારબાદ ભારતીય નૌસેનામાં તેને સામેલ કરવામાં આવશે. ભારતીય મહાસાગર ક્ષેત્રમાં વધતી સબમરીન પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને સ્માર્ટ નૌસેનાની એન્ટિ-સબમરીન યુદ્ધ ક્ષમતાને ઘણી મોટી તાકાત આપશે.

ગુજરાતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'

ગાંધીનગર : ગુજરાતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' ખાદ્ય સુરક્ષાનું એક મજબૂત કવચ બની છે. જૂન ૨૦૨૬ સુધીમાં રાજ્યના ૩.૨૪ કરોડથી વધુ નાગરિકો અને ૭૫.૨૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને ૧૧૭ લાખ મેટ્રિક ટનથી વધુ મફત અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે. ઑનલાઇન વિતરણ વ્યવસ્થા અને આધુનિક ટેક્નોલોજીના પ્રયોગથી ભ્રષ્ટાચાર નાબૂદ કરી પારદર્શિતા લાવવામાં મોટી સફળતા મળી છે.

કોરોનાકાળથી શરૂ થયેલી આ યોજના હેઠળ રાજ્યના ખૂણે-ખૂણે વસતા ગરીબોના ઘર સુધી ૧૧૭.૧૯ લાખ મેટ્રિક ટનથી વધુ મફત અનાજ પહોંચાડીને સરકારે તેમની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરી છે.

આ યોજના અંતર્ગત ઘઉં, ચોખા, ગોળ અને ચણા જેવી આવશ્યક વસ્તુઓ વિનામૂલ્યે મળતાં સામાન્ય પરિવારોને મોટી આર્થિક રાહત મળી છે. અનાજ વિતરણમાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવા પુરવઠા વિભાગ દ્વારા સતત સઘન તપાસ કરવામાં આવે છે. ઈ-પીઓએસ મશીન અને ડિજિટલ પ્રણાલીના કારણે અનાજનો બગાડ તથા કાળાબજાર સંપૂર્ણપણે અટકાવી શકાયા છે તેવું અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રીટાબેન ગોહિલ અને ફૂડ ઈન્સ્પેક્ટર, નાયબ મામલતદાર મનીષાબેન ચરેલ જણાવ્યું હતું.

એટલું જ નહીં, 'વન નેશન વન રેશન કાર્ડ' વ્યવસ્થાથી પ્રવાસી શ્રમિકો દેશના કોઈપણ ખૂણેથી સરળતાથી પોતાનું રેશન મેળવી શકે છે. જે લાભાર્થીઓની આંગળીઓની છાપ મેચ થતી નથી, તેમના માટે રેટિના સ્કેનિંગ જેવી આધુનિક ટેક્નોલોજી અમલમાં મુકાઈ રહી છે. આ પારદર્શક ડિજિટલ વ્યવસ્થા અને મજબૂત ફરિયાદ નિવારણ પોર્ટલ દ્વારા આ યોજનાએ રાજ્યમાં ભૂખમુક્ત અને પોષણયુક્ત સમાજના નિર્માણ તરફ દૃઢ કદમ વધાર્યા છે.

દક્ષિણ સ્પેનમાં જંગલની આગમાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત

નવી દિલ્હી (એજન્સી) : દક્ષિણ સ્પેનના આંદાલુસિયા પ્રદેશના અલ્મેરિયા પ્રાંતમાં લોસ ગાલાર્ડોસ નજીક જંગલમાં આગ ફાટી નીકળી હતી. કટોકટી એજન્સીએ શુક્રવારે સવારે જણાવ્યું કે આગમાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે. પ્રાદેશિક આરોગ્ય અને કટોકટી મંત્રી એન્ટોનિયો સાન્ઝે તેને "આજ સુધીની સૌથી વિનાશક આગ" અને "અભૂતપૂર્વ કરુણાંતિકા" ગણાવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર બેદાર ગામ નજીક કેટલાક લોકો આગમાં ઘેરાયેલી કારમાં ફસાઈ ગયા હતા અને તેમના મોત થયા હતા. શરૂઆતમાં ૬ મોતના અહેવાલ હતા પરંતુ બાદમાં વધુ ૬ મોતની પુષ્ટિ થતાં મૃત્યુઆંક ૧૨ પર પહોંચ્યો. આ આગમાં ૬ લોકો ઘાયલ પણ થયા છે જેમાંથી બેને બળતરા અને ધુમાડો શ્વાસમાં જવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. અન્ય ચાર લોકોને સ્થળ પર જ નાની બળતરા અને શ્વાસની તકલીફ માટે સારવાર આપવામાં આવી.

આગને કાબૂમાં લેવા માટે ૧૫૦થી વધુ અગ્નિશામકોને તૈનાત કરવામાં આવ્યા છે. સલામતીના ભાગરૂપે અનેક પડોશમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા અને ઓછામાં ઓછા ૧૦૦૦ લોકોને સ્થળાંતર કરવું પડ્યું. ગુરુવારે રાત્રે લગભગ ૫૦ લોકોને સાંસ્કૃતિક કેન્દ્રમાં આશ્રય આપવામાં આવ્યો હતો અને વિસ્તારમાં રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા.

આગનું ચોક્કસ કારણ હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. જો કે સ્થાનિક લોકોના કહેવા મુજબ વીજળીનો તાર તૂટી પડવાથી સૂકા ઘાસ અને જંગલમાં આગ લાગી અને તે ઝડપથી ફેલાઈ ગઈ. આ દુર્ઘટના યુરોપમાં ચાલી રહેલી ભયંકર ગરમીના મોજા વચ્ચે બની છે. આંદાલુસિયામાં તાપમાન લગભગ ૪૦ ડિગ્રી સેલ્સિયસ નજીક પહોંચી ગયું છે. મે અને જૂનમાં પડેલી ગરમીને કારણે મોટા વિસ્તારોમાં જમીન સુકાઈ ગઈ છે જેના કારણે આગ લાગવાનું જોખમ વધી ગયું છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાન્ચેઝે પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

ધોળાવીરાના વારસા સાથે કચ્છમાં જોહડ પદ્ધતિથી જળ સુરક્ષા

ભુજ - કચ્છઉદય : જોહડ પદ્ધતિ એ વરસાદી પાણીને રોકીને જમીનમાં ઉતારવાની એક પ્રાચીન અને ઓછા ખર્ચે થતી જળ સંરક્ષણની રીત છે. તેમાં ત્રણ બાજુએ ઉંચા માટીના કિનારા અને એક બાજુ ખુલ્લો ખાડો બનાવવામાં આવે છે જેથી ચોમાસાનું પાણી તેમાં ભેગું થાય અને ધીમે ધીમે ભૂગર્ભમાં ઉતરીને ભૂગર્ભ જળનું સ્તર વધારે. આ પદ્ધતિ માત્ર ભારતની જ નથી પરંતુ મધ્ય પૂર્વની નબાતિયન અને રોમન સંસ્કૃતિઓ, આફ્રિકાના સહેલ પ્રદેશ અને મેક્સિકોમાં પણ સદીઓથી રણ વિસ્તારોમાં વપરાય છે. ભારતમાં રાજસ્થાનના અલવરમાં જોહડના પુનરુજ્જીવનથી ભૂગર્ભ જળ ૬ મીટર વધ્યું અને પાંચ નદીઓ ફરીથી જીવંત થઈ હતી.

કચ્છ માટે આ પદ્ધતિ ખાસ મહત્વ ધરાવે છે કારણ કે અહીં હડપ્પન કાળમાં જ આવું જ્ઞાન અપનાવાયું હતું. વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરામાં ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાં ૧૬ વિશાળ જળાશયો અને પથ્થરના બંધનું નેટવર્ક હતું જે વરસાદનું પાણી સંગ્રહ કરીને શહેર અને ખેતીમાં વાપરતું હતું. આજે કચ્છ ઓછા વરસાદ, દુષ્કાળ અને ખારા ભૂગર્ભ જળથી પીડાય છે. ધોળાવીરાના આ પ્રાચીન મોડેલને આધારે જો દરેક ગામમાં નાના જોહડ અને ચેક ડેમ બનાવવામાં આવે તો નાળાઓનું પાણી દરિયામાં જવાને બદલે જમીનમાં ઉતરી શકે. તેનાથી સિંચાઈ, પશુપાલન અને પીવાના પાણીની સમસ્યા હળવી થશે. ગ્રામ પંચાયતોની ભાગીદારી અને જોહડની આસપાસ વૃક્ષારોપણથી ખારાશ પણ નિયંત્રિત કરી શકાશે. આ રીતે પાંચ હજાર વર્ષ જૂના ધોળાવીરાના જ્ઞાન અને આધુનિક જોહડ પદ્ધતિને જોડીને કચ્છને જળ સુરક્ષિત અને દુષ્કાળ પ્રતિરોધક બનાવી શકાય છે.

ઓમાનના અખાતમાં ભારત તરફ જતા જહાજ પર શંકાસ્પદ ડ્રોન હુમલો - તમામ ક્રૂ સલામત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઓમાનના અખાતમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીક ભારત તરફ જતા એક કતારી એલએનજી જહાજ પર શંકાસ્પદ ડ્રોન હુમલો થયો હતો. આ જહાજ કતારના રાસ લફાનથી ગુજરાતના દહેજ તરફ જઈ રહ્યું હતું. જહાજ પર કુલ ૨૯ ખલાસીઓ હતા જેમાંથી ૪ ભારતીય હતા. હુમલા બાદ જહાજના એન્જિન રૂમમાં આગ લાગી અને ભારે ધુમાડો નીકળ્યો હતો. જોકે કોઈ જાનહાનિ કે પર્યાવરણીય નુકસાન થયું નથી અને તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે. જહાજ હાલ દહેજ તરફ આગળ વધી રહ્યું છે. આ પહેલા મે મહિનામાં પણ ભારતીય ધ્વજવાળા કાર્ગો જહાજ એમએસવી હાજી અલી પર ઓમાનના કિનારે શંકાસ્પદ ડ્રોન હુમલો થયો હતો અને તે ડૂબી ગયું હતું. તે સમયે પણ સોમાલિયાથી શારજાહ જતા આ જહાજના તમામ ૧૪ ભારતીય ક્રૂ સભ્યોને ઓમાની કોસ્ટ ગાર્ડે સુરક્ષિત બચાવી લીધા હતા. વિદેશ મંત્રાલયે આ ઘટનાને અસ્વીકાર્ય ગણાવી હતી અને કહ્યું હતું કે વ્યવસાયિક જહાજો અને નાગરિક ખલાસીઓને નિશાન બનાવવા જોઈએ નહીં.

અરવિંદ કેજરીવાલના ભૂતપૂર્વ નિવાસ "શીશ મહેલ"ને દિલ્હી રાજ્ય ગેસ્ટ હાઉસ અને સાંસ્કૃતિક કેન્દ્રમાં ફેરવાશે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દિલ્હી સરકાર અરવિંદ કેજરીવાલના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નિવાસ ૬ ફ્લેગસ્ટાફ રોડ, સિવિલ લાઇન્સને રાજ્ય ગેસ્ટ હાઉસ અને સાંસ્કૃતિક કેન્દ્રમાં રૂપાંતરિત કરવાની યોજના બનાવી રહી છે. આ બંગલામાં કેજરીવાલ અને તેમનો પરિવાર ૨૦૧૫ થી લગભગ એક દાયકા સુધી રહેતા હતા. ઓક્ટોબર ૨૦૨૪થી આ મકાન ખાલી પડ્યું છે અને હાલમાં લગભગ ૧૦ કર્મચારીઓ તેની જાળવણી કરી રહ્યા છે. નવા પ્રસ્તાવ મુજબ અહીં આધુનિક સુવિધાઓ સાથે ગેસ્ટ હાઉસ બનાવવામાં આવશે જેમાં રહેવા માટેના ઓરડા, પરિષદ ખંડ, ઓડિટોરિયમ, પ્રદર્શન માટેની જગ્યા, પાર્કિંગ અને વેઇટિંગ હોલનો સમાવેશ થશે. સાથે સાથે પરંપરાગત ભોજન પીરસતી કેન્ટીન પણ શરૂ કરવામાં આવશે જે સામાન્ય જનતા માટે ખુલ્લી રહેશે. આ ગેસ્ટ હાઉસનો ઉપયોગ ભારત અને વિદેશથી આવતા મંત્રીઓ, અધિકારીઓ અને મહાનુભાવોને રહેવા માટે ફી લઈને કરવામાં આવશે. દિલ્હી પાસે હાલમાં પોતાનું કોઈ નિયુક્ત રાજ્ય ગેસ્ટ હાઉસ નથી તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બંગલો "શીશ મહેલ" ના નામે ચર્ચામાં રહ્યો હતો કારણ કે તેના નવીનીકરણ દરમિયાન ખર્ચ અને અનિયમितતાના આક્ષેપો થયા હતા. ૨૦૨ માં તકેદારી વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી અને હાલમાં સીબીઆઈ પણ આ મામલાની તપાસ કરી રહી છે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રસ્તાવને અંતિમ મંજૂરી આપવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ટૂંક સમયમાં

વાયોર ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ભારે ઘટ

૪૦ ગામોના કેન્દ્ર સમાન શાળા માત્ર એક જ શિક્ષિકાના ભરોસે : ગ્રામજનો દ્વારા તાળાબંધીની ચીમકી

નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકાના ગરડા પંથકના મુખ્ય મથક એવા વાયોર ગામની ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. વાયોરની આસપાસ આવેલા ઉકીર, વાગોઠ, ફુલાય, ભોવા, વાગાપધર, સારાવાના, વલસરા, ચરોપડી મોટી-નાની, બેર મોટી-નાની, અકરી મોટી, થુમડી, નવાવાસ, વાલાવારીવાઢ, ખારઈ, પખો, કરમટા, પધરવાડી, મોહાડી, ભારાવાઢ, સુખપર, છસરા, ઐડા, જગડીયા, કોષા અને કેરવાઢ સહિતના આશરે ૪૦ જેટલા ગામોના વિદ્યાર્થીઓ માટે આ શાળા એકમાત્ર મુખ્ય કેન્દ્ર છે. શાળામાં ધોરણ ૧૧ અને ૧૨માં આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં કુલ ૫ શિક્ષકોનું મંજૂર થયેલું મહેકમ હોવા છતાં, હાલમાં માત્ર એક જ શિક્ષિકા બહેન આખી શાળાનો કાર્યભાર સંભાળી રહ્યા છે. શાળાના અન્ય એક શિક્ષકને બુટા ગામે ડેપ્યુટેશન એટલે કે વ્યવસ્થાના ભાગરૂપે મોકલી દેવાતા અહીં શિક્ષણ વ્યવસ્થા સાવ ખોરવાઈ ગઈ છે.

આ ગંભીર સમસ્યા અંગે વાયોર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ પ્રભાતસિંહ સતુભા જાડેજા દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારી, અબડાસાના ધારાસભ્ય તેમજ ઉચ્ચ વહીવટી અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ નક્કર નિરાકરણ લાવવામાં આવ્યું નથી. તંત્રની આ ઘોર ઉપેક્ષા સામે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અકરી મોટી ગામના પૂર્વ સરપંચ અને કરમટા ગામના અગ્રણી રાજાભાઈ રબારીએ ઉગ્ર રોષ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં આ સમસ્યાનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવીને શિક્ષકોની ભરતી કરવામાં નહીં આવે, તો આ વિસ્તારના વાલીઓ અને વિદ્યાર્થીઓ ભેગા મળીને શાળાને તાળાબંધી કરશે. આ આંદોલનની સંપૂર્ણ જવાબદારી જિલ્લા શિક્ષણ અધિકારી, સ્થાનિક રાજકીય નેતાઓ, ધારાસભ્ય અને વહીવટી તંત્રની રહેશે.

બીજી તરફ, વાયોર અને તેની આસપાસના વિસ્તારમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, નિરમા સિમેન્ટ, અદાણી સિમેન્ટ અને સુઝલોન પવનચક્કી જેવા મોટા ઔદ્યોગિક એકમો આવેલા છે. આ કંપનીઓએ અહીં પાણીના ભાવે જમીનો મેળવીને પોતાનો ઉદ્યોગિક વિકાસ ખૂબ ઝડપથી કર્યો છે, પરંતુ સ્થાનિક સ્તરે સામાજિક જવાબદારી નિભાવવામાં તેઓ સાવ નિષ્ફળ નીવડ્યા છે. વિદ્યાર્થીઓના વાલીઓએ આક્ષેપ કર્યો છે કે આટલી મોટી કંપનીઓ કાર્યરત હોવા છતાં આ વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે ઉદ્યોગોની કામગીરી તદ્દન નબળી છે. ⌈

બલ્કુલ નજીક આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા પણ શિક્ષણ ક્ષેત્રે કોઈ જ સહયોગ મળતો નથી. સ્થાનિક ઉદ્યોગોની એ નૈતિક જવાબદારી બને છે કે તેઓ આસપાસના ગામોમાં રોજગાર, આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ વિકસાવવામાં મદદ કરે, પરંતુ કંપનીઓ પોતાની આ જવાબદારીઓમાંથી છટકબારી શોધી રહી છે. ગ્રામજનોએ છેલ્લી ચેતવણી આપતા માગ કરી છે કે યુદ્ધના ધોરણે વાયોરની હાઈસ્કૂલમાં ઘટતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે, અન્યથા કોઈપણ સમયે શાળા બંધ કરાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

ભુજની પીસીવી મહેતા હાઈસ્કૂલમાં "જાહેરમાં બોલવાની કળા" વિષયક વ્યાખ્યાન યોજાયું

વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ અને અસરકારક અભિવ્યક્તિ કેળવવાના હેતુથી કરાયું આયોજન

ભુજ : પી.સી.વી. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ, ભુજ ખાતે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ અને અસરકારક અભિવ્યક્તિનો વિકાસ થાય તેવા હેતુથી "જાહેરમાં બોલવાની કળા" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આકાશવાણીના જાણીતા વક્તા, નાટ્ય કલાકાર તેમજ છેલ્લા ૩૫ વર્ષથી રંગભૂમિ સાથે સંકળાયેલા અને આશરે ૨૦૦૦ જેટલા શેરી નાટકો દ્વારા સામાજિક જાગૃતિના કાર્યમાં સક્રિય મનોજભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ડો. ચેતનભાઈ આઈ. બારમેડાના માર્ગદર્શન હેઠળ બી.એડ.ના તાલીમાર્થીઓ પરિતા પાતળિયા, જાનવી ગેડિયા, નંદનીબા જાડેજા અને મગી રબારી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના શિક્ષકો રમેશભાઈ મતિયા, દિનેશભાઈ પાનસરા અને દુષ્યંતભાઈ વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટી વાડીલાલભાઈ સાવલા, પંકજભાઈ મહેતા, સંદીપભાઈ દોશી, હશ્મિબેન દોશી તથા જયભાઈ મહેતાએ કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન બી.એડ.ના તાલીમાર્થીઓ તથા આચાર્ય ડો. ચેતનભાઈ આઈ. બારમેડાએ મુખ્ય વક્તા મનોજભાઈ સોનીને પ્રતીકચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા. પોતાના ઉદ્બોધનમાં મનોજભાઈ સોનીએ વિદ્યાર્થીઓને મંચ પર બોલતી વખતે અનુભવાતી ગભરામણ દૂર કરવાના ઉપાયો, આત્મવિશ્વાસ વધારવાની રીતો, અસરકારક રજૂઆત, અવાજનો યોગ્ય ઉપયોગ, શરીરની ભાષા તથા સંવાદ કૌશલ્ય વિશે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જીવનમાં સફળતા મેળવવા માટે વક્તૃત્વ કળા અત્યંત મહત્વપૂર્ણ છે અને તેના વિકાસથી વ્યક્તિત્વમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવે છે. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય ડો. ચેતનભાઈ આઈ. બારમેડાએ સમગ્ર શાળા પરિવાર વતી મુખ્ય વક્તા મનોજભાઈ સોનીનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક બન્યો હતો.

સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ દ્વારા યાત્રા પ્રવાસનું કરાયું આયોજન

ભુજ - કચ્છઉદય : સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ દ્વારા યાત્રા પ્રવાસનું આયોજન કરાયું હતું. સવારે સંસ્થાના પ્રમુખ શશીકાંત ક્કર, ઉપપ્રમુખ રાજેન્દ્ર પુરોહિત, કોષાધ્યક્ષ જયેન્દ્રસિંહ બી. જાડેજા, ઓડીટર સબીકાબીબી પીર, ચંદ્રકાન્ત જેઠી, એ.આર. જુમાણી, ઘનુભા મકવાણા, કિરીટસિંહ જાડેજા, કોકીલાબેન મહેતા, પ્રદિપ જોષી, બકુલભાઈ મહેતા તેમજ સભ્યોએ માતાજીની જયઘોષ બોલાવી પ્રમુખે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. એસી લક્ઝરી બસ મારફતે ૫૬ સીટર સભ્યો રામપર (વેકરા), રતાડિયા (માતાજીના), અંબેધામ ગોધરા, ભૃગુ આશ્રમ - ધ્રબુડી, રાવળપીર તેમજ માંડવી દરિયા કિનારે હરવા-ફરવા તથા દર્શનનો લાભ લીધો હતો. આ પ્રવાસના આયોજનનમાં હોદ્દેદારો તેમજ સર્વે સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ઘનુભા મકવાણાએ શરૂઆતમાં ચા-નાસ્તાની સેવા આપી હતી.

ગ્લોબલ એનર્જી ઇન્ડિપેન્ડન્સ ડે

ભારતની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં ગુજરાતનો ફાળો ૧૭.૮૨%, સ્થાપિત ક્ષમતા ૫૦.૩૮૬ ગીગાવોટ સુધી પહોંચી

રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય : કુલ સ્થાપિત ક્ષમતામાં ૧૫,૮૫૦.૫૬ મેગાવોટ પવન ઊર્જા અને ૩૨,૩૦૨.૭ મેગાવોટ સૌર ઊર્જાનો સમાવેશ : રૂફટોપ સોલારમાં પણ રાજ્યનો દબદબો : ૧૩.૪૫ લાખથી વધુ ઇન્સ્ટોલેશન દ્વારા ૭,૪૦૮.૧૦ મેગાવોટ વીજ ઉત્પાદન થાય છે : પવન ઊર્જા સ્થાપિત ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ, જ્યારે સૌર સ્થાપિત ક્ષમતામાં બીજા ક્રમે : રાજ્યમાં નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રના વિકાસથી અંદાજે ૨.૩૭ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન :

ગાંધીનગર - કચ્છઉદય : દર વર્ષે ૧૦ જુલાઈએ ગ્લોબલ એનર્જી ઇન્ડિપેન્ડન્સ ડે એટલે કે 'વૈશ્વિક ઊર્જા સ્વાવલંબન દિવસ' ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડીને સ્વચ્છ અને ટકાઉ ઊર્જા આધારિત ભવિષ્યનું નિર્માણ કરવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. એટલું જ નહીં, પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની ૫૦ ટકા વીજળી નવીનીકરણીય ઊર્જા સ્રોતોમાંથી મેળવવાનો સંકલ્પ પણ કર્યો છે. આ રાષ્ટ્રીય લક્ષ્યને અનુસરીને ગુજરાત પવન, સૌર અને રૂફટોપ સોલાર ઊર્જા ક્ષેત્રે દેશમાં અગ્રેસર રાજ્ય બન્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યની કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ૫૦.૩૮૬ ગીગાવોટ સુધી પહોંચી છે, જે દેશની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં સૌથી વધુ ૧૭.૮૨ ટકા ફાળો ધરાવે છે. કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા તેમજ સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા (૧૫,૮૫૦.૫૬ મેગાવોટ)માં પણ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. આ ઉપરાંત, સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા (૩૨,૩૦૨.૭ મેગાવોટ)માં રાજ્ય બીજા ક્રમે છે, જ્યારે ૧૩.૪૫ લાખથી વધુ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન અને ૭,૪૦૮.૧૦ મેગાવોટ ક્ષમતા સાથે રૂફટોપ સોલાર ક્ષેત્રે પણ દેશમાં પ્રથમ ક્રમે છે.

સૌર ઊર્જા ક્ષેત્રે ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. મે ૨૦૨૬ સુધીમાં રાજ્યની કુલ સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા ૩૨,૩૦૨.૭ મેગાવોટ સુધી પહોંચી છે. તેમાં ૨૩,૨૫૯.૨૭ મેગાવોટ ગ્રાઉન્ડ - માઉન્ટેડ પ્રોજેક્ટ્સ, ૭,૪૦૮.૧૦ મેગાવોટ રૂફટોપ સોલાર, ૧,૪૩૪.૬૬ મેગાવોટ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ તથા ૨૦૦.૪૮ મેગાવોટ ઓફ - ગ્રીડ સિસ્ટમ્સ (પીએમ - કુસુમ યોજના સહિત)નો સમાવેશ થાય છે.

રાજ્યના મુખ્ય સોલાર પાર્કમાં ચારણકા (૭૪૯ મેગાવોટ), રાધાનેસડા (૭૦૦ મેગાવોટ) અને ધોલેરા (૩૦૦ મેગાવોટ)નો સમાવેશ થાય છે. તો કચ્છનો ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક ૩૭.૩૫ ગીગાવોટની આયોજિત ક્ષમતા સાથે વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્રોજેક્ટ છે, જ્યાં મે ૨૦૨૬ સુધીમાં અહીં ૧૫.૫૪ ગીગાવોટ ક્ષમતા નોંધાઈ છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૬થી ગુજરાત સરકારે રહેણાંક રૂફટોપ સોલારને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. પીએમ સૂર્ય ઘર યોજના શરૂ થયા બાદ પણ આ પ્રયાસો સતત ચાલુ રાખવામાં આવ્યા છે. પરિણામે, રહેણાંક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં રાજ્યમાં ૧૩ લાખથી વધુ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલ થયા છે અને દેશના કુલ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનમાં ગુજરાતનો ફાળો ૨૧ ટકાથી વધુ નોંધાયો છે. ખેતી ક્ષેત્રે પણ પીએમ-કુસુમ યોજનાના કોમ્પોનેન્ટ-બી હેઠળ મે ૨૦૨૬ સુધીમાં ૨૨,૭૯૨ સ્વતંત્ર ઓફ-ગ્રીડ સોલાર વોટર પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેની કુલ ક્ષમતા ૧૬૨.૬૨ મેગાવોટ છે.

દેશની પ્રથમ વિંડ પાવર પોલિસી જાહેર કરનાર ગુજરાત પવન ઊર્જા ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે. મે ૨૦૨૬ સુધીમાં રાજ્યની સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા ૧૫,૮૫૦.૫૬ મેગાવોટ સુધી પહોંચી છે, જેમાં કચ્છનો ફાળો સૌથી વધુ ૮,૧૯૧.૪૨ મેગાવોટ છે. આ ઉપરાંત, જામનગર (૧,૯૮૬.૧૫ મેગાવોટ), દેવભૂમિ દ્વારકા (૧,૩૪૩.૨૪ મેગાવોટ), અમરેલી (૯૯૨.૯૦ મેગાવોટ), રાજકોટ (૮૬૯.૬૦ મેગાવોટ), ભાવનગર (૬૨૬.૨૦ મેગાવોટ), મોરબી (૬૧૨.૧૦ મેગાવોટ), સુરેન્દ્રનગર (૫૦૦.૬૦ મેગાવોટ) અને પાટણ (૨૦૮.૨૦ મેગાવોટ) જિલ્લાઓનો પણ નોંધપાત્ર ફાળો છે. રાજ્યએ ૨૦૧૮ હાઈબ્રિડ પોલિસી અને ગુજરાત આરઈ પોલિસી-૨૦૨૩ હેઠળ ૨,૮૩૮.૦૭ મેગાવોટના વિંડ-સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ પણ શરૂ કર્યા છે. પવન ઊર્જા પ્રોજેક્ટ્સ માટે ૮૦ ટકાથી વધુ ટર્બાઈન સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર સ્થાપિત કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારે 'અક્ષય ઊર્જા સેતુ' ઓનલાઈન પોર્ટલ દ્વારા ગ્રીડ કનેક્ટિવિટી માટે એક પારદર્શક અને સરળ વ્યવસ્થા ઊભી કરી છે, જેના કારણે પ્રોજેક્ટના અમલીકરણને વેગ મળ્યો છે. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રના વિકાસથી રાજ્યમાં અંદાજે ૨.૩૭ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે.

ગુજરાત આજે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે અગ્રણી રાજ્ય બન્યું છે તેમાં રાજ્ય સરકારની સુદ્રઢ નીતિઓનો નોંધપાત્ર ફાળો છે. વર્ષ ૧૯૯૩માં દેશની પ્રથમ વિંડ પાવર પોલિસી જાહેર કર્યા બાદ ગુજરાતે ૨૦૦૯, ૨૦૧૫ અને ૨૦૨૧ની સૌર ઊર્જા નીતિ, વર્ષ ૨૦૧૬ની વેસ્ટ-ટુ-એનર્જી અને સ્મોલ હાઈડલ નીતિ તથા વર્ષ ૨૦૧૮ની વિંડ-સોલાર હાઈબ્રિડ પોલિસી સહિત અનેક મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકી છે.

વર્ષ ૨૦૨૨ની સુધારાયેલી વેસ્ટ-ટુ-એનર્જી નીતિ અને ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫થી ૩૧ ડિસેમ્બર, ૨૦૩૦ સુધી અમલમાં રહેનારી ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૫ દ્વારા સૌર, પવન, હાઈબ્રિડ, વિકેન્દ્રિત પ્રોજેક્ટ્સ અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (ઈજીજી) માટે એકીકૃત નીતિગત માળખું ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩ની નીતિ દ્વારા ક્ષમતાની મર્યાદા દૂર કરી તમામ પ્રકારના પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૨૦૨૫ની નીતિ હેઠળ વિકેન્દ્રિત નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સને વેગ આપવા, ગ્રીડ કનેક્ટિવિટી સરળ બનાવવા, જૂના પવન ઊર્જા પ્રોજેક્ટ્સના રીપાવરિંગ, બેટરી સ્ટોરેજના એકીકરણ, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, નવીનીકરણીય ઊર્જાના ઉત્પાદન અને રિસાયકિલંગ, ગ્રુપ તથા વર્ચ્યુઅલ નેટ મીટરિંગ, કૃષિ અને રૂફટોપ સોલાર તેમજ ગ્રીન જોબ્સ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

ગુજરાત નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે સતત નવા સીમાચિહ્નો સર કરી રહ્યું છે. મે ૨૦૨૬ સુધીમાં રાજ્યમાં કુલ ૧,૫૩૧ નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. તેમાં ૧,૩૨૦ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ (૩.૩૭૭ ગીગાવોટ), ૧૧૫ પવન ઊર્જા પ્રોજેક્ટ્સ (૩.૯૧૩ ગીગાવોટ) અને ૯૬ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ (૪.૮૬૯ ગીગાવોટ)નો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં આયોજિત રી-ઈન્વેસ્ટ ૨૦૨૪ દરમિયાન ગુજરાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૫ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા હાંસલ કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યો છે, જે ભારતના ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઊર્જા ક્ષમતાના રાષ્ટ્રીય લક્ષ્યમાં આશરે ૨૦ ટકા ફાળો આપશે.

બાળસાહિત્યના રંગે રંગાયું મા આશાપુરા વિદ્યા સંકુલ

વાર્તા, કાવ્યો અને બાળગીતોની રજૂઆતથી વિદ્યાર્થીઓમાં વાંચન, કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો સંચાર

ભુજ - કચ્છઉદય : બાળકોમાં વાંચન પ્રત્યે રુચિ કેળવવા, ભાષાકૌશલ્ય વિકસાવવા અને સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા માટે ભુજના મા આશાપુરા વિદ્યા સંકુલ ખાતે બાળસાહિત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 'વાર્તા વિહાર' અને 'કાવ્ય નિર્ઝરી' ભુજની સાહિત્યિક સંસ્થાના સભ્યોએ ઉપસ્થિત રહી પોતાની સ્વરચિત બાળવાર્તાઓ, કાવ્યો અને બાળગીતોની રજૂઆત કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સાહિત્યની વિવિધ અભિવ્યક્તિઓનો આનંદ માણ્યો હતો.

ગુજરાતી અને અંગ્રેજી પ્રાથમિક શાળાના આચાર્યા હર્ષાબેન જોશી તેમજ બી.એડ. કોલેજના આચાર્યા ડો. પલ્લવીબેન શાહના સહયોગથી ધોરણ ૩, ૪ અને ૫ના વિદ્યાર્થીઓ માટે આ વિશેષ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. બાળમનમાં સંસ્કાર, સંવેદના અને કલ્પનાશક્તિનું સિંચન થાય તેવા ઉદ્દેશ સાથે યોજાયેલા કાર્યક્રમમાં સાહિત્યકારોએ બાળસહજ ભાષામાં રચાયેલ કૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે મનોરંજન પણ પૂરું પાડ્યું હતું.

કાવ્ય નિર્ઝરીના પ્રમુખ પુષ્પાબેન વૈદ્યએ સ્વરચિત બાળવાર્તા રજૂ કરીને બાળકોને રસપ્રદ કથાવસ્તુ સાથે મૂલ્યનિષ્ઠ જીવનનો સંદેશ આપ્યો હતો. રૂપલબેન મહેતાએ 'બિલાડીના બચ્ચાં' જેવા વિષયને કેન્દ્રમાં રાખી બાળગીતોની મધુર રજૂઆત કરી હતી, જેને વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદથી માણી હતી. પ્રતિમાબેન સોનપાલ, ડો. પલ્લવીબેન શાહ અને ધરતીબેન શર્માએ પણ વિવિધ બાળગીતો અને કાવ્યરચનાઓ રજૂ કરી બાળકોમાં સાહિત્ય પ્રત્યેનો લગાવ વધારવાનો પ્રયાસ કર્યો હતો.

આરતીબેન જોશી અને અરૂણાબેન ઠક્કરે બાળવાર્તાઓ દ્વારા બાળકોને કલ્પનાના વિશ્વમાં લઈ જઈ શિક્ષણ સાથે જીવનમૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. દીક્ષિતાબેન વોરાએ 'ચારણ કન્યા'ની ભાવસભર રજૂઆત કરીને સમગ્ર કાર્યક્રમમાં સાહિત્યિક ગૌરવનો ઉમેરો કર્યો હતો. દરેક રજૂઆત દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને પ્રતિસાદ જોવા મળ્યો હતો, જે કાર્યક્રમની સફળતાનો પરિચાયક બન્યો હતો.

વક્તાઓએ જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં બાળકોને પુસ્તકો અને સાહિત્ય સાથે જોડવાની જરૂરિયાત વધી રહી છે. બાળસાહિત્ય માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ બાળકના વ્યક્તિત્વ ઘડતર, ભાષા વિકાસ, વિચારશક્તિ અને સંસ્કાર નિર્માણનું અસરકારક માધ્યમ છે. આવા કાર્યક્રમો બાળકોમાં વાંચનની ટેવ વિકસાવી તેમની અંદર રહેલી સર્જનાત્મક શક્તિઓને બહાર લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમના અંતે સંસ્થાના પ્રમુખ હકૂમતસિંહ જાડેજા, ઉપપ્રમુખ પુષ્પદાનભાઈ ગઢવી, મેનેજિંગ ટ્રસ્ટી રાજેન્દ્રસિંહ જાડેજા તથા રશ્મિનભાઈએ કાર્યક્રમમાં સહભાગી બનેલા તમામ સાહિત્યકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. રમીલાબેન મહેતાએ ભવિષ્યમાં પણ શાળાઓમાં આવા બાળસાહિત્ય આધારિત કાર્યક્રમોનું આયોજન કરીને બાળકોને ગુજરાતી ભાષા અને સાહિત્ય સાથે વધુ નજીકથી જોડવા આહ્વાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ જ્ઞાન, સંસ્કાર અને મનોરંજનનો સુંદર સમન્વય સાબિત થયો હતો. વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ યાદગાર અનુભવ બની રહ્યો હતો અને બાળસાહિત્ય પ્રત્યે નવી જિજ્ઞાસા તથા રસ જાગૃત કરવામાં સફળ રહ્યો હતો.

નાના રતાડિયામાં શ્રીપીઠ આશાપુરા માતાજી મંદિરના જીર્ણોદ્ધારનો શિલાન્યાસ ૧૨મીએ

સંતશ્રી કલ્યાણાનંદગિરિજીના સાનિધ્યમાં યોજાશે ધાર્મિક સમારોહ : પૂર્વ સંધ્યાએ રાસગરબા અને શ્રીયંત્ર પૂજન

માંડવી - કચ્છઉદય : તાલુકાના નાના રતાડિયા ગામે આવેલ શ્રીપીઠ આશાપુરા માતાજી મંદિરના સંપૂર્ણ જીર્ણોદ્ધાર કાર્યનો પ્રારંભ આગામી ૧૨ જુલાઈ, રવિવારના રોજ ભવ્ય શિલાન્યાસવિધિ સાથે કરવામાં આવશે. મંદિરના પુનઃનિર્માણ અને વિકાસ માટે યોજાનારા આ ધાર્મિક પ્રસંગને લઈને સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

ગિરિજાદત્ત ગિરિજી મહારાજની પવિત્ર તપોભૂમિ તરીકે જાણીતા શ્રીપીઠ આશાપુરા માતાજી મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય સંતશ્રી કલ્યાણાનંદગિરિજી મહારાજની દોરવણી હેઠળ હાથ ધરવામાં આવી રહ્યું છે. મંદિરના નવસર્જન માટે ગં. સ્વ. માતા મંજુલાબેન મણિશંકર પેથાણી પરિવાર દ્વારા સંપૂર્ણ જીર્ણોદ્ધારનો લાભ લેવામાં આવ્યો છે.

આ પ્રસંગે ૧૨ જુલાઈએ સવારે ૯ વાગ્યે સંતમંડળની પાવન નિશ્રામાં સર્વાંગી દાતા પરિવારના અનિલકુમાર મણિશંકર પેથાણી (દુબઈ)ના હસ્તે શિલાન્યાસવિધિ યોજાશે. કાર્યક્રમ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર, પૂજન-અર્ચન અને ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવશે. મોટી સંખ્યામાં ભક્તજનો, આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

શિલાન્યાસ સમારોહના પૂર્વ દિવસે એટલે કે ૧૧ જુલાઈ, શનિવારે સાંજે ૬ વાગ્યે મંદિર પરિસરમાં શ્રીયંત્ર પૂજન અને રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિમય સંગીત અને માતાજીના જયઘોષ વચ્ચે યોજાનારા આ કાર્યક્રમમાં ગામ તેમજ આસપાસના વિસ્તારોના શ્રદ્ધાળુઓ ઉત્સાહપૂર્વક જોડાશે.

શ્રીપીઠ આશાપુરા માતાજી મંદિર કચ્છના આસ્થાળુઓ માટે વિશેષ શ્રદ્ધાનું કેન્દ્ર માનવામાં આવે છે. મંદિરના જીર્ણોદ્ધાર બાદ પરિસરને વધુ ભવ્ય અને સુવિધાસભર બનાવવાની યોજના છે, જેથી ભાવિકોને વધુ સારી ધાર્મિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે. આયોજકોએ તમામ ભક્તોને શિલાન્યાસ સમારોહ અને અનુસંગિક ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપી ધર્મલાભ લેવા અપીલ કરી છે.

પ્રાકૃતિક કૃષિ થકી જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં થાય છે વધારો

ભુજ - કચ્છ ઉદય : ધરતી માતાનાં રક્ષણ અને સંવર્ધન માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જમીનને જીવંત બનાવવા અને ફળદ્રુપતા વધારવા પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના નાગરિકોને આહ્વાન કર્યું છે. પ્રાકૃતિક કૃષિથી અનેક લાભ થાય છે. જમીન ફળદ્રુપ થતા જળ સ્તર ઉપર આવે જેથી સિંચાઈમાં પણ લાભ થાય, તથા પ્રકૃતિનાં જતનથી જમીન તથા આપણું બંનેનું સ્વાસ્થ્ય સારું રહે છે.

રસાયણોથી ભરપૂર ખાતર જમીનનાં સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોય છે. બીજું કે આ પદ્ધતિ ખર્ચાળ તો છે જ સાથોસાથ તેનાથી લોકોનાં સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચી રહ્યું છે તેની સામે પ્રકૃતિનાં જતનનાં ધ્યેય સાથે પ્રાકૃતિક કૃષિ તમામ બાબતોમાં શ્રેષ્ઠ છે. નિરોગીમય જીવનની ચાવી એવી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ થકી ઉત્પાદિત થતાં અનાજ-ફળ-શાકભાજી સહિતનાં ખેતપેદાશોને મોટું માર્કેટ મળી રહ્યું છે. લોકો કુદરતી રીતે ઉગાડેલા ઉત્પાદનો માટે વધુ ભાવ આપવા પણ તૈયાર થઈ રહ્યાં છે જેથી આ પદ્ધતિ અપનાવતા ખેડૂતોને સારો બજારભાવ મળી રહ્યો છે.

દેશી ગાયના એક ગ્રામ છાણમાં કરોડો સૂક્ષ્મ જીવાણુંઓ હોય છે. પ્રાકૃતિક કૃષિ એ

ફ્રાન્સની સેમિફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી

ફીફા વર્લ્ડકપ ૨૦૨૬

ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં મોરોક્કોને ૨-૦થી હરાવ્યું : એમ્બાપ્પે-ડેમ્બેલે છવાયા

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં ફ્રાન્સે મોરોક્કોને ૨-૦થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશી લીધો છે. ગુરુવારે રમાયેલી આ રોમાંચક મેચમાં ફ્રાન્સ તરફથી સ્ટાર ફૂટબોલર કિલિયન એમબાપ્પે અને ઉસ્માન ડેમ્બેલેએ શાનદાર ગોલ કરીને ટીમને જીત અપાવી હતી. આ જીત સાથે ફ્રાન્સ હવે મંગળવારે ડલાસ ખાતે રમાનારી સેમિફાઈનલમાં સ્પેન અથવા બેલ્જિયમ સામે ટકરાશે.

વર્ષ ૨૦૨૨ના કતાર વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પણ ફ્રાન્સે મોરોક્કોને આ જ સ્કોરથી હરાવ્યું હતું અને હવે તે સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઈનલ રમવા તરફ આગળ વધી રહ્યું છે. મેચની શરૂઆતથી જ ફ્રાન્સની ટીમ મોરોક્કો પર સંપૂર્ણપણે હાવી રહી હતી. ફ્રાન્સે ગોલ પોસ્ટ તરફ કુલ ૨૧ શોટ માર્યા હતા, જ્યારે મોરોક્કો માત્ર ૪ શોટ જ મારી શક્યું હતું. મેચના ૨૫મી મિનિટે મોરોક્કોના ડિફેન્ડર નુસૈર મજરાઉઈએ બોક્સની અંદર એમબાપ્પેને પાડી દેતા રેફરીએ પેનલ્ટી આપી હતી. જોકે, ૨૮મી મિનિટે એમબાપ્પે દ્વારા લેવાયેલા પેનલ્ટી શૉટને મોરોક્કોના ગોલકીપર યાસીન બોનોએ શાનદાર રીતે બચાવી લીધો હતો. આ ભૂલ બાદ એમબાપ્પેએ શાનદાર વાપસી કરી અને મેચની ૬૦મી મિનિટે એક અદભુત ગોલ ડાબ્યો હતો. આ ગોલ તેના વર્લ્ડ કપ કરિયરનો ૨૦મો ગોલ હતો, જેની સાથે તે આર્જેન્ટિનાના લિઓનલ મેસીના રેકોર્ડથી માત્ર એક ગોલ પાછળ રહી ગયો છે. ફ્રાન્સનો બીજો ગોલ મેચની ૬૬મી મિનિટે આવ્યો હતો, જ્યારે એમબાપ્પેએ ચપળતાપૂર્વક ડિફેન્ડરોને પોતાની તરફ ખેંચીને બોલ ઉસ્માન ડેમ્બેલે તરફ પાસ કર્યો હતો. ડેમ્બેલેએ આ તકનો ફાયદો ઉઠાવીને ટૂર્નામેન્ટનો પોતાનો પાંચમો ગોલ કર્યો અને ફ્રાન્સની જીત પાકી કરી દીધી હતી.

મોરોક્કોની હાર થતા લંડનમાં હિંસા ભડકી, ચાહકો રસ્તા પર ઉતરી આવ્યાં

(એજન્સી દ્વારા) લંડનઃ ફિફા વર્લ્ડ કપ પણ હિંસાનું કારણ બની શકે છે. ફ્રાન્સ અને મોરોક્કો વચ્ચેની મેચમાં ફ્રાન્સે મોરોક્કોને ૨-૦થી હરાવ્યું અને સેમીફાઈનલમાં પોતાનું સ્થાન લઈ લીધું હતું. આ દરમિયાન ફ્રાન્સની જીત બાદ ફ્રાન્સની રાજધાની પેરિસમાં તો શાંતિપૂર્ણ રીતે ઉજવણી થઈ હતી. પરંતુ લંડનમાં મોટી હિંસા ફાટી નીકળી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. લંડનમાં ફુટબોલ ચાહકો વચ્ચે મારામારી થઈ હોવાના અહેવાલો મળ્યાં છે. આ દરમિયાન સ્થિતિ કાબૂ બહાર જતી રહી હતી. લંડનની સ્થિતિને ધ્યાનમાં રાખે પેરિસમાં પણ સુરક્ષાદળો તૈનાત કરી દેવામાં આવ્યાં છે. પેરિસમાં તો ચાહકો શાંત રહ્યાં પરંતુ લંડનમાં ચાહકો સુરક્ષાદળોના કાબૂમાં રહી શક્યા નહીં! આ હિંસા દરમિયાન લંડનમાં એક પોલીસ અધિકારી ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. આ હિંસાના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ પણ થઈ રહ્યાં છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, મેચ દરમિયાન હિંસા થશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

ચોથી ટી૨૦માં પણ ટીમ ઈન્ડિયાની શરણાગતિ, ઈંગ્લેન્ડે ૯ વિકેટે કચડીને સિરીઝ પર કર્યો કબજો

(એજન્સી દ્વારા)

લંડન : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી ટી૨૦ મેચમાં પણ ભારતીય ટીમનો શરમજનક પરાજય થયો છે. બ્રિસ્ટલ ખાતે રમાયેલા આ મુકાબલામાં ઈંગ્લેન્ડે ભારતને ૯ વિકેટે હરાવીને ૫ મેચની સિરીઝમાં ૩-૦ની અજેય લીડ મેળવી લીધી છે. સિરીઝ જીતવાની કે ડ્રો કરવાની આશા સાથે મેદાન પર ઉતરેલી ભારતીય ટીમ ટોપ ઓર્ડરની નિષ્ફળતા અને નબળી બોલિંગને કારણે મેચ ગુમાવી બેઠી હતી. ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં રમાયેલી પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ હતી, જ્યારે બાકીની ત્રણેય મેચો જીતીને ઈંગ્લેન્ડે શ્રેણી પોતાના નામે કરી લીધી છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ફરી એકવાર ખરાબ રહી હતી. ઓપનર વૈભવ સૂર્યવંશી ૧૫ રન અને ઈશાન કિશન ૪ રન બનાવીને સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જોકે, કેપ્ટન શ્રેયસ અય્યરે મોરચો સંભાળ્યો હતો અને ૪૯ બોલમાં ૮૦ રનની શાનદાર અણનમ ઈનિંગ રમી હતી. તેને શિવમ દુબે (૨૨) નો થોડો સાથ મળ્યો હતો, જેના કારણે ભારતે ૭ વિકેટે ૧૫૮ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી જોશ ટંગ અને જોફ્રા આર્ચરે ૨-૨ વિકેટ લીધી હતી.

૧૫૯ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમે ભારતીય બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. જોકે, ત્રીજી ઓવરમાં અર્શદીપ સિંહે જોસ બટલરને ૮ રને આઉટ કરીને ભારતને પહેલી સફળતા અપાવી હતી, પરંતુ તે પછી ભારતીય બોલરો એક પણ વિકેટ ઝડપી શક્યા નહોતા. ઈંગ્લેન્ડના કાર્યવાહક કેપ્ટન હેરી બ્રૂકે માત્ર ૩૫ બોલમાં ૭૯ રનની અને ઓપનર ફિલ સોલ્ટે ૪૨ બોલમાં ૫૯ રનની તોફાની અણનમ ઈનિંગ રમીને પોતાની ટીમને ૧૪.૧ ઓવરમાં જ જીત અપાવી દીધી હતી. હવે સિરીઝની છેલ્લી મેચ સાઉથમ્પટનમાં રમાશે.

‘ભારતને હરાવવાની મજા જ અલગ છે...’, ઈંગ્લેન્ડનો કેપ્ટન હેરી બ્રૂક

(એજન્સી દ્વારા) લંડન : ભારતીય ક્રિકેટ ટીમ સામેની પાંચ મેચોની ટી૨૦ ઈન્ટરનેશનલ સિરીઝમાં ઈંગ્લેન્ડે ૩-૦થી અજેય લીડ મેળવીને સિરીઝ પર કબજો કરી લીધો છે. ત્રીજી ટી૨૦ મેચમાં માત્ર ૩૫ બોલમાં ૭૯ રનની તોફાની ઈનિંગ રમીને પોતાની ટીમને જીત અપાવનાર ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકને ‘પ્લેયર ઓફ ધ મેચ‘ જાહેર કરવામાં આવ્યા હતા. આ શાનદાર જીત અને સિરીઝ કબજે કર્યા બાદ કેપ્ટન હેરી બ્રૂક ખૂબ જ ઉત્સાહિત દેખાયા હતા અને તેમણે મેચ બાદ ટીમ ઈન્ડિયાને હરાવવા અંગે એક મોટું નિવેદન આપ્યું હતું. મેચ બાદ વાતચીત કરતા કેપ્ટન હેરી બ્રૂકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, “હા, આજે રાત્રે મેચ રમવાની ખૂબ મજા આવી. ભારતને હરાવવું હંમેશા ખૂબ જ સારું લાગે છે, કારણ કે તેઓ ઘણા વર્ષોથી એક અત્યંત મજબૂત ટીમ રહ્યા છે. સિરીઝમાં હજી એક મેચ બાકી છે અને તે પહેલાં જ અમે ભારતને ૩-૦થી હરાવી દીધું છે, જેનાથી અમારી ટીમ ખૂબ જ ખુશ છે.” પોતાની બેટિંગ વિશે વાત કરતા બ્રૂકે કહ્યું કે કોચ સાથેની વાતચીતથી તેમને પિચ પર બોલને ક્યાં ફટકારવો તેની મદદ મળી અને તેમણે પિચની ગતિ (પેસ)નો યોગ્ય ઉપયોગ કર્યો હતો. જ્યારે હેરી બ્રૂકને પૂછવામાં આવ્યું કે જો ઈંગ્લેન્ડ ભારતને ૪-૦થી હરાવશે તો તે દુનિયાની નંબર વન ટી૨૦ ટીમ બની શકે છે, ત્યારે તેમણે હસતાં હસતાં સ્વીકાર્યું કે, “જો હું સાચું કહું તો, દુનિયાની નંબર વન ટીમ બનવું ખૂબ જ શાનદાર હશે.

‘ટીમ હારે તો વ્યક્તિગત ઉપલબ્ધિનું કોઈ મહત્ત્વ નથી..’, શ્રેયસનું દર્દ છલકાયું

(એજન્સી દ્વારા) લંડન : બ્રિસ્ટલ ખાતે રમાયેલી ટી૨૦ મેચમાં ઈંગ્લેન્ડ સામે ૯ વિકેટે કરારી હારનો સામનો કર્યા બાદ ભારતીય ટીમ પર હવે મોટું સંકટ મંડરાઈ રહ્યું છે. આ જીત સાથે ઈંગ્લેન્ડે સિરીઝમાં ૩-૦ની અજેય લીડ મેળવી લીધી છે. જો શનિવારે સાઉથમ્પટનમાં રમાનારી આખરી મેચ પણ ઈંગ્લેન્ડ જીતી જશે, તો તે વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ભારતને પછાડીને આઈસીસી ટી૨૦ ઈન્ટરનેશનલ રેંકિંગમાં નંબર-૧ ટીમ બની જશે. મેચ બાદ ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ભારે નિરાશા વ્યક્ત કરતા સ્વીકાર્યું કે ટીમ મેદાન પર પોતાની યોજનાઓ યોગ્ય રીતે લાગુ કરવામાં નિષ્ફળ રહી છે. અય્યરે જણાવ્યું, “આ ફરી એકવાર નિરાશાજનક પ્રદર્શન રહ્યું. ૧૫૮ રનનો સ્કોર પૂરતો નહોતો. મેં બોલરોને એક જ લાઈન-લેન્થ પર બોલિંગ કરવા કહ્યું હતું, પરંતુ અમે પ્લાન મુજબ એક્ઝિક્યુશન ન કરી શક્યા.” પોતાની ૮૦ રનની અણનમ ઈનિંગ અંગે અય્યરે કહ્યું કે, “હું મારી બેટિંગથી ખુશ છું, પરંતુ જો ટીમ ન જીતે તો આવી વ્યક્તિગત સિદ્ધિઓનું કોઈ મહત્વ નથી રહેતું.” ટીમના ખરાબ પ્રદર્શન અંગે બચાવ કરતા તેમણે ઉમેર્યું કે, “આ ભારતીય ટીમનો ‘ટ્રાન્ઝિશન ફેઝ’ (બદલાવનો દોર) છે અને આ દરમિયાન યુવા ખેલાડીઓથી ભૂલો થશે, પરંતુ તેઓ આ ભૂલોમાંથી ઝડપથી શીખીને મજબૂત વાપસી કરશે.”

આજે રાત્રે ક્વાર્ટર ફાઈનલમાં સ્પેન સામે બેલ્જિયમની ટક્કર

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : ફિફા વર્લ્ડ કપ ક્વાર્ટર ફાઈનલમાં સ્પેન બેલ્જિયમનો સામનો કરશે. આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી કોઈ પણ ટીમ એક પણ મેચ હાર્યું નથી. કોઈ પણ ટીમ સ્પેન સામે એક પણ ગોલ કરી શકી નથી. આ મેચ આજે રાત્રે ૧૨:૩૦ વાગ્યે લોસ એન્જલસ સ્ટેડિયમ ખાતે રમાશે. આ બંને ટીમો વર્લ્ડ કપમાં ત્રીજી વખત એકબીજા સામે ટકરાશે. બધાની નજર સ્પેનના ૧૮ વર્ષીય લેમિન યામાલ પર રહેશે, જેણે ટુર્નામેન્ટમાં એક ગોલ કર્યો છે.

સ્પેન અને બેલ્જિયમ એકબીજા સામે ૨૨ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા છે. આ મુકાબલામાં સ્પેન ટોચ પર છે, બેલ્જિયમની ૫ જીતની સરખામણીમાં ૧૨ મેચ જીતી ચૂક્યું છે; ૫ મેચ ડ્રો રહી હતી. ફિફા વર્લ્ડ કપમાં આ ત્રીજી વખત બંને ટીમો ટકરાશે. આ પહેલા, બેલ્જિયમે ૧૯૮૬ના વર્લ્ડ કપમાં પેનલ્ટી શૂટઆઉટમાં સ્પેનને ૫-૪થી હરાવ્યું હતું, જ્યારે ૧૯૯૦માં સ્પેને ૨-૧થી જીત મેળવી હતી. સ્પેને ૫ મેચમાં ૪ જીત નોંધાવી છે, જેમાં એક મેચ ડ્રોમાં સમાપ્ત થઈ હતી. ગ્રુપ સ્ટેજમાં, સ્પેને સાઉદી અરેબિયાને ૪-૦ અને ઉરુગ્વેને ૧-૦થી હરાવ્યું હતું, જ્યારે કેપ વર્ડે સામેની તેમની મેચ ૦-૦થી ડ્રો રહી હતી.

૩૨ રાઉન્ડમાં, ટીમે ઑસ્ટ્રિયાનો સામનો કર્યો હતો અને ૩-૦થી જીત મેળવી હતી. ત્યારબાદ, તેઓ રાઉન્ડ ઓફ ૧૬માં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના પોર્ટુગલને ૧-૦થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા હતા.

બેલ્જિયમ પણ આ વર્લ્ડ કપમાં અત્યાર સુધી એક પણ મેચ હાર્યું નથી. ટીમે પાંચ મેચમાં ત્રણ જીત અને બે ડ્રો નોંધાવ્યા છે. ગ્રુપ સ્ટેજમાં, તેઓએ ન્યુઝીલેન્ડને ૫-૧થી હરાવ્યું હતું, જ્યારે ઈરાન સામે ૦-૦થી ડ્રો અને ઈજિપ્ત સામે ૧-૧થી ડ્રો રમી હતી. રાઉન્ડ ઓફ ૩૨ માં, બેલ્જિયમે સેનેગલનો સામનો કર્યો, જેમાં ૩-૨ થી રોમાંચક વિજય મેળવ્યો. ત્યારબાદ, તેઓએ રાઉન્ડ ઓફ ૧૬ માં યજમાન યુએસએને ૪-૧ થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવ્યું. સ્પેન તેના યુવા સ્ટાર વિંગર, લેમિન યમાલ પાસેથી આક્રમક પ્રદર્શનની શોધમાં રહેશે. તે બેલ્જિયમના ડિફેન્સને તોડવાની જવાબદારી નિભાવશે; ખાસ કરીને, ટુર્નામેન્ટમાં અત્યાર સુધીનું તેનું પ્રદર્શન અપેક્ષાઓ પર ખરું ઉતર્યું નથી. બીજી બાજુ, બેલ્જિયમ સ્ટાર મિડફિલ્ડર કેવિન ડી બ્રુયને અને સ્ટ્રાઈકર રોમેલુ લુકાકુ પર આધાર રાખીને સ્પેન સામે સ્કોરિંગની તકો બનાવવાનું લક્ષ્ય રાખશે. જોકે, મેચમાં સ્પેન ટોચ પર રહેશે તેવી અપેક્ષા છે.

૧૩, ૧૪, ૧૫! વૈભવ સૂર્યવંશીનો ફ્લોપ શો યથાવત, જોફ્રા આર્ચરે પકડી દુખતી નસ

(એજન્સી દ્વારા) લંડન : ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ શ્રેણીમાં ભારતીય ટીમની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી અને યુવા ખેલાડીઓનો ફ્લોપ શો સતત ચાલુ છે. સ્ટાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પગ મૂક્યા બાદ સતત ત્રીજી મેચમાં પણ ફ્લોપ સાબિત થયો છે. શ્રેણીની ચોથી ટી૨૦ મેચમાં ભારતીય ચાહકોને આશા હતી કે સૂર્યવંશીના બેટમાંથી એક મોટી અને વિસ્ફોટક ઈનિંગ જોવા મળશે, પરંતુ તે ફરી એકવાર ક્રિઝ પર વધુ સમય ટકી શક્યો નહીં અને માત્ર ૧૫ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. મેચની ત્રીજી ઓવરના ચોથા બોલ પર ઈંગ્લેન્ડના સ્ટાર ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે વૈભવ સૂર્યવંશીને પોતાની ગતિ અને સચોટ લાઈન-લેન્થની જાળમાં ફસાવ્યો હતો. આર્ચરે ઓફ-સ્ટમ્પથી થોડી બહાર તરફ શોર્ટ પિચ બોલ ફેંક્યો, જેના પર સૂર્યવંશીએ નિયંત્રણ ગુમાવીને મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો. તે બોલ પર પૂરી તાકાતથી પુલ શોટ લગાવવા માંગતો હતો પરંતુ બોલ બેટના ઉપરના ભાગે વાગીને હવામાં ઘણો ઊંચો ગયો હતો. મિડ-ઓન પર ફિલ્ડિંગ કરી રહેલા સેમ કરને કોઈ ભૂલ કર્યા વિના સરળ કેચ પકડીને સૂર્યવંશીની ઈનિંગનો અંત આણ્યો હતો.

વૈભવ સૂર્યવંશી માટે આ શ્રેણી અને ખાસ કરીને જોફ્રા આર્ચર એક ખરાબ સ્વપ્ન સમાન સાબિત થઈ રહ્યો છે. આ શ્રેણીમાં આ સતત બીજી વખત છે જ્યારે આર્ચરે ભારતીય યુવા ઓપનરને પોતાનો શિકાર બનાવ્યો છે. આ પહેલાની મેચમાં પણ આર્ચરે સૂર્યવંશીને ક્રિઝ પર સેટ થવાની તક આપી ન હતી. વૈભવ જે રીતે આર્ચરના શોર્ટ-પિચ બોલ પર આઉટ થઈ રહ્યો છે, તેનાથી સ્પષ્ટ છે કે ઈંગ્લિશ બોલરે તેની નબળાઈને પૂરી રીતે પારખી લીધી છે અને તે જ વ્યૂહનીતિ પર કામ કરી રહ્યો છે.

પોતાની પ્રથમ ત્રણ આંતરરાષ્ટ્રીય મેચોમાં વૈભવ સૂર્યવંશીના બેટમાંથી અનુક્રમે ૧૪, ૧૩ અને ૧૫ રનની ઈનિંગ્સ નીકળી છે. આ મેચમાં પણ તેણે ૧૦ બોલનો સામનો કરીને ૧ ચોગ્ગો અને ૧ છગ્ગાની મદદથી ૧૫ રન બનાવ્યા હતા, પરંતુ તે પોતાની આ શરૂઆતને મોટી ઈનિંગમાં બદલવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો હતો. આઉટ થયા બાદ સૂર્યવંશી પોતે ખૂબ જ નિરાશ દેખાતો હતો અને માથું નમાવીને ખૂબ જ ધીમા પગલે પેવેલિયન તરફ પરત ફર્યો હતો.

વર્લ્ડ કપના આ રેફરીને લાગશે ‘લોટરી’: મેસીનો ગોલ રોકનાર હવે તેની જ કેપ્ટન્સીમાં રમશે!

(એજન્સી દ્વારા)

ન્યૂયૉર્કઃ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપમાં ઘણા ગોલકીપરે કરોડો ચાહકોની વાહ-વાહ મેળવી છે, પણ માંડ પાંચ લાખ લોકોની વસતી ધરાવતા કેપ વર્ડે નામના ટચૂકડા દેશના ૪૦ વર્ષીય ગોલકીપર વૉઝિન્યા જેટલી નામના બીજા કોઈએ નથી મેળવી અને એ સફળતા તેને જાણીતી પ્રોફેશનલ ક્લબ સુધી દોરી રહી છે, કારણકે અટકળ એવી છે કે અમેરિકાની ઈન્ટર માયામી ક્લબની ટીમ વૉઝિન્યાને સાઇન કરવા માગે છે. આ કરાર થશે તો વૉઝિન્યાને લાખો ડૉલરની ફી મળશે. નવાઈની વાત એ છે કે લિયોનેલ મેસી મેજર લીગ સૉકર (એમએલએસ) ઈન્ટર માયામીનો કૅપ્ટન છે અને જો ડીલ થશે તો વૉઝિન્યા તેની કૅપ્ટન્સીમાં રમશે. ઈંગ્લૅન્ડનો સૉકર-લેજન્ડ ડેવિડ બેકહૅમ ઈન્ટર માયામીનો સહ-માલિક છે. વૉઝિન્યાનો જી. ડી. શાવેઝ ક્લબ સાથેનો કૉન્ટ્રૅક્ટ વર્લ્ડ કપ પહેલાં જ પૂરો થઈ ગયો હતો અને તેને હવે ઈન્ટર માયામી સહિત કોઈ પણ ક્લબ ખરીદી શકે છે. બ્રાઝિલની કેટલીક ક્લબો પણ તેને ખરીદવા રેસમાં છે.

ઇંગ્લેન્ડની સ્ટાર બેટરે કરી સંન્યાસની જાહેરાત

(એજન્સી દ્વારા)

લંડન : ઈંગ્લેન્ડની ક્રિકેટર ટેમી બ્યુમોન્ટ ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ મહિલા ટેસ્ટ મેચ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા જઈ રહી છે. તેણે જાહેરાત કરી છે કે તેની ૧૭ વર્ષની કારકિર્દી લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સમાપ્ત થવાની તૈયારીમાં છે. ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે આવતીકાલે, ૧૦ જુલાઈના રોજ લંડનના ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર એકમાત્ર ટેસ્ટ મેચ શરૂ થશે. આ મેચ ઈંગ્લેન્ડની સ્ટાર બેટર્સમાંની એક માટે છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ હશે. હા, ઈંગ્લેન્ડની ક્રિકેટર ટેમી બ્યુમોન્ટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ભારત સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પછી, તેણે પોતાની ૧૭ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત લાવવાનો નિર્ણય લીધો છે.

બેન સ્ટોક્સની ઓચિંતી નિવૃત્તિના મુદ્દે બબાલઃ આઇસીસીએ ડ્રેસિંગ રૂમના મુદ્દે કઈ તપાસ શરૂ કરી?

(એજન્સી દ્વારા)

લંડનઃ ઈંગ્લૅન્ડના મહાન ઑલરાઉન્ડર અને ઘણા વર્ષો સુધી બ્રિટિશ ટીમની કૅપ્ટન્સી સંભાળનાર બેન સ્ટૉક્સને તાજેતરમાં એક નાઇટક્લબમાં તકરાર અને મારામારીની બનેલી ઘટના બાદ એક ટેસ્ટ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો એ પછી ખુદ બેન સ્ટૉક્સે ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રીજી ટેસ્ટ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી દીધી એ મુદ્દો શમવાને બદલે વકરી ગયો છે.

વાત એવી છે કે કિવીઓ સામેની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ડ્રેસિંગ રૂમમાં બેન સ્ટૉક્સે રિટાયરમેન્ટની જાહેરાતને લગતી જે સ્પીચ આપી હતી એ ઈંગ્લૅન્ડના જ ક્રિકેટ બોર્ડ દ્વારા ’એક્સ‘ પર શેર કરવામાં આવી એ બદલ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ ઉશ્કેરાઈ ગઈ છે અને આખા કિસ્સામાં તપાસ શરૂ કરી છે. બ્રિટિશ ક્રિકેટ બોર્ડે બેન સ્ટૉક્સની ડ્રેસિંગ રૂમવાળી સ્પીચનું ફૂટેજ સોશ્યલ મીડિયા પર શેર કર્યું હતું તેમ જ એ દિવસની રમત પૂરી થાય એ પહેલાં બ્રૉડકાસ્ટર્સને પૂરું પાડ્યું હતું. આઇસીસીએ આ કિસ્સામાં વાંધો એ લીધો છે કે બ્રિટિશ ક્રિકેટ બોર્ડે પ્લેયર ઍન્ડ મૅચ ઑફિશ્યલ્સ એરિયાના નિયમનો ભંગ કર્યો જ શું કામ? બેન સ્ટૉક્સે ત્યારે ડ્રેસિંગ રૂમમાં વીડિયો રેકૉર્ડિંગ દરમ્યાન સાથી ખેલાડીઓને કહ્યું હતું કે ’આવતા બે દિવસમાં બહુ મોટી ઘટના બનવાની છે. (ફોડ પાડતાં કહ્યું...) તમારા કૅપ્ટન તરીકે આ મારા છેલ્લા બે દિવસ છે. ઈંગ્લૅન્ડ વતી પણ હું હવે માત્ર બે દિવસ રમવાનો છું.’ આઇસીસીનો ઍન્ટિ-કરપ્શન કાર્યવાહી સંબંધમાં પીએમઓએને લગતો નિયમ કહે છે.

સિદ્ધાર્થ અને કિયારા હવે બોક્સ ઓફિસ પર નહીં ટકરાય

(એજન્સી દ્વારા) મુંબઈ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની જોડીની આગામી ફિલ્મ ‘વી વન’ જે ૨૮ ઓગસ્ટે રજૂ થવાની હતી તેને હવે એક મહિના પછી ૨૮ સપ્ટેમ્બરે રજૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૬ઓગસ્ટે યશ તથા કિયારાની ‘ટોક્સિકઃ એ ફેરી ટેલ ફોર ગ્રોન અપ્સ‘ અને ૨૮ ઓગસ્ટે શ્રદ્ધા કપૂરની ‘ઇઠા’ ફિલ્મ રજૂ થવાની હોઇ તેમની સાથે બોક્સ ઓફિસ પર ત્રિપાંખિયો જંગ ટાળવા માટે હવે ‘વી વન’ ફિલ્મની રજૂઆતને એક મહિનો પાછળ ઠેલવામાં આવી છે. આમ બોક્સ ઓફિસ પર પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા તથા પત્નિ કિયારા અડવાણીની ટક્કર હવે ટળી ગઈ છે. બાલાજી ટેલિફિલ્મ્સની આ ફિલ્મમાં મનિષ પોલ, સુનીલ ગ્રોવર, શ્વેતા તિવારી અને અનુપ સોની પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન દિપક કુમાર મિશ્રા અને અરૂણાભ કુમારે કર્યું છે.

‘ગોલમાલ પ’માં અજય દેવગન અને અક્ષય કુમાર સામે વિલન તરીકે પ્રિયામણી જોવા મળશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી ‘ગોલમાલ’ હવે તેની પાંચમી ફિલ્મ સાથે દર્શકોનું મનોરંજન કરવા તૈયાર છે. આ વખતે ફિલ્મમાં એક ચોંકાવનારું કાસ્ટિંગ સામે આવ્યું છે. આ અંગેના અહેવાલો મુજબ, ‘ધ ફેમિલી મેન’, ‘આર્ટિકલ ૩૭૦’ અને ‘યમદોંગા’ જેવી ફિલ્મો અને સિરીઝથી જાણીતી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેત્રી પ્રિયામણી ફિલ્મમાં મુખ્ય વિલનની ભુમિકામાં જોવા મળશે.

ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થયું હતું. નિર્માતાઓએ એક ખાસ વીડિયો દ્વારા ફિલ્મની જાહેરાત કરી હતી, જેમાં અજય દેવગન, અર્શદ વારસી, શ્રેયસ તળપદે, તુષાર કપૂર અને કુણાલ ખેમુ ફરી એકવાર પોતાની ભૂમિકામાં જોવા મળશે. આ સાથે જ પ્રથમ ફિલ્મ બાદ શરમન જોશીની ફ્રેન્ચાઈઝીમાં વાપસી થઈ રહી છે, જ્યારે અક્ષય કુમારનો સમાવેશ ચાહકો માટે સૌથી મોટી સરપ્રાઇઝ બન્યો છે. હવે પ્રિયામણી વિલનની ભુમિકામાં જોવા મળતાં રોહિત શેટ્ટી તેનાં પાત્રને કેવી રીતે રજૂ કરે છે અને કોમેડીથી ભરપૂર આ ફિલ્મમાં કેટલો નવો રંગ ઉમેરે છે તે જોવાનું રહેશે. પરંતુ, આ પ્રિયામણીની અને રોહિત શેટ્ટી સાથે પહેલી ફિલ્મ નથી. અગાઉ તે શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની ‘ચેન્નાઈ એક્સપ્રેસ’ના લોકપ્રિય ગીત ‘૧ ૨ ૩ ૪ ગેટ ઓન ધ ડાન્સ ફ્લોર ‘માં ખાસ ડાન્સ નંબર કરી ચૂકી છે. ઉપરાંત, તે ‘મૈદાન’માં અજય દેવગન સાથે પણ સ્ક્રીન શેર કરી ચૂકી છે.

જાન્હવી કપૂરની મહેંદીમાં જોવા મળ્યું ‘શિખુ’નું નામ

*(એજન્સી દ્વારા) મુંબઈ : જાન્હવી કપૂર ફરી એકવાર પોતાનાં કથિત બોયફ્રેન્ડ શિખર પહારિયા અંગેના ખાસ સંકેતને લઈને ચર્ચામાં આવી છે. બહેન અંશુલા કપૂરનાં રિસેપ્શનમાં હાજરી આપતી વખતે જાન્હવીએ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં તેની શાનદાર સ્ટાઈલ ઉપરાંત એક ખાસ બબાતે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. વેડિંગ રિસેપ્શન માટે જાન્હવીએ જાણીતા ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા ખાસ ડિઝાઈન કરાયેલી સાડી પહેરી હતી. તેનાં ગ્લેમરસ લૂકનાં તેનાં ફૅન્સે વખાણ પણ કર્યા છે. જોકે, એક તસવીરમાં તેના હાથની ક્લોઝ-અપ તસવીરે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જેમાં તેની મહેંદીમાં હિન્દીમાં લખાયેલું ‘શિખુ’ નામ જોવા મળ્યું, જે શિખર પહારિયાનું ઉપનામ હોવાનું માનવામાં આવે છે. આ તસવીર સોશિયલ મીડિયા પર ઝડપ

કચ્છના રવિન અને ખુલ્લા વિસ્તારો 'હેનોતરા' માટે સૌથી સુરક્ષિત ઘર

સંરક્ષિત વિસ્તારોની બહાર પણ જાળવણી જરૂરી

ભુજ - કચ્છઉદય : ભારતમાં લુપ્ત થવાની આરે પહોંચેલી દુર્લભ જંગલી બિલાડી કારાકલને સ્થાનિક ભાષામાં 'હેનોતરો' કહેવામાં આવે છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં ખુલાસો થયો છે કે હેનોતરો સંરક્ષિત વિસ્તારો કરતાં રવિન, ખાડી અને ખુલ્લા કુદરતી પરિતંત્રને વધુ પસંદ કરે છે. આ બિલાડી શુષ્ક અને અર્ધ-શુષ્ક પ્રદેશોમાં રહેવાનું પસંદ કરે છે. પાણીના સ્રોતની નજીક આવેલા ઊંડા કોતરવાળા કાંઠા, ઝાડીવાળા ખુલ્લા જંગલો અને ખડકાળ જમીન તેના માટે આદર્શ નિવાસ છે. સંશોધકોનું કહેવું છે કે ભારતમાં હેનોતરા માટે યોગ્ય ગણાતા નિવાસસ્થાનનો માત્ર ૨૬ ટકા ભાગ જ રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોમાં આવે છે. બાકીનો ૭૪ ટકા ભાગ ખેતી-પશુપાલનવાળા અને ખુલ્લા લેન્ડસ્કેપમાં ફેલાયેલો છે.

કચ્છ આ સંદર્ભમાં દેશ માટે સૌથી મહત્વનો વિસ્તાર બની રહે છે. 'હિસ્ટોરિકલ એન્ડ કરંટ એક્સ્ટેન્ટ ઓફ ઓકરન્સ ઓફ ધ કારાકલ ઇન ઇન્ડિયા' અહેવાલ મુજબ ગુજરાતમાં નોંધાયેલા ૧૯ હેનોતરાના દર્શનોમાંથી તમામ કચ્છ જિલ્લામાં જ થયા હતા, જેમાંથી ૯ દર્શનો ફોટોગ્રાફ દ્વારા પ્રમાણિત છે. નિષ્ણાતોના મતે ભારતમાં હાલ લગભગ ૫૦ હેનોતરા બચ્યા છે, જેમાંથી અંદાજે ૨૦ હેનોતરા એકલા કચ્છમાં જ જોવા મળે છે. કચ્છના માર્શી વિસ્તારો, કાળો ડુંગરની આસપાસના ઘાસવાળા ઝાડીવાળા ઉચ્ચ પ્રદેશો અને નખત્રાણા સહિતના તાલુકાઓમાં હેનોતરાની હાજરી નોંધાઈ છે. ૨૦૦૧ પછી ભારતમાં હેનોતરાના અહેવાલ માત્ર રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશમાંથી જ મળ્યા છે, જેમાં કચ્છ અને રણથંભોરની બે વસ્તી જ સૌથી વધુ વ્યવહારુ ગણાય છે. કચ્છ હેનોતરા માટે એટલું અનુકૂળ છે કારણ કે અહીં શુષ્ક રણ, સવાના, ઝાડી અને ભેજવાળા જંગલોનું સંયોજન મળે છે. હેનોતરો નિશાચર અને અત્યંત ચપળ શિકારી છે. તે નાના સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ અને ઉંદરોનો શિકાર કરે છે. શિકાર અને છુપાવા માટે તેને ખુલ્લી જગ્યા અને રવિન જેવી કુદરતી તિરાડોની જરૂર પડે છે, જે કચ્છના ભૂપ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. નિવાસસ્થાનના નુકસાન અને શહેરીકરણને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતમાં હેનોતરાની વસ્તીમાં ૯૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. આ કારણે ૨૦૨૧માં રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડે તેને ગંભીર રીતે સંકટગ્રસ્ત પ્રજાતિ તરીકે જાહેર કરી હતી.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે કચ્છના ચાડવા રખાલ વિસ્તારમાં ૧૦ કરોડના ખર્ચે હેનોતરા બ્રીડિંગ અને સંરક્ષણ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી છે. આ કેન્દ્રમાં હેનોતરાની વસ્તી વધારવા, તેના નિવાસને સુધારવા અને જરૂર પડે તો કેપ્ટિવ બ્રીડિંગ પણ કરવામાં આવશે. વન અધિકારીઓનું માનવું છે કે હેનોતરાનું ભવિષ્ય બચાવવા માટે માત્ર સંરક્ષિત વિસ્તારો પર આધાર રાખી શકાય નહીં. કચ્છ જેવા ખુલ્લા અને રવિનવાળા લેન્ડસ્કેપનું સંરક્ષણ કરવું એટલું જ અનિવાર્ય છે, કારણ કે હેનોતરાનું સાચું ઘર આ જ વિસ્તારોમાં છે.

ભુજમાં શિક્ષકો માટે જાતિ સંવેદનશીલતા અને સર્વસમાવેશી શિક્ષણ અંગે તાલીમનું આયોજન

કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા શિક્ષણ વિભાગના સહયોગથી યોજાયેલા મેળામાં જિલ્લાભરમાંથી ૭૦ જેટલા શિક્ષકો સહભાગી બન્યા

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે એક સકારાત્મક બદલાવ લાવવાના હેતુથી કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા એક વિશેષ તાલીમ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ડાયેટના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી આશરે ૭૦ જેટલા શિક્ષકો ઉત્સાહભેર સહભાગી બન્યા છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાકીય વાતાવરણને વધુ પ્રગતિશીલ અને સર્વસમાવેશી બનાવવાનો છે.

છેલ્લા દસ વર્ષથી કાર્યરત આ પહેલ અંતર્ગત અત્યાર સુધીમાં અઢીસોથી વધુ શિક્ષકોને વિશેષ તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ દરમિયાન શિક્ષકોને જાતિ સંવેદનશીલતા (જેન્ડર સેન્સિટિવિટી), પિતૃસત્તાત્મક માનસિકતાના પડકારો, જાતીયતા, શાળાઓમાં બાળકોનો સમાવેશ તેમજ દિવ્યાંગ બાળકો સાથેના વ્યવહાર અને સંભાળ જેવા સંવેદનશીલ વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. કેએમવીએસના કૃતિબેને વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષના મેળાની ખાસિયત એ છે કે અગાઉ તાલીમ મેળવી ચૂકેલા ૪૦ જેટલા શિક્ષકો હવે પોતે મુખ્ય તાલીમકાર (માસ્ટર ટ્રેનર) તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે. આ અનુભવી શિક્ષકો નવા સત્રના શિક્ષકો સાથે પોતાના અનુભવો વહેંચી રહ્યા છે અને સમજાવી રહ્યા છે કે આ તાલીમથી તેમના વ્યક્તિગત જીવન તેમજ શાળાના શૈક્ષણિક વાતાવરણમાં કેવા નોંધપાત્ર પરિવર્તનો આવ્યા છે. આ બદલાવના પરિણામે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના બાળકો વધુ સુરક્ષિત અને ભેદભાવ રહિત માહોલમાં ગુણવત્તાસભર સર્વસમાવેશી શિક્ષણ મેળવી રહ્યા છે.

આ સમગ્ર શૈક્ષણિક પ્રકલ્પને સફળ બનાવવામાં જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર અને તેમની ટીમ તથા ડાયેટના દીક્ષાબેન, તમામ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ જિલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓ તરફથી સરાહનીય સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે, જે આગામી સમયમાં કચ્છના શૈક્ષણિક સ્તરને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ તરીકે શશીકાંત પટેલની નિમણુક થતાં સ્વાગત કરાયું

આંતર રાષ્ટ્રીય હિન્દૂ પરિષદ, કચ્છ વિભાગ દ્વારા શશીકાંત પટેલની કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમણુંક કરાતા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વેળાએ કમલેશભાઈ કોટક (વિભાગ અધ્યક્ષ), પ્રઘનેશ ચોથાણી (વિભાગ મંત્રી), રાજેશભાઈ જેઠી (જિલ્લા અધ્યક્ષ), ચેતનભાઈ ઠક્કર (જિલ્લામંત્રી), કુલદીપસિંહ જાડેજા (અધ્યક્ષ, રાષ્ટ્રીય બજરંગ દલ), જાગીરસિંહ સરદાર (ઉપાધ્યક્ષ, ભુજ શહેર) સ્વાગતમાં જોડાયા હતા.

પૂર્વ કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની મંજૂર થતા રાજ્યમંત્રીનો આભાર માન્યો

એબીઆરએસએમ- કચ્છવિવિધ સંવર્ગોના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અભિવાદન કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છઉદય : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, કચ્છ (વિદ્યાલય - ઉચ્ચ શિક્ષા સંવર્ગ) દ્વારા પૂર્વ કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવતા માનનીય રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાનો આભારદર્શન અને અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં પ્રાંત કોર ટીમના ઉપાધ્યક્ષ તથા વર્ગ-૨ રાજ્ય સંગઠન મંત્રી મુરજીભાઈ ગઢવી, માધ્યમિક સરકારી રાજ્ય અધ્યક્ષ નયનભાઈ વાંઝા, માધ્યમિક ગ્રાન્ટેડ પ્રાંત સહ સંગઠન મંત્રી તથા કચ્છ જિલ્લા માધ્યમિક ગ્રાન્ટેડ અધ્યક્ષ અલ્પેશભાઈ જાની, પ્રાથમિક સરકારી પ્રાંત મંત્રી રમેશભાઈ ગાગલ, ગ્રાન્ટેડ આચાર્ય અધ્યક્ષ વસંતભાઈ ગઢવી, સરકારી ઉચ્ચતર માધ્યમિક અધ્યક્ષ અમોલભાઈ ધોળકિયા, સરકારી માધ્યમિક અધ્યક્ષ શૈલેન્દ્રસિંહ જાડેજા, પ્રાથમિક ગ્રાન્ટેડ અધ્યક્ષ કલ્પેશભાઈ ચૌધરી, એચટાટ અધ્યક્ષ અમરાભાઈ રબારી, પ્રાથમિક સરકારી મહામંત્રી મયુરભાઈ પટેલ, ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક કોષાધ્યક્ષ ડૉ. નરેશભાઈ કારિયા તેમજ ઉચ્ચ શિક્ષા સંવર્ગમાંથી મનોજભાઈ છાયા અને કલ્પેશભાઈ સોરઠીયા સહિત વિવિધ સંવર્ગોના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ કચ્છમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની સ્થાપનાને શિક્ષણ ક્ષેત્ર માટે ઐતિહાસિક અને સુવિધાજનક નિર્ણય ગણાવી રાજ્ય સરકાર તથા માનનીય રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે સરકારના આ નિર્ણયને આવકારી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. એવું અલ્પેશભાઈ જાનીએ યાદીમાં જણાવાયુ હતું.

કચ્છના સર્વ પ્રથમ એમ્બેરીઓલોજિસ્ટ ડો. શૈલી છાયાનો આજે જન્મદિવસ

ભુજ - કચ્છઉદય : કચ્છના સર્વપ્રથમ રિપ્રોડકશન એન્ડ એમ્બીયોલોજી દ્વારા અપાતી ક્લિનીકલ એમ્બેરીઓલોજિસ્ટની ડિગ્રી કચ્છનાં સર્વપ્રથમ અને સમગ્ર ભારતમાં માત્ર ૪૧ જણાએ જે પદવી પ્રાપ્ત કરી હતી. પદવી મેળવનાર ડો.શૈલીબેન છાયાના આજે જન્મદિવસ પ્રસંગે અનેક તેમને શુભેચ્છાઓ મળી રહી છે. તેમણે પ્રાથમિક શિક્ષણ દ્વિધામેશ્વર મંદિર પાછળ આવેલી શાળા નંબર ૧૦માં લીધું હતું ત્યારબાદ માધ્યમિક શિક્ષણ દરમિયાન ઈંદીરાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ ભુજમાં ધોરણ ૧૦માં સર્વપ્રથમ નંબર આવ્યો હતો. આ પછી એમબીબીએસની ડિગ્રી ગુજરાતની પ્રખ્યાત અમદાવાદમાં આવેલી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલમાં આવેલી બીજે મેડિકલ કોલેજમાં પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ડીજીઓનીની પદવી ડી.વાય. પાટીલ, મુંબઈમાંથી પ્રાપ્ત કરી અને પછી જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજ તથા લેવા પટેલ હોસ્પિટલ ભુજમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. હાલે કચ્છના પ્રખ્યાત અને ખૂબ જ નિષ્ણાત ડોક્ટર નરેશભાઈ ભાનુશાલીની ભાનુશાલી નર્સિંગ હોમ અને હર્ષ આઈવીએફ સેન્ટર, ભુજમાં સ્ત્રીરોગ નિષ્ણાંત અને નિઃસંતાન બાળકોને ટેસ્ટ ટ્યુબ બેબીની મદદથી માતા પિતા બનવાનું સૌભાગ્ય અપાવનાર એમ્બેરીઓલોજિસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે.

કચ્છ જિલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે નવી બે યોજનાઓ અમલી

૨૪ જુલાઈ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના તમામ બાગાયતી ખેતી કરતા અને કરવા માંગતા ખેડૂતો માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે બાગાયત ખાતાની નવી બે યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂતો આગામી તારીખ ૨૪ જુલાઈ સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજી કરી શકશે.

પ્રથમ યોજના અંતર્ગત ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમ માટે એકમ ખર્ચ રૂપિયા પાંચ લાખ પ્રતિ એકમ અથવા સ્ટ્રક્ચર (૧ હેક્ટર વિસ્તાર માટે) ધ્યાને લેવામાં આવશે. જેમાં એકમ ખર્ચના ૪૦ ટકા અથવા મહત્તમ રૂપિયા બે લાખ પ્રતિ હેક્ટર સહાય મળવાપાત્ર રહેશે. આ યોજના હેઠળ એકમ અથવા સ્ટ્રક્ચર ઓછામાં ઓછું ૦.૨૦ હેક્ટરથી વધુમાં વધુ ૧ હેક્ટર વિસ્તારમાં બનાવવાનું રહેશે અને પ્રો-રેટા બેઝ મુજબ સહાય ચૂકવવામાં આવશે.

બીજી યોજના બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ માટેની છે. આ યોજના સહ હેઠળ અતિઘનિષ્ઠ ખેતી પદ્ધતિથી એકથી વધુ ફળપાકોનું વાવેતર કરવાનું રહેશે. જેમાં ખેડૂતોને પાકવાર નિયત થયેલ પ્રતિ રોપા, કલમ અથવા ટીસ્યુ રોપા દીઠ થયેલ વાસ્તવિક ખર્ચ અથવા નિયત રકમ, બેમાંથી જે ઓછું હોય તે ધ્યાને લઈ વાવેતર કરેલ રોપા અને કલમો મુજબ સહાય મળશે. આ ઉપરાંત વાવેતર પર ઈનપુટ અથવા લેબર ખર્ચ માટે પ્રતિ હેક્ટરે રૂપિયા દસ હજારની પ્રો-રેટા બેઝ પ્રમાણે સહાય મળવાપાત્ર રહેશે. આ યોજના અંતર્ગત ખાતા દીઠ અથવા લાભાર્થી દીઠ વાવેતર માટે મહત્તમ ૪ હેક્ટર સુધી સહાય મેળવી શકાશે.

આ બંને ઘટકો માટે સહાય મેળવવા ઈચ્છુક ખેડૂતોએ નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ માં આપેલ યુઝર મેન્યુઅલ મુજબ આગામી ૧૬ દિવસમાં એટલે કે તારીખ ૨૪ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. યોજનાની ટૂંકી વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નંબર ૩૨૦, બીજો માળ, બહુમાળી ભવન, ભુજ, જિલ્લો કચ્છ ખાતે અથવા ફોન નંબર ૦૨૮૩૨-૨૨૨૭૬૩ પર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક ભુજ દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાયગઢમાં ભારે વરસાદથી પાતાલગંગા નદીમાં તણાયા ૩૦૦૦થી વધુ ગેસ સિલિન્ડર

નવી દિલ્હી - કચ્છઉદય : મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. અહીં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા ભારે વરસાદ અને અચાનક આવેલા પૂરને કારણે પાતાલગંગા નદીમાં લગભગ ૩૦૦૦ ગેસ સિલિન્ડર તણાઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે લાલ રંગના સિલિન્ડર પાણીના પ્રવાહ સાથે વહી રહ્યા છે અને નદીના કિનારે મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ સિલિન્ડર નજીકમાં આવેલા કોઈ ગોદામમાંથી પાણી સાથે વહીને નદીમાં પહોંચ્યા હતા. ભરેલા ગેસ સિલિન્ડરનું આ રીતે નદીમાં તણાવું સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ જ ગંભીર બાબત છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો આ સિલિન્ડરમાંથી ગેસ લીક થાય અથવા તે એકબીજા સાથે અથડાય તો આગ લાગવા અને વિસ્ફોટ થવાનો ખતરો પણ રહે છે. આ ઉપરાંત નદીના પાણી અને પર્યાવરણને પણ નુકસાન થઈ શકે છે. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્ર અને ગેસ કંપનીના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા છે. હાલમાં સિલિન્ડરોને નદીમાંથી બહાર કાઢવાની અને સુરક્ષિત જગ્યાએ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પૂરને કારણે રાયગઢના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે અને લોકોને સાવધાન રહેવાની સૂચના આપવામાં આવી છે.

પીએમ મોદી મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પહોંચ્યા કહ્યું ઓસ્ટ્રેલિયા સાથે ક્રિકેટ હંમેશા જોડાણનું માધ્યમ રહ્યું છે

નવી દિલ્હી - એજન્સી દ્વારા : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત ક્રિકેટ મેદાનોમાંના એક મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ એટલે કે એમસીજી પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ઓસ્ટ્રેલિયા સાથે ભારતના સાંસ્કૃતિક અને રમતગમતના સંબંધો અંગે વાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ મને મારા મિત્ર ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એંથની આલ્બાનીઝને મળવાની તક મળી છે, ત્યારે ક્રિકેટ હંમેશા એક સ્વાભાવિક જોડાણનું માધ્યમ બની રહ્યું છે. તેમણે યાદ કર્યું કે અમદાવાદમાં બંને નેતાઓએ સાથે મળીને સ્ટેડિયમની મુલાકાત લીધી હતી અને આજે એમસીજીમાં આવીને તેઓ ફરી એકવાર રમતની ભાવનાનો અનુભવ કરી રહ્યા છે. આ પ્રસંગે મહાન ક્રિકેટરો સ્ટીવ વો અને લિસા સ્થાલેકર સાથે મુલાકાતને તેમણે પોતાનું સૌભાગ્ય ગણાવ્યું. પીએમ મોદીએ કહ્યું કે સ્ટીવ વોની માનસિક મક્કમતા અને લિસા સ્થાલેકરની સર્વાંગી ઉત્કૃષ્ટતા આપણને યાદ અપાવે છે કે પ્રતિભા, ધીરજ અને લગન જ કોઈને ચેમ્પિયન બનાવે છે. એમસીજીની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ મિત્રતાને બંને દેશોના લોકોને જોડનારો પુલ ગણાવી હતી.

કેટલાક લોકોને જ મચ્છર કેમ વધારે કરડે છે? શરીરમાં રહેલું આ "ચુંબક" છે જવાબદાર

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : હું દુનિયાના કોઈ પણ ખૂણે જાઉં, એક વાત લગભગ નિશ્ચિત રહે છે કે મચ્છર મને ચોક્કસ કરડશે - જો તમારી સાથે પણ આવું થાય છે તો તમે એકલા નથી. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે મચ્છર બધાને સરખી રીતે નથી કરડતા. કેટલાક લોકો મચ્છર માટે ચુંબક જેવા હોય છે.

મચ્છર આપણને જોતા નથી, પણ સૂંઘે છે. તેઓ ૫૦ મીટર દૂરથી જ આપણા શ્વાસમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઇડ, શરીરની ગરમી અને ત્વચાની ગંધને પકડી લે છે. સંશોધન મુજબ ઓ બ્લડ ગ્રુપ ધરાવતા લોકોને છ બ્લડ ગ્રુપવાળા લોકોની સરખામણીમાં લગભગ ૮૩ ટકા વધુ મચ્છર કરડે છે. આ ઉપરાંત જે લોકોના શરીરમાંથી લેક્ટિક એસિડ, યુરિક એસિડ અને પરસેવાની ગંધ વધુ આવે છે તેઓ પણ મચ્છરને વધુ આકર્ષે છે. એટલા માટે જ વ્યાયામ કર્યા પછી અથવા ગરમીને કારણે પરસેવો થાય ત્યારે મચ્છરના કરડવાની શક્યતા વધી જાય છે.

આપણી ત્વચા પર કરોડો બેક્ટેરિયા રહે છે. દરેક વ્યક્તિના શરીર પર બેક્ટેરિયાનું મિશ્રણ અલગ અલગ હોય છે અને તે જ એક ખાસ પ્રકારની ગંધ બનાવે છે. આ ગંધ મચ્છરને ખૂબ પસંદ આવે છે. આ બાબત મોટાભાગે આપણા જીન્સ પર નિર્ભર કરે છે. ગર્ભવતી મહિલાઓ સામાન્ય વ્યક્તિ કરતા ૨૧ ટકા વધુ કાર્બન ડાયોક્સાઇડ છોડે છે તેથી તેમને પણ મચ્છર વધુ કરડે છે. તેવી જ રીતે મોટા શરીરવાળા લોકો પણ વધુ સીઓ-ટૂ છોડતા હોવાથી તેમને વધુ કરડવામાં આવે છે. બીયર પીધા પછી પણ શરીરની ગંધમાં ફેરફાર થાય છે જેના કારણે મચ્છર આકર્ષાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે મચ્છરને આકર્ષવાનું આખું કારણ આપણા શરીર અને જીન્સ સાથે જોડાયેલું છે તેથી તેને સંપૂર્ણપણે બદલી શકાતું નથી. જોકે બચવા માટે ફ્રઈઈ ધરાવતી મચ્છર ભગાડવાની ક્રીમ, ફૂલ બાંયના હળવા રંગના કપડા અને મચ્છરદાનીનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે.

દર વર્ષે ૩૬ એમએએફ પાણી બગાડી રહ્યું છે પાકિસ્તાન, છતાં ભારત પર લગાવે છે આરોપ

નવી દિલ્હી - (એજન્સી દ્વારા) : પાકિસ્તાન સિંધુ જળ સંધિને લઈને વારંવાર ભારત પર આરોપ લગાવતું રહે છે, પરંતુ હકીકત એ છે કે પાકિસ્તાન પોતાનું મોટા ભાગનું પાણી દર વર્ષે બગાડી રહ્યું છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાન દર વર્ષે લગભગ ૩૬ એમએએફએટલે કે ૩૬ મિલિયન એકર ફીટ પાણી દરિયામાં વેડફી દે છે. નિષ્ણાતોનું કહેવું છે કે પાકિસ્તાન પાસે વરસાદ અને નદીઓનું પાણી સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થા નથી. મોટા ડેમ અને રિઝર્વોયરના અભાવે ચોમાસામાં આવતું વધારાનું પાણી સીધું અરબ સાગરમાં વહી જાય છે. તેનાથી ખેતી અને પીવાના પાણીની કટોકટી પણ વધી રહી છે. બીજીતરફ ભારત સિંધુ જળ સંધિના નિયમોનું સંપૂર્ણ પાલન કરી રહ્યું છે. સંધિ મુજબ પૂર્વીય નદીઓ પર ભારતનો અધિકાર છે અને પશ્ચિમી નદીઓનું પાણી પાકિસ્તાન માટે નક્કી છે. ભારત માત્ર સંધિની મર્યાદામાં રહીને જળવિદ્યુત પ્રોજેક્ટ બનાવી રહ્યું છે. આમ પોતાની નબળી જળ સંગ્રહ નીતિ અને વ્યવસ્થાના કારણે દર વર્ષે કરોડો લીટર પાણી ગુમાવનાર પાકિસ્તાન, પાણીની સમસ્યા માટે ભારતને જવાબદાર ઠેરવી રહ્યું છે.

આવતીકાલે વિશ્વ વસ્તી દિવસ...

ભુજ - કચ્છઉદય : યુનાઇટેડ નેશન્સ સંસ્થા દ્વારા ૧૧ જુલાઇના વિશ્વ વસ્તી દિવસ ઉજવાશે. ૧૯૮૯ની સામાન્ય સભામાં આ દિવસ ઉજવવાનો નિર્ણય કરાયો હતો. ૧૧ જુલાઇ, ૧૯૮૭ સુધી વિશ્વની વસ્તીનો આંકડો પાંચ અબજને પાર પહોંચી ગયો હતો. ત્યારે વિશ્વમાં લોકોની વધતી સંખ્યા પ્રત્યે જાગૃતિ લાવવા માટે તેને વૈશ્વિક સ્તરે આ દિવસ મનાવવાનો નિર્ણય કરાયો હતો. આમ ભારત સહિત સમગ્ર વિશ્વમાં ૧૧મી જુલાઈને 'વિશ્વ વસ્તી દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ કુટુંબ નિયોજન કાર્યક્રમને ઉજાગર કરે છે. વસ્તી વિસ્ફોટ એ સમગ્ર વિશ્વના મોટાભાગના દેશોને મુંઝવતી જટિલ સમસ્યા બની ગઈ છે. વિશ્વના વિકસિત અને વિકાસશીલ એમ બંને દેશોમાં જે દરે વસ્તી વધારો થઈ રહ્યો છે તે ચિંતાનો વિષય છે. યુ.એન.ના અંદાજ પ્રમાણે વિશ્વની કુલ વસ્તી ૭.૩૦ અબજના આંકને આંબી ગઈ છે. દુનિયાના વિકાસશીલ દેશોમાં ૯૦ થી ૯૩ ટકાના દરે વસ્તી વધારો થઈ રહ્યો છે. જેમાં ખાસ કરીને ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ,નેપાળ જેવા દેશોમાં તો વસ્તી વિસ્ફોટના દરના પ્રમાણમાં તીવ્ર ગતિએ વધારો થયો છે. ભારતમાં વસ્તી વિસ્ફોટને અંકુશમાં લેવા વિશ્વમાં કુટુંબ નિયોજન કાર્યક્રમને વધુ અસરકારક અને વેગવાન બનાવવાની ખાસ જરૂર ઊભી થઈ છે. જો કે ભારત દેશે વિશ્વમાં સૌ પ્રથમ છેક ૧૯૫૨માં રાષ્ટ્રીય વસ્તી નીતિ કાર્યક્રમ હાથ ધરી વસ્તી વધારાની સમસ્યાને હળવી બનાવવાની દિશામાં નવી પહેલ કરી હતી. વિશ્વ વસ્તી દિવસ મનાવવાનો મુખ્ય હેતુ સતત વધતી નથી વસ્તી અંગે જાગૃતિ લાવવા માટેનો છે.વસ્તી નિયંત્રણ અટકાવી રાજ્યનો વિકાસ ઉપરાંત કુટુંબ નિયોજનની પદ્ધતિનો વ્યાપ રાજ્યના દરેક કુટુંબ સુધી પહોંચે અને જેના પરિણામે માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટાડવામાં વધુ મદદ મળશે. પરિવાર નિયોજનને સફળ બનાવવા સ્ત્રી-પુરુષ બંનેએ પરિવાર નિયોજનના પ્રયોગો અપનાવવા જોઈએ. ગુજરાતમાં પણ વિશ્વની સાથે સાથે દર વર્ષે 'વિશ્વ વસ્તી દિવસ' મનાવવામાં આવે છે. 'આઝાદીના અમૃત મહોત્સવમાં 'અમે આ સંકલ્પ લઈશું, એવી હાકલ કરીને ૧૧ મી જુલાઈથી 'જનસંખ્યા સ્થિરતા પખવાડિયુ' મનાવવામાં આવે છે. ૧૧ જુલાઈથી દરમ્યાન જનસંખ્યા સ્થિરતા પખવાડિયુ પણ ઉજવાય છે. કોઈ પણ દેશ કે રાજ્યની વસ્તી સ્થિરતા માટે કુલ પ્રજનન દર ૨.૧ હોવો જરૂરી છે, જે એન. એચ. એસ. -૫ પ્રમાણે ગુજરાતે ૧.૯નો દર હાંસલ કર્યો છે જે ઘણી મોટી સિદ્ધી છે. તેમ છતા દૂરદરાજ અંતરિયાળ વિસ્તારમાં રાજ્ય સરકારની કામગીરી કરવામાં આવે છે. વસ્તી નિયંત્રણ જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન એ.એન.એમ. અને આશાબહેન દ્વારા પોતાના વિસ્તારમાં દરેકને આ કાર્યક્રમની જાણ થાય તેવું આયોજન કરવામાં આવે છે. આ બે અઠવાડિયા દરમિયાન તાલુકા, શહેર અને જિલ્લાઓમાં મુખ્યત્વે કુટુંબ કલ્યાણ અંતર્ગત અલગ - અલગ પદ્ધતિઓનું પ્રદર્શન, જરૂરતમંદ લાભાર્થી સાથે પરિવાર નિયોજન અંગે માહિતી આપવી, આઈ.ઇ.સી દ્વારા અલગ-અલગ પ્રવૃતિ અંતર્ગત દરેક ગામમાં બેનર, પોસ્ટર તથા હોર્ડિંગ્સ લગાવવાય છે.જેમાં ખાસ કરીને લગ્નની નિયત ઉંમર, બાળક થવાનો યોગ્ય સમયગાળો, ફેમીલી પ્લાનીંગ સેવાઓ, પુરૂષ ભાગીદારી વિગેરે વિષયો આવરી લેવા તેમજ ફેમિલી પ્લાનિંગનો નવો લોગો સ્લોગન દરેક આરોગ્ય સંસ્થા ખાતે પ્રદર્શિત કરવાનું આયોજન કરાય છે. આપણે સૌ 'વિશ્વ વસ્તી દિવસ' નિમિતે 'આઝાદીના અમૃત મહોત્સવમાં ''કુટુંબ નિયોજનને સુખનો વિકલ્પ બનાવીશું' થીમને અનુસરવા સંકલ્પ લેવા સરકાર દ્વારા લોકોને અનુરોધ કરાય છે.

હુમલા બાદ પણ હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલની અવરજવર યથાવત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ અને દરિયાઈ હુમલાઓ છતાં વિશ્વના સૌથી મહત્વના તેલ માર્

માટુંગા ખાતે પૂ. મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ

ગિનેસ બુક વિજેતા આચાયશ્રી અજીતચંદ્રસાગરજી મ.સા. અને આઈસ સ્કેટિંગ વિજેતા અમાયરા શાહનું બહુમાન

મુંબઈ : માટુંગા ખાતે પૂજ્ય મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મહારાજ સાહેબના વર્ષ ૨૦૨૬ના પાવન ચાતુર્માસ પ્રવેશનો ભવ્ય પ્રારંભ થયો છે. આ મંગલમય પ્રસંગે જૈન સમાજ અને વિશ્વભરમાં ખ્યાતિ ધરાવતા, 'શતસાવધાની' અને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં ફાસ્ટેસ્ટ વોકર તેમજ શ્રેષ્ઠ મેમરી પાવર માટે બે-બે એવોર્ડ મેળવનાર પૂજ્ય આચાર્ય ડો. અજીતચંદ્રસાગરજી મ. સા. ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ ૧૦૦૦ વ્યક્તિઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ક્રમને આગળ કે પાછળથી અદ્ભુત રીતે યાદ રાખીને તેના સચોટ જવાબો આપવાની દિવ્ય શક્તિ ધરાવે છે, જેમના સાનિધ્યથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ જ સમારોહમાં રાષ્ટ્રીય કક્ષાની આઈસ સ્કેટિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતીને ભારત દેશ અને કોડાય (કચ્છ)નું ગૌરવ વધારનારી દીકરી અમાયરા શાહનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ ધર્મોત્સવમાં મોટી સંખ્યામાં જૈન અગ્રણીઓ અને ભાવિકો જોડાયા હતા.

અલખધામ ગડાપુઠામાં ભક્તિનો મહોત્સવ, પાટોત્સવે સમાજને એક સૂત્રમાં બાંધ્યો

૯૬મી પાટકોરી અને નવમા વાર્ષિક પાટોત્સવે સંતવાણી, લોકસંગીત અને સન્માન સમારોહથી સર્જાયો આધ્યાત્મિક માહોલ

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ગડાપુઠા ગામે સ્થિત અલખધામ અલખધણીના મંદિરે અખિલ કચ્છ મેઘવંશી મારવાડા-ગોરડિયા પરિવારના આયોજન ૯૬મી પાટકોરી અને નવમા વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધાર્મિક શ્રદ્ધા, સમાજ એકતા અને સાંસ્કૃતિક પરંપરાના સમન્વયરૂપ આ મહોત્સવમાં કચ્છના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સમાજજનો અને ભાવિકો ઉમટી પડ્યા હતા.

પાટોત્સવની શરૂઆત ધ્વજારોહણ વિધિ સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ બાળાઓ દ્વારા સંતોનું સામૈયું કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિતોએ વધાવી લીધું હતું. દિવસભર પૂજન, સત્સંગ, ભજન અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાત્રે યોજાયેલી મહાઆરતીમાં ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અલખધણીના ચરણોમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી. રખિયાનું આસન લાલજીભાઈ માલાભાઈ ગોરડિયા, આચારભાઈ ગોરડિયા તથા સુમારભાઈ ગોરડિયાએ ગ્રહણ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન કચ્છના ધારાસભ્ય પ્રધુમનસિંહ જાડેજાનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારા અગ્રણીઓ, લોકકલાકારો, સાહિત્યકારો, શિક્ષણકારો અને સમાજસેવકોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના પ્રતિભાશાળી વ્યક્તિઓના યોગદાનને બિરદાવતા સમાજમાં નવી પેઢીને પ્રેરણા મળે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. એડવોકેટ દિનેશભાઈ સીજુએ ઈષ્ટદેવ રામદેવજી મહારાજના જીવનદર્શન અને સેવાનાથ બાપુ ગુરુ ભોલેનાથજીની બોધવાણી રજૂ કરી હતી. ખોંભડી મોટીના ખેમૈયા આશ્રમના સંતો, હોડકાના પાલાદાદા માલણ માતાજી મંદિરના મહંતશ્રી તથા લાખાપરના મેઘરાજજી દાદાએ ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવચનો આપી ભક્તોને સદાચાર, સેવા અને સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું.

સાંજે યોજાયેલા લોકસંગીત કાર્યક્રમમાં ભજન, સંતવાણી અને લોકગીતોની સુમધુર રજૂઆત કરવામાં આવી હતી. કલાકારોની પ્રસ્તુતિથી સમગ્ર અલખધામ ભક્તિરસમાં તરબોળ બની ગયું હતું. ઉપસ્થિત ભાવિકોએ કાર્યક્રમનો ભરપૂર આનંદ માણ્યો હતો.

આ પાટોત્સવને સફળ બનાવવા માટે પરબતદાદા ગોરડિયા, ગોવિંદ કાનજી ગોરડિયા, બેચરલાલ માવજી ગોરડિયા, હીરા થાવર ગોરડિયા, મોહન ખીમજી ગોરડિયા, લખમશી આચાર ગોરડિયા, એડવોકેટ અનિલકુમાર મેઘજી ગોરડિયા, રામજી મીઠું ગોરડિયા, અશોક મુરજી ગોરડિયા, ડાહ્યાલાલ શિવજી ગોરડિયા સહિતના આગેવાનોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન ડાહ્યાલાલ ગોરડિયા, વિશ્રામ ગોરડિયા અને રામજીભાઈ ગોરડિયાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ સામત ગોરડિયાએ કરી હતી. સમાજના દાતા પરિવારો, આગેવાનો અને સેવાભાવી કાર્યકરોના સહયોગથી યોજાયેલ આ પાટોત્સવ ધાર્મિક આસ્થા, સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક વારસાના જતનનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યો હતો.

શહીદ ભરત તિવારીના સન્માનમાં આઝાદ હિંદ ફ્રન્ટ દ્વારા દાદરમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન

શ્રદ્ધાંજલિ સભામાં ભરત તિવારીને ન્યાય આપવાની ઉઠી માંગ

મુંબઈ - કચ્છઉદય : મુંબઈના પૂર્વ ઉપમહાપૌર, શિવસેના નેતા અને આઝાદ હિંદ ફ્રન્ટના રાષ્ટ્રીય મહાસચિવ બાબુભાઈ ભવાનજીએ તાજેતરમાં દાદરના આરઝૂ સભાગૃહમાં બિહારમાં પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ પામેલા શહીદ ભરત તિવારીની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કર્યું. આ પ્રસંગે તેમણે કેન્દ્ર સરકાર અને બિહાર સરકારને ભરત તિવારી તથા તેમના પરિવારને ન્યાય આપવા અપીલ કરી હતી.

આઝાદ હિંદ ફ્રન્ટના બેનર હેઠળ આયોજિત કાર્યક્રમમાં ભવાનજીએ જણાવ્યું કે ભરત તિવારી સાથે પોલીસે અન્યાય કર્યો હતો અને પોલીસના કથિત અમાનવીય કૃત્યને કારણે દેશનો એક પ્રતિભાશાળી યુવાન અકાળે મૃત્યુ પામ્યો. તેમણે જણાવ્યું કે ભરત તિવારીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અને ગરીબોના હિત માટે શરૂ કરેલી લડત ચાલુ રાખવી જોઈએ. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર સમાજને અંદરથી ખોખલો બનાવી રહ્યો છે અને સમયસર તેના પર નિયંત્રણ નહીં લાવવામાં આવે તો દેશ નબળો પડી જશે.

કાર્યક્રમમાં સંસ્થાના મહારાષ્ટ્ર પ્રભારી રાજસાહેબ મહેતા અને સંસ્થાના પ્રચારક એડવોકેટ સુરેન્દ્ર મિશ્રાએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ શહીદ ભરત તિવારીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

ભવાનજીએ જણાવ્યું કે તેઓ ટૂંક સમયમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના પૌત્ર અને આઝાદ હિંદ ફ્રન્ટના સરસેનાપતિ શ્રી ચંદ્રકુમાર બોઝ સાથે ભરત તિવારીના પરિવારને મળવા તેમના ગામની મુલાકાત લેશે. બીજી તરફ, ભોજપુર પોલીસ એક્રાઉન્ટરમાં મૃત્યુ પામેલા ભરત તિવારીના પરિવારજનોએ પત્રકારો સાથે વાતચીત કરી અને પ્રશાસન સમક્ષ અનેક માંગણીઓ મૂકી. પરિવારે સ્પષ્ટ જણાવ્યું કે જો નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી નહીં થાય તો ભરત તિવારીની માતા આશા દેવી ૯ જુલાઈથી અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેસશે. તેમણે આક્ષેપ કર્યો કે રાત્રે મોડે નંબર પ્લેટ વગરની ગાડી દ્વારા તેમના ઘરની રેકી કરવામાં આવી રહી છે.

મૃતકની બહેન રૂબી દેવીએ જણાવ્યું કે તેમની સૌથી મોટી માંગ એ છે કે પરિવારને શંકાસ્પદ લાગતા તમામ પોલીસ અધિકારીઓ અને જવાનોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે. એસડીપીઓ, એસએચઓ સહિત અનેક પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. તેમણે જણાવ્યું કે આરોપી પોલીસ કર્મચારીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી તેમની માતાનું અનશન ચાલુ રહેશે.

રૂબી દેવીએ જણાવ્યું કે ઘટનાના બાદથી સમગ્ર પરિવાર ભયના માહોલમાં જીવી રહ્યો છે. તેમણે પ્રશાસન પાસે પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી અને કહ્યું કે હાલની પરિસ્થિતિમાં સુરક્ષા અત્યંત જરૂરી છે. પરિવારે એ પણ માંગ કરી કે એક્રાઉન્ટરની તપાસ માટે આવતા અધિકારીઓ પહેલાં પરિવારને જાણ કરે જેથી તેઓ તપાસમાં સહકાર આપી શકે અને પોતાની વાત રજૂ કરી શકે. પરિવારે આક્ષેપ કર્યો કે પોલીસે વેરભાવથી ગામના નિર્દોષ લોકોને પણ કેસમાં ફસાવ્યા છે. આ કેસમાં ૧૪ નામજદ અને લગભગ ૫૦ અજાણ્યા ગ્રામજનો સામે ફરિયાદ નોંધાઈ છે. નિષ્પક્ષ સમીક્ષા કરીને નિર્દોષ લોકોનાં નામ દૂર કરવાની માંગ કરવામાં આવી છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પરિવારે વધુ એક ગંભીર આક્ષેપ કર્યો. તેમણે જણાવ્યું કે રાત્રે મોડે તેમના ઘરની આસપાસ નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કાર ફરતી જોવા મળી હતી અને આ સમગ્ર ઘટના ઘરની બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ભરતની માતાએ આશંકા વ્યક્ત કરી કે પરિવારની રેકી કરવામાં આવી રહી છે અને કોઈપણ સમયે અપ્રિય ઘટના બની શકે છે. તેમણે જણાવ્યું કે આ અંગે ડાયલ ૧૧૨ પર જાણ કરવામાં આવી હતી. આગળ તેમણે જણાવ્યું કે માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ચોકીદારોની તેનાતી કરવામાં આવી. પરિવારના જણાવ્યા અનુસાર આ બાબતની જાણ ડીએસપીને પણ કરવામાં આવી છે. પરિવારે પ્રશાસન પાસે માંગ કરી છે કે સીસીટીવી ફૂટેજના આધારે કાર અને તેમાં સવાર લોકોની ઓળખ કરવામાં આવે તથા સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. ભરત તિવારીના પરિવારજનોએ જણાવ્યું કે ન્યાય ન મળે ત્યાં સુધી તેઓ પોતાની લડત ચાલુ રાખશે. તેમની તમામ માંગણીઓ ન્યાય અને નિષ્પક્ષ તપાસ સાથે જોડાયેલી હોવાથી પ્રશાસને વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

પૂરતો પગાર, રજાઓનો લાભ અને જોબ સિક્યુરિટી આપવા વોકેશનલ ટ્રેનર્સની માંગણી

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત સરકારી શાળાઓમાં વોકેશનલ ટ્રેનર તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહેલા ટ્રેનરોએ છેલ્લા પથી ૭ વર્ષ દરમિયાન હજારો વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉચ્ચ અભ્યાસ અને રોજગારલક્ષી માર્ગદર્શન આપીને રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમની કેટલીક માગણીઓ સંબંધે ગાંધીનગર ખાતે રાજ્ય પ્રોજેક્ટ નિયામક સમક્ષ તેમની લાંબા સમયથી બાકી રહેલ માંગણીઓ ઉકેલવા રજૂઆત કરી છે.

હેમલ કારીયાએ જણાવ્યું કે, જ્યાં સુધી વોકેશનલ ટ્રેનરો માટે સ્થાયી અને સ્પષ્ટ જોબ પોલિસી અમલમાં ન આવે ત્યાં સુધી તેમને દર મહિને રૂા. ૨૧,૦૦૦ અથવા પીએબી દ્વારા મંજૂર થયેલ રૂા. ૨૪,૦૦૦ મુજબનો પગાર દર મહિનાની ૧૦મી તારીખ સુધી નિયમિત પગાર ચૂકવવામાં આવે, આકસ્મિક રજાઓનો લાભ, રવિવાર તથા જાહેર રજાઓ અપાય તથા ગુજરાત રાજ્યના તમામ વોકેશનલ ટ્રેનરો માટે વહેલી તકે સ્થાયી જોબ પોલિસી તથા જોબ સિક્યુરિટી જાહેર કરવામાં આવે, જેથી વર્ષો સુધી સેવા આપતા ટ્રેનરોના ભવિષ્યની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે, વોકેશનલ ટ્રેનરોને કર્મચારી તરીકે યોગ્ય માન્યતા આપી સરકારના અન્ય કર્મચારીઓને મળતા તમામ યોગ્ય લાભો, સુવિધાઓ અને સુરક્ષા ઉપલબ્ધ કરવા પણ માગણી કરી છે. ગુજરાત રાજ્યના તમામ વોકેશનલ ટ્રેનરો માટે સ્થાયી જોબ પોલિસી તથા જોબ સિક્યુરિટી જાહેર કરવામાં આવે તેવી પણ માગણી કરતા તેમને જણાવ્યું છે કે તેનાથી વર્ષો સુધી સેવા આપતા ટ્રેનરોના ભવિષ્યની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકશે. વોકેશનલ ટ્રેનર્સના અગ્રણી હેમલભાઈ કારીયાએ જણાવ્યું કે તેમની માંગણીઓ કોઈ વિશેષ સુવિધા માટે નથી પરંતુ વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા આપતા વોકેશનલ ટ્રેનરોના ન્યાય સંગત અધિકારો અને ભવિષ્યની સુરક્ષા માટે હોવાથી આ મુદ્દે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને વહેલી તકે હકારાત્મક નિર્ણય લઈ ગુજરાતના તમામ વોકેશનલ ટ્રેનરોને ન્યાય આપવા રાજ્ય સરકારને વિનંતી કરી છે.

લાયોનેસ કલબ ઓફ ભુજના હોદ્દેદારોની વરણી કરાઈ

ભુજ - કચ્છ ઉદય : લાયોનેસ કલબ ઓફ ભુજની વર્ષ ૨૦૨૬-૨૭ ની કારોબારીની વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે રીટા એલ મહેતા, ઉપપ્રમુખ ભાવના એ. ઝવેરી, મંત્રી હર્ષા એન. મહેતા, સહમંત્રી નૂતન ડી. મહેતા, ખજાનચી બેલા યુ. શાહ, સહખજાનચી જિજ્ઞાસા એ. ઠક્કર, કલબ એડવાઈઝર તેજલ એ. શાહની વરણી કરાઈ હતી. તેમજ કારોબારીના સભ્ય તરીકે રક્ષા યુ. ગણાત્રા, ભારતી એમ. પાંધી, નયના એસ. માણેક, હિના બી. સેજપાલ, જયશ્રી એચ. શાહ, શીતલ ગોસ્વામી, શીના વી. જેઠી વરાયા હતા.

પશ્ચિમ કચ્છના રક્ષિત ફોરેસ્ટમાં કરોડોનું કૌભાંડ

મંજૂરી માત્ર અંદાજિત ૨૫૦ ટનની અને ટ્રાન્ઝિટ પાસ અંદાજિત ૧૪૦૦ ટનના ઇસ્યુ થતા ઉઠ્યા સળગતા સવાલો : જંગલ બચાવવાના દાવાઓ વચ્ચે વન સંપદાની ખુલ્લેઆમ લૂંટ : ઉચ્ચ સ્તરીય તપાસની ઉઠી માંગ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા રક્ષિત ફોરેસ્ટ વિભાગમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સરકારી તંત્રની મિલીભગત તરફ આંગળી ચિંધતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પ ર્યાવરણની જાળવણી અને જંગલોના સંરક્ષણના મોટા-મોટા દાવાઓ વચ્ચે પ શ્ચિમ કચ્છના રક્ષિત ફોરેસ્ટ વિસ્તારમાં લાકડાના ઓક્શન (હરાજી) અને તેના પરિવહનને લઈને કરોડો રૂપિયાનું મોટું ભોપાળું બહાર આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. દસ્તાવેજો અનુસાર, વન વિભાગના નિયમોને નેવે મૂકીને આ આખો ખેલ કોઈ મોટા માથાઓના ઈશારે ખેલાયો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

આ સમગ્ર મામલાની વિગતો તપાસતા માલૂમ પ ડે છે કે, ફોરેસ્ટ વિભાગ દ્વારા જે તે સમયે માત્ર અંદાજિત ૨૫૦ ટન જેટલા જ લાકડાના ઓક્શન માટે સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. નિયમ મુજબ આ નિર્ધારિત જથ્થાનું જ પરિવહન થઈ શકે. પરંતુ, વાસ્તવિકતા કંઈક જુદી જ અને આઘાતજનક બહાર આવી છે. હકીકતમાં આ અંદાજિત ૨૫૦ ટનની કાયદેસરની મંજૂરીની આડમાં, અંદાજિત ૧૪૦૦ ટન જેટલા જંગી જથ્થા માટેના ટ્રાન્ઝિટ પાસ (ટીપી) ઇસ્યુ કરી દેવામાં આવ્યા છે! આ વિસંગતતા સીધેસીધું દર્શાવે છે કે મંજૂરી કરતા અનેક ગણો વધારે જથ્થો રક્ષિત જંગલમાંથી આસાનીથી બહાર વહી ગયો છે. મુખ્ય સવાલ એ છે કે, જો મૂળ મંજૂરી માત્ર અંદાજિત ૨૫૦ ટનની જ હતી, તો પ છી વન વિભાગના જવાબદાર અધિકારીઓની સહીઓ સાથે અંદાજિત ૧૪૦૦ ટન સુધીની ટીપી કઈ રીતે અને કોના આશીર્વાદથી જારી થઈ ગઈ?

જંગલોની સુરક્ષા અને વન સંપત્તિનું સંરક્ષણ કરવાની જેની પ્રાથમિક જવાબદારી છે, તેવા ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક વહીવટી તંત્રની શાંઠગાંઠ વિના આટલું મોટું કૌભાંડ શક્ય જ નથી. આ મુદ્દે સંબંધિત ઉચ્ચ અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે ખુલાસો સામે આવ્યો નથી, જે તંત્રની ભૂમિકાને વધુ શંકાના દાયરામાં લાવે છે. શંકા એવી પણ છે કે આ કૌભાંડને અંજામ આપવા માટે ખોટા દસ્તાવેજો અને ખોટી મંજૂરીઓ ઊભી કરીને લાખો-કરોડો રૂપિયાનો હિસાબ કાગળ પર દબાવી દેવામાં આવ્યો છે. જંગલો નષ્ટ થઈ રહ્યા છે, વન્યજીવો બેઘર બની રહ્યા છે, ત્યારે આ લૂંટારાઓને છાવરનાર અસલી ગુનેગાર કોણ છે તે શોધવું અનિવાર્ય બન્યું છે. આ કોઈ નાની-મોટી વહીવટી ભૂલ નથી પરંતુ પર્યાવરણ અને જનતાની રાષ્ટ્રીય સંપત્તિ ઉપર ભ્રષ્ટ તત્વો દ્વારા કરવામાં આવેલી સીધી લૂંટ છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં આ ઘટનાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે આ કૌભાંડ પાછળ કોઈ મોટા વહીવટી આકાઓનો હાથ હોવો જોઈએ. વર્તમાન સંજોગોમાં, આ સમગ્ર મામલાની કોઈ તટસ્થ એજન્સી દ્વારા અથવા ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જો આ તપાસ કડક રીતે થશે, તો જ કાયદાને ઘોળીને પી જનારા ભ્રષ્ટાચારીઓનો પ ર્દાફાશ થશે અને સત્ય બહાર આવશે.

રાજસ્થાનનું ઇંડું અને કચ્છની સરોગેટ માતા

લુપ્ત થતા ઘોરાડ પક્ષીને બચાવવા નલિયામાં 'જમ્પ સ્ટાર્ટ' પ્રયોગને મળી બીજી મોટી સફળતા



ભુજ - કચ્છઉદય : કચ્છના અબડાસા તાલુકામાં આવેલું નલિયાનું ઘાસિયા મેદાન તેના વિશિષ્ટ વાતાવરણને કારણે વિશ્વના સૌથી વજનદાર અને ઉડી શકતા પક્ષીઓમાંના એક એવા 'ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ) નું છેલ્લું આશ્રયસ્થાન માનવામાં આવે છે. વન્યજીવ ઇતિહાસમાં આ પક્ષી અત્યારે અત્યંત લુપ્તપ્રાય એટલે કે 'ક્રિટિકલી એન્ડેન્જર્ડ' કેટેગરીમાં આવી ગયું છે.

સમગ્ર ભારતમાં તેની વસ્તી માત્ર ૧૫૦ ની આસપાસ જ બચી છે, જેમાં સૌથી વધુ પક્ષીઓ રાજસ્થાનમાં છે. ગુજરાતના કચ્છમાં ઘોરાડ પક્ષીની વસ્તી ખતમ થવાના આરે પહોંચી ગઈ હતી, કારણ કે અહીંના અભયારણ્યમાં માત્ર ત્રણ માદા ઘોરાડ જ બચી હતી. આ વિસ્તારમાં એક પણ નર ઘોરાડ ન હોવાને કારણે આ માદાઓ જે ઇંડા મૂકતી હતી તે બિનફળદ્રુપ રહેતા હતા, જેમાંથી ક્યારેય બચ્ચું બહાર આવી શકે તેમ નહોતું. આ કપરી અને નિરાશાજનક પરિસ્થિતિ વચ્ચે વન વિભાગ અને વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકોએ એક અશક્ય લાગતા મિશનને પાર પાડવા માટે હાથ મિલાવ્યા હતા.

કચ્છમાં ઘોરાડની પેઢીને આગળ વધારવા માટે વૈજ્ઞાનિકોએ 'જમ્પ સ્ટાર્ટ' નામના એક અત્યંત આધુનિક અને સંવેદનશીલ વૈજ્ઞાનિક પ્રયોગનો સહારો લીધો. આ યોજના અંતર્ગત સૌપ્રથમ રાજસ્થાનના જેસલમેર (સામ) ખાતે આવેલા કેપ્ટિવ બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફળદ્રુપ ઇંડું મેળવવામાં આવ્યું. આ નાજુક ઇંડાને જીવંત રાખવા માટે તેને ખાસ પોર્ટેબલ ઇન્ક્યુબેટર (મશીન) માં ગોઠવવામાં આવ્યું અને રસ્તાના ઝટકાઓથી બચાવીને ખૂબ જ સાવચેતીપૂર્વક અંદાજે ૧૯ કલાકની અવિરત મુસાફરી કરાવીને ૭૭૦ કિલોમીટર દૂર કચ્છના નલિયા સેન્ટર ખાતે લાવવામાં આવ્યું.

બીજી તરફ, નલિયાના જંગલમાં કુદરતી માળામાં બેઠેલી માદા ઘોરાડ જ્યારે વનકર્મીઓની નજર ચૂકવીને થોડીવાર માટે માળાથી દૂર ગઈ, ત્યારે વૈજ્ઞાનિકોએ તેના માળામાં રહેલું બિનફળદ્રુપ ઇંડું હટાવીને રાજસ્થાનથી લાવેલું અસલી ફળદ્રુપ ઇંડું ત્યાં ગોઠવી દીધું. માદા પક્ષી જ્યારે પાછી ફરી ત્યારે તેને આ ફેરબદલની સહેજ પણ ભાળ ન મળી અને તેણે આ ઇંડાને પોતાની મમતા આપીને કુદરતી રીતે સેવવાનું શરૂ કર્યું. વિજ્ઞાન અને કુદરતના આ અનોખા સંગમના પરિણામે વન વિભાગના સંરક્ષણ કેન્દ્રમાં વધુ એક તંદુરસ્ત બચ્ચાનો સફળતાપૂર્વક જન્મ અને ઉછેર થયો છે, જે આ પ્રયોગની બીજી મોટી સફળતા છે.

આ અગાઉ, આ જ જમ્પ સ્ટાર્ટ ટેકનિકનો ઉપયોગ કરીને ગુજરાતમાં લાંબા સમય બાદ પ્રથમ બચ્ચાનો સફળ જન્મ થયો હતો, જેની સત્તાવાર જાહેરાત ખુદ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. ગુજરાતના વન્યજીવ ઇતિહાસમાં લાંબા સમય પછી ઘોરાડના બચ્ચાનો કિલકિલાટ સંભળાયો હોવાથી આ પ્રોજેક્ટ પર આખા દેશની નજર હતી. હવે આ બીજી સફળતા મળતા પર્યાવરણવિદોનો ઉત્સાહ બમણો થઈ ગયો છે અને એવી આશા જાગી છે કે કચ્છની ધરતી પર ફરીથી ઘોરાડ પક્ષીઓનો પગરવ ગુંજતો થશે.

જોકે, આ વૈજ્ઞાનિક સફળતાની સાથે સાથે ગ્રાઉન્ડ રિયાલિટી અને પડકારો પણ એટલા જ ગંભીર છે. જમીન પર માળો બાંધનારા આ પક્ષીઓના બચ્ચા અને ઇંડાને જંગલી બિલાડી, શિયાળ અને રખડતા કૂતરાઓ જેવા શિકારી પ્રાણીઓથી સતત જીવનું જોખમ રહે છે.

આ ઉપરાંત, નલિયા અને તેની આસપાસના વિસ્તારોમાં મોટા પાયે ફેલાયેલી હાઈ-વોલ્ટેજ વીજળીની લાઇનો અને પવનચક્કીઓ પણ આ પક્ષીઓ માટે કાળ સાબિત થઈ રહ્યા છે. ઘોરાડ પક્ષીઓ વજનમાં ભારે હોવાને કારણે હવામાં ઉડતી વખતે અચાનક પોતાની દિશા બદલી શકતા નથી, જેના કારણે તેઓ વીજતાર સાથે અથડાઈને મૃત્યુ પામે છે. સુપ્રીમ કોર્ટે પણ આ પક્ષીઓના સંરક્ષણ માટે વીજલાઇનો અંડરગ્રાઉન્ડ કરવાનો આદેશ આપેલો છે. આ તમામ કુદરતી અને માનવસર્જિત પડકારો વચ્ચે પણ વન વિભાગ દ્વારા કૃત્રિમ સંવર્ધન ટેકનિકથી બચ્ચાનો ઉછેર કરવો એ વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક બહુ મોટી ક્રાંતિ અને સીમાચિહ્નરૂપ સિદ્ધિ સમાન છે.

કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવની જાહેરાતઃ નલિયાના બચ્ચાએ જીવિત રહેવાનો ૪૦ દિવસનો જટિલ તબક્કો પાર કર્યો

ભુજ : કોઈમ્બતુર ખાતે નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફની સ્ટેન્ડિંગ કમિટીની ૯૧મી બેઠકમાં પ્રોજેક્ટ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની પ્રગતિની સમીક્ષા કરતી વખતે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે એક અત્યંત મહત્વપૂર્ણ અને હૃદયસ્પર્શી અપડેટ શેર કર્યું છે. તેમણે સત્તાવાર રીતે જણાવ્યું છે કે ગુજરાતના નલિયામાં હાથ ધરવામાં આવેલો બીજો 'જમ્પ સ્ટાર્ટ' પ્રયોગ સંપૂર્ણપણે સફળ રહ્યો છે. નલિયા ખાતે ગત ૨૧ મે ૨૦૨ ના રોજ જન્મેલા આ નવજાત બચ્ચાએ જીવિત રહેવા માટેનો સૌથી મુશ્કેલ અને જોખમી ગણાતો શરૂઆતનો અંદાજે ૪૦ દિવસનો ગાળો સફળતાપૂર્વક પાર કરી લીધો છે, જે વૈજ્ઞાનિકો માટે ખૂબ મોટી રાહતના સમાચાર છે. આ સાથે જ તેમણે દેશમાં ઘોરાડ પક્ષીઓના સંવર્ધનને લઈને વધુ એક પ્રોત્સાહક આંકડો જાહેર કર્યો છે કે રાજસ્થાનના સામ અને રામદેવરા ખાતે કૃત્રિમ રીતે ઉછેર કેન્દ્રમાં જન્મેલા બચ્ચાઓની કુલ સંખ્યા હવે ૯૮ પર પહોંચી ગઈ છે. આ પ્રોજેક્ટ હવે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે અને આગામી સમયમાં આ પક્ષીઓને સંરક્ષણ કેન્દ્રમાંથી મુક્ત કરીને ફરીથી કુદરતી વાતાવરણમાં છોડવાના તબક્કામાં પ્રવેશવા જઈ રહ્યો છે. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાની ટીમ તેમજ રાજસ્થાન અને ગુજરાતના વન વિભાગો કોઈપણ કસર છોડ્યા વિના એકસાથે મળીને સખત મહેનત કરી રહ્યા છે.

મંત્રી શ્રી મોઢવાડિયાએ લુપ્ત થતી પ્રજાતિના સંવર્ધન માટે વન વિભાગ અને વૈજ્ઞાનિકોના સંયુક્ત પ્રયાસોને બિરદાવ્યા

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. કચ્છનલિયા ખાતે હાથ ધરવામાં આવેલા બીજા 'જમ્પ સ્ટાર્ટ' પ્રોજેક્ટ અંતર્ગત ગત ૨૧ મે ૨૦૨૬ના રોજ જન્મેલું મહાકાય અને અત્યંત દુર્લભ પક્ષી ઘોરાડ નું બચ્ચું તેના અતિ નાજુક અને મહત્વપૂર્ણ એવા પ્રથમ ૪૦ દિવસ સફળતાપૂર્વક પાર કરી ગયું છે. વિશ્વની સૌથી વધુ ભયગ્રસ્ત પ્રજાતિઓમાં સામેલ એવા આ પક્ષીના અસ્તિત્વને બચાવવાની દિશામાં આ એક આશાસ્પદ અને ગૌરવપૂર્ણ સિદ્ધિ છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું.

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "ગુજરાત માટે આ અત્યંત આનંદ અને ગૌરવના સમાચાર છે. ઘોરાડ પક્ષીના સંરક્ષણ માટે હાથ ધરાયેલી આ વિશેષ ઝુંબેશની સફળતા એ આપણા વૈજ્ઞાનિકો, વન્યજીવ પ્રેમીઓ અને વન વિભાગના અધિકારીઓની અવિરત મહેનત અને સમર્પણનું પરિણામ છે. બચ્ચાના જીવનના શરૂઆતના ૪૦ દિવસ ખૂબ જ નાજુક હોય છે, અને આ મહત્વપૂર્ણ માઈલસ્ટોન પાર થવો એ પક્ષીના ઉજ્જ્વળ ભવિષ્યની નવી આશા જગાવે છે. વધુમાં ઉમેર્યું હતું કે, "માનવજાત અને પ્રકૃતિ વચ્ચેના સંતુલનને જાળવી રાખવા માટે આવી લુપ્તપ્રાય પ્રજાતિઓનું રક્ષણ અનિવાર્ય છે. ભારતની જૈવ-વિવિધતાના સંવર્ધનની સફરમાં આ સિદ્ધિ એક નવો સીમાચિહ્ન સાબિત થશે. વન્યજીવોના જતન અને ભાવી પેઢી માટે કુદરતી વારસાને સુરક્ષિત રાખવા માટેની ગુજરાત સરકારની કટિબદ્ધતાને આ સફળતા વધુ મજબૂત કરે છે.

ભુજ પાલિકાની નવી કારોબારીની પ્રથમ બેઠકમાં પ્રજાલક્ષી નિર્ણયો લેવાયા : કરોડોના વિકાસકામોને લીલી ઝંડી

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક ચેરમેન કમલભાઈ પબુભાઈ ગઢવીના નેજા હેઠળ મળી હતી, જેમાં નગરપાલિકાની પાણી, રોડ રસ્તા, ડ્રેનેજ અને રોડલાઈટના લોકસુખાકારીના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુમાં માહિતી આપતા ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, કારોબારી બેઠકમાં ભુજ શહેરના વિકાસને વેગ આપવા મહત્વના નિર્ણયો લેવામાં આવેલ છે, જેમાં બાંધકામ શાખાના કામો પૈકી કૃષ્ણાજી પુલના કામના આવેલ ટેન્ડરને ખોલવામાં આવ્યું હતું, જેમાં એજન્સીને નેગોશીયેશન માટે જણાવવામાં આવ્યું હતું

ચાર વર્ષથી બંધ પડેલા કૃષ્ણાજી પુલના નિર્માણ માટે આખરે પાંચમા પ્રયાસે ટેન્ડર મંજૂર : ચોમાસા પૂર્વે અને બાદની સ્થિતિને પહોંચી વળવા ડ્રેનેજ-પાણી પુરવઠાના માળખાને અપગ્રેડ કરાશે

સાથે સાથે આઉટગ્રોથ એરીયા ગ્રાન્ટ અંતર્ગત રૂ.૭ કરોડના મંજુર થયેલ કામોનું ટેન્ડર કરવામાં આવેલ, જેના ભાવો ખોલીને મંજુર કરવામાં આવેલ હતા. ૧૫માં નાણાપંચના રૂ. ૫૫ લાખના રોડ-રસ્તા, પેવરબ્લોકના કામો તથા જનભાગીદારીના રૂ. ૧.૫

કરોડના કામોના ટેન્ડર ખોલીને તેના ભાવો મંજુર કરવામાં આવ્યા હતા. ઉમેદનગર પુલીયાનું રૂ. ૪૫ લાખનું મંજુર થયેલ કામનું ટેન્ડર કરેલ, જેના ભાવો ખોલીને ભાવો મંજુર કરવામાં આવ્યા હતા.

અંદાજીત રૂ. ૮૦ લાખના ડામર તથા સીસી રોડના પેચવર્કના કામો મંજુર કરવામાં આવ્યા હતા. ડ્રેનેજ શાખાના કામો પૈકી રૂ.૩ કરોડની રકમના પમ્પીંગ સ્ટેશનના અપગ્રેડેશનનાં કામોનું ટેન્ડર કરવામાં આવેલ, જેના ભાવો ખોલતા, ભાવ ઊંચા આવતા તેને નેગોશીયેશન માટે જણાવવામાં આવેલ છે તેમજ અંદાજીત રૂ.૦૨ કરોડના લાઈન મેઈન્ટેનન્સના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

પાણી પુરવઠાના કામો પૈકી શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીની નવી લાઈન નાખવાના કામો જ્યાં પાણી નથી પહોંચતું તેવા વિસ્તારો માટે પાણીની લાઈન નાખવાના અંદાજીત ૩૫ લાખના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. રોડલાઈટ શાખાના કામો પૈકી શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં લાઈટ બંધ છે તેને રીપેર કરવાનું અથવા જ્યાં નવી લાઈટ નાખવાની થાય છે ત્યાં લાઈટ લગાડવાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ અન્ય વિવિધ કામોની સમીક્ષા પણ કરી હતી.

આ બેઠકમાં ચીફ ઓફીસર ટ્રિંવકલબેન પટેલ, કારોબારી સભ્યો મનુભા જાડેજા, ક્રિષ્નાબા જાડેજા, મયંકભાઈ રૂપારેલ, ચંદ્રેશભાઈ રબારી, હસ્મીતાબેન ગોર ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં દરરોજ ૨૫ સ્કૂલો બંધ, ૧૦ વર્ષે ૯૪,૦૦૦ સરકારી સ્કૂલોએ ખંભાતી તાળા, નીતિ આયોગનો રિપોર્ટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : નીતિ આયોગ દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંગે તાજેતરમાં જાહેર કરવામાં આવેલો એક અહેવાલ ભારે ચોંકાવનારો છે. 'સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઇન ઇન્ડિયાઃ ટેમ્પોરલ એનાલિસિસ એન્ડ પોલિસી રોડમેપ ફોર ક્વોલિટી એનહાંસમેન્ટ' શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાંથી ૯૪,૦૦૦ જેટલી સરકારી શાળાઓ નામશેષ થઈ ગઈ છે. શિક્ષણ જગતમાં ચિંતાની લહેર જગાડતા આ આંકડા સ્પષ્ટ કરે છે કે, ગ્રામીણ ભારતમાં શાળાકીય શિક્ષણ અત્યારે એક મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

રિપોર્ટના ચોંકાવનારા આંકડા દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દરરોજ સરેરાશ ૨૫ શાળાઓ બંધ થઈ છે, જેમાં સૌથી મોટો હિસ્સો સરકારી શાળાઓનો છે. સરકારી શાળાઓમાં ઘટાડોઃ વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે સરકારી સહાયતા મેળવતી સ્કૂલોઃ આ જ ગાળામાં સરકારી સહાયતા મેળવતી શાળાઓની સંખ્યા પણ ૮૩,૦૦૦થી ઘટીને ૭૯,૦૦૦ થઈ ગઈ છે. ખાનગી શાળાઓમાં ઉછાળોઃ આનાથી તદ્દન વિપરીત, આ ૧૦ વર્ષના ગાળામાં ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ પર પહોંચી ગઈ છે. એડમિશનમાં મોટો ઘટાડોઃ શાળાઓ બંધ થવાના કારણે વિદ્યાર્થીઓનો કુલ એડમિશન આંકડો ૨.૨૬ કરોડ જેટલો ઘટી ગયો છે.

નીતિ આયોગના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૪-૧૫માં દેશની શાળાઓમાં કુલ ૨૬.૯૫ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૨૪.૬૯ કરોડ થઈ ગયા છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં આવેલા આ ઘટાડા પાછળ આ મુખ્ય કારણો જવાબદાર છે

કેન્દ્ર સરકાર અને નીતિ આયોગ દ્વારા ઓછી સંખ્યા ધરાવતી આસપાસની શાળાઓને એકબીજા સાથે જોડવા માટે 'સ્કૂલ કન્સોલિડેશન' એટલે કે શાળાઓના વિલીનીકરણની નીતિ અપનાવવામાં આવી છે.

આ નીતિના કારણે જ બાળકોના એડમિશન ઘટ્યા છે. જ્યારે ઘરની નજીકની શાળા બંધ થઈ જાય છે, ત્યારે અંતર વધી જવાના કારણે ઘણા બાળકો (ખાસ કરીને છોકરીઓ) અભ્યાસ છોડી દે છે. એટલું જ નહીં, ધોરણ ૮માંથી ૯માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનો દર પણ વર્ષ ૨૦૧૪-૧૫ના ૯૧.૫૮%થી ઘટીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૬.૬% રહી ગયો છે. પુડુચેરી અને કેરળ જેવા રાજ્યોમાં આ દર ૯૯.૬% જેટલો ઉત્તમ છે, પરંતુ બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં આ સ્થિતિ ઘણી ચિંતાજનક છે.

શાળાઓ બંધ થવાની સાથે સાથે શિક્ષણની ગુણવત્તા પર પણ આ રિપોર્ટમાં ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે ધોરણ ૯માં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માત્ર બીજગણિત અને ભૂમિતિ જેવા અઘરા વિષયોમાં જ નહીં, પરંતુ ટકાવારી, અપૂર્ણાંક અને ગુણોત્તર જેવી ગણિતની પાયાની બાબતો સમજવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

આનાથી સ્પષ્ટ થાય છે કે શરૂઆતના ધોરણોમાં રહી ગયેલી કચાસ આગળના મોટા ધોરણો સુધી સતત ચાલુ રહે છે, જે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામે એક મોટો પડકાર છે.

પત્રી સીમમાં કુંદરોડીના વૃદ્ધની હત્યા કરનારા બે આરોપી ઝડપાયા

ભુજ - કચ્છઉદય : મુંદરા તાલુકાના પત્રી - કુંદરોડી રોડ પર ખારાવાડી આંટી પાસે કુંદરોડી ગામના વૃદ્ધની હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં ફરાર થયેલા બે આરોપીને પ્રાગપર પોલીસે મોરબી વિસ્તારમાંથી ઝડપી લીધા છે. કુંદરોડી ગામના ૭૩ વર્ષીય અબ્દુલ્લા હુસેન પઠાણ શાકભાજીની ફેરી કરવા માટે ગયા હતા. ત્યારે ગામના જ ઇમ્તીયાઝ કાસમ હાલેપોત્રા અને હરદીપસિંહ અજીતસિંહ સોઢાએ લોખંડના પાઇપ વડે માથા, આંખ, કાન તેમજ હાથ-પગ પર જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઇજાઓના કારણે સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વૃદ્ધનું મોત નીપજતાં મામલો હત્યામાં ફેરવાયો હતો. ઘર પાસે વાહન રાખવા બાબતની બોલાચાલીમાં આ બનાવ બન્યો હતો. પોલીસે કુંદરોડી ગામના ૨૪ વર્ષીય ઇમ્તીયાઝ કાસમ હાલેપોત્રા અને ૩૦ વર્ષીય હરદીપસિંહ અજીતસિંહ સોઢાને ઝડપી લીધા છે. આ કામગીરીમાં પીઆઈ એ.કે.ભરવાડ, ડી.એમ.ઝાલા,

એએસઆઇ રવજીભાઇ, ગોપાલભાઇ, હેડ કોન્સ. ઈશ્વરભાઈ, રાજ જેસર, કોન્સ્ટેબલ સામત ગઢવી, લાલજી આલ, કલ્પેશભાઇ જામાભાઇ, મહેશ ચૌહાણ સહિતના જોડાયા હતા.

સોશિયલ મીડિયા પર લોકોમાં ડર ફેલાવવાનું કાવતરું, ઈથેનોલ મિશ્રણના વિરોધ મુદ્દે પુરીનો જવાબ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈથેનોલ મિશ્રિત ઈંધણ(ઈ૨૦)ને લઈને થઈ રહેલી ટીકાઓને ફગાવી દેતાં જણાવ્યું હતું કે, ઈ૨૦ પેટ્રોલ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલું, સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઈંધણ છે. તેમણે આરોપ કર્યો હતો કે ઈ૮૫ ઈંધણ માટે અનુકૂળ વાહનોની શરૂઆત પછી ઈથેનોલ મિશ્રિત ઈંધણ વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન તેજ થઈ ગયું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં મંત્રીએ જણાવ્યું કે- ભારતમાં એપ્રિલ ૨૦૨૩ થી ઈ૧૫, એપ્રિલ ૨૦૨૪ થી ઈ૧૯ અને એપ્રિલ ૨૦૨૫ થી ઈ૨૦ ઈંધણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આટલા મોટા પાયે તેના ઉપયોગ છતાં કોઈ મોટી સમસ્યા સામે આવી નથી. દેશમાં ૨૦ કરોડથી વધુ ટુ-વ્હીલર અને ૨૦ લાખથી વધુ ફોર-વ્હીલર ઘણા વર્ષોથી સફળતાપૂર્વક ઈ૨૦ ઈંધણ પર ચાલી રહ્યા છે. આમ છતાં, અચાનક ઈથેનોલ મિશ્રણ વિરુદ્ધ અભિયાન તેજ થઈ ગયું છે. તેમણે દાવો કર્યો હતો કે ૫ જૂનના રોજ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો માટે ઈ૮૫ ઈંધણ લોન્ચ કરવામાં આવ્યા બાદ આ પ્રકારની ટીકાઓ વધવા લાગી છે. તેમણે આ પગલાંને ભારતની આયાતી ફૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું હતું.

જવાહર નવોદય વિદ્યાલય ડુમરા ખાતે ધોરણ-૬માં પ્રવેશ માટેની પસંદગી પરીક્ષા માટે ઓનલાઈન નોંધણી શરૂ

ભુજ - કચ્છઉદય : ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત પ્રતિષ્ઠિત પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, ડુમરા ખાતે શૈક્ષણિક સત્ર ૨૦૨૭-૨૮ માટે ધોરણ-૬માં પ્રવેશ માટે યોજાનારી જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કચ્છ જિલ્લાના લાયક અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આ સુવર્ણ તકનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જવાહર નવોદય વિદ્યાલય સંપૂર્ણ પણે સહ-શિક્ષણ આધારિત આવાસીય શાળા છે, જ્યાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ગુણવત્તાસભર શિક્ષણ, રહેઠાણ, ભોજન, ગણવેશ, પાઠ્ય પુસ્તકો સહિતની તમામ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉપરાંત રમતગમત, એન.સી.સી., સ્કાઉટ-ગાઈડ, સંગીત, નૃત્ય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ સ્થળાંતર યોજના દ્વારા રાષ્ટ્રીય એકતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે

૩૧ જુલાઈ સુધી અરજી કરવાની તક : કચ્છના લાયક વિદ્યાર્થીઓને લાભ લેવા અનુરોધ

છે. પ્રવેશ માટે વિદ્યાર્થી કચ્છ જિલ્લાના મૂળ રહેવાસી હોવો જરૂરી છે તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન કચ્છ જિલ્લાના સરકારી અથવા માન્યતા પ્રાપ્ત શાળામાં ધોરણ-૫માં અભ્યાસ કરતો હોવો જોઈએ.ઉપરાંત વિદ્યાર્થીએ ધોરણ-૩ અને ધોરણ-૪ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હોવા જોઈએ. ઉમેદવારની જન્મ તારીખ ૦૧ મે, ૨૦૧૫ થી ૩૧ જુલાઈ, ૨૦૧૭ (બંને તારીખો સહિત) વચ્ચેની હોવી આવશ્યક છે. પસંદગી પરીક્ષામાં કુલ ૧૦૦ ગુણરહેશે અને પરીક્ષાનો સમયગાળો ૨ કલાકનો રહેશે. પરીક્ષામાંમાનસિક ક્ષમતા પરીક્ષણ ૪૦ ગુણ, અંકગણિત પરીક્ષણ – ૨૦ ગુણ, ભાષા પરીક્ષણ – ૨૦ ગુણ તથા સામાન્ય વિજ્ઞાન – ૨૦ ગુણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવેશ પરીક્ષા માટેઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે, જ્યારે પ્રવેશ પરીક્ષા ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. નોંધનીય છે કેઅન્ય જિલ્લાના મૂળ રહેવાસી અથવા અન્ય જિલ્લામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે પાત્ર રહેશે નહીં. વધુ માહિતી તથા ઓનલાઈન નોંધણી માટે ઉમેદવારોને વેબસાઈટની મુલાકાત લેવા અથવા નજીકની શાળા તથા શિક્ષણ વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં પીએમ જવાહર નવોદય વિદ્યાલય, ડુમરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

કચ્છ જિલ્લાના તમામ વાલીઓ, શિક્ષકો અને શાળા સંચાલકોને લાયક વિદ્યાર્થીઓ સુધી આ માહિતી પહોંચાડી સમયમર્યાદામાં નોંધણી કરાવવા સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે, જેથી જિલ્લાના વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને જવાહર નવોદય વિદ્યાલય જેવી ગુણવત્તાસભર રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ શકે તેમ જણાવ્યું છે.

સંજય રાઉતને હવે શરદ પવાર પર પણ 'આશંકા'

(એજન્સી દ્વારા)

મુંબઈ : મહારાષ્ટ્રના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. એનસીપીના સ્થાપક શરદ પવારે વિધાન ભવન ખાતે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની કેબિનમાં પોતાની પાર્ટીની બેઠક યોજી હતી. આ ઘટના પર ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે ભારે નારાજગી વ્યક્ત કરી છે. રાઉતે આક્ષેપ કર્યો છે કે શરદ પવાર આવા ગદ્દાર નેતાઓને સન્માન આપી રહ્યા છે.

સંજય રાઉતે જણાવ્યું કે, શરદ પવાર એક મોટા નેતા છે. પરંતુ એકનાથ શિંદે, જેમણે મહારાષ્ટ્રને ભ્રષ્ટાચારથી ખદબદી દીધું છે, તેમની કેબિનમાં બેઠક કરવી યોગ્ય નથી. શું આખું વિધાન ભવન ખાલી નહોતું? વિધાન ભવનની સામે જ એક રાષ્ટ્રવાદી ભવન અને એક શિવસેના ભવન પણ આવેલું છે. આ પ્રકારની હરકતથી રાષ્ટ્રવાદી શરદ ચંદ્ર પવાર પાર્ટીની વિશ્વસનીયતા ઓછી થાય છે.

સંજય રાઉતે આગળ કહ્યું કે, 'જો અમે અજિત પવારના હોલમાં જઈને મીટિંગ કરીએ, તો તેનો મતલબ એ થાય કે અમે સ્ફછ(મહાવિકાસ આઘાડી) વિરુદ્ધ ગયા છીએ.' તેથી, સ્ફછના તમામ પક્ષોએ નિયમોનું પાલન કરવું જોઈએ. સંજય રાઉતે એ વાત સ્વીકારી કે, શરદ પવાર જેવા સીનિયર નેતા મુખ્યમંત્રીને મળે તેમાં કંઈ ખોટું નથી. ગઈકાલે વિધાન ભવનમાં મહારાષ્ટ્ર-કર્ણાટક બોર્ડરના મુદ્દે બેઠક હતી. પરંતુ તે મીટિંગમાં શું થયું તે બહાર આવ્યું નથી. મુખ્યમંત્રીએ આ મીટિંગ માટે કેટલા મોટા નેતાઓને બોલાવ્યા હતા? શિવસેના આ આંદોલનનો મહત્ત્વનો હિસ્સો રહી છે. મુખ્યમંત્રીને શું ખબર કે બોર્ડર વિસ્તારમાં મરાઠી લોકો કેવી તકલીફ ભોગવી રહ્યા છે અને આ કેસ કેટલા વર્ષોથી પેન્ડિંગ છે.

આવતીકાલે નેશનલ લોક અદાલત : ૧૧ હજાર જેટલા કેસોના નિકાલની અપેક્ષા

ભુજ - કચ્છઉદય : આવતીકાલે કચ્છ જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન થશે. કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી બી. એમ. પ્રજાપતિએ જણાવ્યું છે કે, નાલ્સા ન્યુ દિલ્હી અને ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના નેજા હેઠળ તેમજ ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી ભુજના ચેરમેન મહિડા દિલીપ પી.ના માર્ગદર્શન હેઠળ આવતીકાલે તારીખ ૧૧ જુલાઈના સમગ્ર કચ્છ જિલ્લાની અદાલતોમાં આ વર્ષની બીજી મેગા નેશન

માંડવી તાલુકાના દૂધ ઉત્પાદકોને રૂ. ૧૦૦.૧૭ કરોડનું ચૂકવણું

સહકારી મંડળીઓને રૂ. ૭ કરોડથી વધુના અંતિમ ભાવના ચેક વિતરણ

માંડવી - કચ્છઉદય : કચ્છના પશુપાલન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાના હેતુથી સરહદ ડેરી દ્વારા કોડાય ખાતે ભિદડા, રાજપર અને લાયજા દૂધ શીત કેન્દ્ર સાથે સંલગ્ન દૂધ સહકારી મંડળીઓના વાર્ષિક અંતિમ ભાવ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન માંડવી તાલુકાના દૂધ ઉત્પાદક પશુપાલકોને રૂ. ૧૦૦.૧૭ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું હતું, જ્યારે વિવિધ દૂધ સહકારી મંડળીઓને રૂ. ૭ કરોડથી વધુના અંતિમ ભાવના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે અને સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલના હસ્તે ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, કચ્છમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિ સમગ્ર સહકારી ચળવળ માટે ગૌરવની બાબત છે. પશુપાલકોની મહેનત અને સહકારી માળખાના કારણે સરહદ ડેરી સતત વિકાસના નવા માપદંડો સ્થાપિત કરી રહી છે.

ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ પશુપાલકોને સંબોધતાં જણાવ્યું હતું કે, દેશી ગાયોનું સંવર્ધન અને વૈજ્ઞાનિક પશુપાલન સમયની જરૂરિયાત છે. સરકાર દ્વારા પશુપાલકો માટે વિવિધ સહાય યોજનાઓ, સબસિડી, પશુ વીમા અને લોન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેના લાભથી પશુપાલન વ્યવસાયને વધુ સશક્ત બનાવી શકાય છે.

કાર્યક્રમ દરમિયાન સરહદ ડેરી દ્વારા પશુપાલકોના સંતાનોના ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપતી મહત્વપૂર્ણ જાહેરાત પણ કરવામાં આવી હતી. કચ્છની વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતા પશુપાલકોના સંતાનોને વ્યાજમુક્ત શૈક્ષણિક લોન આપવાની યોજના જાહેર કરવામાં આવી હતી. ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, હાલમાં જિલ્લામાં આશરે ૭૦ હજાર પરિવારો સરહદ ડેરી સાથે જોડાયેલા છે અને તેમની નિષ્ઠા તથા યોગદાનના કારણે ડેરી આજે મજબૂત સ્થાન પર પહોંચી છે.

આ અવસરે ઊંટ ઉછેર ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રામાભાઈ રબારીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપ મહામંત્રી લક્ષ્મીશંકર જોશી, સુરેશ સંઘાર, રાણશીભાઈ ગઢવી, સામતભાઈ ગઢવી, રેખાબેન છાભૈયા, વિરમભાઈ ગઢવી, નારણભાઈ ઢીલા, વિશ્રામભાઈ પટેલ, શાંતાબેન આહીર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, જીવરાજ ગઢવી, વાલજીભાઈ સંઘાર, વર્ષાબેન કન્નડ, મનીષાબેન જબુઆણી અને એપીએમસી ચેરમેન ભાઈલાલભાઈ છાભૈયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મીરલ રબારીએ કર્યું હતું અને આભારવિધિ હેમાંગકુમાર અબોટીએ વ્યક્ત કરી હતી.

કોડાયપુલ સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

૨૭ વર્ષની વિકાસયાત્રાના સાક્ષી બન્યા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

માંડવી - કચ્છઉદય : કોડાયપુલ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. 'ગુરૂકુળના સ્મરણો સાથે, સંસ્કારોના સંગાથે'ના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં દેશ-વિદેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા પૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ જૂના દિવસોની યાદોને તાજી કરી હતી.

કાર્યક્રમની શરૂઆત સંતોના હસ્તે દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રસંગે સ્વામી પ્રભુજીવનદાસજી, હરિનંદદાસજી સ્વામી, સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, નારાયણજીવનદાસ સ્વામી, સ્વામી જગતવિહારીદાસજી તથા સ્વામી કપિલજીવનદાસજીએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે ગુરુકુળમાં પ્રાપ્ત થયેલા સંસ્કારો વ્યક્તિના સમગ્ર જીવનને ઉજ્જ્વળ બનાવે છે. તેમણે પૂર્વ વિદ્યાર્થીઓને સમાજસેવા, ગૌસેવા અને માનવકલ્યાણના કાર્યોમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણા આપી હતી.

ગુરૂકુળના સંચાલક કૃષ્ણજીવનદાસજી સ્વામીએ સંસ્થાની શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ૨૭ વર્ષ દરમિયાન ગુરૂકુળે શિક્ષણ અને સંસ્કારક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. આગામી જાન્યુઆરી માસમાં યોજાનારા કામધેનુ મહોત્સવને સફળ બનાવવા પૂર્વ વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં જોડાય તેવું પણ આહ્વાન કરવામાં આવ્યું હતું.

ભૂતપૂર્વ વિદ્યાર્થી ભૌમિક શાહે ગૌસેવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જિતેશભાઈ ખીમાણીએ પોતાના જીવનમાં ગુરુકુળના સંસ્કારોની ભૂમિકા અંગે અનુભવ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગુરુકુળમાં પ્રાપ્ત થયેલી કેળવણી અને મૂલ્યો આજે પણ તેમના જીવનના માર્ગદર્શક બની રહ્યા છે.

સ્નેહમિલનમાં કેન્યાના નૈરોબી, મુંબઈ, સુરત તેમજ કચ્છના વિવિધ વિસ્તારોમાંથી આવેલા પૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નવીન જેસાણી, રાજેન્દ્રભાઈ સાંખલા, અરવિંદ શિયાણી, અરવિંદ પિંડોરિયા, ચિંતન સાંખલા, કાંતિ કેરાઈ, બિપિન પિંડોરિયા, જિજ્ઞેશભાઈ છેડા, રામજી ભંડેરી, રામદેવસિંહ જાડેજા, ભૂમિત જોશી, અંકિતભાઈ, મુકેશ રાબડિયા અને મહેશ મેપાણી સહિતના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરાના રમેશ જાદવજી હાલાઈએ મહાપ્રસાદના દાતા તરીકે સેવાભાવ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન મહેન્દ્રભાઈ પિત્રોડા, જેમીન પંચાલ અને કાંતિભાઈ મોતા સહિતના આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કૃષ્ણજીવનદાસજી સ્વામીએ કર્યું હતું, જ્યારે સમગ્ર આયોજન અને વ્યવસ્થા પ્રવીણ ભગત, જયંતીભાઈ હાલાઈ, વિકેશ હાલાઈ, માધવ કેરાઈ, ગોપાલ ગઢવી અને નીતિન રાજાણી સહિતના યુવાનોએ સંભાળી હતી.

શિક્ષિત સમાજ જ વિકાસનો મજબૂત પાયો : ઉમરફારૂક ખીરા

ભુજમાં નોડે સમાજ એજ્યુકેશન ગ્રુપના શૈક્ષણિક સન્માન સમારોહમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને યુવાનોનું બહુમાન

ભુજ - કચ્છઉદય : સમાજના વિકાસ માટે શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂકતા ભુજ ખાતે નોડે સમાજ એજ્યુકેશન ગ્રુપ દ્વારા શૈક્ષણિક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કુંભાર જમાતખાના ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરનાર યુવાનો તેમજ સરકારી સેવામાં સ્થાન મેળવનાર પ્રતિભાઓને સન્માનિત કરી તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના મદદનીશ શિક્ષણ નિરીક્ષક ઉમરફારૂક ખીરાએ જણાવ્યું હતું કે આજના યુગમાં શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી, પરંતુ સમાજને નવી દિશા આપતું શક્તિશાળી માધ્યમ છે. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરતાં કહ્યું હતું કે સરકાર દ્વારા અમલમાં રહેલી રાઈટ ટુ એજ્યુકેશન સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે સમાજે જાગૃત બની કામગીરી કરવી જોઈએ. તેમણે નોડે સમાજમાં વધતી શિક્ષણ જાગૃતિને આવકારતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે વિશેષ માર્ગદર્શન અને સહાય કેમ્પ યોજવાની પણ સલાહ આપી હતી. પ્રસંગે નોડે સમાજના અગ્રણી આગેવાન, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન તથા મુસ્લિમ એજ્યુકેશન શાળાના સેક્રેટરી હાજી જુમ્મા ઈશા નોડેએ સમાજની એકતા, સંગઠન અને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ વિના કોઈપણ સમાજ પ્રગતિ કરી શકતો નથી. નવી પેઢી વધુ શિક્ષિત બને અને સમાજના દરેક ઘરમાંથી ડોક્ટર, ઈજનેર, શિક્ષક અને વહીવટી અધિકારીઓ ઉભા થાય તે માટે સૌએ સંયુક્ત પ્રયાસો કરવા જરૂરી છે.

કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં સરકારી શિક્ષક તરીકે નિમણૂક મેળવનાર સીરીનબેન માહિન નોડેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બી.એ.-બી.એડ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર મેમુનાબેન નોડે અને ડિપ્લોમા ઈન ડાયાલિસીસનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર અહમદ અબ્દુલ નોડેને પણ અભિનંદન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધોરણ ૯ થી ૧૨ સુધીના અભ્યાસમાં સફળતા મેળવનાર આશરે ૩૫ જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો અર્પણ કરી તેમના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો.

સમારોહમાં રાયબઅલી નોડે (પૂર્વ પ્રમુખ, નોડે સમાજ), હાજી હાસમ નોડે, ઈમરાન જુમ્મા નોડે (જિલ્લા મહામંત્રી), મામદ નોડે (વાગડ પ્રમુખ), અનવર નોડે, હયાત નોડે, મૌલાના દાઉદ અસરી નઝીમ, અબ્દુલ મજીદ નોડે, અબ્દુલ કયુમ નોડે (સરપંચ), સલીમ નોડે, કાદર નોડે, મુકીમ નોડે, ઈલિયાસ નોડે, રાઉભાઈ નોડે, મોડભાઈ નોડે (દદ્ધર), સાલેમામદ નોડે, જુમ્માભાઈ જુનિયર, રજાક નોડે, અબ્દુલ નોડે, જુમ્મા રફીક નોડે, હારુન નોડે સહિત સમાજના આગેવાનો, વાલીઓ અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન શબીર નોડે, અબ્બાસ નોડે અને મુહમ્મદી ચેરિટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ મૌલાના સલીમ નોડેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જ્યારે સોયબ નોડે, અશરફ નોડે, ઈદ્રીસ નોડે, હુસેન નોડે, માહિન નોડે, સિકંદર નોડે અને નોફિલ નોડે સહિતના કાર્યકરોએ વ્યવસ્થાની જવાબદારી સંભાળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શિક્ષણ, એકતા અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્યનો સંદેશ પ્રબળ રીતે પ્રતિબિંબિત થયો હતો.

પ્લાસ્ટિક બેગ ફ્રી ડે દિવસે ભુજમાં કાપડની થેલીઓનું વિતરણ કરાયું

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે પ્લાસ્ટિક બેગ ફ્રી ડે નિમિત્તે શહેરના અલગ અલગ વિસ્તારોમાં કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને કાછિયાઓને કાપડની થેલીઓ આપવામાં આવી હતી. સત્યમ્ સંસ્થા અને કરછ એક પહેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા "મારૂ શહેર, પ્લાસ્ટિક મુક્ત શહેર" ની નેમથી ભુજ શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાપડની થેલીઓનું વિતરણ કર્યા બાદ પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ નહીં કરવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરના પાંચ નાકા અને છઠ્ઠીબારી વિસ્તારોમાં તેમજ ચારેય રિલોકેશન સાઈટોમાં માઈક સિસ્ટમના વાહન સાથે પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા ખાસ અપીલ કરવામાં આવી હતી. સાથે સાથે અલગ અલગ વિસ્તારોમાં કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરની સત્યમ્ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા આ કાર્ય કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સત્યમ્ સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી સેવાકીય કાર્ય કરતી સંસ્થા છે. કોરોના કાળ દરમિયાન પણ માઈક સિસ્ટમના વાહન સાથે વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. સત્યમ્ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, ભુજ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર, ધીરેનભાઈ લાલન, જટુભાઈ ડુડીયા, માલશ્રીબેન ગઢવી, અંકિતાબેન ધોકાઈ, રાજુલાબેન શાહ, ધર્મેન્દ્રભાઈ ડુડીયા, નરેન્દ્રભાઈ સ્વાદિયા, નયનભાઈ શુક્લ, નર્મદાબેન ગામોટ, હેમેન્દ્રભાઈ જનસારી તેમજ અન્ય કાર્યકરોએ કાપડની થેલીઓનું વિતરણ કર્યું હતું. આ અભિયાન માટે કાપડની થેલીઓ ઉપલબ્ધ કરાવવા બદલ મનીષભાઈ જેઠી, નવલસિંહ જાડેજા, રાજેન્દ્રભાઈ જોશી અને ભવ્ય જેઠીનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

દહિંસરામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ૭૧મો સ્થાપના દિવસ અનોખી રીતે ઉજવાયો

મહાનુભાવોને વૃક્ષોના રોપાની ભેટ આપી પર્યાવરણ જાગૃતિનો સંદેશ અપાયો

ભુજ - કચ્છઉદય : દહિંસરા ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા દ્વારા બેંકના ૭૧મા સ્થાપના દિવસની ઉજવણી સામાજિક જવાબદારી અને પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોને વૃક્ષોના રોપાની ભેટ અર્પણ કરીને હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણ માટે સૌને પ્રેરણા આપવામાં આવી હતી.

આ પ્રસંગે દહિંસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. યશ્મિતાબા જાડેજા, હિરલબેન ગામેતી, જાનકી પરીખ તેમજ દહિંસરા પોસ્ટ ઓફિસના હાર્દિક મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. ગામના સરપંચ ઈન્દુમતીબેન આસાણીના હસ્તે ઉપસ્થિત મહાનુભાવોને વૃક્ષોના રોપા અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને કુદરતી સંપદાના જતન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેંકના શાખા મેનેજર ભાવેશભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માત્ર બેંકિંગ સેવાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવા માટે વિવિધ સામાજિક અને જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજતી રહે છે. સ્થાપના દિવસની ઉજવણીને અર્થપૂર્ણ બનાવવા વૃક્ષોની ભેટ આપવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.કાર્યક્રમના આયોજનમાં બેંકના કર્મચારીઓ શંશાકભાઈ, ચેતન સોની અને અશોક મહેશ્વરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ગાંધીધામમાં અદ્યતન બસપોર્ટનું કામ પૂરજોશમાં

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છના ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્ર તરીકે વિકસતા ગાંધીધામ શહેરમાં જાહેર પરિવહન વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે નિર્માણાધીન નવા એસ.ટી. બસપોર્ટનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. વર્ષોથી અપેક્ષિત આ મહત્વપૂર્ણ પ્રકલ્પ પૂર્ણ થયા બાદ ગાંધીધામ, આદિપુર સહિત સમગ્ર કચ્છના મુસાફરોને વધુ સુવિધાસભર અને આધુનિક બસ સેવા ઉપલબ્ધ બનશે. હાલ ચાલી રહેલી કામગીરીને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં બસપોર્ટ કાર્યરત થઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શહેરના ટાગોર રોડ પર દીનદયાલ પોર્ટ ઓથોરિટીની વહીવટી કચેરીની પાછળ આશરે રૂ. ૧૧.૬૧ કરોડના ખર્ચે આ અત્યાધુનિક બસપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે. અંજાર ડેપોના મેનેજર શ્રી શામરાના જણાવ્યા મુજબ બસપોર્ટના પાયાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને હાલમાં ઉપરના માળખાના બાંધકામને વેગ આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં અંદાજે ૩૦ ટકા જેટલું કામ પૂર્ણ થયું છે. નિર્માણ એજન્સીને ૧૪ મહિનામાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવી હોવાથી જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં બસપોર્ટ તૈયાર થઈ જવાની સંભાવના છે.

મુસાફરોને શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહે તે હેતુથી બસપોર્ટમાં આધુનિક માળખાકીય વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૧ બસ પ્લેટફોર્મ, વિશાળ વેઈટિંગ હોલ, આરામદાયક બેઠક વ્યવસ્થા, કેન્ટીન, સ્તનપાન માટે અલગ રૂમ, ૧૨ વ્યાવસાયિક સ્ટોલ તેમજ આધુનિક શૌચાલયોની સુવિધા રહેશે. પ્રથમ માળે કર્મચારીઓ માટે રેસ્ટરૂમ, હોટેલ મેનેજમેન્ટ રૂમ, કેફે, રસોડું, ત્રણ સ્યુટ રૂમ અને આઠ બેડરૂમની વ્યવસ્થા પણ કરવામાં આવશે. પરિણામે આ બસપોર્ટ માત્ર બસ સ્ટેશન નહીં પરંતુ મુસાફરોને તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડતું આધુનિક ટ્રાન્ઝિટ કેન્દ્ર બનશે.

ઉલ્લેખનીય છે કે ગાંધીધામમાં નવા બસ સ્ટેશનનું નિર્માણ લાંબા સમય સુધી જમીન સંબંધિત કારણોસર અટવાયેલું રહ્યું હતું. હાલના બસ સ્ટેશનની જમીનની લીઝ કંડલા પોર્ટ ઓથોરિટી દ્વારા રિન્યૂ કરવામાં ન આવતા અગાઉ યોજાયેલ ખાતમુહૂર્ત પછી પણ કામગીરી શરૂ થઈ શકી નહોતી. જોકે ત્યારબાદ નવી જમીનની શોધ અને ફાળવણી માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દીનદયાલ પોર્ટ ઓથોરિટીના સહયોગથી નવા બસ સ્ટેશન માટે યોગ્ય જમીન ઉપલબ્ધ થતાં વર્ષોથી અટવાયેલો પ્રશ્ન ઉકેલાયો અને હવે પ્રોજેક્ટ સાકાર સ્વરૂપ લઈ રહ્યો છે.

ગાંધીધામ શહેર સતત વિસ્તરી રહ્યું છે અને વેપાર, ઉદ્યોગ તેમજ વસ્તીમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આવા સમયે આધુનિક બસપોર્ટનું નિર્માણ શહેરના વિકાસમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે. પ્રકલ્પ પૂર્ણ થયા બાદ મુસાફરોને વધુ સુવ્યવસ્થિત, આરામદાયક અને સુરક્ષિત પરિવહન સુવિધા મળશે તેમજ ગાંધીધામના શહેરી માળખામાં પણ એક નવી અને આકર્ષક સુવિધાનો ઉમેરો થશે.

અંજાર-ગાંધીધામ-આદિપુરમાં હાઈ-લો વોલ્ટેજથી ઉપકરણોને નુકસાન

ગાંધીધામ - કચ્છઉદય : અંજાર- ગાંધીધામ-આદિપુર સંકુલમાં વીજ પુરવઠાની સમસ્યા ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. સોમવારે રાત્રે વરસાદ શરૂ થતાં જ શહેરના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને કલાકો સુધી અંધારપટ્ટની સ્થિતિ સર્જાઈ હતી. ભારે ગરમી અને ઉકળાટ વચ્ચે લોકો રાતભર પરેશાન બન્યા હતા. અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં લાંબો સમય લાગતાં લોકોમાં પીજીવીસીએલ પ્રત્યે અસંતોષ અને રોષ જોવા મળ્યો હતો.

સ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે બીજા દિવસે પણ વીજ પુરવઠો સંપૂર્ણપણે સ્થિર થઈ શક્યો નહોતો. દિવસ દરમિયાન વારંવાર વીજકાપ, ટ્રિપિંગ અને વોલ્ટેજની વધઘટના બનાવો બનતા રહ્યા હતા. જેના કારણે ઘરેલુ જીવન, વેપાર-ધંધા તેમજ સરકારી અને ખાનગી કચેરીઓનું કામકાજ પણ પ્રભાવિત થયું હતું.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ ગાંધીધામ સંકુલમાં છેલ્લા ઘણા સમયથી વીજ સમસ્યા સતત વકરતી જઈ રહી છે. વીજ માળખાના સુધારણા અને જાળવણી માટે કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં લોકો સુધી ગુણવત્તાયુક્ત અને સ્થિર વીજ સેવા પહોંચતી નથી. વરસાદ કે પવનની સામાન્ય સ્થિતિમાં પણ વીજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ખાસ કરીને હાઈ અને લો વોલ્ટેજની સમસ્યા નાગરિકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. વોલ્ટેજની અચાનક વધઘટને કારણે ઘરોમાં પંખા, ફ્રીજ, એર કન્ડિશનર, ટીવી સહિતના ઉપકરણોને નુકસાન થઈ રહ્યું છે. વેપારી એકમો અને ઓફિસોમાં કમ્પ્યુટર તથા અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો પણ વારંવાર બગડી રહ્યા છે. અનેક વિસ્તારોમાં ઈલેક્ટ્રિકલ વાયરિંગને નુકસાન પહોંચતા લોકોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ દરમિયાન આદિપુરના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નજીક આવેલા ટ્રાન્સફોર્મર પાસે વીજશોક લાગવાથી ત્રણ ગૌવંશના મોત નીપજયાનો બનાવ પણ સામે આવ્યો હતો. આ ઘટનાએ વીજ સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. પ્રિ-મોન્સૂન કામગીરી અને જાળવણીના દાવાઓ વચ્ચે આવા બનાવો બનતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. જીવદયા પ્રેમીઓએ ઘટનાની જવાબદારી નક્કી કરી સુરક્ષા વ્યવસ્થામાં સુધારો લાવવાની માંગ કરી છે. નાગરિકોનું કહેવું છે કે વીજબિલની ચુકવણીમાં વિલંબ થાય તો ગ્રાહકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ વારંવાર સર્જાતી વીજ સમસ્યાઓ અને નબળી સેવાઓ માટે જવાબદાર તંત્ર સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. ગાંધીધામ-આદિપુર સહિત સમગ્ર સંકુલમાં વિશ્વસનીય અને સુરક્ષિત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગ તાત્કાલિક અસરકારક પગલાં ભરે તેવી માંગ ઉઠી રહી છે.

વૈદિક જ્ઞાન અને સંસ્કૃત શિક્ષણના જતન માટે યુવા પેઢીને આહ્વાન

સુખપર સંસ્કૃત પાઠશાળાના સરસ્વતી સન્માન સમારોહમાં સંતોના પ્રેરણાદાયી ઉદ્બોધન

ભુજ - કચ્છઉદય : સુખપર સ્થિત સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં આયોજિત સરસ્વતી સન્માન સમારોહમાં વૈદિક જ્ઞાન, સંસ્કૃત ભાષા અને સનાતન પરંપરાના જતન માટે યુવા પેઢીએ આગળ આવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સંતો અને વક્તાઓએ વેદોના અભ્યાસને જીવનનો આધાર બનાવી ભારતીય સંસ્કૃતિના મૂળ તત્ત્વોને જાળવવાનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સ્વામિનારાયણ મંદિર ભુજના પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સંસ્થાના પ્રમુખ શિવજીભાઈ પાધરા, મંત્રી જેન્તીભાઈ રાબડિયા તથા ટ્રસ્ટીગણના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઋષિકુમારોએ વેદમંત્રોના ગાન સાથે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું, જેના કારણે સમગ્ર વાતાવરણ વૈદિક પરંપરાથી ગુંજી ઉઠ્યું હતું.

પાઠશાળાના પ્રધાનાચાર્ય દુર્ગેશભાઈ ભટ્ટે સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપતા ભુજ મંદિરના પૂર્વ મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી તથા ગુલાબશંકર મહારાજના યોગદાનને યાદ કર્યું હતું. આ પ્રસંગે શૈક્ષણિક પરિણામ જાહેર કરીને શ્રેષ્ઠ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા હતા.

દિનેશભાઈ ગોરે જણાવ્યું હતું કે પાઠશાળાના વિકાસમાં શિક્ષકો, ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓનો સમાન ફાળો રહ્યો છે. તેમણે વૈદિક પરંપરાના સંવર્ધન માટે બ્રાહ્મણ સમાજે ગુરુપરંપરાનું પાલન કરી વેદોના અભ્યાસમાં વધુ રસ દાખવવો જોઈએ તેવી અપીલ કરી હતી.

પૂ. વિજ્ઞાનસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું કે વેદો ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. પ્રાચીન સમયમાં રહેલી અનેક વેદશાખાઓમાંથી આજે ગણતરીની શાખાઓ જ ઉપલબ્ધ રહી છે, તેથી સંસ્કૃત ભાષા અને વૈદિક શિક્ષણના સંરક્ષણ માટે સમાજે જાગૃત બનવું જરૂરી છે. તેમણે પાઠશાળાના વિકાસ માટે દાતાશ્રીઓને સહયોગ આપવા પણ અનુરોધ કર્યો હતો.

પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામીએ માતા-પિતાને સંતાનમાં સારા સંસ્કારોનું સિંચન કરવા અને તેમને ધાર્મિક તથા સાંસ્કૃતિક શિક્ષણ સાથે જોડવા પ્રેરણા આપી હતી. સમારોહમાં જેઠાભાઈ વાઘજિયાણી, નારણભાઈ વેકરિયા, કાનજીભાઈ પાધરા, દેવજીભાઈ વેકરિયા સહિતના ટ્રસ્ટીઓ, વાલીઓ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પાઠશાળાના શિક્ષકમંડળના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન દુર્ગેશભાઈ ભટ્ટે કર્યું હતું.

અંજારમાં યોજાયેલા આરોગ્ય કેમ્પમાં ૧૫૮ જરૂરિયાતમંદોની તપાસ, સારવાર કરાઈ

અંજાર - કચ્છઉદય : વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા સેવા સમાહના અવસરે અંજાર શહેરમાં બે સ્થળોએ નિ

સદગુરૂનું શરણ ભવ સાગર તરવાની નૈયા છે : પ.પૂ. સંતો

પુંઅરેશ્વર શિવાલય : મોટા અંગીઆ રામ મંદિરના પૂજારી નરસિંહ મારાજની ૨૭મી તિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો : સંધ્યાપાઠ, મહાઆરતી, સંતવાણીમાં સંતો-મહંતો, રાજકીય, સામાજિક અગ્રણી ઉપસ્થિત રહ્યા

નખત્રાણા - કચ્છ ઉદય : પ્રાચિન પુંઅરેશ્વર શિવાલય મંદિરના મહંત સ્વામી શંકરાનંદજીના સાનિધ્યમાં મોટા અંગીઆ રામ મંદિરના પૂજારી સ્વ. નરસિંહ શંકરજી રાજગોરની ૨૭મી નિર્વાણતિથિ તથા સ્વ. શાંતાબેન રાજગોર, બાલકૃષ્ણ રાજગોરની પુણ્યતિથિ ધામધૂમથી ઉજવાઈ હતી.

સંતો પ.પૂ. હંસગિરિજી મહારાજ, જીતુગિરિજી બાપુ, આયુષગિરિ (મસ્કા), જોગીબાપા, પ્રાણજીવન ભગત, મહેશગિરિબાપુ, સરયુદાસજી, મુકુલદાસજી, બળદેવગિરિ, મુલગિરિબાપુ વગેરે સંતો-મહંતો કહ્યું કે, સદગુરુનું શરણ ભવ સાગર તરવાની નૈયા છે. પુણ્ય શાળી જીવનની તિથિ યોજાતી હોય છે ત્યારે આ મોટા અંગીઆના રામ મંદિરના સદગત ત્રણે પૂજારીની દર વર્ષે અલગ અલગ શિવાલયો ખાતે તેમના પરિવાર દ્વારા 'તિથિ' મહોત્સવ યોજાય છે તે સનાતન ધર્મની સંસ્કૃતિને પ્રાચિન ભજનો અને ઠાકર થાળીની પરંપરાને જીવંત રાખે છે.

આજના અવસરે સાંજે વાંઢાયના બ્રહ્મલીન વાલરામજી મહારાજની તિથિ હોઈ સંધ્યાપાઠ, પ્રકાશસિંહ જાડેજા તથા દામજીભાઈ દરજીએ ગાન કર્યું હતું.

ત્યારબાદ મહિપતસિંહ જાડેજા અને ટીમ મહાઆરતી રજૂ કરી હતી. મહાપ્રસાદ બાદ રાત્રે જીતુગિરિ ગોસ્વામી, ઈશ્વરભાઈ ભાલાણી, યોગેશદાન ગઢવીની સંતવાણી યોજાઈ હતી. આયોજનક વિનયકાંત ગોરે તમામ મહેમાનોને આવકારીને તેમનું સન્માન કર્યું હતું.

જિ.પં. રાજેશભાઈ આહિર, ઘનશ્યામસિંહ જાડેજા, અરવિંદસિંહ જાડેજા, ચેતનભાઈ ઠક્કર, ભરતભાઈ સોમજિયાણી, નરગપાલિકાના પ્રમુખ વસંતભાઈ વેલજી વાઘેલા, ચેરમેન ચંદનસિંહ રાઠોડ, વેણીલાલ રૈયાણી, કેતનભાઈ શાહ, હિરેન વ્યાસ, કૃષ્ણકાંત પંડ્યા, ચંપક રાવલ, મુકેશ પંડ્યા, તા.પં. પ્રમુખ નિતિનગિરિ ગોસ્વામી, મનીષ મહેશ્વરી, ઈકબાલ ઘાંચી, રમેશ સીંગાળા, શંકર મહેશ્વરી, આનંદ, જીતુભાઈ ગોર, પૃથ્વીરાજસિંહ જાડેજા, ગ્યારામ ચંદ્રવંશી, પ્રાણલાલ રામજિયાણી, કષ્ટ ભજન ગ્રૂપ લક્ષ્મીપર, રતનભાઈ ભોવા, મમુભાઈ રબારી, હિરાલાલ સંગાર, ગનીભાઈ લંઘા, ગંભીરસિંહ જાડેજા, કાંતિભાઈ ગરવા, હરદેવસિંહ જાડેજા સહિત ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ઉર્મિત ગોર, દેવેન્દ્ર દરજી, પરેશ પલણ, ખુશાલ ગોર, નિરંજન ગોર, વિપુલ ગોર, રાજુ સાધુ, હરેશ ગરવા, રમેશ મુછડિયા, ગિરીશ જોષી, જિજ્ઞેશ વાઘેલા, પ્રવિણ ગોસ્વામી, ગિરિરાજ ગોસ્વામી, રજાક ઉસ્તાદ, અબ્દુલ લંઘા, હનુભા જાડેજા સહિત હરીઓમ મંડળના સેવકો જહેમત ઉઠાવી હતી. સંચાલન વિનયકાંત ગોરે કર્યું હતું. આભારવિધિ ઉર્મિત રાજગોરે કરી હતી.

લખપત તાલુકા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન-ન્યા. ચેરમેન વરાયા

નખત્રાણા - કચ્છઉદય : લખપત તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અને ન્યાય સમિતિ ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈ ચંદે દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં દયાપર સીટના વિજેતા ભાજપના પુષ્પાબેન ભવાનભાઈ લીંબાણીની કારોબારી ચેરમેન પદે વરણી કરાઈ હતી. જ્યારે જેઠાભાઈ થાવર મહેશ્વરીની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે વરણી કરવામાં આવી હતી.

બીજીતરફ બંને નવનિયુક્ત ચેરમેન દ્વારા લખપત તાલુકાના સર્વાંગી વિકાસનો કોલ અપાયો હતો. તાલુકા ભાજપ દ્વારા બંને ચેરમેનોની વરણીને આવકાર અપાયો હતો. તાલુકા ભાજપ સંગઠનનો હોદ્દેદારો તથા જિલ્લા પંચાયતના અને તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્યાંગો અને નિરાધાર વૃદ્ધોની સેવામાં કબીર મંદિરની અનોખી માનવતાભરી પહેલ

ભુજ - કચ્છઉદય : કબીર મંદિર દ્વારા છેલ્લા બે દાયકાથી સતત માનવસેવાનું અનોખું કાર્ય કરવામાં આવી રહ્યું છે. દર પૂનમના દિવસે મંદિર તરફથી માનવજ્યોત સંસ્થા સંચાલિત પાલારા સ્થિત રામદેવ સેવાશ્રમમાં રહેતા માનસિક દિવ્યાંગો તેમજ એકલા, અટુલા અને નિરાધાર વૃદ્ધ વડીલો માટે ટિફિન સેવાના ભાગરૂપે તૈયાર ભોજન પહોંચાડવામાં આવે છે.

આ સેવા પરંપરાના અનુસંધાને તાજેતરમાં કબીર મંદિરના મહંત કિશોરદાસજીએ પરિવારજનો સાથે રામદેવ સેવાશ્રમની મુલાકાત લીધી હતી. તેમણે સેવાશ્રમમાં નિવાસ કરતા માનસિક દિવ્યાંગોને સ્વહસ્તે ભોજન કરાવી માનવતા, કરુણા અને આત્મીયતાનો પ્રેરણાદાયક સંદેશ આપ્યો હતો. દિવ્યાંગો અને વૃદ્ધો સાથે હૂંફભર્યો સમય વિતાવી તેમણે સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

મહંત કિશોરદાસજીએ માનવજ્યોત સંસ્થા દ્વારા નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવતી સેવાકીય અને સમાજોપયોગી પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આવી સંસ્થાઓ સમાજમાં માનવતાના મૂલ્યોને જીવંત રાખવાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. આ પ્રસંગે માનવજ્યોત સંસ્થાના પ્રતિનિધિઓ પ્રબોધ મુનવર અને પૃથ્વીરાજસિંહ જાડેજાએ મહંત કિશોરદાસજીનું સન્માન કરી તેમની લાંબા સમયથી ચાલી રહેલી સેવાભાવી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમ ભાવનાત્મક અને સેવાભાવના વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો.

કેન્સર ૨૦૨૬નો વૈશ્વિક અહેવાલઃ હૃદયરોગ બાદ મૃત્યુનું બીજું સૌથી મોટું કારણ

કેન્સર પરનો ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ૨૦૨૬ જાહેર થયો છે જેમાં જણાવાયું છે કે કેન્સર હજુ પણ વિશ્વભરમાં હૃદયરોગ બાદ મૃત્યુનું બીજું સૌથી મોટું કારણ છે. અહેવાલ મુજબ દર વર્ષે લગભગ ૨૦.૬ મિલિયન નવા કેન્સરના કેસ સામે આવે છે અને લગભગ ૧૦ મિલિયન લોકો કેન્સરને કારણે જીવ ગુમાવે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે મોડું નિદાન, સારવારની મર્યાદિત સુલભતા, તમાકુનું સેવન, સ્થૂળતા, હવાનું પ્રદૂષણ અને વધતી જતી વૃદ્ધ વસ્તી જેવા પરિબળોને કારણે દર્દીઓનો ભાર સતત વધી રહ્યો છે. આ કારણે આરોગ્ય વ્યવસ્થા પર પણ ભારે દબાણ આવી રહ્યું છે. અહેવાલમાં તાત્કાલિક પગલાં લેવાની જરૂર પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં એચપીવી રસીકરણ, તમાકુ નિયંત્રણ અને વહેલા સ્ક્રીનિંગને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે જો હવે રોકાણ, જાગૃતિ અભિયાન અને સારી ડેટા વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આગામી દાયકામાં કેન્સરના કેસ અને મૃત્યુ બંનેમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના સોશિયલ મીડિયા પ્રતિબંધની કરી પ્રશંસા

નવી દિલ્હી (એજન્સી) : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવાના નિર્ણયની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે આ પગલું ડિજિટલ જગ્યાને સુરક્ષિત બનાવવા અને યુવાનોની સુરક્ષા માટે એક સારું પગલું છે. ઓસ્ટ્રેલિયાએ ગયા વર્ષે આ કાયદો પસાર કર્યો હતો જેમાં સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોની ઉંમર ચકાસવાની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ આ મોડેલની તારીફ કરતા કહ્યું કે આજના સમયમાં બાળકોને ઓનલાઈન જોખમો, ખોટી માહિતી અને વધુ પડતા સ્ક્રીન ટાઈમથી બચાવવા જરૂરી છે.

પીએમ મોદી ૧૭ જુલાઈએ જિંદથી ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનને લીલી ઝંડી બતાવશે

નવી દિલ્હી (એજન્સી) : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭ જુલાઈએ હરિયાણાના જિંદથી ભારતની પ્રથમ હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનને લીલીઝંડી બતાવવાના છે. તેના પછી તરત જ વ્યાવસાયિક સેવા શરૂ થશે. આ ટ્રેન હરિયાણામાં ઉત્તરી રેલવેના જિંદ - સોનીપત સેક્શન પર દોડશે અને તે પ્રદર્શન પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી છે.

આ ૧૦ કોચની ટ્રેન દરરોજ જિંદથી સોનીપત વચ્ચે બે વખત અપડાઉન કરશે. કુલ ૩૫૬ કિલોમીટરનું અંતર કાપશે અને એક તરફનું અંતર ૮૯ કિલોમીટરનું છે. તેમાં ૬૮૨ બેઠકો છે અને કુલ લગભગ ૨૬૦૦ મુસાફરો મુસાફરી કરી શકશે. ટ્રેનની મહત્તમ ઝડપ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક છે પરંતુ શરૂઆતમાં તે ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. આ ટ્રેનની સૌથી મોટી ખાસિયત તેની ટેકનોલોજી છે. ડીઝલને બદલે તેમાં ૧૨૦૦ કિલોવોટની હાઇડ્રોજન ફ્યુઅલ સેલ સિસ્ટમ લગાવવામાં આવી છે. હાઇડ્રોજન અને ઓક્સિજનની રાસાયણિક પ્રક્રિયાથી વીજળી બને છે એટલે ધુમાડો નથી નીકળતો, ફક્ત પાણીની વરાળ બહાર આવે છે. તેનાથી કાર્બન ઉત્સર્જન શૂન્ય રહે છે અને ડીઝલ પરની નિર્ભરતા પણ ઘટે છે. જિંદમાં હાઇડ્રોજન બનાવવા, સંગ્રહ કરવા અને ભરવાની માટે ખાસ સુવિધા પણ બનાવવામાં આવી છે જ્યાં દરરોજ ૪૨૦થી ૪૩૦ કિલો હાઇડ્રોજન બનશે અને ૩૦૦૦ કિલો સુધી સંગ્રહ થઈ શકશે.

આ ટ્રેન મેક ઇન ઇન્ડિયા હેઠળ ચેન્નાઈની ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરીમાં તૈયાર કરવામાં આવી છે. ફ્યુઅલ સેલ કેનેડાની બેલાર્ડ પાવર કંપનીએ આપ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે તેને બ્રોડગેજ પર વિશ્વની સૌથી લાંબી હાઇડ્રોજન ટ્રેન ગણાવી છે. આ પ્રોજેક્ટથી ભારત જર્મની, જાપાન, ચીન અને અમેરિકા જેવા દેશોની હરોળમાં આવી ગયું છે જે હાઇડ્રોજન ટ્રેન ટેકનોલોજી પર કામ કરી રહ્યા છે.

ટાયફૂન મેસાક પછી ચીનમાં લગભગ ૯૦૦ સાપ છૂટા

નવી દિલ્હી (એજન્સી) : ટાયફૂન મેસાકને કારણે દક્ષિણ ચીનના ગુઆંગ્શી પ્રદેશમાં ભારે પૂર આવ્યું છે અને અત્યાર સુધી ૩૯ લોકોના મોત થયા છે.

હેન્ગઝોઉ શહેરમાં પાણી ભરાવાના કારણે એક સાપના ફાર્મમાંથી લગભગ ૯૦૦ સાપ છૂટી ગયા છે. આમાંના ઘણા સાપ ઝેરી છે જેમાં કોબ્રા અને કિંગ રેટ સ્નેકનો સમાવેશ થાય છે. સત્તાવાળાઓએ જણાવ્યું કે મોટાભાગના સાપ બિનઝેરી છે પરંતુ જોખમ હોવાને કારણે લોકોને સાવચેત રહેવા કહેવામાં આવ્યું છે.

પૂરના પાણીમાં સાપ તરતા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. એક મહિલાનું સાપના કરડવાથી મોત થયું હોવાનું માનવામાં આવે છે અને અન્ય કેટલાક લોકોને પણ કરડ્યા છે. હોસ્પિટલોમાં એન્ટીવેનમનો જથ્થો વધારવામાં આવ્યો છે અને સાપ કરડવાની સારવાર માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દસ સ્વયંસેવકોની ટીમ જાળી અને સ્ટન ગન સાથે સાપ પકડવાનું કામ કરી રહી છે. ગામવાસીઓને પોતાની રીતે સાપ પકડવાનો પ્રયાસ ન કરવા અને સાપ દેખાય તો તરત ગ્રામ સમિતિને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. ટાયફૂનના કારણે લિયુલાન ડેમ તૂટતા ગામોમાં પાણી ઘૂસી ગયા હતા. ગુઆંગ્શીમાં ૧૩૦,૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુઈગાંગ ઝૂ પણ પૂરમાં ડૂબી જતાં ૧૦૦ થી વધુ પ્રાણીઓ જેવા કે ઝેબ્રા, શાહમૃગ, રેકૂન અને નાના ઘોડા પણ છૂટી ગયા છે. સત્તાવાળાઓ લોકોને પ્રાણીઓથી સુરક્ષિત અંતર રાખવા અને તેમને ઉશ્કેરવા નહીં તેવી અપીલ કરી રહ્યા છે.

લાયન્સ હોસ્પિટલની ૨૨ વર્ષમાં સવા બે લાખ ડાયાલિસીસ અને ૪૭ હજારથી વધુ આંખના ઓપરેશન કર્યા

ભુજ - કચ્છઉદય : એલ. એન.એમ. લાયન્સ હોસ્પિટલ દ્વારા છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન દાતાઓના સહયોગથી આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર સેવા કાર્ય કરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં અત્યાર સુધી સવા બે લાખથી વધુ ડાયાલિસીસ અને ૪૭ હજારથી વધુ નેત્રમણિ આરોપણ (મોતિયાબિંદ) ઓપરેશનો કરવામાં આવ્યા છે. માત્ર આ બે સેવાઓ દ્વારા જ દર્દીઓને અંદાજે રૂ. ૯૦ કરોડથી વધુની આરોગ્યસેવા પૂરી પાડવામાં આવી હોવાનું હોસ્પિટલના ચેરમેન તથા લાયન્સ ઇન્ટરનેશનલના પૂર્વ ગવર્નર ડો. ભરતભાઈ મહેતાએ જણાવ્યું હતું.

આ માહિતી ભુજ સ્થિત લાયન્સ હોસ્પિટલ ખાતે યોજાયેલા ૨૫૦મા આઈ કેમ્પના પ્રસંગે આપવામાં આવી હતી. મૂળ સુખપર (કચ્છ)ના અને હાલ લંડન નિવાસી હરજીભાઈ કાનજીભાઈ વેકરિયા તથા રામુબેન હરજીભાઈ વેકરિયા પરિવારના સહયોગથી આયોજિત ચાર દિવસીય આઈ કેમ્પમાં કુલ ૧૦૬ દર્દીઓના સફળ આંખના ઓપરેશનો કરવામાં આવ્યા હતા.

ડો. ભરતભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, લાયન્સ હોસ્પિટલની સેવાઓ પ્રત્યે લોકો અને દાતાઓનો વિશ્વાસ સતત વધતો રહ્યો છે. દેશ-વિદેશમાં વસતા દાતાઓના ઉદાર સહયોગના કારણે ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ બની રહી છે. ડાયાલિસીસ અને આંખની સારવાર જેવી ખર્ચાળ સેવાઓ પણ દર્દીઓને રાહતદરે અથવા વિનામૂલ્યે મળી રહી છે.

કાર્યક્રમમાં લાયન્સ ઇન્ટરનેશનલના ગવર્નર અભયભાઈ શાહ, હોસ્પિટલના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ સોની, નવા પ્રમુખ અનુપભાઈ કોટક, કમલેશભાઈ સંઘવી સહિતના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય દ્વારા કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને દાતા વેકરિયા પરિવારનું શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શૈલેષભાઈ માણેકે લાયન્સ ક્લબ અને હોસ્પિટલ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. આંખના ઓપરેશનનો લાભ મેળવનાર દર્દીઓના પરિવાર તરફથી હેત પંડયાએ હોસ્પિટલની સેવા, સુવિધા અને વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

દાતા હરજીભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, પોતાની આંખની સારવાર માટે લાયન્સ હોસ્પિટલનો સંપર્ક કર્યા બાદ અહીંની નિષ્ણાત સારવાર અને સેવાભાવી અભિગમથી પ્રભાવિત થઈ તેઓએ આઈ કેમ્પમાં સહયોગ આપવાનો નિર્ણય કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ હોસ્પિટલની સ્વચ્છતા, સુવ્યવસ્થિત કામગીરી અને દર્દીકેન્દ્રિત સેવાઓને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રફુલ્લભાઈ શાહે કર્યું હતું.

સેનાની વન-વે અટેક ડ્રોન ખરીદી ઝડપી, રૂ. ૧૫૦૦ કરોડના કોન્ટ્રાક્ટમાં ટાટા સૌથી ઓછી બિડ સાથે આગળ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : આર્મી હાલમાં વન-વે અટેક અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ એટલે કે લોઈટરિંગ અને કામિકાઝી ડ્રોનની ખરીદીને ઝડપથી આગળ વધારી રહી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ આશરે રૂ. ૧૫૦૦ કરોડના આ કોન્ટ્રાક્ટમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ સૌથી ઓછી બિડર એટલે કે એલ-૧ તરીકે ઉભરી આવી છે. આ ડ્રોન એક વખત ઉપયોગ માટે બનેલા છે જે નિર્ધારિત વિસ્તારમાં મંડરાય છે, લક્ષ્યને શોધે છે અને પછી સીધો હુમલો કરે છે.

આ ખરીદી ઈમરજન્સી અને ફાસ્ટ-ટ્રેક પ્રક્રિયા હેઠળ કરવામાં આવી રહી છે. તાજેતરમાં પાકિસ્તાન સાથેના અથડામણ તેમજ યુક્રેન અને ઈરાનના યુદ્ધોમાં ડ્રોનની અસરકારકતા જોયા પછી સેનાએ મોટા પાયે ડ્રોનને ઝડપથી સામેલ કરવાનો નિર્ણય લીધો છે. ડિફેન્સ એક્વિઝિશન પ્રોસિજર હેઠળ હવે વર્ષોને બદલે મહિનાઓમાં ડિલિવરી શક્ય બનશે. ઉદ્યોગ સંસ્થા ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર આ વર્ષે ભારત સ્થાનિક કંપનીઓ પાસેથી ૨ બિલિયન ડોલરથી વધુ એટલે કે ૧૭ થી ૨૦ હજાર કરોડ રૂપિયાના ટેક્ટિકલ ડ્રોનનો ઓર્ડર આપવાની તૈયારીમાં છે અને ડિલિવરી ૧૮ થી ૨૪ મહિનામાં પૂરી થવાની અપેક્ષા છે.

આ સ્પર્ધામાં ટાટા ઉપરાંત અદાણી ગ્રુપ, લાર્સન એન્ડ ટુબ્રો, ન્યૂસ્પેસ રિસર્ચ અને એસ્ટેરિયા એરોસ્પેસ જેવી મોટી અને સ્ટાર્ટઅપ કંપનીઓ પણ સામેલ છે. સરકાર મેક ઈન ઈન્ડિયા હેઠળ સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા આપી રહી છે.

વૃક્ષો માત્ર પર્યાવરણનું જ નહીં પરંતુ આવનારી પેઢીઓના સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્યનું પણ આધારસ્તંભ

કચ્છ યુનિવર્સિટી અને જીતો ભુજ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સીટી કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું

ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવ સંકલ્પો દેશના દરેક નાગરિકને તાજેતરમાં લેવડાવવામાં આવેલ છે જેમાં 'એક પેડ માં કે નામ' એમાંનો એક મહત્વપૂર્ણ સંકલ્પ છે. આ સંદર્ભે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ અને જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન ભુજ ચેપ્ટરના થયેલ એમઓયુ અંતર્ગત સંયુક્ત ઉપક્રમે કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પર્યાવરણ સંરક્ષણ, હરિયાળા કેમ્પસના નિર્માણ અને સમાજમાં વૃક્ષારોપણ અંગે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી કાર્યક્રમ યોજાયેલ હતો.

યુનિવર્સીટીના કુલપતિ ડો. મોહન પટેલ, જીટો ભુજના ચીફ સેક્રેટરી બીરજુભાઈ શાહ, કચ્છ વાગડ બે ચોવીશી સમાજના મહામંત્રી સંદીપભાઈ દોશી, ઉપપ્રમુખ મહેશભાઈ મહેતા, જીટો ભુજના સંજયભાઈ દેસાઈ, ભુજ વીબીસીના કિશોરભાઈ મોરબીયા દ્વારા છોડને પાણી આપી તથા કેમ્પસમાં તુલસીના છોડોનું રોપણ કરીને વૃક્ષા રોપણની શરૂઆત કારમાં આવેલ હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારના છાયાદાર અને પર્યાવરણને અનુકૂળ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોઓ વૃક્ષો માત્ર પર્યાવરણનું જ નહીં પરંતુ આવનારી પેઢીઓના સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્યનું પણ આધારસ્તંભ હોવાનું જણાવી સૌને જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો. કુલપતિ ડો. મોહન પટેલ તથા જીતો ભુજના ચેરમેન તથા પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા દ્વારા આવા કર્યો વધારેમાં વધારે કરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કરેલ હતો. યુનિવર્સીટીના કુલસચિવ ડો. અનીલ ગોરના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યક્રમનું સંકલન તથા સંચાલન સીસ્ટમ એન્જીનીયર ડો અમર મહેતા દ્વારા કરવામાં આવેલ હતું. આ વૃક્ષા રોપણ કાર્યક્રમ ને કચ્છ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન સમાજનો આર્થિક સહયોગ સાંપડેલ હતો. આ પ્રસંગે કોર્ડીનેટર ડો કાશ્મીરા મહેતા, સાયન્સ ફેકલ્ટીના ડીન જે.જે. ભટ્ટ, ડો પૃથ્વીરાજ જાડેજા, ડો અલ્પેશ કોતાર, ડો દિલીપ કાથળ, લાયબ્રેરીયન ડો હર્ષદ નિર્મલ, એસ્ટેટ વિભાગના અર્પણ ઠક્કર, હરદીપ જાડેજા, કાયદા વિભાગ તથા જીઓસાયન્સ વિભાગના વિદ્યાર્થીઓ, ચાણક્ય કોલેજ તથા કચ્છ યુનિ.ના ટીચિંગ તથા નોનટીચિંગ સભ્યો હાજર રહી સહયોગ આપેલ હતો.

આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટી અને જીટો ભુજ ચેપ્ટર વચ્ચે સમાજો પયોગી પ્રવૃત્તિઓ, પર્યાવરણ સંરક્ષણ તથા શૈક્ષણિક સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે પણ વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. બંને સંસ્થાઓએ ભવિષ્યમાં પણ સંયુક્ત રીતે પર્યાવરણલક્ષી અને સામાજિક જવાબદારીના વિવિધ કાર્યક્રમો યોજવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. કાર્યક્રમના અંતે સૌએ "વૃક્ષવાવો - વૃક્ષબચાવો", "એકવૃક્ષ, એકજીવન" અને "હરિયાળું કચ્છ - સ્વચ્છ કચ્છ"ના સંકલ્પ સાથે પર્યાવરણ જાળવવામાં પોતાનું સક્રિય યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ઉમા યોગ કેન્દ્ર ભુજ દ્વારા એક દિવસીય યોગ શિબિર યોજાઈ

ભુજ - કચ્છ ઉદય : ઉમા યોગ કેન્દ્ર ભુજ દ્વારા આશાપુરા માઈન્સ માધાપરના કર્મચારીઓ માટે એક દિવસીય યોગ શિબિર યોજાઈ હતી. જેમાં ૫૦ થી કર્મચારીઓએ ભાગ લીધો હતો. યોગ ટીચર ભાવના ઝવેરી અને તેમની ટીમ દ્વારા યોગના વિવિધ આસનો કરવામાં આવ્યા હતા. આશાપુરા માઈન્સના હેડ દ્વારા ચારેય યોગ ટીચરોનું સન્માન કરવામાં આવ્યું હતું. ભાવનાબેન કમલકાંતભાઈની બુક 'યોગ ભગાડે રોગ'ના પુસ્તકો આપવામાં આવ્યા હતા.

કાયદાના રક્ષકો નબળા કે ગુનેગાર શક્તિશાળી?

પલાસવા મર્ડર કાંડ : પૂર્વ કચ્છ પોલીસ પર એક બુટલેગર ભારે? દારૂના ૨૯ ગુના ધરાવતો હત્યારો કુખ્યાત 'પુનો' હજુય ફરાર.!

મર્ડર બાદ પણ પરિવારને ધમકાવતો કુખ્યાત બુટલેગર પુનો ધરતી ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું? : સોર્સની હત્યા કરીને પોલીસ તંત્રને ખુલ્લો પડકાર ફેંકનાર આરોપીને કાયદાના સકંજામાં લેવામાં થઈ રહેલા વિલંબથી જનતામાં ભારે આક્રોશ

ખાખીનો ખોફ ખતમ? યુવકની ઘાતકી હત્યા કરનાર આરોપી 'પુનો' પોલીસને કેમ જડતો નથી? : બાતમીદારીની અદાવતમાં આશાસ્પદ યુવાનને મોતને ઘાટ ઉતારનાર બુટલેગર પુનાને પકડવા મુંબઈ-રાજસ્થાન સુધી દોડતી પોલીસના હાથ હજુય ખાલી! : **ગુનાહિત સામ્રાજ્યનો ખૌફ તોડવા આઈજી અને એસપી ખુદ મેદાને આવે તેવી ઉઠતી માંગ**

ફરિયાદ કરશો તો આખા પરિવારને પતાવી દઈશ તેવી ધમકી આપનાર માથાભારે તત્વ સામે દાખલો બેસે તેવી કડક કાર્યવાહીની લોકમાંગ વચ્ચે તેને પકડવામાં પણ વિલંબ થતો હોવાથી ભોગગ્રસ્ત વર્ગમાં વધ્યો છે કચવાટ

અતિ ક્રૂર અને ઘાતકી હત્યા : પોલીસ સોર્સ હોવાની અદાવત રાખી"

ગાંધીધામ : ચર્ચાતી વિગતો મુજબ, આ ઘટના કોઈ સામાન્ય ગુનો નથી. જે યુવકની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે, તે પોલીસનો સોર્સ (બાતમીદાર) હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કુખ્યાત બુટલેગર પુનાએ પોતાના ગેરકાયદેસર દારૂના કાળા કારોબારમાં આ યુવક નડતરરૂપ હોવાની અને બાતમી આપ તો હોવાની અદાવત રાખી હતી. આ જ મનદુઃખમાં આશાસ્પદ યુવકનું અપહરણ કરી, તેને છેક રાજસ્થાન લઈ જઈ અતિ ઘાતકી અને ક્રૂર રીતે રહેંસી નાખવામાં આવ્યો હતો. પોતાના સોર્સનું મર્ડર કરીને પુનાએ સીધો પોલીસ તંત્રને પડકાર ફેંક્યો છે.

ગુનાહિત સામ્રાજ્યનો ખૌફ: પરિવારને આપી જાનથી મારવાની ધમકી

દારૂના ધંધાની આડમાં આ પ્રકારનું આતંકવાદી વલણ અપનાવનાર શખ્સને કાયદા કે ખાખીનો કોઈ જ ભય ન હોવાની દર્શાય છે ચિંતાજનક સ્થિતી

ગાંધીધામ : હત્યારો પુનો કોઈ નાનો-મોટો ગુનેગાર નથી, તેની સામે અગાઉથી જ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૨૯થી વધુ જેટલા પ્રોહીબીશનના (દારૂના) મોટા ગુનાઓ દાખલ થયેલા છે. આ ઘાતકી કૃત્ય આચર્યા બાદ પણ તેની હિંમત એટલી ખૂલી ગઈ છે કે તેણે મૃતકના પરિવારજનોને ખુલ્લી ધમકી આપી છે કે, જો કોઈએ પોલીસમાં ફરિયાદ કરી કે વચમાં આવ્યા તો ઘરના બીજા સભ્યોને પણ પતાવી દઈશ. દારૂના ધંધાની આડમાં આ પ્રકારનું આતંકવાદી વલણ અપનાવનાર શખ્સને કાયદા કે ખાખીનો કોઈ જ ભય ન હોય તેવી ગંભીર સ્થિતિ પૂર્વ કચ્છમાં સર્જાઈ છે.

આઈજીશ્રી અને એસપીશ્રી ખુદ માર્ગદર્શન આપી લાલઆંખ કરે

ગાંધીધામ : ગુનાહિત સામ્રાજ્યમાં પોતાનું એકચક્રી શાસન સ્થાપવા અને લોકોમાં ખૌફ ઉભો કરવાના ઈરાદે આચરાયેલા આ જઘન્ય અપરાધને સહેજ પણ હળવાશથી લઈ શકાય તેમ નથી. પૂર્વ કચ્છમાં કાયદાનું શાસન પુનઃ સ્થાપિત કરવા અને ગુનેગારોમાં ખાખીનો ખોફ પેદા કરવા માટે હવે બોર્ડર રેન્જના આઈજી અને પૂર્વ કચ્છના એસપી ખુદ આ કેસની તપાસમાં સીધું માર્ગદર્શન આપે તે અત્યંત જરૂરી બન્યું છે. ઉચ્ચ અધિકારીઓ આ કેસમાં અંગત રસ લઈ, ખાસ એક્શન પ્લાન બનાવીને પુના જેવા રાક્ષસી માનસિકતા ધરાવતા બુટલેગરને વહેલામાં વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલે અને અન્યો માટે દાખલો બેસે તેવી કડક નશ્યત પાઠવે તેવી લોકમાંગ બુલંદ બની છે.

ટીમોના આંટાફેરા છતાં પરિણામ 'શૂન્ય': પુનાને ધરતી ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું?

ગાંધીધામ : યુવકની હત્યા થયાને દિવસો વીતી ગયા, પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે, તપાસના દાવા કરાઈ રહ્યા છે, અને પોલીસની ટીમો રાજસ્થાનથી લઈને મુંબઈ સુધી આંટાફેરા પણ કરી આવી છે. આમ છતાં, આટલો મોટો અને જાણીતો ગુનેગાર પોલીસને કેમ જડતો નથી? શું તે ધરતીમાં ગરકાવ થઈ ગયો કે આકાશ ગળી ગયું? પોલીસ પકડમાં થઈ રહેલા વિલંબને કારણે જનતામાં જાતભાતની ચર્ચાઓ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. આવા તત્વો જો ખુલ્લેઆમ ફરશે તો સમાજમાં કાયદાની ધાક સંપૂર્ણપણે ખતમ થઈ જશે.

ગાંધીધામ : "પૂર્વ કચ્છના પલાસવા ગામે સનસનાટી મચાવનારા આશાસ્પદ યુવકના અપહરણ અને મર્ડર કાંડને દિવસો વીતી ગયા હોવા છતાં, કાયદો અને વ્યવસ્થા જાળવતી પોલીસના હાથ ટૂંકા સાબિત થઈ રહ્યા છે. દારૂના ધંધાકીય હિસાબ અને પોલીસ બાતમીદારીની શંકા રાખીને એક નિર્દોષ યુવકને મોતને ઘાટ ઉતારી દેનારો કુખ્યાત બુટલેગર અને હત્યારો પુનો હજુ સુધી પૂર્વ કચ્છ પોલીસના સકંજામાં આવ્યો નથી. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે અને સવાલ ઉઠી રહ્યો છે કે શું પૂર્વ કચ્છ પોલીસ પર એક માથાભારે બુટલેગર ભારી પડી રહ્યો છે? પલાસવાના આશાસ્પદ યુવકનું પુના સહિતની ગેગ દ્વારા અપહરણ કરી જઈ અને રાજસ્થાનમાં લઈ જઈ અને ધાંધકીય હિસાબ અથવા તો બાતમી આપ્યાનુ મનદુખ રાખી અને અતિ ઘાતકી રીતે મર્ડર નિપજાવવામા આવ્યુ હતુ. આ સમગ્ર પ્રકરણમાં પૂર્વ કચ્છ એસપીશ્રીએ સમયસુચકતા અને સતકર્તા દાખવી પુના સહિતના શખ્સો સામે ફરીયાદ દાખલ કરાવી છે નહી તો પુના આણી ટોળકી અ આખાય ઘટનાક્રમને અકસ્માતમા ખપાવવાની તૈયારી ચરી ચુકી હતી અને પડદો જ પડી જવાનો હતો. આ કેસમાં ફરીયાદ તો દાખલ કરાઈ છે પરંતુ મુખ્ય સુત્રધાર પુનો હજુ સુધી હાથે ન લાગતા સવાલો ખડા થવા પામી રહ્યા છે. પોલીસના સોર્સનું જો કથિત રીતે મર્ડર કોઈ બુટલેગર પોલીસને બાતમી આપ્યાનુ મનદુખ રાખીને કરી દે અને તે ગુનેગારને પકડવામાં વધારે વિલંબ થતો જણાય તો પછી આગામી સમયમાં પોલીસની મદદે આવવાની પહેલ કરશે કોણ? શું હ્યુમન રીસોર્સ વિના પોલીસ મજબુત અને ઝડપી કાર્યવાહી બાદમાં કરી શકશે ખરી? પલાસવા યુવક મર્ડરની ઘટના અતિ ગંભીર છે તેને આઈજીશ્રી અને એસપીશ્રી ખુદ આગેવાનીમાં લઈ અને ટીમોને જરૂરી સચોટ માગૂદર્શન આપે અને આ ઘટનાક્રમને ફુરતા પૂર્વક અંજામ આપનારા નરાધમોને ન માત્ર જેલના સળીયા ગણતા કરે પરંતુ તેમની સામે ધાક બેસાડતી કાર્યવાહી કરે તે અતિ જરૂરી બની રહ્યુ છે.

કુંદરોડી હત્યાકાંડનો કલાકોમાં ભેદ ઉકેલાયો, પ્રાગપર પોલીસે બે આરોપીઓને દબોચ્યા

૭૩ વર્ષીય અબ્દુલ્લા હુસેન પઠાણની હત્યા કેસમાં ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે ઝડપી કાર્યવાહી, બંને આરોપીઓ ઝડપાયા

ગાંધીધામ : પશ્ચિમ કચ્છ પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. પ્રાગપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુંદરોડી ગામમાં ૭૩ વર્ષીય અબ્દુલ્લા હુસેન પઠાણની હત્યાના ગંભીર ગુનાનો ભેદ પ્રાગપર પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા તથા મદદનીશ પોલીસ અધિક્ષક ગૌતમ વિવેકાનંદનના માર્ગદર્શન હેઠળ પ્રાગપર પોલીસ સ્ટેશનના પીઆઈ એ.કે. ભરવાડ અને મુંદરા મરીનના પીઆઈ ડી.એમ. ઝાલાના નેતૃત્વમાં પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે સઘન તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી ઈમ્તીયાઝ કાસમ હાલેપૌત્રા (ઉ.વ. ૨૪) અને હરદિપસિંહ અજીતસિંહ સોઢા (ઉ.વ. ૩૦), બંને રહે. કુંદરોડી, તા. મુંદરાને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓએ મૃતકના માથા, આંખ, કાન તેમજ હાથ-પગ પર લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આ બનાવ અંગે પ્રાગપર પોલીસ સ્ટેશનમાં ગુનો નં. ૦૩૫૯/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૫૪ તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઓપરેશનમાં પ્રાગપર પોલીસ, મુંદરા મરીન પોલીસ અને એલ.સી.બી.ની સંયુક્ત ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેના કારણે હત્યાના આરોપીઓને ભાગી છૂટવાની તક મળે તે પહેલાં જ કાયદાના સકંજામાં લાવવામાં સફળતા મળી હતી.

ગુજરાત વ્યાપી મોટું ભોપાળું ખૂલવાની વકી ?

ભાવનગર, રાજકોટ અને ગાંધીધામમાં યંત્ર આધારિત સૌથી મોટા હાઈટેક જુગાર ષડયંત્રનો ભાંડાફોડ થશે

ગાંધીધામના હાઈટેક જુગાર ક્લબમાં SMCના દરોડા બાદ નવા ઘટસ્ફોટ : ભાવનગર-સૌરાષ્ટ્ર બાદ ગાંધીધામ-કચ્છ સુધી એસએમસીના દરોડાનો લંબાયો હતો તપાસ રેલો : ગાંધીધામમાં રહેણાંક મકાનમાં યંત્ર હાઈટેક જુગાર રમાડતા શખ્સને એસએમસી ઉઠાવી ગયાની ચર્ચા : તેના કબ્જે કરેલા મોબાઈલમાથી ઘણા ખુલાસાઓ થવાની આશંકા

આજે કે આવતીકાલે નોંધાશે ગુનો: મોટા ખુલાસાની વિપુલ શક્યતાઓ

ગાંધીધામ : કચ્છના ગાંધીધામમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ સમગ્ર ગુજરાતમાં ચકચાર મચી ગઈ છે. ગાંધીધામના સપનાનગરમાં આવેલા એક હાઈટેક જુગાર ધામ પર એસએમસીની ટીમે તવાઈ બોલાવી હતી. આ દરોડા બાદ જે પ્રાથમિક વિગતો બહાર આવી રહી છે તે જોતાં ભાવનગર, રાજકોટ અને ગાંધીધામ સુધી ફેલાયેલા યંત્ર આધારિત સૌથી મોટા હાઈટેક જુગાર ષડયંત્રનો ભાંડાફોશ થાય તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, યંત્ર આધારિત આ હાઈટેક જુગારનું નેટવર્ક સૌપ્રથમ ભાવનગર અને રાજકોટમાં પકડાયું હતું. આ બંને શહેરોમાં તપાસ દરમિયાન ખુલેલી કડીઓને આધારે એસએમસીની ટીમે ગાંધીધામ સુધી તપાસનો રેલો લંબાવ્યો હતો. સપનાનગરમાં ચાલતી આ હાઈટેક જુગાર ક્લબ આધુનિક મશીનો અને યંત્રો દ્વારા ઓપરેટ કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. ભાવનગરના મુખ્ય સૂત્રધારની અટકાયતની પણ ચર્ચા થવા પામી રહી છે. આ મામલે સ્થાનિક સ્તરે એવી જોરદાર ચર્ચા ચાલી રહી છે કે, મૂળ ભાવનગરના એક શખ્સ, જે ગાંધીધામમાં આવા જુગારના હાટડાઓ ચલાવતો હતો, તેને એસએમસીની ટીમે ઉઠાવી લીધો છે. પોલીસે સંડોવાયેલા શખ્સોના મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. આ મોબાઈલ ડેટાના આધારે જુગારના આ આંતર-જિલ્લા નેટવર્કના અનેક મોટા રહસ્યો પરથી પડદો ઊંચકાઈ શકે છે. આ કોઈ સામાન્ય જુગારધામ નથી, પરંતુ ટેકનોલોજીના સહારે ચાલતું આખા ગુજરાતનું ખૂબ મોટું રેકેટ છે. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થતાં જ આમાં કરોડોના ટર્નઓવર અને અન્ય મોટા માથાઓના નામ સામે આવી શકે છે.હાલમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે. આજે અથવા આવતીકાલ સુધીમાં એસએમસી કાર્યાલય મધ્યે આ બાબતે વિધિવત ફરિયાદ નોંધાયા બાદ સત્તાવાર રીતે વધુ નવા ખુલાસાઓ કરવામાં આવશે. આ હાઈટેક જુગાર ષડયંત્ર પાછળ મુખ્ય સૂત્રધારો કોણ છે અને ટેકનોલોજીનો ઉપયોગ કઈ રીતે થતો હતો, તેની ચોંકાવનારી વિગતો ટૂંક સમયમાં જ જાહેર થવાની વકી છે.

પાકિસ્તાન કચ્છથી ૨૭૫ કિ.મી દૂર શેલ ગેસ ડ્રિલિંગ શરૂ કરશે : કચ્છ સરહદ પર સુરક્ષા ચિંતા વધી

કરાચીઃ પાકિસ્તાન મોંઘી LNG આયાત ઘટાડવા માટે મહત્વનું પગલું ભરવા જઈ રહ્યું છે. દેશની સરકારી કંપની ઓઈલ એન્ડ ગેસ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ એટલે કે OGDCL સપ્ટેમ્બરના મધ્યમાં દક્ષિણ સિંધના કુન્નાર વિસ્તારમાં પોતાના પ્રથમ શેલ ગેસ પાઈલટ કૂવામાં આડી ડ્રિલિંગ શરૂ કરશે.

OGDCL ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ખાલિદ અમીન ખાને જણાવ્યું કે કુન્નાર અનકન્વેન્શનલ-૧ એટલે કે ઝ્રેંઝ-૧ કૂવામાં અત્યાર સુધી ઊભી ડ્રિલિંગ કરવામાં આવી છે અને હવે તેમાં આડી ડ્રિલિંગ સાથે હાઈડ્રોલિક ફ્રેક્ચરિંગની કસોટી કરવામાં આવશે. આ તકનીકથી ભૂગર્ભમાં ફસાયેલા શેલ ગેસને વ્યાપારી ધોરણે કાઢી શકાય છે કે કેમ તેની ચકાસણી થશે. આ જ પદ્ધતિએ અમેરિકામાં ઉર્જા ક્રાંતિ આણી હતી.

પાકિસ્તાન હાલ પરંપરાગત ગેસના ઉત્પાદનમાં ઘટાડો અને વધતી જતી માંગ વચ્ચે ફસાયેલું છે. જેના કારણે દેશને વીજળી અને ઉદ્યોગો માટે મોટા પ્રમાણમાં મોંઘો લિક્વિફાઈડ નેચરલ ગેસ LNG આયાત કરવો પડે છે. સરકારને આશા છે કે સ્થાનિક શેલ ગેસનો વિકાસ થવાથી આયાતનું બિલ ઘટશે અને વિદેશી હૂંડિયામણ પણ બચશે.

OGDCLના અંદાજ મુજબ સિંધુ બેસિનના નીચલા, મધ્ય અને ઉપરના સ્તરોમાં લગભગ ૧૩૫ ટ્રિલિયન ક્યુબિક ફૂટ શેલ ગેસનો જથ્થો હોવાની શક્યતા છે. કંપનીએ સાંઘારમાં ૭૪ TCF અને હૈદરાબાદમાં ૭.૫ TCF ગેસ ઓળખ્યો છે. આંકડો ભૂગર્ભમાં રહેલા કુલ ગેસનો છે, જેમાંથી કેટલો ગેસ ખરેખર કાઢી શકાશે તે ડ્રિલિંગના પરિણામો પર નિર્ભર રહેશે.

અધિકારીઓના કહેવા મુજબ KUC-1માં આડું ડ્રિલિંગ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં પૂર્ણ થશે. ત્યારબાદ આગામી પાંચ વર્ષમાં વધુ ૨૩ ઊભા કૂવા ખોદીને તેનું આડું વિસ્તરણ અને ફ્રેકિંગ કરવાની યોજના છે. જો પાઈલટ પ્રોજેક્ટ સફળ રહે તો પાંચ વર્ષની અંદર વ્યાપારી ઉત્પાદન શરૂ થઈ શકે છે. OGDCLના મેનેજર રહેમત અલીના મતે પૂરતા કૂવા ખોદાયા બાદ દેશ દરરોજ ૯૦ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબિક ફૂટ સુધી શેલ ગેસનું ઉત્પાદન કરી શકે છે.

ભૌગોલિક રીતે કુન્નાર વિસ્તાર ભારતની કચ્છ સરહદથી હવાઈ અંતરે આશરે ૨૭૫ કિ.મી દૂર આવેલો છે. લખપત, કચ્છ જે ભારત-પાકિસ્તાન સરહદનું છેલ્લું ગામ છે ત્યાંથી સીધી દિશામાં આ વિસ્તાર ૨૫૦ થી ૩૦૦ કિ.મી ની રેન્જમાં આવે છે.

કુન્નાર કચ્છના ગ્રેટ રણ અને સરહદી પટ્ટાની નજીક હોવાના કારણે સુરક્ષા નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે. ભારે ડ્રિલિંગ, ફ્રેકિંગ અને તેને લગતી નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા કામદારોની અવરજવર વધવાથી સરહદી દેખરેખમાં મુશ્કેલી આવી શકે છે. કચ્છનું રણ પહેલેથી જ ઘૂસણખોરી માટે સંવેદનશીલ માનવામાં આવે છે. ઉપરાંત હાઈડ્રોલિક ફ્રેક્ચરિંગથી ભૂગર્ભમાં દબાણ બદલાતું હોવાથી ભૂકંપ પ્રવણ કચ્છ વિસ્તાર પર તેની અસરની પણ ચર્ચા થઈ રહી છે.

હાલ સરકારી સ્તરે આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ સરહદી સુરક્ષા એજન્સીઓ આગામી મહિનાઓમાં આ વિસ્તારની સ્થિતિ પર નજર રાખશે.

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા

ભુજમાં હૃદય તથા લોહીની નળી સંબંધિત રોગોનો ખાસ કેમ્પ

LNM LIONS HOSPITAL | zydus Hospitals

લક્ષણોઃ
- બાયપાસ સર્જરીની સલાહ આપેલ હોય
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપેલ હોય
- હૃદયમાં છીદ્રના લીધે ઓપરેશનની સલાહ આપેલ હોય
- હૃદયના વાલ્વને બદલવા અથવા રીપેર કરવાની સલાહ આપેલ હોય તેવા દર્દી
- બાયપાસ સર્જરી અથવા અન્ય તકલીફો

સમસ્યાઓઃ
- વેરીકોઝ વેન
- પ્રોસ્ટેટ વૃદ્ધિ
- લીવરમાં ગાંઠ
- થાઈરોઈડનો સોજો
- ગર્ભાશયમાં ગાંઠ
- સાંધામાં દુઃખાવો
- નસોના રોગો (ગેંગરીન, ડાયાબિટીક ફુટ, અલ્સર)

હૃદયરોગ સર્જન ડૉ. સંદીપ અગ્રવાલા

વાસ્ક્યુલર અને ઈન્ટરવેંશનલ રેડિયોલોજીસ્ટ ડૉ. સાકેથ રાવ

11-07-2026 (શનિવાર) સવારે 10:00 થી 02:00

LNM ગ્રુપ લાયન્સ હૉસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર
રાવલવાડી રીલોકેશન સાઈટ, રઘુવંશી ચોકડી પાસે, ભુજ

રજીસ્ટ્રેશન માટે સંપર્ક 78744 01212
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

તપાસ ફીઃ ₹ 500/-

ઝાયડસ હૉસ્પિટલ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ – 54 079 6619 0300

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.